ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત

F.Y. B. Com.

# ધંધાકીય વ્યવસ્થા અને સંચાલન

BCBOM104




ભાગ-1

## ધંધાકીય વ્યવસ્થાનાં મૂળભૂત ખ્યાલો અને સ્વરૂપો

ઈન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

F.Y. B. Com.

# ધંધાકીય વ્યવસ્થા અને સંચાલન

BCBOM104

વિભાગ

# 1

## ધંધાકીય વ્યવસ્થાનાં મૂળભૂત ખ્યાલો અને સ્વરૂપો (Basic concepts and forms of business organisation)


એકમ-1
ધંધાનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર (Nature and Scope of Business) 7

એકમ-2
ધંધાકીય સંગઠનનાં સ્વરૂપો 1 (Forms of Business Organisation I) 24

એકમ-3
ધંધાકીય સંગઠનનાં સ્વરૂપો 2 (Forms of Business Organisation II) 47

એકમ-4
ધંધાની સ્થાપના (Business Promotion) 56

## Expert Committee

Prof. B.S. Sharma
Pro-Vice-Chancellor
IGNOU

Prof. J. Satyanarayana *(Chairman)*
Osmania University
Hyderabad

Prof. G.V. Shenoy
Institute of Rural Management
Anand

Prof. B.S. Bhatia
Punjabi University
Patiala

Prof. P.K. Ghosh
Delhi University
Delhi

Prof. Rakesh Khurana
Director
School of Management Studies
IGNOU

Prof. R.B. Upadhyaya
University of Rajasthan
Jaipur

Prof. I.H. Farooqi
Aligarh Muslim University
Aligarh

Mr. A.K. Majumdar
Institute of Chartered Accountants of India
New Delhi

Prof. Amar Chand
Madras University
Madras

## Course Preparation Team

Prof. P.K. Ghosh
Delhi University
Delhi

Dr. R.N. Goyal
Deshbandhu College (E)
Delhi University
Delhi

**Faculty Members**
**Indira Gandhi National Open University**

Dr. R.K. Grover

Dr. N.V. Narasimham

Dr. V. Venugopal Reddy

Ms. Madhu Babbar

Prof. G. Sambasiva Rao
(Language Editor)

## Production

Mr. Balakrishna Selvaraj
Registrar
Printing & Publication Division
IGNOU

Mr. M.P. Sharma
Jt. Registrar (PPD)
IGNOU

Copies : (1995),(1996),1000(2005).
PRINTED BY : Nishan Offset Pvt. Ltd. Ph.: (079) 26420145, 2656 3810

આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

*ISBN-81-7091-224-5*

*All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.*

*Further information on the Indira Gandhi National Open University courses can be obtained from the University's office at Maidan Garhi, New Delhi-110 068*

મુદ્રક : નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

**અનુવાદ :**

| | |
|---|---|
| પ્રો. ધીરુભાઈ પટેલ | એસ. વી. કૉમર્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. જે. પી. લંગાલિયા | વિવેકાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ |
| પ્રો. વી. એમ. ત્રિવેદી | સી. યુ. શાહ સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ |
| પ્રો. એમ. એસ. દવે | એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ |

**પરામર્શ (વિષય) :**

| | |
|---|---|
| પ્રો. એચ. એસ. ઓઝા | યુનિવર્સિટી સ્કૂલ ઑફ કૉમર્સ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**પરામર્શ (ભાષા) :**

| | |
|---|---|
| ડૉ. અરવિંદ ભાંડારી | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. નીલોત્પલા ગાંધી | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**સંપાદન અને સંયોજન :**

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાન્ત એચ. ઠાકર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષાશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, કેમિસ્ટ્રિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

પ્રકાશક
શ્રી એસ. એચ. બારોટ, ઈચા., કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
સરકારી બંગલા નંબર - 9, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - 380 003, ટે.નં. 22869690-91
© સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ 1 ધંધાકીય વ્યવસ્થાનાં મૂળભૂત ખ્યાલો અને સ્વરૂપો (Basic concepts and forms of business organisation)

વાણિજ્યના વૈકલ્પિક અભ્યાસક્રમ એટલે કે ધંધાકીય વ્યવસ્થાનો આ પ્રારંભિક વિભાગ છે. તેમાં મુખ્યત્વે ધંધાનું સ્વરૂપ અને ઉદ્દેશો, ધંધાકીય પ્રવૃત્તિઓનું વર્ગીકરણ, ધંધાકીય વ્યવસ્થાનાં સ્વરૂપો અને ઉદ્યોગ સાહસિકતાના ખ્યાલો તથા ધંધાની સ્થાપનાની ચર્ચા કરવામાં આવી છે.

**એકમ - 1** આ એકમમાં ધંધાનું સ્વરૂપ અને ઉદ્દેશો, ધંધાકીય પ્રવૃત્તિઓનું વર્ગીકરણ અને ધંધાકીય વ્યવસ્થાના અર્થનું વર્ણન આપવામાં આવ્યું છે.

**એકમ - 2** આ એકમમાં ધંધાકીય વ્યવસ્થાનાં વિવિધ સ્વરૂપોની સ્પષ્ટતા કરવામાં આવી છે અને દરેક સ્વરૂપનાં લક્ષણો, ફાયદા અને મર્યાદાઓની ચર્ચા કરવામાં આવી છે.

**એકમ - 3** આ એકમમાં ધંધાકીય વ્યવસ્થાનાં બધાં જ સ્વરૂપોની પરસ્પર સરખામણી કરવામાં આવી છે અને પ્રસ્થાપિત ધંધાનાં સ્વરૂપની પસંદગીને અસર કરતાં પરિબળોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

**એકમ - 4** આ એકમમાં ધંધામાં ઉદ્યોગ સાહસિકની ભૂમિકા દર્શાવવામાં આવી છે તેમ જ વિવિધ પ્રકારનાં માલિકનાં સ્વરૂપો નીચે ધંધાની સ્થાપનાની પ્રક્રિયાની સમજૂતી આપવામાં આવી છે.

# એકમ 1 ધંધાનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર (Nature and Scope of Business)

રૂપરેખા


1.0 ઉદ્દેશો
1.1 પ્રસ્તાવના
1.2 માનવ-પ્રવૃત્તિઓ
1.3 ધંધો
    1.3.1 ધંધાનાં આવશ્યક લક્ષણો
    1.3.2 ધંધાના ઉદ્દેશો
    1.3.3 ધંધાનો વ્યવસાય અને નોકરી વચ્ચેનો તફાવત
    1.3.4 ધંધાનું વર્ગીકરણ
1.4 ઉદ્યોગ
    1.4.1 ઉદ્યોગોનું વર્ગીકરણ
1.5 વાણિજ્ય
    1.5.1 વેપાર
    1.5.2 વેપારને સહાયક સેવાઓ
1.6 સંગઠન
1.7 સારાંશ
1.8 ચાવીરૂપ શબ્દો
1.9 કેટલાંક ઉપયોગી પુસ્તકો
1.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
1.11 સત્રાંત પ્રશ્નો/સ્વાધ્યાય


## 1.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે :-

* માનવ- પ્રવૃત્તિઓનાં સ્થૂળ વર્ગીકરણોને ઓળખી શકશો.
* ધંધો એટલે શું તે વર્ણવી શકશો.
* ધંધાનાં લક્ષણો અને ઉદ્દેશોની યાદી બનાવી શકશો.
* ધંધાકીય પ્રવૃત્તિઓનું વર્ગીકરણ કરી શકશો.
* ધંધાકીય વ્યવસ્થાના સ્વરૂપને સમજાવી શકશો.

## 1.1 પ્રસ્તાવના

આપણા રોજબરોજના જીવનમાં આપણે ધંધો, વાણિજ્ય, વેપાર, ઉદ્યોગ વગેરે શબ્દોનો ઘણી વાર ઉપયોગ કરીએ છીએ. ધંધાકીય વ્યવસ્થામાં આ શબ્દોનો અમુક ચોક્કસ અર્થ થાય છે. આ પ્રારંભિક એકમમાં તમે આ સંજ્ઞાઓનો ચોક્કસ અર્થ શીખશો. આ ઉપરાંત તમે આર્થિક અને બિનઆર્થિક પ્રવૃત્તિઓ વચ્ચેનો તફાવત, ધંધાના હેતુઓ, ધંધાકીય પ્રવૃત્તિઓનું વર્ગીકરણ, સંગઠનનું મહત્ત્વ તથા ધંધામાં ઉદ્યોગ સાહસિકની ભૂમિકા અંગેની જાણકારી મેળવશો.

## 1.2 માનવ-પ્રવૃત્તિઓ (Human Activities)

સવારે પથારીમાંથી ઊઠવાથી માંડીને રાતે સૂઈ જઈએ ત્યાં સુધી આપણે સૌ વિવિધ પ્રકારનાં કાર્યો કરીએ છીએ. આપણે સવારે પથારીમાંથી ઊઠીએ, દાતણ કરીએ, નાહીએ છીએ અને નાસ્તો કરીએ છીએ. ત્યાર બાદ બાળકો અભ્યાસ માટે શાળા કે કૉલેજમાં જાય છે. મોટેરાંઓ કામ કરવા માટે કાર્યાલય, કારખાનું/દુકાન કે

ખેતરમાં જાય છે અને ગૃહિણીઓ ઘેર કામ કરે છે. સાંજે આપણે સૌ ઘેર પાછા આવીએ છીએ. ભોજન કરીએ છીએ અને ઊંઘી જઈએ છીએ. આ રીતે સવારથી માંડીને સાંજ સુધી જે કાર્યમાં આપણે પ્રવૃત્ત રહીએ છીએ તેને માનવ- પ્રવૃત્તિઓ કહેવામાં આવે છે. જો તમે માનવ પ્રવૃત્તિઓનો ધ્યાનથી અભ્યાસ કરશો, તો તમને જણાશે કે આ પૈકી કેટલીક પ્રવૃત્તિઓ આર્થિક લાભ પેદા કરે છે. કારખાનામાં, કાર્યાલયમાં કે ખેતરમાં કાર્ય કરવું જ્યારે અન્ય કેટલીક પ્રવૃત્તિઓ જેવી કે દાતણ કરવું, નાસ્તો કરવો, શાળાએ જવું, રમવું, કુટુંબ માટે રસોઈ કરવી વગેરે કોઈ પ્રત્યક્ષ આર્થિક લાભ પેદા કરતી નથી. આ રીતે આપણે માનવ-પ્રવૃત્તિઓને બે વિભાગમાં વહેંચી શકીએ.(1) બિન-આર્થિક પ્રવૃત્તિઓ અને (2) આર્થિક પ્રવૃત્તિઓ -


1. **બિન-આર્થિક પ્રવૃત્તિઓ(Non-Economic Activities) :** આ પ્રકારની પ્રવૃત્તિઓ માણસો દ્વારા પ્રેમ લાગણી સામાજિક કર્તવ્ય, ધાર્મિક કર્તવ્ય, શારીરિક જરૂરિયાતો, દેશભક્તિ વગેરે હેતુઓ માટે આચરવામાં આવે છે પરંતુ અર્થ પ્રાપ્તિ માટે નહીં. ગૃહિણી પોતાના કુટુંબ માટે ભોજન રાંધે બાળકો નિશાળે જાય અને રમતો રમે, લોકો મંદિરમાં અથવા મસ્જિદમાં પ્રાર્થના કરવા જાય, સામાજિક કાર્યકર ગરીબોના ઉદ્ધાર માટે કાર્ય કરે, વગેરે. આવી પ્રવૃત્તિઓનાં કેટલાંક ઉદાહરણો છે. આવી પ્રવૃત્તિઓમાં જે લોકો ભાગ લે છે તેઓ કોઈ જાતનો આર્થિક લાભ પ્રાપ્ત કરતા નથી.

2. **આર્થિક પ્રવૃત્તિઓ(Economic Activities) :** આ એવી પ્રવૃત્તિઓ છે કે જે માણસ દ્વારા નાણાં કમાવા માટે કે આજીવિકા મેળવવા માટે કરવામાં આવે છે. આ આર્થિક પ્રવૃત્તિઓ ઉત્પાદન, વિનિમય અને વસ્તુ તથા સેવાઓની વહેંચણી (વિતરણ) સાથે સંકળાયેલી હોય છે. ઉદાહરણ તરીકે દાક્તર હૉસ્પિટલમાં જાય, ખેડૂત ખેતરમાં કાર્ય કરે વગેરે. તેઓ તેમની આજીવિકા મેળવવા કે ધન પ્રાપ્ત કરવા માટે આવું કરે છે.

**આપણે આ આર્થિક પ્રવૃત્તિઓને મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચી શકીએ : ધંધો, વ્યવસાય, અને નોકરી. માનવ-પ્રવૃત્તિઓના વર્ગીકરણ માટે આકૃતિ 1.1 જુઓ.**

આકૃતિ 1.1

માનવ પ્રવૃત્તિઓનું વર્ગીકરણ




(અ) **ધંધો (Business) :** જે કોઈ પ્રવૃત્તિ મૂળભૂત રીતે નફો કમાવાના ઉદ્દેશથી કરવામાં આવતી હોય તેને ધંધાકીય પ્રવૃત્તિ કહી શકાય. આ નફો કમાવાનો ઉદ્દેશ ઉત્પાદન અને / અથવા જરૂરિયાત સંતોષતી વસ્તુ કે સેવાઓના વિનિમય દ્વારા પ્રાપ્ત કરવામાં આવે છે. આની આપણે ધંધાની વ્યાખ્યા આ મુજબ આપી શકીએ ''કોઈ પણ પ્રવૃત્તિ કે નફો જે કમાવવાના હેતુથી જરૂરિયાત સંતોષે તેવી ચીજવસ્તુ કે સેવાના ઉત્પાદન અને અથવા વિનિમય સાથે સંકળાયેલી હોય.'' સાબુનું ઉત્પાદન, ઈંડાંનું વેચાણ, ટેલિવિઝન સેટનું ઉત્પાદન, વાહનવ્યવહાર વગેરે ધંધાનાં કેટલાંક ઉદાહરણો છે. જે વ્યક્તિ ધંધામાં સંકળાયેલી હોય તેને ધંધાદારી અથવા ઉદ્યોગ સાહસિક કહેવામાં આવે છે. તે જ રીતે ધંધાકીય પ્રવૃત્તિ ચલાવવાના હેતુથી જે પેઢી (એકમ)ની રચના કરવામાં આવી હોય તેને ધંધાકીય એકમ કે ધંધાકીય પેઢી કહેવાય છે. આ એકમમાં આગળ ઉપર તમે ધંધા વિશે વિગતવાર જાણકારી મેળવશો.

(બ) **વ્યવસાય (Profession) :** વ્યવસાય એ એવી પ્રવૃત્તિ છે કે જે વિશિષ્ટ પ્રકારની વ્યક્તિગત સેવાઓ સાથે સંકળાયેલી હોય અને જે વ્યાવસાયિક જ્ઞાન, શિક્ષણ અને તાલીમ પર આધારિત હોય છે. ડૉક્ટર, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વગેરે દ્વારા પૂરી પાડવામાં આવતી આ સેવાઓ આ વર્ગમાં આવી જાય છે. સામાન્ય રીતે દરેક પ્રકારના વ્યવસાય માટે વ્યાવસાયિક સંસ્થા હોય છે, ઉદાહરણ તરીકે કાઉન્સિલ ઑફ ઇન્ડિયા વકીલોની વ્યાવસયિક સંસ્થા છે, જે ભારતમાં કાયદાના વ્યવસાયને માર્ગદર્શન આપે છે અને તેનું નિયંત્રણ કરે છે. વ્યવસાયિક સંસ્થા જે-તે વ્યવસાય કરવા માટેની શૈક્ષણિક લાયકાતોનું સ્વરૂપ અને પ્રકાર તેમ જ જરૂરી તાલીમ નક્કી કરે છે. વ્યાવસાયિક વ્યક્તિએ જે તે વ્યાવસાયિક સંસ્થાના સભ્ય બનવું પડે છે અને તે સંસ્થાએ નક્કી કરેલ આચારસંહિતાનાં ધોરણોનું પાલન કરવું પડે છે. વ્યવસાયી વ્યક્તિઓ

એમણે પૂરી પાડેલ વ્યાવસાયિક સેવાઓને બદલે ફી વસૂલ કરે છે.



(ક) નોકરી (Employment) : જે કાર્ય માલિક દ્વારા કરાર અનુસાર અથવા નોકરીના નિયમો અનુસાર વ્યક્તિને સોંપવામાં આવ્યું હોય તેનો સમાવેશ નોકરીના વર્ગમાં થાય છે. જે વ્યક્તિ આવું કાર્ય કરવાનું સ્વીકારે છે તેને કર્મચારી કે નોકરિયાત કહેવામાં આવે છે. આવું કાર્ય કરવા કર્મચારીને માલિક તરફથી મજૂરી કે વેતન, ભથ્થાંઓ, બોનસ વગેરે મહેનતાણાં તરીકે પ્રાપ્ત કરે છે. નોકરીને રોજગાર તરીકે પણ ઓળખવામાં આવે છે. કારખાનાં, કાર્યાલય, હોટેલ, કૉલેજ વગેરેમાં કાર્ય કરવું વગેરે નોકરીનાં કેટલાંક ઉદાહરણો છે. વિવિધ સંગઠનોમાં વ્યાવસાયિક લાયકાત ધરાવતી વ્યક્તિઓ નોકરિયાત તરીકે પણ કાર્ય કરે છે. ઉદાહરણ તરીકે સરકારી કે ખાનગી હૉસ્પિટલમાં કાર્ય કરતાં ડૉક્ટરો, કારખાનાંમાં કાર્ય કરતાં એન્જિનિયરો વગેરે.

ધંધો, વ્યવસાય અને નોકરી વચ્ચે કેટલાક તફાવતો છે, છતાં તેઓ એકબીજા પર આધારિત છે. ધંધાકીય સાહસો દેશમાં મોટા પ્રમાણમાં લોકોને નોકરી પૂરી પાડે છે. તે જ રીતે ગૂંચવણભર્યા ટેક્નીક પ્રશ્નોના નિરાકરણ માટે એન્જિનિયરો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો, કૉસ્ટ એકાઉન્ટન્ટો, સંચાલન સલાહકારો, કાયદાના નિષ્ણાતો, ડૉક્ટરો વગેરે ધંધાકીય એકમોમાં કાર્ય કરે છે. આ રીતે ધંધાકીય એકમોમાં વ્યાવસાયિકો અને સામાન્ય જનતાને નોકરીની તકો પૂરી પાડે છે. સાથે સાથે કોઈ પણ ધંધાની સફળતાનો આધાર તેમાં કાર્ય કરતાં કર્મચારીઓ અને વ્યાવસાયિકો પર રહેલો છે.

## 1.3 ધંધો (Business)

તમે અભ્યાસ કર્યો કે માનવીની સમગ્ર આર્થિક પ્રવૃત્તિઓના ક્ષેત્રને ધંધો, વ્યવસાય અને નોકરીમાં વર્ગીકૃત કરી શકાય. આ ત્રણ પ્રકારો પૈકી વ્યવસાય અને નોકરી, મહત્ત્વનાં હોવા છતાં, આ અભ્યાસક્રમનાં કાર્યક્ષેત્રની બહારનાં છે. આપણે મૂળભૂત રીતે ધંધાને સમજવાના છીએ તેથી આપણે ધંધા વિશે વધુ વિગતવાર ચર્ચા કરીએ.

### 1.3.1 ધંધાનાં આવશ્યક લક્ષણો (Essential Features of Business)

તમે જોયું છે કે ધંધો નફો કમાવાના હેતુથી કરવામાં આવતી જરૂરિયાત સંતોષતી ચીજવસ્તુ અને સેવાઓના ઉત્પાદન અને/અથવા વિનિમય સાથે સંકળાયેલી માનવી પ્રવૃત્તિઓ સાથે સંબંધ ધરાવે છે. હવે આપણે ધંધાની મહત્ત્વની લાક્ષણિકતાઓનો અભ્યાસ કરીએ. ધંધાનાં મુખ્ય પાંચ લક્ષણો દર્શાવી શકીએ :

1. **વસ્તુ અને સેવાઓનો વિનિમય :** ધંધામાં વસ્તુ અને સેવાઓનો વિનિમય થાય છે. વસ્તુઓ એટલે જીવન-જરૂરિયાતની હોઈ શકે, ઉત્પાદન કરવા માટે જરૂરી વસ્તુઓ હોઈ શકે. જેવી કે યંત્રો, સાધનો વગેરે કે જેનો ઉપયોગ અન્ય વપરાશ માટેની વસ્તુઓના ઉત્પાદન માટે તે હોઈ શકે છે. ધંધામાં વાહન-વ્યવહાર, વખાર, શરાફી, બૅંક, વીમો વગેરે સેવાઓનો સમાવેશ થાય છે. તે અમૂર્ત અને સાદૃશ્ય વસ્તુઓ છે.

2. **ઉત્પાદન અને/ અથવા વિનિમય :** તમે કોઈ પણ આર્થિક પ્રવૃત્તિને ધંધો ત્યારે જ કહી શકો જ્યારે તેનો સંબંધ કિંમતના બદલામાં ઉત્પાદન અથવા ફેરબદલી અથવા વિનિમય અથવા વસ્તુઓ કે સેવાઓનું વેચાણ થતું હોય. જો પોતાના વપરાશ માટે અથવા ભેટ તરીકે આપવા માટે વસ્તુનું ઉત્પાદન થતું હોય તો તેવી પ્રવૃત્તિઓને ધંધા તરીકે ગણાવી શકાય નહીં. ધંધાકીય પ્રવૃત્તિમાં બે પક્ષકારો હોવા જોઈએ. એટલે કે ખરીદનાર અને વેચનાર વચ્ચે વસ્તુ અને સેવાની ફેરબદલી કે વિનિમય સાથે સંકળાયેલી હોવી જોઈએ. વસ્તુનો વિનિમય વસ્તુના બદલામાં અથવા નાણાંના બદલામાં હોઈ શકે છે.

3. **વિનિમયમાં નિયમિતતા અને સાતત્ય :** કોઈ એકાદ લેવડ-દેવડને ધંધા તરીકે ઓળખાવી શકાય નહીં. જે પ્રવૃત્તિ સતત રીતે કે અવારનવાર ઉપયોગમાં લેવામાં આવતી હોય તેને જ ધંધા તરીકે ઓળખાવી શકાય. ઉદાહરણ તરીકે, જો કોઈ વ્યક્તિ પોતાના મકાનનું વેચાણ કરે તેને ધંધા તરીકે ઓળખાવી ન શકાય. જો તે વારંવાર મકાનો ખરીદે અને તેનું અન્ય વ્યક્તિઓને વેચાણ કરે, તો તે પ્રવૃત્તિનો સમાવેશ ધંધામાં થાય છે. વ્યવહાર કેટલી વાર થવો જોઈએ તેનો આધાર પ્રવૃત્તિના સ્વરૂપ પર રહેલો છે. ઉદાહરણ તરીકે વહાણ બનાવનાર કંપનીને વહાણના ઉત્પાદન અને વેચાણ કરવામાં લાંબો સમય લાગે પરંતુ શાકભાજી વેચનાર ફેરિયો સવારમાં બજારમાંથી શાકભાજી ખરીદે છે અને સાંજ સુધીમાં પોતાના ગ્રાહકોને તેનું વેચાણ કરી દે છે. પરંતુ આ બંને પ્રવૃત્તિઓને ધંધા તરીકે ઓળખવામાં આવે છે.

4. **નફાનો ઉદ્દેશ :** નફો કમાવો એ ધંધાનો પ્રાથમિક ઉદ્દેશ છે. જોકે તેનો અર્થ એ થતો નથી કે ધંધાકીય પ્રવૃત્તિમાં સેવાના તત્ત્વનું મહત્ત્વ ઓછું છે. વાસ્તવમાં ધંધો ત્યારે જ વિકસી શકે કે જ્યારે તે પોતાના

ગ્રાહકોને સંતોષ આપવા શક્તિમાન હોય. ધંધાના અસ્તિત્વ વિકાસ અને વિસ્તૃતીકરણ માટે અને તેને માન્યતા મળે તે માટે નફો એ આવશ્યક બાબત છે.

5. જોખમનું તત્ત્વ : દરેક ધંધામાં નુકસાન થવાની શક્યતા રહેલી છે. આ નુકસાન થવાની શક્યતાને જોખમ તરીકે ઓળખવામાં આવે છે.

જોખમનું તત્ત્વ ધંધાકીય એકમના અંકુશના બહારના અનેકવિધ પરિબળોને કારણે અસ્તિત્વમાં આવે. બે પ્રકારના જોખમો હોય છે, (1) એવાં જોખમો કે જેની સંભવિતતાની ગણતરી થઈ શકે છે અને જેનો વીમો લઈ શકાય છે. આગ,પૂર, ચોરી વગેરે કારણે ઉદ્ભવતું નુકસાન તેના કેટલાંક ઉદાહરણો છે.

(2) એવાં જોખમો કે જેની સંભવિતતાની ગણતરી કરી શકાતી નથી અને જેનો વીમો લઈ શકાતો નથી. દા.ત, બદલાતી જતી ટેક્નોલોજી માંગમાં ઘટાડો, બદલાતી જતી ફેશન, કાચા માલસામાનના પુરવઠાની તંગી વગેરે આ જોખમો એકમોએ પોતે સંપૂર્ણપણે જાતે ઉઠાવવાં પડે છે.

## 1.3.2 ધંધાના ઉદ્દેશો (Objectives of Business)

તમે શીખી ગયાં કે ધંધાનો મૂળ ઉદ્દેશ નફો કમાવવાનો છે. જોકે ધંધાની સફળતા એક મહત્ત્વના માપદંડ તરીકે નફો મહત્ત્વનો ભાગ ભજવે છે. છતાં નફો કમાવવાના એકમાત્ર ઉદ્દેશથી ધંધો લાંબો સમય સુધી ટકી શકે નહીં. હેનરી ફોર્ડે કહ્યું છે કે ''ધંધાનો અર્થ માત્ર પૈસા પાછળની દોટ નથી પરંતુ તેનો ઉદ્દેશ સમાજની સેવા કરવાનો પણ હોવો જોઈએ.'' ઉર્વિકના મતે, ''જેવી રીતે ભોજન કરવું એ જીવનનો એકમાત્ર ઉદ્દેશ હોઈ શકે નહીં તે જ રીતે નફો એ પણ ધંધાનો એકમાત્ર ઉદ્દેશ હોઈ શકે નહીં.'' આ રીતે સમાજની સેવા કરવી એ ધંધાનો એક અન્ય મહત્ત્વનો ઉદ્દેશ ગણવામાં આવે છે. વાસ્તવમાં કેટલાક લેખકો, સમાજની સેવાને ધંધાના મુખ્ય ઉદ્દેશ તરીકે ગણાવે છે અને તેના અસ્તિત્વને (ઉચિત) સાબિત કરે છે. ધંધાદારીને ધંધામાં ટકી રહેવા માટે નફો એ આવશ્યક છે. તેમ છતાં ધંધાના અસ્તિત્વ અને વિકાસ માટે તેનું ધ્યેય તેના કરતાં કંઈક વધુ ઊંચુ હોવું જોઈએ.

ધંધાના ઉદ્દેશોને મુખ્યત્વે ત્રણ વિભાગમાં રજૂ કરી શકાય : (1) આર્થિક ઉદ્દેશો (2) સામાજિક ઉદ્દેશો અને (3) માનવીય ઉદ્દેશો.

આર્થિક ઉદ્દેશો : મૂળભૂત રીતે એક આર્થિક પ્રવૃત્તિ હોવાને કારણે ધંધાના પ્રાથમિક ઉદ્દેશો આર્થિક છે.

કેટલાક આર્થિક ઉદ્દેશો નીચે મુજબ છે :

1. સંતોષકારક નફો પ્રાપ્ત કરવો.
2. નવાં બજારો શોધવા અને વધુ ગ્રાહકો બનાવવા.
3. પેઢીની ધંધાકીય પ્રવૃત્તિઓનો વિકાસ અને વિસ્તાર કરવો.
4. વસ્તુઓ અને સેવાઓમાં સંશોધન અને સુધારા-વધારા કરવા, જેને લીધે ગ્રાહકો વધુ સુધારેલ અને આર્થિક રીતે લાભદાયી વસ્તુ અને સેવાઓ પ્રાપ્ત કરી શકે.

સામાજિક ઉદ્દેશો : ધંધો એ સમાજનો, એક ભાગ હોવાથી તેની સમાજ પ્રત્યેની કેટલીક જવાબદારીઓ પણ છે.

કેટલાક મહત્ત્વના સામાજિક ઉદ્દેશો નીચે મુજબ છે.

1. દેશમાં લોકોને વધુ અને વધુ રોજગારીની તકો પૂરી પાડવી.
2. સમાજને યોગ્ય ગુણવત્તાવાળો માલ પૂરો પાડવો.
3. વાજબી કિંમતે માલ પૂરો પાડવો.
4. રોકાણકારોને વાજબી વળતરની ખાતરી આપવી.
5. નફાખોરી અને ગેરવાજબી રીતરસમોને દૂર કરવી.
6. રાષ્ટ્રીય હિતો અને અગ્રતાક્રમ અનુસાર માલનું ઉત્પાદન કરવું.

માનવીય ઉદ્દેશો : ધંધાકીય પ્રવૃત્તિ સામાન્ય રીતે કર્મચારીઓ દ્વારા ચલાવવામાં આવે છે, જેઓ માનવીઓ છે. હકીકતમાં, ધંધાકીય એકમની કાર્યક્ષમતા અને સફળતાનો આધાર તેના કર્મચારીઓની અભિપ્રેરણા અને કાર્યશક્તિ પર રહેલો છે. તેથી તેના કર્મચારીઓનાં હિતોના રક્ષણ માટે ધંધાના કેટલાક માનવીય ઉદ્દેશો હોવા જોઈએ. કેટલાક મુખ્ય માનવીય ઉદ્દેશો નીચે મુજબ છે :

3. કર્મચારીઓને વધુને વધુ બઢતી/વિકાસની તકો પૂરી પાડવી.

### 1.3.3 ધંધો, વ્યવસાય અને નોકરી વચ્ચેનો તફાવત (Business Distinguished from Profession and Employment)

તમે ધંધાનાં આવશ્યક લક્ષણોનો અભ્યાસ કર્યો. આ લક્ષણોને ધ્યાનમાં રાખીને આવો આપણે ધંધો એ વ્યવસાય અને નોકરી કરતાં કઈ રીતે અલગ પડે છે તેનું વિશ્લેષણ કરીએ.

ટેબલ 1.1

ધંધો, વ્યવસાય અને નોકરીનાં લક્ષણો

| લક્ષણો | ધંધો | વ્યવસાય | નોકરી |
|---|---|---|---|
| 1) સ્થાપના | એક વ્યક્તિ કે વ્યક્તિઓનું જૂથ ધંધો શરૂ કરવાનો નિર્ણય લે છે. કાયદાની જોગવાઈઓ જેવી કે નોંધણી વગેરેનું પાલન કરવું પડે છે. | જરૂરી લાયકાત, તાલીમ વગેરે પ્રાપ્ત કરવી પડે છે. જે વ્યાવસાયિક સંસ્થાના સભ્ય બનવું પડે છે. | માલિક સાથે નોકરીનો કરાર કરવો પડે છે. |
| 2) લાયકાતો | વિશિષ્ટ લાયકાતો જરૂરી નથી. | વિશિષ્ટ ક્ષેત્રનું વ્યાવસાયિક જ્ઞાન અને તાલીમ જરૂરી છે. | કેટલાક કિસ્સામાં વિશિષ્ટ લાયકાતો જરૂરી છે અને કેટલાક અન્ય કિસ્સામાં જરૂરી નથી. |
| 3) રોકાણ | મૂડીની જરૂર પડે છે. વાસ્તવિક રકમનો આધાર ધંધાના સ્વરૂપ પર રહેલો છે. | સાધનો અને કાર્યાલયની સ્થાપના માટે કેટલીક મૂડીની જરૂર પડે છે. | મૂડીની જરૂર પડતી નથી. |
| 4) કાર્યનું સ્વરૂપ | વસ્તુ અને સેવાઓનું ઉત્પાદન અને / અથવા વિનિમય | ગ્રાહકોને વિશિષ્ટ પ્રકારની વ્યક્તિગત સેવાઓ પૂરી પાડવામાં આવે છે. | નોકરીના કરાર અનુસાર માલિકે સોંપેલું કાર્ય કરવું પડે છે. |
| 5) હેતુ | મુખ્યત્વે નફાનો હેતુ હોય છે. | જો કે ફી લેવામાં આવે છે, છતાં સેવાએ મુખ્ય હેતુ છે. | કોઈ વિશિષ્ટ હેતુ નથી.મુખ્ય ઉદેશ આજીવિકા મેળવવાનો છે. |
| 6) વળતર (બદલો) | નફો | વ્યાવસાયિક ફી | મજૂરી કે વેતન |
| 7) માલિકીના હિતની ફેરબદલી | કાયદાની જોગવાઈનું પાલન કરીને ધંધાની બીજી વ્યક્તિઓની ફેરબદલી કરી શકાય છે. | ફેરબદલીની શક્યતા નથી. | ફેરબદલીની શક્યતા નથી. |
| 8) જોખમ | નુકસાનનું જોખમ રહેલું છે. | સ્થાપના પાછળના ખર્ચાઓને પહોંચી વળવા પૂરતી ફી ન મળવાની શક્યતા છે. | જોખમ નથી. જ્યાં સુધી પેઢીની કામગીરી ચાલુ રહે છે ત્યાં સુધી કે પગાર પ્રાપ્ત કરે છે. નોકરિયાત મજૂરી કે પગાર પ્રાપ્ત કરે છે. |

### 1.3.4 ધંધાનું વર્ગીકરણ (Classification of Business)

ધંધા વિષે અને તમને જે જણાવ્યું છે તેને યાદ કરો. અમે જણાવ્યું છે કે નફો કમાવવાના હેતુથી વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન અને/ અથવા વિનિમય સાથે ધંધાને સંબંધ છે. આનો અર્થ એ છે કે ધંધો બે બાબતો સાથે સંબંધ ધરાવે છે. દા.ત., ઉત્પાદન અને વિનિમય. આ આધારે આપણે ધંધાની પ્રવૃત્તિઓનું બે વિભાગમાં વર્ગીકરણ કરી શકીએ. પ્રથમ વિભાગમાં આપણે ધંધાની ઉત્પાદન સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓને મૂકી શકીએ તે જ રીતે વિનિમય સાથે સંકળાયેલી બધી પ્રવૃત્તિઓને બીજા વિભાગમાં મૂકી શકીએ. પ્રથમ વિભાગને 'ઉદ્યોગ' કહી શકાય, જ્યારે બીજા વિભાગને 'વાણિજ્ય' કહી શકાય.

**તમારી પ્રગતિ ચકાસો - ક**

1. આર્થિક પ્રવૃત્તિ અને બિન-આર્થિક પ્રવૃત્તિ વચ્ચેનો મુખ્ય તફાવત કયો છે ?

   ........................................................................................
   ........................................................................................
   ........................................................................................

2. ધંધો એટલે શું ?

   ........................................................................................
   ........................................................................................
   ........................................................................................

3. વ્યવસાય એટલે શું ?

   ........................................................................................
   ........................................................................................
   ........................................................................................

4. નોકરી એટલે શું ?

   ........................................................................................
   ........................................................................................
   ........................................................................................

5. નીચેની પ્રવૃત્તિઓનું ધંધો, વ્યવસાય અને નોકરીમાં વર્ગીકરણ કરો.

| | પ્રવૃત્તિ | વર્ગીકરણ |
|---|---|---|
| (i) | શાકભાજી વેચવા | ........................ |
| (ii) | દવાની દુકાનમાં સેલ્સમેન તરીકે કાર્ય કરતી વ્યક્તિ | ........................ |
| (iii) | સરકારી હૉસ્પિટલમાં કાર્ય કરતો ડૉક્ટર | ........................ |
| (iv) | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા ખાનગી પ્રૅક્ટિસ (શરૂ) કરવી | ........................ |
| (v) | બિસ્કિટનું ઉત્પાદન | ........................ |
| (vi) | વકીલ દ્વારા ખાનગી પ્રૅક્ટિસ શરૂ કરવી. | ........................ |
| (vii) | વસ્તુઓની હેરફેર | ........................ |

6. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે દર્શાવો :
   - i. ધંધાનો મુખ્ય ઉદ્દેશ નફો કમાવાનો છે.
   - ii. વ્યવસાય એ બિન-આર્થિક પ્રવૃત્તિ છે.
   - iii. નોકરી એ આર્થિક પ્રવૃત્તિ છે.
   - iv. ધંધામાં જોખમનું તત્ત્વ નથી.
   - v. વસ્તુ અને સેવાઓના વિનિમય સાથે ધંધો સંબંધ ધરાવે છે.
   - vi. ઉદ્યોગ એ ધંધાકીય પ્રવૃત્તિનો ભાગ છે.
   - vii. ઉદ્યોગ અને વાણિજ્ય ભેગા મળીને ધંધાકીય પ્રવૃત્તિ બને છે.

viii. કોઈ પણ પ્રવૃત્તિને ધંધો ત્યારે કહી શકાય કે જ્યારે તે સતત અને વારંવાર કરવામાં આવતી હોય.

ix. વ્યવસાયની બાબતમાં માલિકીનાં હિતોની બીજાને ફેરબદલી થઈ શકે છે.

x. નાણાં કમાવા માટે અથવા આજીવિકા મેળવવા માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓને આર્થિક પ્રવૃત્તિઓ કહે છે

xi. પિતા પોતાની પુત્રીને ભણાવે તે એક આર્થિક પ્રવૃત્તિ છે.

## 1.4 ઉદ્યોગ (Industry)

તમો અભ્યાસ કરી ચૂક્યા છો કે, ધંધાકીય પ્રવૃત્તિઓના ભાગ તરીકે ઉદ્યોગ ઉપલબ્ધ સાધનસામગ્રીના ઉપયોગ દ્વારા જરૂરિયાત સંતોષતી વસ્તુઓના ઉત્પાદન સાથે સંબંધ ધરાવે છે. ઉદ્યોગ કુદરતી સાધનોનો ઉપયોગ કરે છે. અને તેમને અંતિમ વપરાશ માટે ઉપયોગી સ્વરૂપમાં ફેરવે છે. એનો અર્થ એ થયો કે ઔદ્યોગિક પ્રવૃત્તિનો ઉદ્દેશ વસ્તુઓના પુરવઠાની ખાતરી આપવી. પુરવઠો એ રીતે આપવો કે જેથી જે માણસા તેનો ઉપયોગ કરવાના છે તેમના હેતુઓ, જરૂરિયાતો અને સગવડ સંતોષે. આ રીતે ઉદ્યોગ વસ્તુની સ્વરૂપગત ઉપયોગિતાનું સર્જન કરે છે.ઉદાહરણ તરીકે ખેતરો, કારખાનાંઓ, ખાણો વગેરે જે વસ્તુઓની વિવિધ શ્રેણી ઉપલબ્ધ બનાવે છે. આ વસ્તુઓ લોકોની જરૂરિયાતો અને સગવડો પૂરી પાડે છે. ટૂંકમાં માણસોની જે પ્રવૃત્તિઓ વસ્તુઓનું ખોદકામ, ઉત્પાદન, પ્રક્રિયા કરવી, બાંધકામ અને રચના સાથે સંકળાયેલા હોય તેનો સમાવેશ ઉદ્યોગમાં થાય છે.

ઉદ્યોગનો એક બીજો અર્થ પણ થાય છે. આ બીજા અર્થમાં ઉદ્યોગ એટલે અમુક વસ્તુ શ્રેણીમાં વિશ્ટતા પ્રાપ્ત કરી હોય તેવા કારખાનાંઓનો સમૂહ. ઉદાહરણ તરીકે, બધાં જ કારખાનાં જે ખાતરનું ઉત્પાદન કરે છે. તેમને સામૂહિક રીતે ખાતર ઉદ્યોગ તરીકે ઓળખાવી શકાય. તે જ રીતે બધાં મોટરોનાં કારખાનાંને સંયુક્ત રીતે મોટર ઉદ્યોગ કહેવાય. પરંતુ વર્તમાન સંદર્ભમાં આ ખ્યાલ યોગ્ય નથી. આપણે પ્રથમ ખ્યાલને અપનાવીએ છીએ.

### 1.4.1 ઉદ્યોગોનું વર્ગીકરણ (Classification of Industry)

ઉદ્યોગનાં વર્ગીકરણ વિવિધ પ્રકારે થઈ શકે છે, જે નીચે મુજબ છે :

1. પ્રવૃત્તિ સ્વરૂપને આધારે.
   (અ) ઉત્પાદન (નૈસર્ગિક) ઉદ્યોગો(Extractive Industries)
   (બ) જૈવિક ઉદ્યોગો(Genetic Industries)
   (ક) ઉત્પાદન ઉદ્યોગો(Manufacturing Industries)
   (ડ) બાંધકામ ઉદ્યોગો ( Construction Industries)
2. ઉત્પાદન વસ્તુના સ્વરૂપ અનુસાર.
   (અ) વપરાશી વસ્તુઓના ઉદ્યોગો(Consumer goods industries)
   (બ) ઉત્પાદક વસ્તુઓનો ઉદ્યોગ(Producer goods industries)
3. રોકાણના પ્રમાણને આધારે.
   (અ) ભારે ઉદ્યોગો(Heavy industries)
   (બ) હળવા ઉદ્યોગો(Light industries)
4. પ્રવૃત્તિના કદને આધારે.
   (અ) લઘુ ઉદ્યોગો (Small scale industries)
   (બ) મોટા પાયા પરના ઉદ્યોગો(Large scale industries)
5. કામગીરીના વિસ્તારને આધારે.
   (અ) પ્રાદેશિક ઉદ્યોગો(Regional industries)
   (બ) રાષ્ટ્રીય ઉદ્યોગો(National industries)
   (ક) બહુરાષ્ટ્રીય ઉદ્યોગો(Multinational Industries)

આ એકમની ચર્ચાના મુદ્દા માનવીય પ્રવૃત્તિને ધ્યાનમાં રાખીને કેન્દ્રિત થાય છે. તેથી આપણા માટે પ્રવૃત્તિનાં સ્વરૂપ પર આધારિત વર્ગીકરણ વધુ યોગ્ય છે. તેથી પ્રથમ વર્ગીકરણની વિગતે ચર્ચા કરીએ.

(અ)ઉત્પાદનના (નૈસર્ગિક) ઉદ્યોગો : ધાતુઓ, પ્રાણીઓ, છોડવા, વૃક્ષો જેવા કુદરતી સાધનોને જમીનની સપાટી પરથી કે સપાટી નીચેથી અથવા હવા કે પાણીમાંથી શોધી કાઢવામાં કે ખોદી કાઢવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હોય તેમ સમાવેશ આ વર્ગમાં થાય છે. ઉત્પાદન ઉદ્યોગોને નિઃશેષ(exhaustive) ઉદ્યોગો તરીકે ઓળખવામાં આવે છે. કારણ કે દરેક પ્રયત્ન ને કારણે સાધનસામગ્રી ખાલી થાય છે. અને આ રીતે સંપત્તિ ખલાસ થાય છે. ખાણ ,ખેતી, ખાણમાંથી પથ્થર ખોદવા, શિકાર,પકડવા વગેરે આ પ્રકારમાં આવે છે.

(બ) જૈવિક ઉદ્યોગો : છોડ અને પ્રાણીઓના વેચાણમાંથી નફો મેળવવાના ઉદ્દેશથી તેમનું પુનઃ ઉત્પાદન અને વૃદ્ધિ સાથે જે પ્રવૃત્તિઓ સંકળાયેલી હોય તેનો સમાવેશ આ પ્રકારમાં થાય છે. ઉદાહરણ તરીકે નર્સરી કે જે છોડની વૃદ્ધિ અને વેચાણ કરે છે, મરઘાં-બતકાંને ઉછેર કરતાં ફાર્મ પશુપાલન ફાર્મ, મત્સ્યપાલન ફાર્મ વગેરેને દર્શાવી શકાય.

ઉત્પાદન ઉદ્યોગ અને જૈવિક ઉદ્યોગ વચ્ચે એક મહત્ત્વનો તફાવત છે. ઉત્પાદન ઉદ્યોગના કિસ્સામાં માણસ જે સંપત્તિ જમીન, દરિયા કે હવામાંથી ખેંચી લે છે તેમાં તે વધારો કરી શકતો નથી. જ્યારે જૈવિક ઉદ્યોગમાં માણસ કુદરતે પેદા કરેલ વસ્તુઓ વિકાસમાં જ મદદ કરતો નથી પરંતુ તેનું પુનઃ ઉત્પાદન પણ કરે છે.


(ક) ઉત્પાદન ઉદ્યોગો : આ પ્રકારના ઉદ્યોગો કાચા માલસામાન અને અર્ધતૈયાર માલમાંથી તૈયાર માલના રૂપાંતર સાથે સંકળાયેલા હોય છે. સામાન્ય રીતે ઉત્પાદન ઉદ્યોગની પેદાશો ઉત્પાદન ઉદ્યોગોનો કાચો માલ બને છે. બીજા શબ્દોમાં કહીએ તો ઉત્પાદન ઉદ્યોગો ઉત્પન્ન ઉદ્યોગોની પેદાશોની સ્વરૂપગત ઉપયોગિતાનું સર્જન કરે છે. સિમેન્ટ ઉદ્યોગ, ખાંડ, ઉદ્યોગ, સુતરાઉ કાપડ ઉદ્યોગ, લોખંડ અને પોલાદ ઉદ્યોગ, ખાતર ઉદ્યોગ વગેરે ઉત્પાદન ઉદ્યોગોનાં કેટલાંક ઉદાહરણો છે.

(3) બાંધકામ ઉદ્યોગ : આ ઉદ્યોગો મકાન, પુલ,બંધો, રસ્તાઓ, નહેરો, રેલવેલાઇનોનું બાંધકામ વગેરે જેવી બાંધકામની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હોય છે. આ ઉદ્યોગો ઉત્પાદન ઉદ્યોગોની વસ્તુઓ (દા.ત. ઈંટો, સિમેન્ટ, લોખંડ અને પોલાદ) અને ઉત્પાદન ઉદ્યોગની વસ્તુઓ (દા.ત. પથ્થરો, લાકડું)નો ઉપયોગ કરે છે. ઉત્પાદન ઉદ્યોગોની પેદાશો અચલ (સ્થાવર) હોય છે. કોઈ ચોક્કસ જગ્યાએ તેને ચણવામાં આવે છે, બાંધવામાં આવે છે કે ઘડવામાં આવે છે.

ઉદ્યોગોનાં કેટલાંક ઉદાહરણ સહિતના વર્ગીકરણ માટે ચિત્ર 1.2 તરફ જુઓ.

આકૃતિ 1.2

પ્રવૃત્તિના સ્વરૂપ અનુસાર ઉદ્યોગનું વર્ગીકરણ





**તમારી પ્રગતિની ચકાસણી કરો - ખ**

1. ધંધા અને ઉદ્યોગ વચ્ચે સરખામણી કરો.

........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................

2 ખાલી જગ્યા પૂરો.




૩. નીચેની પ્રવૃત્તિઓ કયા પ્રકારના ઉદ્યોગને લગતી છે ?

| | પ્રવૃત્તિઓ | ઉદ્યોગનો પ્રકાર |
|---|---|---|
| (i) | દરિયામાંથી માછલી પકડવી | ................................ |
| (ii) | ખાણમાંથી કોલસો કાઢવો | ................................ |
| (iii) | કાપડ વણવું | ................................ |
| (iv) | બંધનું બાંધકામ કરવું | ................................ |
| (v) | લાકડાનું ફર્નિચર તૈયાર કરવું | ................................ |
| (vi) | પશુપાલન | ................................ |
| (vii) | રેલવે-લાઇનનો વિકાસ કરવો | ................................ |
| (viii) | રેલવે-એન્જિનોનું ઉત્પાદન કરવું | ................................ |

## 1.5 વાણિજ્ય (Commerce)

તમે શીખી ગયા છો કે ધંધાકીય પ્રવૃત્તિઓનું (1) ઉદ્યોગ અને (2) વાણિજ્યનું વર્ગીકરણ કરી શકાય. તમે એ પણ શીખી ગયા કે ઔદ્યોગિક પ્રવૃત્તિઓ જરૂરિયાત સંતોષતી વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન સાથે સંકળાયેલી છે. જ્યાં સુધી આ વસ્તુઓ અને સેવાઓની જે લોકોને જરૂરિયાત છે તેમનાં સુધી પહોંચાડવામાં ન આવે ત્યાં સુધી તે તેમના ઉદ્દેશો દા.ત. માનવ-જરૂરિયાતો સંતોષવી વગેરે જ પૂર્ણ કરી શકે નહીં. આથી ઉદ્યોગો દ્વારા ઉત્પાદિત વસ્તુઓ ગ્રાહકોને યોગ્ય સમયે, યોગ્ય સ્થળે, યોગ્ય ગુણવત્તામાં અને યોગ્ય કિંમતે ઉપલબ્ધ થવી જોઈએ. આ જરૂરિયાતોને સંતોષવા વાણિજ્યની પ્રવૃત્તિનો ઉદ્ભવ થયો. વસ્તુઓનાં ઉત્પાદકો અને ગ્રાહકો વચ્ચે યોગ્ય સબંધો સ્થાપવાની તેઓ વચ્ચે સરળ અને અવિરત વસ્તુઓનો પ્રવાહ જાળવી રાખવાની પ્રવૃત્તિઓનો સમાવેશ વાણિજ્યમાં થાય છે.

વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન સ્થળેથી ગ્રાહક સુધીના સરળ અને અવિરત પ્રમાણમાં ઘણાં અવરોધો અને બાધાઓ ઊભી થાય છે. ઉદાહરણ તરીકે એક વ્યક્તિ દ્વારા ઉત્પાદિત વસ્તુઓનો વપરાશ અન્ય વ્યક્તિ દ્વારા થતો હોય. આ સંજોગોમાં જ્યાં સુધી ઉત્પાદક અને વપરાશકાર એકબીજાને ઓળખે નહીં,ત્યાં સુધી તેમની વચ્ચે વસ્તુઓનો વિનિમય થવાની શક્યતા રહેતી નથી. આ વ્યક્તિગત અવરોધ છે તે જ રીતે વસ્તુ ખરીદવા માટે ગ્રાહકને તે વસ્તુના અસ્તિત્વ તેનાં લક્ષણો વગેરે અંગોની જાણકારી હોવી જોઈએ. આથી ગ્રાહકોને આવી માહિતી પૂરી પાડવાની જરૂર પડે છે. આ જાણકારીનો અવરોધ છે. ઉત્પાદનના સમય અને વપરાશના સમય વચ્ચેના સમયના અંતરને કારણે સમયનો અવરોધ ઉદ્ભવે છે. ઘણી વાર વસ્તુઓનું એક સ્થળે ઉત્પાદન થતું હોય છે અને તેનો વપરાશ અન્ય સ્થળે થતો હોય છે. આથી વસ્તુઓને ઉત્પાદનના સ્થળેથી વપરાશના સ્થળે લઈ જવી જરૂરી બને છે. વાણિજ્ય આ બધા અવરોધોને દૂર કરે છે અને ઉત્પાદકો તથા ગ્રાહકો વચ્ચેના વસ્તુઓના

વિનિમયને સરળ બનાવે છે. આ વિભાગમાં આગળ ઉપર તમે આ અવરોધો વિવિધ ધંધાકીય પ્રવૃત્તિઓ દ્વારા કેવી રીતે દૂર થાય છે, તે અંગેનો વિગતવાર અભ્યાસ કરશો એ વાણિજ્યનો એક ભાગ છે.

ટૂંકમાં વસ્તુઓની ખરીદી અને વેચાણ સાથે તેમ જ એવાં કાર્યો કે જે ખરીદનાર અને વેચનારાઓ વચ્ચે વસ્તુઓ અને સેવાઓના સરળ અને અવિરત પ્રવાહ માટે આવશ્યક છે. તે બાબતો સાથે વાણિજ્ય મુખ્યત્વે સંબંધ ધરાવે છે. આ રીતે વાણિજ્યમાં મુખ્યત્વે બે પાસાં છે : (1) વસ્તુઓની ખરીદી અને વેચાણ તથા (2) વસ્તુઓના સતત અને અવિરત પ્રવાહ માટે આવશ્યક છે તે બાબતો સાથે વાણિજ્ય મુખ્યત્વે સંબંધ ધરાવે છે. આ રીતે વાણિજ્યમાં મુખ્ય બે પાસાં છે (1) વસ્તુઓની ખરીદી અન વેચાણ તથા (2) વસ્તુઓના સતત અને અવિરત પ્રવાહ માટે જરૂરી એવી પ્રવૃત્તિઓ. આથી આપણે વાણિજ્ય પ્રવૃત્તિઓના ક્ષેત્રને બે વિભાગમાં વહેંચી શકીએ :

(1) વેપાર - ખરીદી અને વેચાણની પ્રવૃત્તિઓ.

(2) વેપારને સહાયક સેવાઓ - વસ્તુઓના સરળ અને અવરિત પ્રવાહને સરળ બનાવે છે એવી પ્રવૃત્તિઓ.

## 1.5.1 વેપાર (Trade)

તમે અગાઉ શીખી ગયા છો કે વસ્તુઓની ખરીદી અને વેચાણ સાથે સંકળાયેલી માનવ-પ્રવૃત્તિઓનો સમાવેશ વેપારમાં થાય છે. આથી, નફો કમાવાના ઉદ્દેશથી વસ્તુઓ અને સેવાઓનું વેચાણ, ફેરબદલી અથવા વિનિમયનો સમાવેશ વેપારમાં થાય છે. વેપારનો ઉદ્દેશ જે વ્યક્તિઓની જરૂર છે અને જેઓ તેને માટે નાણાં ચૂકવવા તૈયાર છે તેમને વસ્તુઓ ઉપલબ્ધ કરવાનો છે. આ રીતે ઉત્પાદકો અને ગ્રાહકો વચ્ચે સંબંધ સ્થાપવાની અને વ્યક્તિગત અવરોધો દૂર કરવાની મહત્ત્વની ભૂમિકા વેપાર ભજવે છે.

જે વ્યક્તિગત વેપારમાં રોકાયેલી હોય તેને ''વેપારી'' અથવા 'મધ્યસ્થી' કહે છે. ઘણા વેપારીઓ ઉત્પાદકો અને વ્યક્તિને લગતા અવરોધો દૂર કરે છે. આપણે વેપારનું બે વિશાળ વિભાગમાં વર્ગીકરણ કરી શકીએ :
(1) આંતરિક વેપાર અને (2) બાહ્ય વેપાર

(1) **આંતરિક વેપાર :** દેશની સરહદોની અંદર થતા વેપાર ને આંતરિક વેપાર કહી શકો. તેનો અર્થ થાય છે કે ખરીદી અને વેચાણ બંને દેશની અંદર જ થવા જોઈએ. તેને માટે સામાન્ય રીતે નાણાંની ચુકવણી રાષ્ટ્રીય ચલણમાં થાય છે. આ આંતરિક વેપારને આંતરદેશીય વેપાર અથવા રાષ્ટ્રિય વેપાર, અથવા ગૃહવેપાર અથવા સ્વદેશી વેપાર પણ કહેવામાં આવે છે.

કામગીરીના પ્રમાણને આધારે આપણે આંતરિક વેપારનું વર્ગીકરણ (અ) જથ્થાબંધ વેપાર અને (બ) છૂટક વેપારમાં કરી શકીએ.

(અ) **જથ્થાબંધ વેપાર :** પ્રમાણમાં મોટા જથ્થામાં થતી ખરીદી અને વેચાણને જથ્થાબંધ વેપાર કહેવાય છે. જે વ્યક્તિ જથ્થાબંધ વેપારમાં સંકળાયેલી હોય તે જથ્થાબંધ વેપારી કહેવાય છે.

(બ) છૂટક વેપાર : પ્રમાણમાં નાના જથ્થામાં થતી ખરીદી અને વેચાણને છૂટક વેપાર કહે છે. જે વ્યક્તિ છૂટક વેપારમાં સંકળાયેલી હોય તે છૂટક વેપારી કહેવાય છે.

હવે આપણે જથ્થાબંધ વેપારી અને છૂટક વેપારીઓ કેવી રીતે કામ કરે છે અને વ્યક્તિને લગતા અવરોધ દૂર કરે છે તે અંગે વિગતવાર ચર્ચા કરીએ. જથ્થાબંધ વેપારી ઉત્પાદક પાસેથી મોટા જથ્થામાં માલની ખરીદી કરે છે અને છૂટક વેપારીઓને નાના જથ્થામાં વેચાણ કરે છે. આમ, જથ્થાબંધ વેપારી એકબાજુ ઉત્પાદકો અને બીજી બાજુ છૂટક વેપારીઓ વચ્ચે કડી સ્થાપે છે. છૂટક વેપારીઓ કે જે જથ્થાબંધ વેપારીઓ પાસેથી માલ ખરીદે છે, તે ગ્રાહકોને નાના જથ્થામાં વેચે છે. આમ, છૂટક વેપારીઓ એકબાજુ જથ્થાબંધ વેપારી પાસેથી માલ ખરીદે છે, તે ગ્રાહકોને નાના જથ્થામાં વેચે છે. આમ, છૂટક વેપારીઓ એકબાજુ જથ્થાબંધ વેપારીઓ અને બીજી બાજુ ગ્રાહકો વચ્ચે કડી સ્થાપે છે. આમ,જથ્થાબંધ વેપારીઓ અને છૂટક વેપારીઓ ઉત્પાદકો અને ગ્રાહકો વચ્ચે સંબંધ સ્થાપે છે અને વ્યક્તિને લગતા અવરોધો દૂર કરે છે. આમ છતાં, કેટલીક વાર ઉત્પાદકો ફક્ત જથ્થાબંધ વેપારીઓ કે છૂટક વેપારીઓની સેવાઓ લઈ શકે છે. ઉત્પાદક અને ગ્રાહક વચ્ચે કાર્ય કરતી વેપારીઓ મધ્યસ્થીઓની સમગ્ર સાંકળ '' વિતરણ માર્ગ '' તરીકે ઓળખાય છે. જેને વિશે તમે આ અભ્યાસક્રમના એકમ 10 અને 11 માં વિગતવાર અભ્યાસ કરશો.

(2) **બાહ્ય વેપાર :** બાહ્ય વેપારને '' વિદેશી વેપાર ''અથવા ''આંતરરાષ્ટ્રીય વેપાર '' પણ કહે છે. જ્યારે દેશની સરહદો બહાર વેપાર થાય છે ત્યારે તમે આ વેપારને બાહ્ય વેપાર કહી શકો છો. બીજા શબ્દોમાં બાહ્ય વેપાર એટલે વિવિધ દેશો વચ્ચેનો વેપાર. આ વેપાર એક વસ્તુના બદલામાં બીજી વસ્તુ અથવા નાણાંના

બદલામાં વસ્તુના સ્વરૂપે હોઈ શકે છે.

આપણે વિદેશી વેપારને ત્રણ વિભાગમાં વહેંચી શકીએ : (અ) આયાત વેપાર (બ) નિકાસ વેપાર અને (ક) પુનઃ નિકાસ વેપાર.

**(અ) આયાત વેપાર :** જ્યારે એક દેશ બીજા દેશમાંથી વસ્તુઓ ખરીદે છે તેને ''આયાત વેપાર ''કહે છે. ઉદાહરણ તરીકે, ભારત અમેરિકાથી યંત્રો ખરીદે આ ભારત માટે આયાત વેપાર છે.

**(બ) નિકાસ વેપાર :** જ્યારે એક દેશ બીજા દેશને વસ્તુઓ વેચે છે તેને નિકાસ વેપાર કહે છે. ઉદાહરણ તરીકે રશિયાને ચામડાંની વસ્તુઓ અને અમેરિકાને ચા વેચે છે. ભારત માટે માલના આ વેચાણને નિકાસ વેપાર કહી શકાય.

**(ક) પુનઃનિકાસ વેપાર :** આને આયાત માલનાં નિકાસ વેપાર તરીકે પણ ઓળખવામાં આવે છે. જ્યારે એક જ દેશમાંથી વસ્તુઓની આયાત કરવામાં આવે અને તેને બીજા દેશમાં નિકાસ કરવામાં આવે ત્યારે આ વેપારને પુનઃનિકાસ વેપાર કહે છે. પુનઃનિકાસ વેપાર એવા દેશો દ્વારા કરવામાં આવે છે કે જેમની પાસે એવાં બંદરો હોય છે કે જે પાડોશી દેશો માટે વિતરણ કેન્દ્રો તરીકે સેવા આપી શકે એવી સગવડભરી જગાએ આવેલાં હોય છે. આવા દેશો મોટા જથ્થામાં માલની આયાત કરે છે અને તેની પડોશી દેશોમાં પુનઃનિકાસ કરે છે.

## 1.5.2 વેપારને સહાયક સેવાઓ(Aids to Trade)

જે પ્રવૃત્તિઓ વેપારને સરળ બનાવે છે તેને વેપારને સહાયક સેવાઓ કહે છે. આમ અવરોધોને દૂર કરનારી બધી જ માનવ-પ્રવૃત્તિઓ ઉત્પાદકો પાસેથી ગ્રાહકો તરફના વસ્તુઓના પ્રવાહને સરળ બનાવે છે. તેમનો સમાવેશ વેપારને સહાયક સેવાઓમાં થાય છે. તેમ વેપારને આનુષંગિક સેવાઓ તરીકે પણ ઓળખવામાં આવે છે. વેપારને સહાયક કાર્યોના સમગ્ર કાર્યક્ષેત્રમાં આવતી પ્રવૃત્તિઓને પાંચ વિભાગમાં વહેંચી શકાય : (1) વાહન-વ્યવહાર (2) માલ સંગ્રહ (3) વીમો (4) જાહેરાત અને (5) બેંકિંગ.

**(1) વાહન-વ્યવહાર (Transportation) :** સામાન્ય રીતે બધો જ માલ જ્યાં ઉત્પાદિત થતો હોય તે જ સ્થળે તેનો વપરાશ થતો નથી. આથી વસ્તુઓની ઉત્પાદન સ્થળેથી જ્યાં તેની માંગ હોય તે સ્થળે હેરફેર કરવી પડે છે. આવી હેરફેર સાથે સંકળાયેલી પ્રવૃત્તિને '' વાહન-વ્યવહાર'' કહે છે. આમ, વાહન-વ્યવહાર સ્થળના અવરોધો દૂર કરે છે અને વસ્તુઓને સ્થળ-ઉપયોગિતા બક્ષે છે.

વાહન-વ્યવહાર ત્રણ પ્રકારના હોઈ શકે છે :

(અ) જમીન વાહન-વ્યવહાર-રસ્તા, રેલવે.

(બ) હવાઈ વાહન-વ્યવહાર-વિમાન

(ક) જળ વાહન-વ્યવહાર-હોડી, વહાણ.

**(2) વખાર માલ સંગ્રહ(Warehousing) :** વસ્તુઓનું ઉત્પાદન થયા પછી તરત જ તેનો વપરાશ થતો નથી. સામાન્ય રીતે ઉત્પાદન અને વપરાશ વચ્ચે સમયનો ગાળો રહેલો હોય છે. આ સમયનો અવરોધ છે. આથી, વસ્તુઓનું એકવાર ઉત્પાદન થયા પછી જ્યાં સુધી તેનો વપરાશ ન થાય ત્યાં સુધી તેની યોગ્ય જાળવણી કરવી પડે છે. ખાસ કરીને નાશવંત વસ્તુઓ જેવી કે દૂધ, માંસ, શાકભાજી, ફળો વગેરેની ખૂબ જ કાળજીપૂર્વક જાળવણી કરવી પડે છે. અન્યથા તે બગડી જાય અથવા બિનઉપયોગી બની જાય. આ કારણસર માલ સંગ્રહ (વખાર)ને વેપારને સહાયક સેવા તરીકે ઓળખવામાં આવે છે. માલ સંગ્રહ એટલે વસ્તુઓની એવી જાળવણી કે જેથી ગ્રાહકોને જરૂર પડે ત્યારે તે મળી શકે. આમ, માલ સંગ્રહ સમયનો અવરોધ દૂર કરે છે. અને વસ્તુઓને સમય-ઉપયોગિતા બક્ષે છે.

**(3) વીમો (Insurance) :** ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન અથવા હેરફેર દરમિયાન અકસ્માતને કારણે અથવા સંગ્રહ દરમિયાન આગ અથવા ચોરી વગેરેને કારણે માલનો નાશ થવાની શક્યતા રહે છે. ધંધાદારી વ્યક્તિઓ આ જોખમો સામે રક્ષણ મેળવવા ઇચ્છે છે. આ બાબતમાં વીમા કંપનીઓ નુકસાનમાંથી બચાવવા તેમની મદદે આવે છે. આવાં જોખમોથી ઉદ્ભવતા નુકસાન સામે રક્ષણ પૂરું પાડવાની તેઓ જવાબદારી ઉઠાવે છે. આ હેતુથી, ધંધાએ વીમા પૉલિસી લેવી પડે છે અને નિયમિત રીતે અમુક રકમ, જેને પ્રીમિયમ કહે છે તે આપવી પડે છે. આમ, વીમો જોખમના અવરોધો દૂર કરે છે.

**(4) જાહેરાતો(Advertising) :** વસ્તુઓનો વિનિમય ત્યારે થઈ શકે, જ્યારે ગ્રાહકને પેદાશના અસ્તિત્વ અંગેની જાણકારી હોય. આ જાણકારી તો અવરોધ છે. આ અવરોધને જાહેરાત દ્વારા દૂર કરી શકાય છે.


જાહેરાત દ્વારા ઉત્પાદકો તેમની વસ્તુઓને લગતી બધી જ માહિતી સંભવિત ગ્રાહકોને પહોંચાડે છે. અને તેમનામાં પેદાશને ખરીદવાની તીવ્ર ઇચ્છા પેદા કરે છે. આમ, ગ્રાહકો સમક્ષ પેદાશો અંગેની જાણકારી પૂરી પાડીને જાહેરાત ઉત્પાદકો અને ગ્રાહકો વચ્ચે વસ્તુના પ્રવાહને સરળ બનાવે છે. જાહેરાત ટી.વી., રેડિયો, વર્તમાન પત્રો, મેગેઝિનો, હોર્ડિંગ્સ, ભીંતલખાણ વગેરે દ્વારા થઈ શકે છે.

(5) **બૅંકિંગ (Banking) :** બૅંકિંગ નાણાં અને શાખાના અવરોધો દૂર કરીને વસ્તુના પ્રવાહને સરળ બનાવે છે. આજના સમયમાં આપણે બૅંકો વગરના ધંધાનો વિચાર કરી શકતા નથી. અથવા ધંધો શરૂ કરવા અથવા અથવા ધંધો સરળ રીતે ચલાવવા માટે આપણને નાણાંની જરૂર પડે છે. બૅંકો નાણાં પૂરાં પાડે છે. બૅંક એવું સંગઠન છે કે જે લોકો પાસેથી નાણાકીય થાપણો સ્વીકારે છે. (જે માગણીઓ થતાં કે અન્ય રીત પરત લઈ શકાય છે.) અને જેમને જરૂર છે એવી વ્યક્તિઓને તેનું ધિરાણ કરે છે. ધંધાકીય પ્રવૃત્તિઓ માટે જરૂરી એવી ઘણી અન્ય સેવાઓ પણ બૅંકો પૂરી પાડે છે.

વાણિજ્યના વર્ગીકરણ અને પેટા વર્ગીકરણ માટે આકૃતિ 1.3 જુઓ.

આકૃતિ 1.3

વાણિજ્યનું વર્ગીકરણ




**તમારી પ્રગતિની ચકાસણી કરો : ગ**

1. વાણિજ્ય અને ઉદ્યોગ વચ્ચે શો તફાવત છે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. આંતરિક વેપાર અને બાહ્ય વેપાર વચ્ચે શો તફાવત છે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

3. વાણિજ્ય કરતાં વેપાર કઈ રીતે જુદો છે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

નીચેના અવરોધોની યાદી આપવામાં આવી છે. તેમને કઈ ધંધાદારી પ્રવૃત્તિઓ દૂર કરે છે તેમનાં નામ દર્શાવો.

| અવરોધો | ધંધાદારી પ્રવૃત્તિનું નામ |
|---|---|
| 1) સ્થળ અંગેનો અવરોધ | .................... |
| 2) સમય અંગેનો અવરોધ | .................... |
| 3) જોખમ અંગેનો અવરોધ | .................... |
| 4) નાણાં અંગેનો અવરોધ | .................... |

5) જાણકારી અંગેનો અવરોધ ....................

6) વ્યક્તિ અંગેનો અવરોધ ....................

(5) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.

(i) વેપારનો સંબંધ વસ્તુની ખરીદી અને વેચાણ સાથે છે. ☐ ખરું ☐ ખોટું

(ii) જે વ્યક્તિ નાના જથ્થામાં ખરીદી અને વેચાણ કરે છે તેને જથ્થાબંધ વેપારી કહે છે ☐ ખરું ☐ ખોટું

(iii) જ્યારે બીજા દેશમાં માલનું વેચાણને જે પ્રવૃત્તિઓ સરળ બનાવે છે તેનો સમાવેશ વેપારને સહાયક સેવાઓમાં થાય છે. ☐ ખરું ☐ ખોટું

(v) આયાત વેપાર એટલે એક દેશમાંથી માલની ખરીદી કરવી અને તેનું બીજા દેશમાં વેચાણ કરવું. ☐ ખરું ☐ ખોટું

(vi) આંતરિક વેપાર એટલે દેશની સરહદોની અંદર માલની ખરીદી અને વેચાણ કરવું. ☐ ખરું ☐ ખોટું

(vii) છૂટક વેપારીઓ જથ્થાબંધ વેપારી અને ગ્રાહક વચ્ચે સંબંધ સ્થાપે છે. ☐ ખરું ☐ ખોટું

(vii) બાહ્ય વેપાર ગૃહ વેપાર તરીકે પણ ઓળખાય છે. ☐ ખરું ☐ ખોટું

## 1.6 સંગઠન (Organisation)

ધંધાકીય પ્રવૃત્તિ એટલે શું અને વિવિધ પ્રકારની ધંધાકીય પ્રવૃત્તિઓ જેવી કે ઉદ્યોગ, વેપાર, વાહન-વ્યવહાર, બેંકિંગ વગેરે અંગેનો તમે અભ્યાસ કર્યો. ગમે તે પ્રકારની ધંધાકીય પ્રવૃત્તિ અપનાવો. મૂડી, યંત્રો, માલસામાન, શ્રમ, ટેક્નિશિયનો વગેરે વિવિધ સાધનોને એકઠાં કરવાં પડે છે. માત્ર આ સાધનોની ઉપલબ્ધિ કે હાજરી માંગ પૂરતી નથી. તેના ધ્યેયોની સિદ્ધિ માટે આવાં સાધનોને વ્યવસ્થિત રીતે કામમાં લેવાં પડે છે. ઉદાહરણ તરીકે કાપડ ઉત્પાદનનો દાખલો લો. સૌ પ્રથમ તમે કેટલીક જમીન મેળવો છો અને મકાનો બાંધો છો, યંત્રો ખરીદો છો અને મકાનમાં તેમને ગોઠવો છો, યંત્રો પર કામ કરવા માટે કામદારો અને ટેક્નિશિયનોને નોકરીએ રાખો છો. કાચો માલસામાન (રૂ,રંગ વગેરે) ખરીદો છો અને કારખાનામાં કાચા માલસામાન પર પ્રક્રિયા કરો છો અને કાપડનું ઉત્પાદન કરો છો. એકવાર કાપડનું ઉત્પાદન થયા પછી તેનું જથ્થાબંધ અને છૂટક વેપારીઓ દ્વારા ગ્રાહકોને વેચાણ કરે છે. આમ, કાપડનું ઉત્પાદન કરવા માટે તમારે કારખાનું, રૂ, રંગ, શ્રમ, જથ્થાબંધ વેપારીઓ, છૂટક વેપારીઓ વગેરે સાધનો એકઠાં કરવાં પડે છે પરંતુ માત્ર આ સાધનોની હાજરીથી હેતુની સિદ્ધિ થઈ શકતી નથી. આપણે આ સાધનોને ખૂબ જ વ્યવસ્થિત રીતે કામગીરીમાં ભેગાં કરવાં પડે છે અને તેમની પ્રવૃત્તિઓનું સંકલન કરવું પડે છે. ત્યાર બાદ જ કાપડનું ઉત્પાદન કરવાનું સંકલન કરવું પડે છે.ત્યાર બાદ જ કાપડનું ઉત્પાદન કરવાનું તેનું ગ્રાહકોને વિતરણ કરવાનું અને નફો મેળવવાનું શક્ય બને છે. આ બાબત કોઈ પણ ધંધાકીય પ્રવૃત્તિની બાબતમાં સાચી જ છે.

ધંધાકીય પ્રવૃત્તિ વાસ્તવિક ત્યારે જ બની શકે, જ્યારે જરૂરી સાધનોને લાવવાનાં પ્રયત્નો કરવામાં આવે, તેમને વ્યવસ્થિત રીતે કામગીરીમાં જોડવામાં આવે અને તેમની પ્રવૃત્તિઓને યોગ્ય રીતે સંકલિત કરવામાં આવે. આને ધંધાકીય સંગઠન કહેવામાં આવે છે.

જે. ડબ્લ્યુ શુલ્ઝના મતે ''સંગઠન એ જરૂરી વ્યક્તિઓ, માલસામાન, સાધનો, ઓજારો, કાર્યસ્થળ, સમીકરણો અને નાણાંનું સંયોજન છે. તેના દ્વારા કેટલાંક ઇચ્છિત ધ્યેયની સિદ્ધિ માટે વ્યવસ્થિત અને અસરકારક રીતે પરસ્પરનો સંબંધ સ્થાપવામાં આવે છે. ''

ઓલ્વિર શેલ્ડરે તેની વ્યાખ્યા નીચે મુજબ આપી છે, '' (સંગઠન) એ વ્યક્તિઓ અને જૂથો દ્વારા જે કાર્યનું જરૂરી સગવડોની મદદથી અમલીકરણ કરવાનું છે, તેને એકત્રિત કરવાની પ્રક્રિયા છે, જેથી તેઓ ઉપલબ્ધ પ્રયત્નોના કાર્યક્રમ પદ્ધતિસર, હકારાત્મક અને સંકલિત ઉપયોગ દ્વારા શ્રેષ્ઠ અધ્યયન પૂરું પાડી શકે.''

એફ.જે રાઇટ ની દૃષ્ટિએ '' સંગઠન એ આર્થિક ઉદેશ સિદ્ધ કરવા માટે સાધનોની ગોઠવણ કે સંયોજન છે કે જેની કાં તો ઉપલબ્ધ સાધનોની મદદથી મહત્તમ પરિણામો કે નફો સિદ્ધ કરી શકાય અથવા સાધનોનાં ઓછામાં ઓછા શક્ય ઉપયોગ દ્વારા આપેલ ધ્યેય સિદ્ધ કરી શકાય''.

આમ, ધંધાકીય સંગઠન એટલે ધંધાના વિવિધ ભાગો જેવા કે કામદાર બળ, માલસામાન, યંત્રો, મૂડી વગેરેને એકત્રિત કરવાં, તેમને વ્યવસ્થિત રીતે કાર્ય પર મૂકવાં અને નફો કમાવાનું ધ્યેય અસરકારક રીતે સિદ્ધ કરવા

માટે તેમની પ્રવૃત્તિઓનું સંકલન કરવું અને નિયંત્રણ કરવું.

**ધંધાકીય સંગઠનનાં સ્વરૂપો :** ધંધાની માલિકી અને સંચાલન એક વ્યક્તિ દ્વારા અથવા વ્યક્તિઓનાં જૂથ દ્વારા ભાગીદારી પેઢીની સ્થાપના કરીને અથવા જોઇન્ટ સ્ટોક કંપની તરીકે અથવા સહકારી મંડળી તરીકે પણ થઈ શકે છે.

આમ, માલિકી અને સંચાલનને આધારે આપણે ધંધાકીય સંગઠનને ચાર જૂથમાં વહેંચી શકીએ.

(1) વૈયક્તિક એકાકી માલિકી

(2) ભાગીદારી પેઢી

(3) કંપની

(4) સહકારી મંડળી

પ્રથમ બે વર્ગ (વૈયક્તિક માલિકી અને ભાગીદારીનાં સ્વરૂપો)ને સંગઠનના બિન-કૉર્પોરેટ સ્વરૂપો કહી શકાય. બાકીના બે વર્ગ (કંપની સ્વરૂપ અને સહકારી મંડળી) ને સંગઠનના કૉર્પોરેટ સ્વરૂપો કહી શકાય. સંગઠનનાં આ સ્વરૂપો વિષે તમે એકમ 2 અને 3 માં વિગતવાર અભ્યાસ કરશો.

**ઉદ્યોગ સાહસિક(Intrepreneur) :** તમે જાણો છો કે નફો કમાવાના પ્રાથમિક ઉદ્દેશથી ધંધો ચલાવવામાં આવે છે. તમે એ પણ જાણો છો કે આ હેતુની સિદ્ધિ માટે ધંધાની સ્થાપના કરવા માટે વિવિધ સાધનોને એકઠાં કરવાં પડે છે, તેમની વચ્ચે સંકલન કરવું પડે છે. અને બધી પ્રવૃત્તિઓનું નિયંત્રણ કરવું પડે છે . કોઈકે આ કરવું પડે છે, જેને અમુક પ્રકારના ધંધો કરવાનો વિચાર આવે જે સાધનોને સજ્જ કરે છે અને જે અસ્તિત્વમાં લાવે છે. તેને ઉદ્યોગ સાહસિક કહેવામાં આવે છે. એ વ્યક્તિ ધંધાનું જોખમ ઉઠાવે છે. તમે જાણો છો કે દરેક એકમની સ્થાપના નફો કમાવાના ઉદ્દેશથી કરવામાં આવે છે છતાં પણ નુકસાનની શક્યતાનો ઇન્કાર કરી શકાય નહીં. આમ, ઉદ્યોગ સાહસિક એ વ્યક્તિ છે જે ધંધાનો વિચાર કરે છે. સંગઠનને અસ્તિત્વમાં લાવે છે અને ધંધાકીય પ્રવૃત્તિને ચલાવે છે અને નુકસાનનું જોખમ સહન કરવા તૈયાર હોય છે. તમે ઉદ્યોગ સાહસિક વિશે એકમ 4 માં વિગતવાર અભ્યાસ કરશો.

## 1.7 સારાંશ

માનવ-પ્રવૃત્તિઓના સમગ્ર ક્ષેત્રને (1) આર્થિક પવૃત્તિઓ અને (2) બિન-આર્થિક પ્રવૃત્તિઓને વધુમાં (1) ધંધો (2) વ્યવસાય અને (3) નોકરીમાં વહેંચી શકાય. ધંધો એ નફો કમાવા પ્રાથમિક ઉદ્દેશથી વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન અને/અથવા વિનિમય સાથે સંબંધ ધરાવે છે. વિશિષ્ટ પ્રકારની વ્યક્તિગત સેવાઓ પૂરી પાડવાની સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓનો સમાવેશ વ્યવસાયમાં થાય છે. કરાર કે નોકરીની શરતો અનુસાર માલિક દ્વારા વ્યક્તિને સોંપવામાં આવેલ પ્રવૃત્તિ એટલે નોકરી.

ધંધાકીય પ્રવૃત્તિનાં મુખ્ય લક્ષણો છે.(1) વસ્તુ અને સેવાઓનો વિનિમય. (2) ઉત્પાદન અને/અથવા વિનિમય (3) વિનિમય સાતત્ય (નિયમિતતા) (4) નફાનો હેતુ (5) જોખમનું તત્વ, અને (6) સાહસવૃતિ


નફો કમાવવા ઉપરાંત, ધંધો કેટલાક આર્થિક , સામાજિક અને માનવીય ઉદ્દેશો પૂરા પાડે છે. ધંધાકીય પ્રવૃત્તિઓને (1) ઉદ્યોગ અને (2) વાણિજ્યમાં વહેંચી શકાય. ઔદ્યોગિક પ્રવૃત્તિઓને ચાર વિભાગમાં વહેંચી શકાય : (1) ઉત્પાદન ઉદ્યોગો (2) જૈવિક ઉદ્યોગો (3) ઉત્પાદન ઉદ્યોગો અને (4) બાંધકામ ઉદ્યોગો.

વાણિજ્યને (1) વેપાર અને (2)વેપારને સહાયક સેવાઓ એમ વહેંચી શકાય. ખરીદી, વેચાણ સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓનો સમાવેશ વેપારમાં થાય છે. ખરીદી અને વેચાણને જે પ્રવૃત્તિઓ મદદ કરે છે અને વસ્તુઓ અને સેવાઓના પ્રવાહને સરળ બનાવે છે. તેમનો સમાવેશ વેપારને સહાયક સેવાઓમાં થાય છે. આ પ્રવૃત્તિઓ છે : (1) વાહન-વ્યવહાર (2) માલ સંગ્રહ (3) બેંકિંગ (4) વીમો અને (5) જાહેરાત આકૃતિ 1.4 માનવ-પ્રવૃત્તિઓનું સંપૂર્ણ વર્ગીકરણ દર્શાવે છે.

સંગઠન ધંધાના પ્રસ્તાવને વાસ્તવિકતામાં ફેરવે છે. તે જરૂરી સાધનો એકઠાં કરે છે . તેમને વ્યવસ્થિત રીતે કાર્યરત કરે છે જેથી નફો કમાવવાનો હેતુ સિદ્ધ થઈ શકે. ધંધાકીય સંગઠનનાં મૂળભૂત ચાર સ્વરૂપો છે : (1) વૈયક્તિક માલિકી. (2) ભાગીદારી (3) કંપની અને (4) સહકારી મંડળી.

આકૃતિ 1.4

માનવ-પ્રવૃત્તિઓનું વર્ગીકરણ




## 1.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**જાહેરાત** - પેદાશ અને તેના ગુણો અંગેની જાણકારી જાહેર જનતાને આપવાની પ્રવૃત્તિ જેથી માંગ ઉત્તેજિત થાય.

**વેપાર ને સહાયક સેવાઓ** - ઉત્પાદક તરફથી ગ્રાહકો તરફ વસ્તુ અને સેવાઓના સરળ અને સતત પ્રવાહની સવલત આપવાની પ્રવૃત્તિ.

**બૅંકિંગ :** જાહેર જનતા તરફથી નાણાકીય થાપણો એકત્રિત કરવાની અને જરૂરતમંદને લોન આપવાની પ્રવૃત્તિ.

**ધંધો :** નફો કમાવાના મૂળભૂત ઉદેશથી જરૂરિયાત સંતોષતી ચીજવસ્તુ અને સેવાઓના ઉત્પાદન અને/અથવા વિનિમયની પ્રવૃત્તિ.

**ધંધાકીય સંગઠન :** ધંધાનાં વિવિધ સાધનો જેવાં કે શ્રમશક્તિ, કાચો માલસામાન, યંત્રો, મૂડી. ચાલક બળ વગેરેને એકઠાં કરવાં, તેમને વ્યવસ્થિત રીતે કાર્યરત બનાવવા અને તેમનું સંકલન કરવું તેમ જ તેમની પ્રવૃત્તિઓ પર નિયંત્રણ રાખવું જેથી ધંધાના હેતુઓ સિદ્ધ કરી શકાય.

**વાણિજ્ય :** ચીજવસ્તુઓની ખરીદી અને વેચાણ તથા ખરીદનાર તથા વેચનાર વચ્ચે વસ્તુઓનો અને સેવાઓનો સરળ અને અવિરત પ્રવાહ સ્થાપવા માટે સંકળાયેલી પ્રવૃત્તિઓ.

**બાંધકામ ઉદ્યોગ :** મકાનો, પુલો, રસ્તાઓ, બંધો, નહેરો, રેલવે-લાઇનો વગેરેના બાંધકામમાં રોકાયેલ ઉદ્યોગો.

**આર્થિક પ્રવૃત્તિઓ :** નાણાં કમાવા કે આજીવિકા પ્રાપ્ત કરવા માણસો દ્વારા આચરવામાં આવતી પ્રવૃત્તિ.

**નોકરી :** નોકરીના નિયમો અથવા કરાર મુજબ માલિક સાથે કાર્ય કરવાની પ્રવૃત્તિ.

**ઉદ્યોગ સાહસિક :** એવી વ્યક્તિ કે જેને ધંધાના વિચાર આવે છે, સંગઠનને અસ્તિત્વમાં લાવે છે. ધંધાકીય પ્રવૃત્તિ ચલાવે છે અને જે નુકસાનનું જોખમ ઉઠાવવા તૈયાર છે.

**નિકાસ વેપાર :** બીજા દેશમાં માલનું વેચાણ કરવું.

**બાહ્ય વેપાર :** દેશની સરહદો બહાર વસ્તુઓ અને સેવાઓની ખરીદી અને વેચાણ.

**ઉત્પન્ન ઉદ્યોગ :** કુદરતી સાધનો જેવાં કે ખનીજો, પ્રાણીઓ, છોડ, વૃક્ષો વગેરેને પૃથ્વીની સપાટી પરથી કે સપાટી નીચેની અથવા હવા અથવા પાણીમાંથી શોધખોળ કરીને ખેંચી બહાર કાઢવાની પ્રવૃત્તિમાં રોકાયેલ ઉદ્યોગ.

**જૈવિક ઉદ્યોગ :** છોડવા અને પ્રાણીઓના વેચાણમાંથી નફો કમાવાના ઉદ્દેશથી તેમનું પુનઃઉત્પાદન અને વૃદ્ધિ સાથે સંકળાયેલા ઉદ્યોગને જૈવિક ઉદ્યોગ કહે છે.

**આયાત વેપાર :** બીજા દેશમાંથી માલની ખરીદી કરવી.

**ઉદ્યોગ :** ઉપલબ્ધ ભૌતિક સાધનોનો ઉપયોગ કરી વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન કાર્યમાં રોકાયેલી પ્રવૃત્તિઓ.

**વીમો :** આગ, અકસ્માત વગેરે બનાવોને કારણે ઉદ્‌ભવતાં જોખમો સામે વીમા કંપનીને નિશ્ચિત પ્રીમિયમ ભરીને રક્ષણ પ્રાપ્ત કરવું.

**આંતરિક વેપાર :** દેશની સરહદોની અંદર ચીજવસ્તુઓ અને સેવાઓની ખરીદી અને વેચાણ.

**ઉત્પાદન ઉદ્યોગ :** કાચો માલસામાન અને અર્ધ તૈયાર વસ્તુઓના તૈયાર પેદાશોમાં રૂપાંતર કે ફેરબદલી સાથે સંકળાયેલ ઉદ્યોગો.

**બિન-આર્થિક પ્રવૃત્તિ :** પ્રેમ અને લાગણી, સામાજિક બંધનો, ધાર્મિક બંધનો, દેશપ્રેમ, શારીરિક જરૂરિયાતો વગેરેને કારણે માણસો દ્વારા જે પ્રવૃત્તિઓ આચરવામાં આવે છે. આવી પ્રવૃત્તિઓ નાણાં કમાવા માટે હોતી નથી.

**વ્યવસાય :** વ્યાવસાયિક જ્ઞાન, શિક્ષણ અને તાલીમ પર આધારિત વિશિષ્ટ પ્રકારની વ્યક્તિગત સેવાઓ પૂરી પાડવાના કાર્ય સાથે સંકળાયેલ પ્રવૃત્તિ.

**પુનઃનિકાસ વેપાર :** એક દેશમાંથી માલની આયાત કરવી અને તે જ વસ્તુની બીજા દેશમાં નિકાસ કરવી જેને આયાતી માલની પુનઃનિકાસ પણ કહે છે.

**છૂટક વેપાર :** જથ્થાબંધ વેપારીઓ પાસેથી મોટા જથ્થામાં માલ ખરીદવો અને તેનું નાના જથ્થામાં ગ્રાહકોને વેચાણ કરવું.

**વેપાર :** વસ્તુ અને સેવાઓની ખરીદવેચાણ સાથે સંકળાયેલ પ્રવૃત્તિઓ.

**વાહન-વ્યવહાર :** એક સ્થળેથી બીજા સ્થળે માલસામાનની હેરફેર સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓ.

**માલસંગ્રહ :** ગ્રાહકો દ્વારા જ્યારે અને જ્યાં જરૂરી હોય ત્યાં ઉપલબ્ધ કરવા માટે વસ્તુઓની જાળવણીનાં કાર્યમાં રોકાયેલી પ્રવૃત્તિઓ.

**જથ્થાબંધ વેપાર :** ઉત્પાદકો પાસેથી મોટા જથ્થામાં માલની ખરીદી કરવી અને તેનું નાના જથ્થામાં છૂટક વેપારીઓને વેચાણ કરવું.

## 1.9 કેટલાંક ઉપયોગી પુસ્તકો

Bhushan, Y.K., 1987, *Fundamentals of Business Organisation and Management,* Sultan Cahnd: New Delhi (Part One, Chapter 1 & 2)

Ramesh M.S., 1985, *Principles and Practice of Modern Business Organisation, Administration & Management*, Kalyani Publishers: New Delhi. (Volume 1, Chapter 1, 2 & 3)

Singh, B.P., and T.N. Chhabra, 1988, *Business Organisation and Management*, Kitab Mahal: Allahabad. (Part One, Chapter 1,2 & 3).

## 1.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

ક 5 (i) ધંધો (ii) નોકરી(iii) નોકરી (iv) વ્યવસાય (v) ધંધો (vi) વ્યવસાય (vii) ધંધો

6 (i) ખોટું (ii) ખોટું (iii) ખરું (iv) ખોટું (v) ખોટું (vi) ખરું (vii) ખરું (viii) ખરું (ix) ખોટું (x) ખરું (xi) ખોટું

ખ 2 (1) આર્થિક પ્રવૃત્તિ (2) નોકરી (3) ધંધો (4) ઉદ્યોગ (5) જૈવિક (6) ઉત્પાદન

3 (i) ઉત્ખનન (ii) ઉત્ખનન (iii) ઉત્પાદન (iv) બાંધકામ (v) ઉત્પાદન (vi) જૈવિક (vii) બાંધકામ (viii) ઉત્પાદન

ગ 4 (i) વાહન-વ્યવહાર (ii) સંગ્રહ (iii) વીમો (iv) બેંકિંગ (v) જાહેરાત (vii) વેપાર.

5 (i) ખરું (ii) ખોટું (iii) ખરું (iv) ખરું (v) ખોટું (vi) ખરું (vii) ખરું (viii) ખોટું

## 1.11 સત્રાંત પ્રશ્નો/સ્વાધ્યાય

1. ધંધો એટલે શું ? તેનાં લક્ષણ અને ઉદેશો સમજાવો.
2. શું ધંધો વ્યવસાય અને નોકરી કરતાં અલગ છે ? ચર્ચો.
3. ઉદ્યોગ એટલે શું ? તેનું વર્ગીકરણ ઉદાહરણ સહિત સમજાવો.
4. વાણિજ્ય દ્વારા તમે શું સમજો છો ? વાણિજ્યનું વર્ગીકરણ યોગ્ય ઉદારહણ સહિત ટૂંકમાં સમજાવો.
5. સંગઠન દ્વારા તમે શું સમજો છો ? ધંધાકીય સંગઠનનાં મૂળભૂત સ્વરૂપો કયાં છે ?

નોધ : આ એકમને સારી રીતે સમજવામાં આ પ્રશ્નો તમને મદદરૂપ નીવડશે. તેના જવાબો લખવા માટે પ્રયત્ન કરો. પરંતુ યુનિવર્સિટીને તમારા જવાબો મોકલશો નહીં. આ માત્ર તમારા અભ્યાસ માટે જ છે.

# એકમ 2 ધંધાકીય સંગઠનનાં સ્વરૂપો 1

## (Forms of business organisation)

રૂપરેખા


2.0 ઉદ્દેશો
2.1 પ્રસ્તાવના
2.2 એકાકી વેપારનું સંગઠન
  2.2.1 મુખ્ય લક્ષણો
  2.2.2 ફાયદા અને મર્યાદાઓ
2.3 સંગઠનનું ભાગીદારી સ્વરૂપ
  2.3.1 મુખ્ય લક્ષણો
  2.3.2 ભાગીદારોનું વર્ગીકરણ
  2.3.3 ભાગીદારી કરારનામું (ખતપત્ર)
  2.3.4 ફાયદા અને મર્યાદાઓ
  2.3.5 સંયુક્ત હિંદુ કુટુંબ પેઢી
2.4 સંગઠનનું કંપની સ્વરૂપ
  2.4.1 મુખ્ય લક્ષણો
  2.4.2 કંપનીઓનું વર્ગીકરણ
  2.4.3 ફાયદા અને મર્યાદાઓ
2.5 સંગઠનનું સહકારી સ્વરૂપ
  2.5.1 મુખ્ય લક્ષણો
  2.5.2 સહકારી મંડળીઓનું વર્ગીકરણ
  2.5.3 ફાયદા અને મર્યાદાઓ
2.6 સારાંશ
2.7 ચાવીરૂપ શબ્દો
2.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો
2.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
2.10 સત્રાંત પ્રશ્નો/સ્વાધ્યાય


## 2.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે -

* ધંધાકીય સંગઠનનાં વિવિધ સ્વરૂપોનું વર્ણન કરી શકશો.
* ધંધાકીય સંગઠનનાં દરેક સ્વરૂપનાં લક્ષણો વર્ણવી શકશો.
* ધંધાકીય સંગઠનનાં દરેક સ્વરૂપના ફાયદા અને મર્યાદાઓ સમજાવી શકશો.

## 2.1 પ્રસ્તાવના


અગાઉના એકમમાં તમે શીખ્યા કે નફાના હેતુથી કરવામાં આવતી કોઈ પણ પ્રવૃત્તિને ધંધો કહે છે અને આવી પ્રવૃત્તિ ઔદ્યોગિક પ્રવૃત્તિ, વેપારી પ્રવૃત્તિ અથવા બૅંકિંગ, વીમો, વાહન-વ્યવહાર વગેરે જેવી સેવા-પ્રવૃત્તિ હોઈ શકે છે. તમે એ પણ શીખી ગયા કે ધંધાની સ્થાપના માટે વિવિધ સાધનોને એકત્રિત કરવા અને તેમને વ્યવસ્થિત રીતે કાર્યરત્ બનાવવાને ધંધાકીય સંગઠન કહેવામાં આવે છે. જે વ્યક્તિ ધંધાની પ્રથમ સ્થાપના કરે છે, જરૂરી ભંડોળ પૂરું પાડે છે. અને તેમાં સંકળાયેલ જોખમ ઉઠાવે છે, તેને ધંધાનો માલિક કહે છે. જ્યારે ધંધાનું નાના પાયા પર સંયોજન કરવાનું હોય ત્યારે એક વ્યક્તિ ભંડોળ પૂરું પાડે અને જોખમ ઉઠાવે તે બાબત શક્ય છે. પરંતુ જ્યારે તે મોટા પાયે હોય ત્યારે તેને અન્ય વ્યક્તિના સહકારની જરૂર પડે છે. આમ, ધંધાની માલિકી એક વ્યક્તિની કે વ્યક્તિઓનાં જૂથની હોઈ શકે છે. જ્યારે ધંધાની માલિકી એક વ્યક્તિની હોય અને તેના દ્વારા ચલાવામાં આવતો હોય તેને ''એકાકી વેપાર સંગઠન '' કહે છે. પરંતુ જ્યારે તેની માલિકી વ્યક્તિઓના જૂથની હોય ત્યારે તે ભાગીદારી પેઢી, કંપની અથવા સહકારી મંડળી સ્વરૂપ હોઈ શકે છે. આ એકમમાં ધંધાકીય

સંગઠનનાં આ બધાં જુદાં-જુદાં સ્વરૂપોનાં લક્ષણો, વર્ગીકરણ, ફાયદા અને મર્યાદાઓ અંગે વિગતવાર અભ્યાસ કરવામાં આવશે.

આકૃતિ 2.1 જુઓ. તે ધંધાદારી સંગઠનના વિવિધ સ્વરૂપો દર્શાવે છે.

**આકૃતિ 2.1**

**ધંધાકીય સંગઠનનાં વિવિધ સ્વરૂપો**




## 2.2 એકાકી વેપારનું સંગઠન (Sole Trader Organisation)

એકાકી વેપાર સંગઠન( જેને વૈયક્તિક માલિકી પણ કહે છે) એ સંગઠનનું જૂનામાં જૂનું સ્વરૂપ છે. અને નાનાં ધંધાકીય એકમો માટે આજે પણ સૌથી પ્રચલિત સંગઠનનું સ્વરૂપ છે. તે સાદામાં સાદું સ્વરૂપ છે.અને સ્થાપનામાં સૌથી સરળ છે. એમાં એક વ્યક્તિ ધંધા શરૂ કરવાના પ્રકાર વિશે નિર્ણય લે અને જરૂરી મૂડીની વ્યવસ્થા કરે એટલું જ જરૂરી છે. જરૂરી મૂડી તેની પોતાની બચતમાંથી લીધેલી અથવા તેનાં મિત્રો અને સગાંવહાલાં પાસેથી ઉછીની લીધેલી હોઈ શકે છે. ધંધો કાં તો એના પોતાના રહેઠાણના એક ભાગમાં અથવા ભાડાના મકાનમાં શરૂ કરી શકે છે .સામાન્ય રીતે વ્યક્તિ પોતાના ધંધાનું જાતે જ સંચાલન કરે છે. જોકે જરૂર પડતાં, તે પોતાના કુટુંબના સભ્યોની મદદ લઈ શકે છે અથવા કેટલીક વ્યક્તિઓને નોકરીએ રાખી શકે છે. ધંધો ચલાવવા માટે તે અન્ય વ્યક્તિઓની સલાહ લઈ શકે છે પરંતુ તેનો પોતાનો નિર્ણય એ આખરી ગણાય છે. આમ એકાકી વેપાર પેઢીના કામકાજ પર સંપૂર્ણ નિયંત્રણ(અંકુશ) ધરાવે છે. ધંધા દ્વારા કમાયેલો બધો નફો તે મેળવે છે. તે જ રીતે નુકસાનની બાબતમાં, સ્વાભાવિક છે કે તેણે સંપૂર્ણ ભાર સહન કરવો પડે છે.

આમ, હવે એકાકી વેપારી સંગઠનની વ્યાખ્યા આપણે નીચે મુજબ આપી શકીએ, '' એક વ્યક્તિનો ધંધો કે જેમાં એક વ્યક્તિ પોતાની મૂડી, કૌશલ્ય અને બુદ્ધિશક્તિ વડે સ્વતંત્ર રીતે ઉત્પાદન કરે છે અને તે બધો નફો મેળવવાનો હકદાર છે અને માલિકીનાં બધાં જ જોખમો સહન કરે છે.'' ધંધાનું આ એવા પ્રકારનું એકમ છે જેમાં એક વ્યક્તિ મૂડી પૂરી પાડવા માટે, એકમનાં જોખમો સહન કરવા માટે અને ધંધાના સંચાલન માટે સંપૂર્ણપણે જવાબદાર હોય છે.'' આ સંગઠનના સ્વરૂપ હેઠળ, ધંધાકીય એકમ અને માલિક વચ્ચે કોઈ તફાવત રાખવામાં આવતો નથી. તે જ પ્રમાણે, સંચાલન પણ તે જ વ્યક્તિ પાસે હોય છે.

### 2.2.1 મુખ્ય લક્ષણો (Main Features)

ઉપર દર્શાવેલ ચર્ચાને આધારે આપણે એકાકી વેપારી સંગઠનનાં મુખ્ય લક્ષણો નીચે મુજબ દર્શાવી શકીએ :

1. **વ્યક્તિની માલિકી :** માલિકી એક જ વ્યક્તિને હસ્તક હોય છે. ભાગીદારો કે સહકાર્યકરો હોતા નથી. તે પોતાનાં નાણાં રોકે છે અથવા મિત્રો કે સગાંસંબંધીઓ પાસેથી ઉછીનાં લે છે.

2. **માલિકી અને સંચાલનમાં તફાવત નહીં :** ધંધાનું સંચાલન માલિક જાતે જ કરે છે. આથી મોટા ધંધાકીય એકમોમાં બહુ જ સામાન્ય એવો માલિકી અને સંચાલન વચ્ચેનો તફાવત જોવા મળતો નથી. જો કે માલિક પોતે જ ધંધાનું સંચાલન કરે છે, તેથી તે ધંધાની કામગીરીમાં ઉચ્ચ કક્ષાનું નિરીક્ષણ અને અંકુશ રાખે છે.

3. **અલગ અસ્તિત્વ નહીં :** ધંધાનું તેના માલિકો કરતાં અલગ અસ્તિત્વ નથી. માલિક અને ધંધાકીય એકમ બંને એક છે.

4. **બધો નફો માલિકનો :** અન્ય ભાગીદારો હોતા નથી તેથી બધો જ નફો વૈયક્તિક માલિક ભોગવે છે.

5. **વ્યક્તિગત જોખમ :** ધંધાનાં બધાં જ નુકસાન માલિકે જાતે જ સહન કરવાં પડે છે.

6. **અમર્યાદિત જવાબદારી :** માલિકની જવાબદારી અમર્યાદિત હોય છે. આનો અર્થ એમ છે કે નુકસાનના સંજોગોમાં ધંધાની જવાબદારીઓ અને દેવાંની ચુકવણી માટે માલિકની વ્યક્તિગત મિલકતોને પણ ઉપયોગમાં લઈ શકાય છે.

7. **ઓછી કાયદાકીય વિધિ :** વૈયક્તિક માલિકીની સ્થાપના માટે કોઈ કાયદાની વિધિ જરૂરી નથી. જોકે અમુક પ્રકારના ધંધાની સ્થાપના માટે કેટલાક કાયદાનાં નિયંત્રણો હોય છે. ઉદાહરણ તરીકે કોઈ વ્યક્તિ બેંક અથવા વીમા કંપની શરૂ કરી શકતી નથી. પરંતુ કોઈ પણ વ્યક્તિ ખાસ કાયદાની વિધિ અનુસર્યા વગર ફળની દુકાન અથવા સાઇકલની દુકાન શરૂ કરી શકે છે. જોકે, કેટલાક સંજોગોમાં લાઈસન્સ જરૂરી બને છે. ઉદાહરણ તરીકે, રેસ્ટોરન્ટ શરૂ કરવા માટે તમારે મ્યુનિસિપલ કૉર્પોરેશનનું લાઈસન્સ લેવું જરૂરી છે.

## 2.2.2 ફાયદા અને મર્યાદાઓ (Merits and Limitations)

એકાકી વેપાર ધંધાનાં મુખ્ય લક્ષણો અંગે તમે અભ્યાસ કર્યો. આ લક્ષણોને ધ્યાનમાં લેતાં સંગઠનના આ સ્વરૂપનાં ફાયદા અને મર્યાદાઓ નીચે મુજબ છે :

ફાયદા :-

1. **સરળ સ્થાપના :** સંગઠનનું આ સ્વરૂપ શરૂ કરતી વખતે કાયદાની કોઈ જોગવાઈઓનું પાલન કરવું પડતું નથી. તેથી તેની સ્થાપના ખૂબ જ સરળ અને સાદી છે. સ્થાપનાની પ્રક્રિયામાં સંકળાયેલ ખર્ચનું પ્રમાણ પણ ખૂબ જ ઓછું છે.

2. **પ્રત્યક્ષ પ્રેરણા :** તમે જાણો છો કે ધંધાનો બધો જ નફો અને ફાયદા સંપૂર્ણપણે વૈયક્તિક માલિકના ખિસ્સામાં જાય છે. આ બાબત માલિકને સખત મહેનત કરવા અને વધુને વધુ નફો મેળવવા ધંધાનો વિકાસ કરવા પ્રેરે છે. ધંધામાં તેની સંડોવણી આથી સંપૂર્ણ અને મુક્તહોય છે.

3. **સંપુર્ણ અંકુશ :** માલિક જે ધંધાની માલિકી ધરાવે છે તેનો સર્વેસર્વા હોય છે. તે ધંધાનું સંપૂર્ણ સંચાલન કરે છે અને જાતે જ બધા નિર્ણયો લે છે. બીજા શબ્દોમાં કહીએ તો, માલિક ધંધાની કામગીરી પર સંપૂર્ણ અંકુશ ધરાવે છે.

4. **ઝડપી નિર્ણય :** નિર્ણય લેવા માટે માલિકે બીજી વ્યક્તિઓ પર આધાર આધાર રાખવો પડતો નથી. કોઈ ભાગીદારો હોતા નથી. તેથી તેણે બીજી વ્યક્તિઓની સલાહ લેવાની જરૂર પડતી નથી. આને કારણે માલિક તેના ધંધાને લગતી વિવિધ બાબતોમાં ઝડપી નિર્ણયો લઈ શકે છે.

5. **કામકાજમાં પરિવર્તનશીલતા :** નાનું સંગઠન હોવાને કારણે પરિસ્થિતિની જરૂરિયાત મુજબ સરળતાથી ફેરફારો કરી શકાય છે. મોટા કદનાં સંગઠનોમાં ફેરફારો કરવાનું કાર્ય મુશ્કેલ છે.

6. **ગુપ્તતા :** માલિક દ્વારા સમગ્ર ધંધાનું સંચાલન થાય છે તેથી ધંધાનાં રહસ્યોની જાણકારી તેને જ હોય છે. તેના હિસાબો તેણે જાહેર કરવા પડતા નથી. તેથી, સંગઠનના આ સ્વરૂપમાં ગુપ્તતાનું પ્રમાણ સૌથી વધુ છે.

7. **વ્યક્તિગત સંપર્ક :** ધંધાની બધી જ બાબતો માલિક દ્વારા જાતે જ સંભાળવામાં આવે છે. તેથી ગ્રાહકો સાથે વ્યક્તિગત સંબંધ સાધવાનું સરળ છે. તેમની અભિરૂચિ, પસંદગી અને નાપસંદગી તે સરળતાથી જાણી શકે છે. અને તે મુજબ તે કામગીરીમાં જરૂરી ફેરફારો કરે છે. તે જ રીતે, સંગઠનના આ સ્વરૂપમાં જો કર્મચારીઓ હોય તો સીધા જ માલિકના હાથ નીચે કાર્ય કરે છે. તેથી માલિકને કર્મચારીઓ સાથે સુમેળ-ભર્યા સંબંધો સ્થાપવાની તક પૂરી પાડે છે.

8. **સરળ વિસર્જન :** કોઈ સહમાલિકો કે ભાગીદારો હોતા નથી. તેથી ધંધાના વિસર્જનની બાબતમાં મતભેદની કોઈ શક્યતા નથી. માલિક પોતાની ઇચ્છામુજબ ગમે તે સમયે ધંધામાંથી છૂટો થઈ શકે છે અથવા ગમે તેને વેચી શકે છે. સ્થાપના અને વિસર્જકોની સરળતાને કારણે વૈયક્તિક માલિકીના સ્વરૂપનો ઉપયોગ ઘણી વાર ધંધાકીય વિચારોની ચકાસણી માટે કરવામાં આવે છે.

મર્યાદાઓ :

1. **મર્યાદિત સાધનો :** એક વ્યક્તિની મૂડી અને અન્ય સાધનો હંમેશાં મર્યાદિત હોય છે. એકાકી વેપારીએ મુખ્યત્વે પોતાનાં નાણાં અને કમાણી પર આધાર રાખવો પડે છે. અથવા જો જરૂર પડે તો તે સગાંસંબંધી અને મિત્રો પાસેથી નાણાં ઉછીનાં લઈ શકે છે. આમ, ભંડોળ ઊભા કરવાની માલિકની શક્તિ મર્યાદિત હોય છે. આ બાબત મોટા પાયા પર વિસ્તરણની યોજનાને મુશ્કેલ બનાવે છે.

2. **મર્યાદિત સંચાલકીય શક્તિ :** આધુનિક ધંધામાં ઉત્પાદન, નાણાકીય, માર્કેટિંગ વગેરે વિવિધ ક્ષેત્રોનું જ્ઞાન અને આવડત જરૂરી છે. કોઈ એક વ્યક્તિમાં આ બધાં જ ક્ષેત્રોની નિપુણતા હોવી શક્ય નથી. આથી તેના નિર્ણયો સમતોલ હોવાની શક્યતા નથી.

3. **મોટા પાયા પરની કામગીરી માટે યોગ્ય નથી :** એકાકી વેપારીનાં સાધનો મર્યાદિત હોવાને કારણે તે નાના ધંધા માટે વધુ યોગ્ય છે. પરંતુ મોટા પાયા પરની કામગીરી માટે યોગ્ય નથી.

4. **અમર્યાદિત જવાબદારી :** તમે જાણો છો કે માલિકની જવાબદારી અમર્યાદિત હોય છે. નુકસાનના સંજોગોમાં ધંધાની જવાબદારીઓ પૂર્ણ કરવા માટે તેની વ્યક્તિગત સંપત્તિ અને માલ-મિલકત પણ ઉપયોગમાં લઈ શકાય છે. આથી તે વધુ જોખમ ઉઠાવતો નથી અને તેના ધંધાના વિસ્તૃતીકરણ માટે નિરુત્સાહી બને છે.

5. **ઓછી સ્થિરતા :** ધંધાના સાતત્ય અને સ્થિરતાનો આધાર સંપૂર્ણ પણે એક જ વ્યક્તિ પર હોય છે. જ્યારે એ માણસ મૃત્યુ પામે છે ત્યારે ધંધો બંધ થવાની શક્યતા રહે છે.

6. **નિયંત્રણ અને અંકુશ નહીં :** એકાકી વેપારી ધંધાનો સર્વસત્તાધીશ હોવાથી કોઈ બહારની વ્યક્તિ તેનાં કાર્યો અને વ્યવહારો બાબતમાં પૂછી શકતી નથી. એકાકી વેપારી પર કોઈ જાતનું નિયંત્રણ અને અંકુશ તેના પર નથી.

7. **મોટા પાયા પરની કરકસરની ઓછી શક્યતા :** મોટે ભાગે એકાકી વેપારી ફક્ત નાના પાયા પર ધંધો ચલાવે છે. તેથી તેને મોટા પાયા પરના ઉત્પાદન અથવા વેચાણના લાભો મળી શક્તા નથી. આ બાબત ધંધાની કામગીરીનો ખર્ચ વધારે એવી શક્યતા છે.

**તમારી પ્રગતિ ચકાસો - ક**

(1) ખાલી જગ્યા પૂરો :

1. એકાકી વેપારીની જવાબદારી__________ છે.
2. એકાકી વેપારી સંગઠનનો સંપૂર્ણ નફો__________ ના ખિસ્સામાં જાય છે.
3. ધંધાનું કદ__________ હોય ત્યારે એકાકી વેપારી સંગઠન યોગ્ય છે.
4. એકાકી વેપારી સંગઠનમાં માલિકોની સંખ્યા__________ હોય છે.
5. એકાકી વેપારી ધંધામાં નિર્ણય ઘડતર સંપૂર્ણપણે__________ ના હાથમાં હોય છે.

(2) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં દર્શાવો :

1. વૈયક્તિક માલિકી મોટા પાયા પરના ધંધા માટે ખૂબ જ યોગ્ય છે. ☐ ખરું ☐ ખોટું
2. એકાકી વેપારી સંગઠનના માલિક ધંધાકીય એકમ કરતાં અલગ નથી. ☐ ખરું ☐ ખોટું
3. વૈયક્તિક માલિકીની મૂડી એકઠી કરવાની શક્તિ અમર્યાદિત છે. ☐ ખરું ☐ ખોટું
4. નુકસાનના સંજોગોમાં એકાકી વેપારીએ પોતાની વ્યક્તિગત મિલકતમાંથી ધંધાકીય જવાબદારીઓ પૂર્ણ કરવી પડે છે. ☐ ખરું ☐ ખોટું
5. વૈયક્તિક માલિકી પર ઘણી વ્યક્તિઓની માલિકી હોય છે. પરંતુ તેનું સંચાલન માત્ર એક જ વ્યક્તિ દ્વારા થાય છે. ☐ ખરું ☐ ખોટું

## 2.3 સંગઠનનું ભાગીદારી સ્વરૂપ
## (Partnership Form of Organisation)

તમે શીખી ગયાં છો કે એકાકી વેપારી સંગઠનોમાં મર્યાદિત નાણાકીય સાધનો, મર્યાદિત સંચાલકીય શક્તિ અને કુશળતા તેમ જ અમર્યાદિત જવાબદારી હોય છે. વિકાસના સંજોગોમાં વધુ મૂડી અને વધુ સંચાલકીય કુશળતા જરૂરી બને છે. તે જ રીતે સાથે-સાથે જોખમ પણ વધે છે. વૈયક્તિક માલિક આ જરૂરિયાતો પૂરી પાડવા સમર્થ ન પણ નીવડે. કોઈ વ્યક્તિ પાસે સંચાલકીય કુશળતા નથી પરંતુ મૂડી છે. બીજી વ્યક્તિ સારો સંચાલક છે. પરંતુ તેની પાસે પૂરતી મૂડી નથી. આવા સંજોગોમાં જરૂરી બને છે કે બે કે તેથી વધારે વ્યક્તિ ભેગી થાય, તેમની મૂડી અને કુશળતા ભેગી કરીને ધંધાની વ્યવસ્થા કરે છે. આ પ્રકારનું ધંધાકીય સંગઠન ભાગીદારી

સંગઠન કહેવાય છે. વૈયક્તિક માલિકીની મર્યાદાઓ અને નિષ્ફળતાઓને કારણે તેનો વિકાસ જરૂરી બન્યો છે.

જે.એલ.હેન્સને આપેલી વ્યાખ્યા મુજબ ''ભાગીદારી એ ધંધાકીય સંગઠનનું સ્વરૂપ એવું સ્વરૂપ છે જેમાં બે કે વધારે વ્યક્તિઓ વધુમાં વધુ વીસની મર્યાદામાં રહીને, કોઈ ધંધાકીય પ્રવૃત્તિ શરૂ કરવા જોડાય છે.''

1932 ના ભારતીય ભાગીદારી કાયદાએ ભાગીદારીની વ્યાખ્યા નીચે મુજબ આપેલ છે. ''ભાગીદારી સંગઠન એ વ્યક્તિઓ વચ્ચેનો સંબંધ છે જેમાં બધા દ્વારા અથવા બધા વતી કોઈ એક દ્વારા ચલાવાતા ધંધાનો નફો વહેંચી લેવા બધા સંમત થતા હોય છે.''

યુ. એસ. એ. નો યુનિફોર્મ પાર્ટનરશીપ કાયદો ભાગીદારીની વ્યાખ્યા આપે છે કે '' નફા માટે સહમાલિકીના ધોરણે ધંધો ચલાવવા બે કે વધુ વ્યક્તિઓનું સંગઠન '' .

ઉપર દર્શાવેલ વ્યાખ્યાઓને આધારે આપણે દર્શાવી શકીએ કે ભાગીદારી એ બે કે વધુ વ્યક્તિઓનું સંગઠન છે તેઓ બધા અથવા બધા દ્વારા કોઈ એક વ્યક્તિ ધંધો ચલાવે છે. અને નફો વહેંચવા એકઠાં થયા હોય છે.

ભાગીદારી ધંધાની માલિકી ધરાવનાર વ્યક્તિઓ વ્યક્તિગત રીતે ''ભાગીદારો'' કહેવાય છે અને સંયુક્ત રીતે ''પેઢી'' અથવા ''ભાગીદારી પેઢી'' તરીકે ઓળખાય છે. કરાર અનુસાર ભાગીદારો મૂડીમાં ફાળો આપે છે અને ધંધો ચલાવવાની જવાબદારી વહેંચી લે છે. જોકે કેટલાક સંજોગમાં એક ભાગીદાર બધી જ મૂડી અથવા મોટા ભાગનો હિસ્સો પૂરો પાડે છે અને બાકીના કેટલીક મૂડી સાથે અથવા મૂડી વગર ટેક્નિકલ અને સંચાલકીય કુશળતા પૂરી પાડે છે. ભાગીદારીની આવી બધી શરતો સામાન્ય રીતે ભાગીદારી કરારમાં દર્શાવવામાં આવે છે.

## 2.3.1 મુખ્ય લક્ષણો (Main Features)

ઉપરની ચર્ચા પરથી આપણે સંગઠનના ભાગીદારી સ્વરૂપની મુજબ લાક્ષણિકતાઓ નીચે મુજબ દર્શાવી શકીએ :

(1) **એક કરતાં વધુ વ્યક્તિઓ :** ભાગીદારી પેઢીની સ્થાપના માટે ઓછામાં ઓછી બે વ્યક્તિઓ હોવી જોઈએ. મહત્તમ મર્યાદા બૅંકિંગના ધંધા માટે દશ અને અન્ય પ્રકારના ધંધા માટે વીસ વ્યક્તિઓની છે.

(2) **કરારી સંબંધ :** ભાગીદારીની સ્થાપના ભાગીદાર તરીકે ઓળખાતી વ્યક્તિઓ વચ્ચેના કરાર દ્વારા થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો કોઈ પણ વ્યક્તિ માત્ર કરારને આધારે ભાગીદાર બની શકે છે. આ કરાર મૌખિક, લેખિત અથવા સૂચિત હોઈ શકે છે.

(3) **નફાની વહેંચણી :** ભાગીદારી પેઢીના ધંધાના નફા અને નુકસાનની વહેંચણી અંગે ભાગીદારો વચ્ચે કરાર થવો જોઈએ. ભાગીદારોનું મૂળભૂત તત્ત્વોમાંનું આ એક તત્ત્વ છે. જો બે કે વધુ વ્યક્તિઓ સંયુક્ત રીતે કોઈ મિલકતની માલિકી ધરાવતા હોય અને તેની આવક વહેંચી લેતા હોય તો તેને ભાગીદાર તરીકે ગણી શકાય નહીં.

(4) **ધંધાનું અસ્તિત્વ :** ભાગીદારો વચ્ચેના કરારનો હેતુ કોઈ કાયદેસરનો ધંધો કરી નફો વહેંચી લેવાનો છે. જો ધંધાનો અન્ય હેતુ હોય તો, તેને ભાગીદારી તરીકે ઓળખાવી શકાય નહીં. ઉદાહરણ તરીકે, કોઈ ધર્માદા કાર્ય કરવાનો હેતુ હોય તો તેને ભાગીદારી તરીકે ગણી શકાય નહીં.

(5) **માલિક પ્રતિનિધિ સંબંધો :** પેઢીનો ધંધો બધા દ્વારા અથવા બધા ભાગીદારો વતી કોઈ એક કે વધુ ભાગીદારો દ્વારા ચલાવી શકાય છે. પેઢીની કામગીરીમાં ભાગ લેવાનો દરેક ભાગીદારને અધિકાર છે. પેઢીના ધંધાની બાબતોમાં અન્ય પક્ષકારો સાથેના વ્યવહારોમાં દરેક ભાગીદારને પેઢી અને ભાગીદારોનું પ્રતિનિધિત્વ રજૂ કરવાનો અધિકાર છે. પેઢીના નામે અને ધંધાની સામાન્ય કામગીરીમાં તેનાં કાર્યો દરેક ભાગીદારોને બંધનકર્તા છે. આ અર્થમાં દરેક ભાગીદાર પેઢીનો અને અન્ય ભાગીદારોનો પ્રતિનિધિ છે.

(6) **અમર્યાદિત જવાબદારી :** ધંધાનાં દેવાં બાબતમાં દરેક ભાગીદારની અમર્યાદિત જવાબદારી હોય છે. એટલે કે જો પેઢીની જવાબદારીઓ પૂર્ણ કરવા, પેઢીની મિલકતો પૂરતી ન હોય તો,ભાગીદારોએ પોતાની ખાનગી મિલકતોમાંથી ચુકવણી કરવી પડે છે. ભાગીદારો પૈકી કોઈ એક પાસેથી લેણદારો તેમની બધી જ લેણી રકમ વસૂલ કરી શકે છે. આમ ધંધાના, બધાં દેવાં અને જવાબદારીઓ માટે બધાં ભાગીદારો સંયુક્ત અને વ્યક્તિગત રીતે જવાબદાર છે.

(7) **વિશ્વાસ અને પ્રમાણિકતા :** ભાગીદારી કરારનો પાયો ભાગીદારો વચ્ચેના વિશ્વાસ પર છે. ભાગીદારોએ એક બીજા સાથે પ્રામાણિક રહેવું જોઈએ ને પરસ્પર વિશ્વાસ રાખવો જોઈએ. તેમણે ધંધાને લગતી દરેક માહિતી આપવી જોઈએ અને એકબીજાને સાચા હિસાબો આપવા જોઈએ.

(૪) **હિસાબની ફેરબદલી પર નિયંત્રણ :** બાકીના બધા ભાગીદારોની સંમતિ વગર કોઈ પણ ભાગીદાર પોતાના હિસ્સાની ફેરબદલી કરી શક્તો નથી.

## 2.3.2 ભાગીદારોનું વર્ગીકરણ (Classification of Partners)


તમે શીખી ગયા કે પેઢીની કામગીરીમાં વિવિધ ભાગીદારો વિવિધ પ્રકારની ભૂમિકા ભજવે છે.કોઈ એક ભાગીદાર વધુ મૂડીનો હિસ્સો આપી શકે છે. જ્યારે અન્ય ભાગીદાર તેના સંચાલન માટે વધુ સમય ફાળવી શકે છે. ભજવેલ ભૂમિકાને આધારે આપણે ભાગીદારોને વિવિધ વિભાગમાં વહેંચી શકીએ. ભાગીદારોના વર્ગીકરણ માટે આકૃતિ 2.2. જુઓ.

**ભાગ લેવાના પ્રમાણને આધારે :-**ધંધાની કામગીરીમાં ભાગ લેવાના પ્રમાણને આધારે આપણે ભાગીદારોને નીચે મુજબ વહેંચી શકીએ : (1) સક્રિય ભાગીદારો અને (2) નિષ્ક્રિય ભાગીદારો.

(અ)**સક્રિય ભાગીદાર (Active Partner) :** જો ભાગીદાર ધંધાના સંચાલનમાં સક્રિય ભાગ લેતો હોય તેને આપણે સક્રિય ભાગીદાર કહી શકીએ. તે કાર્યરત્ ભાગીદાર તરીકે પણ ઓળખાય છે.

આકૃતિ 2.2

ભાગીદારોનું વર્ગીકરણ




(બ) **નિષ્ક્રિય ભાગીદાર (Sleeping Partner) :** જો ભાગીદાર ભાગીદાર પેઢીની કામગીરીમાં સક્રિય રીતે જોડાયેલો ન હોય તો આપણે તેને નિષ્ક્રિય ભાગીદાર કહી શકીએ. નિષ્ક્રિય ભાગીદાર માત્ર તેની મૂડીનું રોકાણ કરે છે. તે પેઢીની કામગીરીમાં ભાગ લેતો નથી. આવા ભાગીદારને સુષુપ્ત (Dormat) ભાગીદાર તરીકે પણ ઓળખવામાં આવે છે.

**નફાના વહેંચણીના આધારે :** નફાની વહેંચણીને આધારે ભાગીદારોને નીચે મુજબ વહેંચી શકાય : (અ) નામનો ભાગીદાર અને (બ) નફાનો ભાગીદાર.

(અ)**નામનો ભાગીદાર (Nominal Partner) :** જે ભાગીદાર ભાગીદારી પેઢીને પોતાના નામનો ઉપયોગ કરવા દે છે તેને નામના ભાગીદાર તરીકે ઓળખવામાં આવે છે. તે પેઢીમાં પોતાની મૂડી રોકતો નથી કે પેઢીની રોજબરોજની કામગીરી અને સંચાલનમાં ભાગ લેતો નથી. આવા ભાગીદારો નફામાંથી હિસ્સો મેળવવા હકદાર હોતા નથી, પરંતુ તેઓ ત્રાહિત પક્ષને પેઢીનાં બધાં જ કાર્યો માટે જવાબદાર ગણાય છે.

(બ) **નફામાં ભાગીદાર (Partner in Profits) :** જે ભાગીદાર પેઢીના ધંધાનું નુકસાનમાં કોઈ જાતની જવાબદારી વગર નફામાંથી ભાગ મેળવે છે તેને નફાનો ભાગીદાર કહે છે. કાયદેસર રીતે ધંધાના સંચાલનમાં કોઈ જાતનો ભાગ લેતો નથી. આ બાબત સગીરને લાગુ પડે છે, જેને પેઢીના લાભો માટે દાખલ કરવામાં આવે છે.

**વર્તણૂકના સ્વરૂપને આધારે :** દર્શાવેલ વર્તણૂક અને આચરણને આધારે, ભાગીદારોને નીચે મુજબ વહેંચી શકાય : (અ) માની લેવાયેલ (વિબંધક) ભાગીદાર અને (બ) પ્રતીતિજન્ય (પ્રતિભાસક) ભાગીદાર.

(અ) **માની લેવાયેલ ભાગીદાર (Partner by Estoppel) :** કોઈ વ્યક્તિ કે જે લોકોમાં એવી રીતે વર્તે છે કે જેથી એવી છાપ પડે કે તે ભાગીદારી પેઢીના ભાગીદારો પૈકી એક ભાગીદાર છે તેને માની લેવાયેલ ભાગીદાર કહેવામાં આવે છે. આવા ભાગીદારો નફાને માટે હક્કદાર નથી પરંતુ તેઓ પેઢીની જવાબદારીઓ બાબતમાં સંપૂર્ણપણે જવાબદાર છે.

(બ) **પ્રતીતિજન્ય ભાગીદાર (Partners by Holding Out):** પેઢીનો કોઈ એક ભાગીદાર રજૂઆત કરે કે

અન્ય વ્યક્તિ પણ પેઢીનો ભાગીદાર છે અને જો તે વ્યક્તિ આ બાબત જાણવા છતાં ભાગીદારી સંબંધોનો વિરોધ ન કરે તેવી વ્યક્તિને પ્રતીતિજન્ય ભાગીદાર કહે છે. આવા ભાગીદારો નફામાં ભાગ લેવા માટે હકદાર નથી પરંતુ તેઓ પેઢીની જવાબદારી માટે જવાબદાર ગણાય છે.

આ બે પ્રકારો વચ્ચેનો તફાવત સ્પષ્ટપણે તમારા ધ્યાનમાં જોઈએ. માની લેવાયેલ ભાગીદારના કિસ્સામાં વ્યક્તિની પોતાની વર્તણૂકે અને આચરણે ત્રીજી વ્યક્તિના મગજમાં એવી ખોટી છાપ પેદા કરી શકે છે કે પોતે પેઢીનો ભાગીદાર છે. જ્યારે પ્રતીતિજન્ય ભાગીદારના કિસ્સામાં અન્ય ભાગીદારોએ વ્યક્તિને ભાગીદાર તરીકે રજૂ કરી છે, જોકે હકીકતમાં તેમ નથી અને તે તેનો વિરોધ કરતો નથી. તમે આવા ભાગીદારો અંગે અલગ અભ્યાસક્રમમાં વધુ શીખશો.

જવાબદારીના આધારે : જવાબદારીના આધારે ભાગીદારોનું બે પ્રકારમાં વર્ગીકરણ કરી શકાય. (અ) મર્યાદિત ભાગીદારો અને (બ) સામાન્ય ભાગીદારો.

(અ) **મર્યાદિત ભાગીદાર (Limited Partner) :** આવા ભાગીદારની જવાબદારી તેણે પૂરી પાડેલ મૂડી પૂરતી મર્યાદિત હોય છે. ધંધાના સંચાલનમાં ભાગ લેવાને તે હકદાર નથી પરંતુ તે અન્ય સામાન્ય સભ્યોને સલાહ આપી શકે છે, તેનાં કાર્યો પેઢીને બંધકર્તા નથી. તેને પેઢીના હિસાબો પોતાની જાણકારી માટે તપાસવાનો અધિકાર છે. આવા ભાગીદારોને ''વિશિષ્ટ ભાગીદારો''(Special Partners)તરીકે પણ ઓળખવામાં આવે છે.

(બ) **સામાન્ય ભાગીદાર (General Partner):** તેને અમર્યાદિત ભાગીદાર પણ કહે છે. તેની જવાબદારી અમર્યાદિત હોય છે અને તે ધંધાના સંચાલનમાં ભાગ લેવાને હકદાર છે. દરેક ભાગીદાર કે જે મર્યાદિત ભાગીદાર નથી તેને સામાન્ય ભાગીદાર ગણવામાં આવે છે.

તમે જાણો છો કે ભાગીદારમાં ભાગીદારોની જવાબદારી અમર્યાદિત હોય છે. મર્યાદિત ભાગીદારો માત્ર સંગઠનના સ્વરૂપે મર્યાદિત ભાગીદારી સ્વરૂપમાં જોવા મળે છે. તે ફક્ત કેટલાક યુરોપિયન દેશો અને યુ.એસ.એ.માં જોવા મળે છે. ભારતમાં આવી ભાગીદારીની છૂટ નથી.

## 2.3.3 ભાગીદારી કરારનામું (Partnership Deed)

તમે જાણો છો કે ભાગીદારીની સ્થાપના કરાર દ્વારા થાય છે. આવો કરાર કાં તો લેખિત અથવા મૌખિક હોઈ શકે છે. ગેરસમજ અને બિનજરૂરી મુકદમાને અટકાવવા હંમેશાં લેખિત કરાર હોવો વધુ હિતાવહ છે. જ્યારે લેખિત કરાર પર જરૂરી સ્ટેમ્પ લગાડેલ અને નોંધાયેલ હોય, ત્યારે તેને ભાગીદારી કરારનામું કહેવાય છે. નોંધણી બાદ, દરેક ભાગીદારને ભાગીદારી કરારનામાની નકલ આપવામાં આવે છે. સામાન્ય રીતે ભાગીદારી કરારનામામાં નીચેની વિગતો દર્શાવવામાં આવે છે :

(1) પેઢીનું નામ.
(2) ચલાવવાના ધંધાનું સ્વરૂપ.
(3) ભાગીદારોનાં નામ.
(4) જ્યાં ધંધો ચલાવવાનો હોય તે સ્થળ અને શહેરનું નામ.
(5) દરેક ભાગીદારે લાવવાની મૂડીનું પ્રમાણ.
(6) દરેક ભાગીદારના નફા અને નુકસાનની વહેંચણીનું પ્રમાણ.
(7) ભાગીદારોની લોન અને પેશગી તથા તેના પર ચૂકવવાનું વ્યાજ.
(8) દરેક ભાગીદારના ઉપાડની રકમ અને તેના પરનો વ્યાજનો દર.
(9) મૂડી પર વ્યાજનો દર.
(10) ભાગીદારોની ફરજો, સત્તાઓ અને જવાબદારીઓ.
(11) સક્રિય ભાગીદારને જો કોઈ વેતન ચૂકવવાનું હોય તો તે.
(12) હિસાબોની જાળવણી અને ઑડિટની વ્યવસ્થા.
(13) પેઢીના વિસર્જન સમયે પતાવટની વિધિ.
(14) ભાગીદારના પ્રવેશ અથવા મૃત્યુ અથવા નિવૃત્તિ સમયે પાઘડીની ગણતરીની પદ્ધતિઓ.
(15) ભાગીદારના પ્રવેશ અથવા મૃત્યુ અથવા નિવૃત્તિ સમયે મિલકતો અને જવાબદારીઓની પુનઃમૂલ્યાંકનની પદ્ધતિ.
(16) ભાગીદારની નિવૃત્તિની પદ્ધતિ અને નિવૃત્ત થતા અથવા મૃત્યુ પામેલા ભાગીદારની બાકી રકમની ચુકવણીની વ્યવસ્થા.

(17) ભાગીદારો વચ્ચે ઝઘડો થતાં લવાદની વ્યવસ્થા.

(18) ભાગીદાર નાદાર બને તે સંજોગોમાં વ્યવસ્થા.

આ યાદી સંપૂર્ણ નથી. ભાગીદારી કરારનામામાં ભાગીદારોની ઇચ્છાનુસાર અન્ય કોઈ પણ શરતો ઉમેરી શકાય. વાસ્તવમાં ભાગીદારીનો કાયદો ભાગીદારના કેટલાક અધિકારો અને શરતો સ્પષ્ટ કરે છે. પરંતુ જ્યારે ભાગીદારો વચ્ચે કોઈ જાતનો કરાર ન થયો હોય ત્યારે ભાગીદારી કાયદાની જોગવાઈઓ અમલમાં આવે છે.

**પેઢીની નોંધણી (Registration of the firm):** ભારતીય ભાગીદારીના કાયદા અનુસાર પેઢીની નોંધણી ફરજિયાત નથી. પરંતુ નહીં નોંધાયેલ પેઢીની કેટલીક મર્યાદાઓ છે. તેથી ભાગીદારીની નોંધણી કરાવવી હિતાવહ છે. નોંધણી ગમે તે સમયે થઈ શકે છે. પેઢીની નોંધણી માટે પેઢીને લગતી બધી વિગતો સાથે એક અરજીપત્રક જરૂરી ફી સાથે પેઢીઓના રજિસ્ટ્રારને મોકલવું પડે છે.

## 2.3.4 ફાયદા અને મર્યાદાઓ (Merits and Limitations)

તમે ભાગીદારીનાં મુખ્ય લક્ષણો શીખ્યાં છો. આ બાબત તમને સંગઠનના આ સ્વરૂપના ફાયદા અને મર્યાદાઓને ઓળખવામાં મદદરૂપ નીવડશે, જે નીચે મુજબ છે :

ફાયદા

(1) **સરળ સ્થાપના :** ભાગીદારી પેઢીની સ્થાપના જોકે વૈયક્તિક માલિકીની જેમ સરળ નથી, છતાં કંપનીની તુલનામાં તે બહુ ઓછી મુશ્કેલ છે. ધંધો કરવા સંમત ભાગીદારો એકઠા થાય છે અને ભાગીદારી કરારનામું તૈયાર કરે છે અને તેના પર સહી કરે છે. તે પછી ભાગીદારીની સ્થાપનાને નિયંત્રિત કરતા કોઈ ગૂંચવણ - ભર્યા કાયદાઓ નથી.

(2) **વધુ મૂડી ઉપલબ્ધ :** વૈયક્તિક માલિકીથી વિરુદ્ધ ભાગીદારી પેઢીઓમાં બેકે તેથી વધુ ભાગીદારો હોય છે. તેથી ભાગીદારી પેઢીએ તેના ભંડોળના પ્રાપ્તિસ્થાન તરીકે એક વ્યક્તિ પર આધાર રાખવો પડતો નથી. ભાગીદારોની વધારાની નાણાકીય સધ્ધરતાને આધારે પેઢીની નાણાં ઉછીનાં લેવાની શક્તિમાં વધારો થાય છે.

(3) **વિવિધ કૌશલ્ય અને નિપુણતા વધુ :** ભાગીદારમાં નિર્ણય પ્રક્રિયામાં વધુ વ્યક્તિઓ સંકળાય છે કારણ કે તેમાં વધુ માલિકો હોય છે. આદર્શ ભાગીદારી એકબીજાને પૂરક ભાગીદારોને એકઠા કરે છે, નહીં કે એક-સરખી પાર્શ્વભૂમિકા અને અનુભવ ધરાવતા ભાગીદારો. એક ભાગીદાર ઉત્પાદનમાં વિશિષ્ટતા ધરાવતો હોય તો બીજો માર્કેટિંગમાં અને ત્રીજો ભાગીદાર એકાઉન્ટન્ટ હોય. આ બધા ભાગીદારોના સંયુક્ત નિર્ણયો વ્યક્તિગત નિર્ણયોની સરખામણીમાં ઘણી વાર શ્રેષ્ઠ નિર્ણયો તરફ દોરી જાય છે.

(4) **પરિવર્તનશીલતા :** વૈયક્તિક માલિકીની જેમ, ભાગીદારોનો ધંધો ભાગીદારોની પોતાની માલિકીનો હોય અને તેમના દ્વારા ચલાવવામાં આવે છે. તેઓ સરળતાથી બદલાતી જતી પરિસ્થિતિને સમજી શકે છે અને ઝડપથી તે અનુસાર જરૂરી ફેરફારો કરે છે.

(5) **ગુપ્તતા :** ભાગીદારી પેઢીઓમાં અમુક પ્રમાણમાં ગુપ્તતા જાળવી શકાય છે, કારણ કે પેઢીના હિસાબો જાહેર કરવાનું બંધન હોતું નથી.

(6) **પ્રબળ રસ :** ધંધાના નુકસાન અને જોખમો માટે ભાગીદારો જવાબદાર છે. તેથી ધંધાની કામગીરીમાં પ્રબળ રસ ધરાવે છે.

(7) **રક્ષણ :** મૂળભૂત બાબતોમાં સર્વાનુમતિના નિયમને કારણે બધા ભાગીદારોના અધિકારોનું સંપૂર્ણપણે રક્ષણ થાય છે. જો કોઈ ભાગીદાર પેઢીની કામગીરીથી અસંતુષ્ટ હોય તો તે પેઢીના વિસર્જનની માગણી કરી શકે છે અને ધંધામાંથી છૂટો થઈ શકે છે.

(8) **અવિચારી નિર્ણયો પર નિયંત્રણ અને અંકુશ :** ભાગીદારી સામૂહિક ધોરણે ચલાવવામાં આવે છે અને મહ વના નિર્ણયોમાં બધા ભાગ લે છે તેથી બેદરકારીભર્યા અને ઉતાવળિયા નિર્ણયો લેવાવાની શક્યતા ઓછી રહે છે.

(9) **જોખમનો ફેલાવો (પ્રસાર) :** પેઢીનું નુકસાન બધા ભાગીદારોમાં વહેંચી લેવામાં આવે છે તેથી વૈયક્તિક માલિકીની તુલનામાં દરેક ભાગીદારનો નુકસાનમાંનો હિસ્સો ઓછો હોય છે.

**મર્યાદાઓ**

(1) **મર્યાદિત મૂડી :** મહત્તમ ભાગીદારોની સંખ્યા પર મર્યાદા હોવાથી (બૅંકિંગ સિવાયની પેઢીઓ 20 અને બૅંકિંગ પેઢીઓમાં 10) જોઇન્ટ સ્ટૉક કંપનીની તુલનામાં ભાગીદારી પેઢીઓની મૂડી એકત્રિત કરવાની શક્તિ મર્યાદિત છે.

(2) **અમર્યાદિત જવાબદારી :** ભાગીદારી પેઢીની મહત્ત્વની મર્યાદા એ છે કે ભાગીદારોની જવાબદારી અમર્યાદિત હોય છે.

(3) **જાહેર જનતાના વિશ્વાસનો અભાવ :** હિસાબો જાહેર કરવામાં આવતા નથી કે પ્રકાશિત કરવામાં આવતા નથી તેથી પેઢી લોકોનો વિશ્વાસ પ્રાપ્ત કરી શકતી નથી.

(4) **હિતની ફેરબદલી મુશ્કેલ :** કોઈ પણ પેઢીમાંના પોતાના હિતની ફેરબદલી અન્ય ભાગીદારોની સંમતિ વગર ફેરબદલી કરી શકતો નથી.

(5) **અનિશ્ચિતતા :** કોઈ પણ ભાગીદારનું મૃત્યુ, ગાંડપણ કે નાદારી ભાગીદારીના વિસર્જન તરફ દોરી જાય છે.આને કારણે ભાગીદારી પેઢીને આગળ ચલાવવામાં અનિશ્ચિતતાની પરિસ્થિતિ ઉદ્ભવે છે. આમ છતાં, જો આ બધી બાબતોની ભાગીદારી કરારમાં સ્પષ્ટતા કરવામાં આવે તેને થોડે ઘણે અંશે દૂર કરી શકાય છે.

(6) **ભાગીદારો વચ્ચે મતભેદ :** ભાગીદારો વચ્ચે ગેરસમજૂતી અને સંઘર્ષની શક્યતા રહેલી છે. આ બાબતને કારણે નિર્ણયો લેવામાં વિલંબ થવાની શક્યતા છે અને પેઢીના વિસર્જન તરફ પણ દોરી જાય તેમ છે. જો ભાગીદારી કરાર સ્પષ્ટ અને વિગતવાર હશે તો આ પ્રશ્નને પણ કેટલેક અંશે દૂર કરી શકાય તેમ છે.

(7) **ગર્ભિત અધિકારોનું જોખમ :** દરેક ભાગીદાર પેઢીના એજન્ટ તરીકે વર્તે છે તેથી એક ભાગીદારનાં કાર્યો પેઢીને અને બાકીના બધા ભાગીદારોને બંધનકર્તા ગણાય છે. અપ્રામાણિક કે અસમર્થ ભાગીદાર પેઢીને મુશ્કેલીમાં મૂકી શકે છે અને અન્ય ભાગીદારોએ તેનું પરિણામ ભોગવવું પડે છે.

## 2.3.5 સંયુક્ત હિંદુ કુટુંબ પેઢી (Joint Hindu Family Firm)

સંયુક્ત હિંદુ કુટુંબ પેઢી એ ધંધાકીય સંગઠનનું એક વિશિષ્ટ સ્વરૂપ છે, જે માત્ર ભારતમાં અસ્તિત્વ ધરાવે છે. આ પેઢી સંયુક્ત હિંદુ કુટુંબની માલિકીની હોય છે અને તેનું સંચાલન હિંદુ કાયદાની જોગવાઈઓ પ્રમાણે થાય છે.

હિંદુ કાયદામાં બે પ્રથા (શાખાઓ) છે :

**(અ)મિતાક્ષર :** તે બંગાળ અને આસામ સિવાયના સમગ્ર ભારતમાં લાગુ પડે છે. આ શાખા અનુસાર એક હિંદુ પોતાના પિતા, દાદા કે વડદાદા પાસેથી વારસામાં સંપત્તિ પ્રાપ્ત કરે છે.આ રીતે સતત ત્રણ પુરુષ પેઢીઓ(વંશ) (પુત્ર,પૌત્ર અને પ્રપૌત્ર) બાપદાદાની મિલકત વારસામાં મેળવી શકે છે તેઓને 'સહભાગી' કહેવામાં આવે છે. 1956ના ભારતીય વારસાધારાએ સહભાગી હિતના ક્ષેત્રને વિસ્તાર્યું છે. હવે મૃત્યુ પામેલ સહભાગીના સ્ત્રી-વંશજ અથવા આવા સ્ત્રી-વંશજના માધ્યમ દ્વારા પુરુષ સંબંધીઓને પણ ભાગ મળી શકે છે.

(બ) દાયભાગ : તે બંગાળ અને આસામને લાગુ પડે છે. આ મુજબ પિતાના મૃત્યુ બાદ ફક્ત પુરુષ વારસદારો જ સભ્ય બને છે.

હિંદુ કાયદા પ્રમાણે, ધંધો એ વારસામાં આપી શકાય તેવી મિલકત છે. હિંદુના મૃત્યુ પછી ધંધા પર બધા સહભાગીઓની સંયુક્ત માલિકી ગણાય છે. સહભાગીઓ પૈકી સૌથી મોટી વયની વ્યક્તિ નવો કર્તા બને છે અને તે ધંધાનું સંચાલન કરે છે. જો કોઈ મિલકત કોઈ અન્ય સંબંધી મારફતે વારસામાં મળે અથવા વ્યક્તિગત સાધનો દ્વારા પ્રાપ્ત કરવામાં આવે તો આવી મિલકત વ્યક્તિગત મિલકત ગણાય છે અને તે વડીલોપાર્જિત મિલકત કરતાં અલગ ગણાય છે.

સંયુક્ત હિંદુ કુટુંબ પેઢીનાં મહત્ત્વનાં લક્ષણો નીચે મુજબ છે :

(1) કુટુંબની વડીલ વ્યક્તિ જેને કર્તા કહે છે, તેના દ્વારા ધંધાનું સંચાલન થાય છે. અન્ય સભ્યોને પેઢીના સંચાલનમાં ભાગ લેવાનો અધિકાર નથી.

(2) અન્ય સભ્યો કર્તાની સત્તાને પડકારી શક્તા નથી. તેમની પાસે એકમાત્ર ઉપાય છે પરસ્પર કરાર દ્વારા કુટુંબનું વિસર્જન કરાવવાનો.

(3) કર્તાને ધંધા માટે નાણાભંડોળ ઉછીનાં મેળવવાનો અધિકાર છે. કર્તાની જવાબદારી અમર્યાદિત હોય છે

જ્યારે અન્ય સહભાગીઓ તેમના ધંધામાંના ભાગ પૂરતા જવાબદાર ગણાય છે.

(4) જો કર્તાએ ધંધાના ભંડોળની ઉચાપત કરી હોય તો તેણે અન્ય સહભાગીઓને સંયુક્ત મિલકતમાંના તેમના હિસ્સા જેટલું નુકસાન ભરપાઈ કરી આપવું પડે છે.

(5) કુટુંબના કોઈ પણ સભ્યના મૃત્યુથી ધંધા કે કુટુંબનું વિસર્જન થતું નથી.

(6) પરસ્પરના કરાર દ્વારા સંયુક્ત હિંદુ કુટુંબ પેઢીનું વિસર્જન કરાવી શકાય છે.

સંયુક્ત હિંદુ કુટુંબ પેઢી અને ભાગીદારી પેઢી વચ્ચેના તફાવતની તમારે નોંધ લેવી જોઈએ. સંયુક્ત હિંદુ કુટુંબ પેઢી એ હિંદુ કાયદાની કામગીરીનું પરિણામ છે. કોઈ ધંધાને સંયુક્ત હિંદુ કુટુંબ પેઢીના ધંધામાં ફેરવવા માટે કોઈ જાતનો બૌદ્ધિક કરાર કરવો જરૂરી નથી. કુટુંબના સભ્યો આપોઆપ સહભાગી બની જાય છે. ફક્ત કર્તા જ સંચાલનમાં હિસ્સો લઈ શકે છે. કર્તાની જવાબદારી અમર્યાદિત છે પરંતુ અન્ય સહભાગીઓની જવાબદારી તેમના ધંધામાનાં હિસ્સા પૂરતી મર્યાદિત હોય છે. હિંદુ કાયદાની જોગવાઈઓ મુજબ સહભાગીઓના અધિકારો, ફરજો અને જવાબદારીઓનું સંચાલન થાય છે. ભાગીદારી એ વ્યક્તિઓ વચ્ચેના કરારનું પરિણામ છે, જેઓ વચ્ચે લોહીનો સંબંધ હોવો જરૂરી નથી. દરેક ભાગીદારને ધંધાના સંચાલનમાં ભાગ લેવાનો અધિકાર છે. દરેક ભાગીદારની જવાબદારી અમર્યાદિત હોય છે. 1932 ના ભારતીય ભાગીદારી કાયદા અનુસાર ભાગીદારોની ફરજો ,અધિકારો અને જવાબદારીઓનું સંચાલન થાય છે.

**તમારી પ્રગતિની ચકાસણી કરો - ખ**

(1) ખાલી જગ્યા પૂરો.

(i) બૅંકિંગનો ધંધો કરતી ભાગીદારી પેઢીમાં ભાગીદારોની મહત્તમ સંખ્યા______ હોય છે.

(ii) ભાગીદારી પેઢીમાં ભાગીદારોની જવાબદારી______ હોય છે.

(iii) જે ભાગીદારી પેઢીના સંચાલનમાં ભાગ લેતો નથી તે______ ભાગીદાર કહેવાય છે.

(iv) ભાગીદારી પેઢીમાં સભ્યોની લઘુતમ સંખ્યા______ હોય છે.

(v) નોંધાયેલ ભાગીદારી કરાર______ કહેવાય છે.

(vi) કોઈ વ્યક્તિની પોતાની વર્તણૂક કે એવી છાપ ઊભી કરી હોય કે તે ભાગીદારી પેઢીનો એક ભાગીદાર છે. આવો ભાગીદાર______ કહેવાય છે.

(vii) જો કોઈ ભાગીદારની જવાબદારી તેણે પેઢીમાં પૂરી પાડેલ મૂડીના હિસ્સા પૂરતી મર્યાદિત હોય તો આવો ભાગીદાર______ કહેવાય છે.

(2) નીચે દર્શાવેલ વાક્યો ખરાં છે કે ખોટાં તે દર્શાવો :

(i) ભાગીદારી કરાર લેખિત હોવો જોઈએ. ☐ ખરું ☐ ખોટું

(ii) ભાગીદારી સંગઠનમાં સભ્યોની કોઈ મહત્તમ મર્યાદા નથી. ☐ ખરું ☐ ખોટું

(iii) ભાગીદારી પેઢીના સભ્યો ભાગીદારો કહેવાય છે. ☐ ખરું ☐ ખોટું

(iv) કોઈ પણ ભાગીદાર અન્ય ભાગીદારોની સંમતિ વગર પોતાના હિસ્સાની ફેરબદલી અન્ય વ્યક્તિને કરી શકે છે. ☐ ખરું ☐ ખોટું

(v) દરેક ભાગીદાર પેઢીનો માલિક છે અને પેઢીનો પ્રતિનિધિ પણ છે. ☐ ખરું ☐ ખોટું

(vi) નિષ્ક્રિય ભાગીદાર પેઢીની કામગીરીમાં સક્રિય ભાગ લઈ શકે છે. ☐ ખરું ☐ ખોટું

(vii) જે વ્યક્તિ પ્રતીતિજન્ય ભાગીદાર છે તેને નફામાં હિસ્સો લેવાનો અધિકાર છે. ☐ ખરું ☐ ખોટું

(viii) એક ભાગીદારનાં કાર્યો પેઢી અને બાકીના ભાગીદારોને બંધનકર્તા હોય છે. ☐ ખરું ☐ ખોટું

## 2.4 સંગઠનનું કંપની સ્વરૂપ (Company Form of Organisation)

તમે શીખી ગયા કે વૈયક્તિક માલિકી અને ભાગીદારીના જવાબદારી મર્યાદિત સાધનો, અમર્યાદિત જવાબદારી મર્યાદિત સંચાલકીય કુશળતા વગેરે ગેરલાભો છે. આ સંગઠનોનું આયુષ્ય અને સ્થિરતા પણ માલિકે/ભાગીદારોના આયુષ્ય અને સ્થિરતા પર આધાર રાખે છે. તેથી, મોટા પાયા પરના ધંધા માટે તે અનુકૂળ ગણાતા નથી.

મોટા પાયા પરના ધંધા માટે તમારે મોટું રોકાણ અને વિશિષ્ટ સંચાલકીય કુશળતાની જરૂર પડે છે. જોખમનું તત્ત્વ પણ ખૂબ વધુ હોય છે. આ પરિસ્થિતિને કારણે ધંધાકીય સંગઠનના કંપની સ્વરૂપનો ઉદ્ભવ થયો. જોઈન્ટ સ્ટૉક કંપનીના કિસ્સામાં એક કે બે વ્યક્તિઓ દ્વારા મૂડી પૂરી પાડવામાં આવતી નથી. પરંતુ અસંખ્ય લોકો દ્વારા પૂરી પાડવામાં આવે છે, જેમને શૅર હોલ્ડરો કહે છે. આથી મોટા પ્રમાણમાં મૂડી એકઠી કરવાનું શક્ય બને છે. જોઈન્ટ સ્ટૉક કંપની એ વ્યક્તિઓનું એવું સંગઠન છે, જેની કોઈ ધંધો ચલાવવા માટે કંપની ધારા હેઠળ નોંધણી કરવામાં આવી હોય. તેને કૃત્રિમ વ્યક્તિ કહેવામાં આવે છે. કારણ કે તેનું સર્જન કાયદા દ્વારા નીમેલું હોય છે અને તેનું વિશિષ્ટ નામ, સામાન્ય મહોર અને પરંપરાગત સભ્યપદ હોય તે પોતાને નામે અદાલતમાં દાવો માંડી શકે છે. તેમ જ તેના પર દાવો માંડી શકાય છે. વ્યાપક પ્રમાણમાં આપવામાં આવતી કંપની (જેને યુ.એસ.એ.માં કૉર્પોરેશન કહે છે.) ની વ્યાખ્યા મુજબ ન્યાયાધીશ માર્શલ દ્વારા આપવામાં આવી છે. તેમના મતે ''કૉર્પોરેશન એ કૃત્રિમ, અમૂર્ત અને અદૃશ્ય વ્યક્તિ છે જે માત્ર કાયદાની દૃષ્ટિએ અસ્તિત્વ ધરાવે છે. તે માત્ર કાયદાનું સર્જન હોવાથી તેના સર્જનના ચાર્ટર દ્વારા તેને પ્રત્યક્ષ રીતે કે પરોક્ષ રીતે તેના અસ્તિત્વ માટે આપવામાં આવી હોય તે જ મિલકતો તે ધરાવી શકે છે.'' લૉર્ડ જસ્ટિસ લિન્ડલે એ વ્યાખ્યા આપતાં જણાવ્યું છે કે ''ઘણી વ્યક્તિઓનું એવું મંડળ છે કે જે નાણાં અથવા નાણાંમાં કિંમત આંકી શકાય એવી વસ્તુ સામાન્ય સ્ટૉકમાં આપે છે, અને તેનો ઉપયોગ કોઈ સામાન્ય હેતુ માટે કરે છે. આ રીતે આપવામાં આવેલ સામાન્ય સ્ટૉક નાણાંમાં દર્શાવવામાં આવે છે અને તે કંપનીની મૂડી ગણાય છે. તેમાં ફાળો આપનાર વ્યક્તિઓ અથવા જેઓ તેના માલિક છે તેઓ સભ્યો કહેવાય છે.મૂડીના જે ભાગ પર દરેક સભ્યનો અધિકાર હોય છે તે તેનો શૅર (હિસ્સો) કહેવાય છે.''

1956નો ભારતીય કંપની ધારો જોઈન્ટ સ્ટૉક કંપનીની વ્યાખ્યા આપતાં જણાવે છે કે ''શૅરથી મર્યાદિત જવાબદારીવાળી કંપની એટલે નિશ્ચિત રકમના શૅરોમાં વિભાજિત થયેલી અથવા ફેરબદલી થઈ શકે એવા સ્ટૉક તરીકે નક્કી કરેલ રકમની કાયમી ભરપાઈ થયેલી અથવા સત્તાવાર મૂડી ધરાવનાર તેમ જ શૅર અથવા સ્ટૉક ધારણ કરનારાઓ જ તેના સભ્યો હોવા જોઈએ તેવા સિદ્ધાંત પર રચાયેલી કંપની.''

### 2.4.1 મુખ્ય લક્ષણો (Main Features)

ઉપરોક્ત વ્યાખ્યાઓને આધારે સંગઠનના કંપની સ્વરૂપનાં મુખ્ય લક્ષણો નીચે મુજબ દર્શાવી શકીએ :

(1) **સંસ્થાપિત મંડળી (Incorporation)** : કંપની એક સંસ્થાપિત મંડળી છે. કંપની ધારા અનુસાર તેની નોંધણી કરાવ્યા બાદ જ તે અસ્તિત્વમાં આવે છે.

(2) **કૃત્રિમ વ્યક્તિ (Artificial Person)** : કંપનીને કૃત્રિમ વ્યક્તિ ગણવામાં આવે છે કારણ કે તેનું સર્જન કાયદા દ્વારા થાય છે અને તેનો અંત પણ કાયદા દ્વારા આવે છે. તેને શરીર હોતું નથી, આત્મા હોતો નથી. તેને વિવેકબુદ્ધિ હોતી નથી. છતાં પણ તેનું અસ્તિત્વ હોય છે. અન્ય કોઈ વ્યક્તિની જેમ મિલકત ધરાવી શકે છે. કાયદેસરનો ધંધો ચલાવી શકે છે. અન્ય વ્યક્તિઓ સાથે કરાર કરી શકે છે. મિલકત ખરીદી, વેચી અને ધરાવી શકે છે, આ બધાં જ કાર્યો તેના પોતાના નામે અને પોતાની સામાન્ય મહોર દ્વારા કરી શકે છે.

(3) **કાયદેસરનું અલગ વ્યક્તિત્વ (Separate Legal Entity)** : કંપનીને પોતાના સભ્યોથી અલગ અસ્તિત્વ હોય છે. કંપનીનો કોઈ પણ શૅર હોલ્ડર કંપની સાથે કરાર કરી શકે છે, અને તે કંપની સામે દાવો માંડી શકે છે અને તેના પર કંપની દાવો માંડી શકે છે. તમે જાણો છો કે ભાગીદારીની બાબતમાં દરેક ભાગીદાર એ પેઢીનો અને અન્ય ભાગીદારોનો પ્રતિનિધિ છે. પરંતુ શૅર-હોલ્ડર જો કંપનીનો કે તેના શૅરહોલ્ડરોનો પ્રતિનિધિ નથી. તે પોતાનાં કાર્યો દ્વારા તેમને બાંધી શકતો નથી.

(4) **સામાન્ય મહોર (Common Seal)** : કંપની એ કુદરતી વ્યક્તિ નથી, તેથી તે દસ્તાવેજો પર સહી કરી શકતી નથી.તેની પાસે સામાન્ય મહોરના સ્વરૂપમાં એક ઉપાય છે, જેના પર તેનું નામ કોતરલું હોય છે. આ સામાન્ય મહોર તેની સહીઓની અવેજી વસ્તુ બધા જ કાયદેસરના દસ્તાવેજો અને કરારો પર તે લગાડવામાં આવે છે. સંચાલક મંડળના માર્ગદર્શન મુજબ તેનો ઉપયોગ કરવામાં આવે છે અને કોઈ પણ દસ્તાવેજ પર જ્યારે તેને લગાડવામાં આવે છે. ત્યારે બે સંચાલકોએ સાક્ષી તરીકે સહી કરવી પડે છે.

(5) કાયમી અસ્તિત્વ(Perpetual Succession) : જોઇન્ટ સ્ટૉક કંપનીનું સતત અસ્તિત્વ હોય છે. તેના જીવન પર તેના શૅરહોલ્ડરો કે ડિરેક્ટરોના મૃત્યુ, ગાંડપણ, નાદારી અથવા નિવૃત્તિની કોઈ અસર થતી નથી. સભ્યો આવે અને જાય પરતું જ્યાં સુધી તેનું કાયદેસર રીતે વિસર્જન ન થાય ત્યાં સુધી કંપની પોતાની કામગીરી ચલાવી શકે છે આમ, કંપનીનું કાયમ અસ્તિત્વ હોય છે. સભ્યપદની તેના પર અસર થતી નથી. આ લાક્ષણિકતા સંગઠનના આ સ્વરૂપને સ્થિરતા પૂરી પાડે છે.

(6) માલિકી અને સંચાલનનું વિભાજન (Separation of ownership and management) : કંપનીના શૅર-હોલ્ડરો સમગ્ર દેશમાં વ્યાપક રીતે પથરાયેલા હોય છે. ધંધો ચલાવવા અને તેનું સંચાલન કરવા માટે, શૅર હોલ્ડરો પોતાનામાંથી અમુક વ્યક્તિઓને ચૂંટે છે, જેઓ ડિરેક્ટરો તરીકે ઓળખાય છે. કંપનીની કામગીરીનું સંચાલન કરવાનો અધિકાર ડિરેક્ટરોને હસ્તક હોય છે, જેઓ શૅરહોલ્ડરોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે. આમ માલિકને સંચાલનથી વિભાજિત કરવામાં આવે છે.

(7) સભ્ય સંખ્યા (Number of members) : જાહેર મર્યાદિત કંપનીની બાબતમાં ઓછામાં ઓછા સંખ્યા સાતની છે. અને વધુમાં વધુ સંખ્યાની કોઈ મર્યાદા નથી. ખાનગી મર્યાદિત કંપનીની બાબતમાં ઓછામાં ઓછી સંખ્યા બે અને વધુમાં વધુ મર્યાદા પચાસની છે.

(8) મર્યાદિત જવાબદારી :-(Limited liability) : સામાન્ય રીતે કંપનીના સભ્યોની જવાબદારી બાંયધરી પૂરતી અથવા શૅર પૂરતી મર્યાદિત હોય છે. સભ્યોની જવાબદારી તેઓએ ધારણ કરેલ શૅરની રકમ પૂરતી મર્યાદિત હોય છે. કંપનીનાં દેવાં માટે સભ્યો વ્યક્તિગત રીતે જવાબદાર ગણાતા નથી. આથી કંપનીના દેવાંની ચુકવણી માટે સભ્યોની વ્યક્તિગત મિલકતો ટાંચમાં લઈ શકાતી નથી. ઉદાહરણ તરીકે, કંપનીના શૅરની દાર્શનિક કિંમત રૂા. 10 છે જે સભ્યે ભરી દીધી છે. કંપનીના વિસર્જન સમયે સભ્યને કોઈ પણ નાણાં ભરવા જણાવવામાં આવતું નથી. પરંતુ જો સભ્યએ માત્ર રૂ. 7 ભર્યા હોય તો, સભ્યને મોટે ભાગે બાકીના રૂા. 3 ભરવા જણાવવામાં આવે છે. (દાર્શનિક કિંમત રૂ. 10 બાદ ભરેલ નાણાં રૂ. 7) અને તેનાથી વધુ નહીં.

(9) શૅરની ફેરબદલી (Transferability of Shares) : અન્ય શૅર હોલ્ડરોની સંમતિ વગર જાહેર મર્યાદિત કંપનીના સભ્યોને પોતના શૅર અન્ય વ્યક્તિઓને વેચવાનો કાયદેસરનો અધિકાર છે પરંતુ શૅરની ફેરબદલી માટે તેણે કંપનીધારામાં દર્શાવેલ વિધિ અનુસરવી પડે છે. આમ છતાં, ખાનગી મર્યાદિત કંપનીની બાબતમાં શૅરની ફેરબદલી માટે કેટલાંક નિયંત્રણો છે.

(10) ધ્યેયની કડકાઈ (Rigidity of objects) : કંપનીના ધંધાનું કાર્યક્ષેત્ર મર્યાદિત છે. કંપની જે પ્રકારના ધંધામાં ભાગ લઈ શકે તે બાબત આવેદનપત્રની હેતુની કલમમાં દર્શાવેલું હોય છે. કંપની ધ્યેયની કલમમાં ફેરફાર કર્યા વગર કોઈ પણ જાતનો નવો ધંધો અપનાવી શકતી નથી. ધ્યેયની કલમમાં ફેરફાર કરવા કંપનીએ કંપનીધારાની જોગવાઈઓનું પાલન કરવું પડે છે.

(11) કાયદાકીય નિયંત્રણો :- (Statutory Regulations) : કંપનીનું સંચાલન કંપનીધારા અનુસાર થાય છે અને તેણે કાયદાની વિવિધ જોગવાઈઓનું પાલન કરવું પડે છે. કંપનીના હિસાબો ચાર્ટર્ડ એકાઉન્ટ દ્વારા ઑડિટ કરાવવા જરૂરી છે. આમ, સંગઠનના કંપની સ્વરૂપે કાયદાની અસંખ્ય અને વિવિધ જોગવાઈઓનું પાલન કરવું પડે છે.

જોઇન્ટ સ્ટૉક કંપનીનાં લક્ષણોને અભ્યાસ કર્યા બાદ તમે સરળતાથી કહી શકો કે શૅરહોલ્ડરો એ કંપનીના વાસ્તવિક માલિકો છે. તેમની જવાબદારી મર્યાદિત છે. તેઓ તેમનો શૅર અન્ય વ્યક્તિને ફેરબદલી કરી પણ શકે છે. જોકે કંપનીમાં શૅર હોલ્ડરોથી વિશાળ સંખ્યા હોવાથી, તેમના બધા દ્વારા કંપનીનું સંચાલન થઈ શકતું નથી. કંપનીનું સંચાલન કરવા તેઓ સંચાલક મંડળને ચૂંટે છે. કંપનીનું ભાગ્ય ડિરેક્ટરોના માર્ગદર્શન અને દોરવણી દ્વારા નક્કી થાય છે. આ ડિરેક્ટરો કંપનીના ધંધાની રોજબરોજની કામગીરી ચલાવવા કેટલીક વ્યક્તિઓને નીમે છે.

કંપની ડિબેન્ચરો (જેને બોન્ડ્ઝ પણ કહે છે) બહાર પાડીને વધારાનું ભંડોળ ઊભું કરી શકે છે. આ બાબતમાં એકમ 5 ને 6 માં વધુ શીખશો.

## 2.4.2 કંપનીઓનું વર્ગીકરણ (Classification of Companies) :


આપણે કંપનીઓને નીચેના આધારે વર્ગીકૃત કરી શકીએ (1) સ્થાપનાની રીત મુજબ (2) જવાબદારીના પ્રમાણને આધારે (3) શૅર હોલ્ડરોના પ્રકારોને આધારે અને (4) કામગીરીના ક્ષેત્રને આધારે. કંપનીઓના વર્ગીકરણ માટે જુઓ આકૃતિ 2.3.

(1) સ્થાપનાની રીતની દૃષ્ટિએ આપણે કંપનીને ત્રણ પ્રકારમાં વહેંચી શકીએ:

**(અ) ખાસ ધારા સર્જિત કંપની (Statutory Company) :** જે કંપનીની સ્થાપના પાર્લમેન્ટના ખાસ કાયદાથી અથવા રાજ્યના કાયદાથી કરવામાં આવે તેને ''ખાસ ધારા સર્જિત કંપની'' કહે છે. આવી કંપનીઓની સ્થાપના ખાસ સંજોગોમાં કરવામાં આવે છે, કે જ્યારે કોઈ વિશિષ્ટ હેતું માટે કંપનીની કામગીરી પર નિયંત્રણ રાખવું જરૂરી હોય છે: આવા કૉર્પોરેશનનાં ઉદાહરણો છે. રિઝર્વ બૅંક ઑફ ઈન્ડિયા. એર ઇન્ડિયા કૉર્પોરેશન, ફૂડ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયા વગેરે. મોટે ભાગે આ કૉર્પોરેશનો જાહેર ક્ષેત્રનાં એકમો હોય છે.

આકૃતિ 2.3

**કંપનીઓનું વર્ગીકરણ**




**(બ) નોંધાયેલી કંપની (Registered Company) :** જે કંપનીની સ્થાપના 1956ના કંપની ધારા અનુસાર કંપનીઓના રજિસ્ટ્રાર પાસે નોંધણી કરાવીને થાય છે તેને ''નોંધાયેલી કંપની'' કહે છે. આવી કંપનીને ''ઈનકૉર્પોરેટેડ કંપની'' પણ કહે છે. ખાનગી ક્ષેત્ર હેઠળ સ્થપાયેલી બધી કંપનીઓ આ પ્રકારની હોય છે.

**(ક) ચાર્ટર્ડ કંપની (Chartered Company) :** જે કંપનીની સ્થાપના રાજાની ખાસ વિશિષ્ટ સનદથી થાય છે તેને ચાર્ટર્ડ કંપની કહે છે. તેનું નિયમન ચાર્ટરની જોગવાઈઓથી થાય છે.

ઉદાહરણો છે :- બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની, બૅંક ઑફ ઇંગ્લેંડ, હડસન્સ બૅંક કંપની વગેરે ભારતમાં આ પ્રકારની કંપનીઓ હાલમાં અસ્તિત્વમાં નથી કારણ કે ભારતમાં રાજાશાહી નથી.

(2) જવાબદારીના પ્રકારના આધારે, કંપનીનું ત્રણ પ્રકારમાં વર્ગીકરણ કરી શકાય.

**(અ) અમર્યાદિત કંપનીઓ (Unlimited Companies) :** જે કંપનીમાં સભ્યોની જવાબદારી અમર્યાદિત હોય છે તે કંપનીને ' અમર્યાદિત કંપની' કહે છે. કંપનીનાં વિસર્જન સમયે શૅર-હોલ્ડરોએ, જો જરૂર પડે તો, કંપનીનાં દેવાંની પતાવટ માટે તેમની વ્યક્તિગત મિલકતોમાંથી ચુકવણી કરવી પડે છે. આ દૃષ્ટિએ, તે વૈયક્તિક માલિકી અને ભાગીદારીને ખૂબ મળતી આવે છે. આમ છતાં આવી કંપનીઓ ભાગ્યે જ જોવા મળે છે.

**(બ) બાંયધરી દ્વારા મર્યાદિત કંપનીઓ (Companies Limited by Guarantee) :** કેટલીક કંપનીઓની

બાબતમાં સભ્યો તેઓએ ધારણ કરેલ શૅરની રકમ ઉપરાંત અમુક નક્કી કરેલ મર્યાદા સુધીનાં દેવાં માટે બાંયધરી આપે છે. સભ્યો દ્વારા વધારાની રકમની આપેલ બાંયધરી સામાન્ય રીતે આવેદનપત્રમાં દર્શાવેલી હોય છે. આવી કંપનીઓની સ્થાપના નફાના હેતુથી કરવામાં આવતી નથી. તેની સ્થાપત્ય કળા, સંસ્કૃતિ, ધર્મ, વેપાર, રમતગમત વગેરેના વિકાસ માટે કરવામાં આવે છે. કલાઓ, ધર્માદા સંસ્થાઓ, વેપારી મંડળો વગેરેનો સમાવેશ આ વર્ગમાં થાય છે.

(ક) શૅર દ્વારા મર્યાદિત કંપનીઓ (Companies Limited by Shares) : આ પ્રકારની કંપનીઓમાં સભ્યોની જવાબદારી તેઓએ ધારણ કરેલ શૅરની રકમ પૂરતી મર્યાદિત હોય છે. શૅર-હોલ્ડર માત્ર તેણે ધારણ કરેલ શૅર પરની બાકી રકમ ચૂકવવા કહી શકાય છે અને નહીં કે તેથી વધારે રકમ માટે. મોટા ભાગની કંપનીઓનો સમાવેશ આ વર્ગમાં થાય છે.

(3) માલિકોને આધારે કંપનીઓને ત્રણ પ્રકારમાં વહેંચી શકાય :

(અ) ખાનગી મર્યાદિત કંપની (Private Limited Companies) ખાનગી કંપની એટલે એવી કંપની કે જે પોતાના નિયમનપત્ર દ્વારા

(1) તેના શૅરની ફેરબદલીનાં અધિકાર પર નિયંત્રણ રાખે.

(2) તેના સભ્યોની સંખ્યા પૂરતી મર્યાદિત રાખે. અને

(3) કંપનીનાં કોઈ પણ શૅરો કે ડિબેંચરો ખરીદવા જાહેર જનતાને આમંત્રણ આપવા પર પ્રતિબંધ મૂકે છે.

(બ) જાહેર મર્યાદિત કંપની (Public Limited Companies) જાહેર મર્યાદિત કંપની એટલે એવી કંપની કે જે ખાનગી મર્યાદિત કંપની નથી. જે કંપનીમાં નીચેનાં લક્ષણો જોવા મળે તેને જાહેર મર્યાદિત કંપની કહે છે.

(1) શૅર-હોલ્ડરોનાં તેમનાં શૅરની ફેરબદલીમાં અધિકારી પર નિયંત્રણ મૂકવામાં આવતું નથી.

(2) શૅર-હોલ્ડરોની ઓછામાં ઓછી સંખ્યા 7 છે. પરંતુ વધુમાં વધુ સભ્ય સંખ્યા અંગે કોઈ મર્યાદા નથી.

(3) તે તેના શૅરો કે ડિબેંચરો ખરીદવા માટે જાહેર જનતાને આમંત્રણ આપી શકે છે.

ખાનગી મર્યાદિત કંપનીની બાબતમાં ઓછામાં ઓછા સભ્યોની સંખ્યા 2 ની છે અને જાહેર કંપનીની સરખામણીમાં તે સરળતાથી સ્થાપી શકાય છે. કંપનીધારાની વિવિધ જોગવાઈઓમાંથી તેને મુક્તિ આપવામાં આપી છે. અને આમ તેમાં મર્યાદિત જવાબદારીનાં ફાયદાઓ અને ભાગીદારી સંગઠનની સગવડોનું સંયોજન થાય છે. તેને મધ્યમ કદના ધંધા માટે યોગ્ય ગણવામાં આવે છે.

(ક) સરકારી કંપની (Government Companies) : જે કંપનીની 57 % કરતાં ઓછી નહીં તેટલી ભરપાઈ થયેલી શૅરમૂડી કેન્દ્ર સરકાર અથવા કોઈ પણ રાજ્ય સરકાર અથવા કેન્દ્ર અને અથવા રાજ્ય સરકારો દ્વારા સંયુક્ત રીતે ધારણ કરવામાં આવી હોય તેવી કંપનીને સરકારી કંપની કહે છે.

(4) કામગીરીના ક્ષેત્રને આધારે આપણે કંપનીઓને બે પ્રકારમાં વહેંચી શકીએ :

(અ) રાષ્ટ્રીય કંપની (National Companies) : જ્યારે કંપનીની કામગીરી જે દેશમાં તેની નોંધણી થઈ હોય તેની સરહદોની અંદર પૂરતી મર્યાદિત હોય ત્યારે આવી કંપનીને રાષ્ટીય કંપની કહે છે.

(બ) બહુરાષ્ટ્રીય કંપની (Multinational Companies) : જ્યારે કંપનીની કામગીરી જે દેશમાં તેની નોંધણી થઈ હોય તેની સરહદોની બહાર ફેલાયેલી હોય ત્યારે આવી કંપનીને બહુરાષ્ટ્રીય કંપની કહે છે. આવી કંપનીને દેશપારની કંપની (Transnational) પણ કહે છે.

## 2.4.3 ફાયદા અને મર્યાદાઓ (Merits and Limitations)

લગભગ બધા જ દેશોમાં સંગઠનનું કંપની સ્વરૂપ લોકપ્રિય અને સફળ રહ્યું છે. જ્યારે મોટા પ્રમાણમાં સાધનોની જરૂર હોય છે અને મોટા પાયા પર ઉત્પાદન કરવામાં આવતું હોય ત્યાં આ સ્વરૂપ યોગ્ય છે. 20મી સદીમાં જોઇન્ટ સ્ટૉક કંપનીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જણાયો છે. હવે આપણે સંગઠનના કંપની સ્વરૂપનાં ફાયદા અને મર્યાદાઓની ચર્ચા કરીએ.

ફાયદા

1. **વિશાળ મૂડી :** સંગઠનના કંપની સ્વરૂપમાં મોટી સંખ્યામાં શૅર-હોલ્ડરો હોઈ શકે છે. તેથી વિશાળ પ્રમાણમાં મૂડી પ્રાપ્ત કરવાનું શક્ય બને છે જ્યારે નવી મૂડીની જરૂર પડે છે ત્યારે તે શૅરો અને ડિબેંચરો બહાર પાડી શકે છે. આ કારણથી સંગઠનનું માત્ર કંપની સ્વરૂપ સૌથી યોગ્ય છે.

2. **મર્યાદિત જવાબદારી :** શૅર-હોલ્ડરોની જવાબદારી, જો અન્ય ઉલ્લેખ ન થયો હોય તો, તેમણે ધારણ કરેલ શૅરની દાર્શનિક પૂરતી અથવા તેમણે આપેલ બાંયધરી પૂરતી મર્યાદિત હોય છે. કંપનીના બાકી દેવાંની ચુકવણી માટે તેમની અંગત મિલકત ટાંચમાં લઈ શકાતી નથી. આમ સંગઠનનું આ એવી વ્યક્તિઓ માટે મોટું આકર્ષણ છે, જેઓ જોખમ ઉઠાવવા તૈયાર નથી, જે જોખમ વૈયક્તિક માલિકી અને ભાગીદારીની વચ્ચે રહેલું છે.

3. **અસ્તિત્વની સ્થિરતા :** કંપનીને કાયદેસરનું અલગ અસ્તિત્વ અને અખંડ વારસાહક હોય છે. શૅર-હોલ્ડર, ડિરેક્ટર અથવા ઑફિસરનાં ગાંડપણ અથવા નાદારીની કોઈ અસર કંપની પર થતી નથી. કંપનીનું સાતત્ય તેના સભ્યોનાં હિત માટે જ નહીં પરંતુ સમાજ માટે પણ ઇચ્છનીય છે.

4. **મોટા પાયા પરની કરકસર :** કંપની મોટા પાયા પર કાર્ય કરે છે તેથી તે મોટા પ્રમાણમાં ખરીદી, વેચાણ, ઉત્પાદન વગેરેનો લાભ લઈ શકે છે.મોટા પાયા પરની કામગીરીની આ કરકસરને પરિણામે, કંપનીઓ ગ્રાહકોને સસ્તા દરે વસ્તુઓ પૂરી પાડી શકે છે.

5. **વિસ્તરણની શક્યતા :** જાહેર મર્યાદિત કંપનીમાં શૅર-હોલ્ડરોની મહત્તમ સંખ્યા અંગે કોઈ મર્યાદા નથી. તેથી ધંધાનું વિસ્તરણ નવા શૅરો અથવા ડિબેંચરો બહાર પાડીને સરળતાથી થઈ શકે છે. કંપનીઓ સામાન્ય રીતે તેમના નફાનો અમુક ભાગ અનામત તરીકે રાખે છે અને તેનો ઉપયોગ વિસ્તરણ માટે કરે છે.

6. **લોકોનો વિશ્વાસ :** કંપનીઓ સરકારી અંકુશો અને નિયંત્રણોને આધીન છે. તેના હિસાબોનું ચાર્ટર્ડ એકાઉન્ટ દ્વારા ઑડિટ કરવામાં આવે છે અને તેને પ્રકાશિત કરવા પડે છે. આથી કંપનીની કામગીરી બાબતમાં લોકોને વિશ્વાસ પડે છે.

7. **શૅરની ફેરબદલી :** જાહેર મર્યાદિત કંપનીનાં શૅરો ગમે ત્યારે શૅરબજારમાં વેચી શકાય છે. શૅર-હોલ્ડરો જ્યારે તેઓ ઇચ્છે છે ત્યારે તેમના શૅર વેચી શકે છે. અન્ય શૅર-હોલ્ડરોની સંમતિ મેળવવાની કોઈ જરૂર નથી. આમ શૅર-હોલ્ડરો તેમના શૅરોને કોઈ જાતની મુશ્કેલી વગર ગમે ત્યારે રોકડમાં ફેરવી શકે છે.

8. **વ્યાવસાયિક સંચાલન :** તમે જાણો છો કે કંપનીનું સંચાલન ડિરેક્ટરોના હાથમાં હોય છે, જેઓને શૅરહોલ્ડરો દ્વારા ચૂંટવામાં આવે છે. સામાન્ય રીતે અનુભવી વ્યક્તિઓને ડિરેક્ટરો તરીકે ચૂંટવામાં આવે છે.તમે એ પણ જાણો છો કે રોજબરોજની પ્રવૃત્તિઓનું સંચાલન પગારદાર મૅનેજરો દ્વારા થાય છે. આ મૅનેજરો તેમના પોતાનાં ક્ષેત્રોમાં નિષ્ણાત હોય છે. જોકે કંપનીની મોટા પાયા પર કામગીરી અને નફો હોય છે તેથી સારા વ્યાવસાયિક સંચાલકોને આકર્ષક પગારો ચૂકવીને આકર્ષવાનું સરળ છે. આમ સંગઠનનું કંપની સ્વરૂપ સંચાલક મંડળ પર અને વિવિધ સંચાલન સ્થાનો પર વ્યાવસાયિકોની સેવાઓ લે છે.

9. **કરવેરાના લાભ :** કંપનીઓ એકસરખા દરે આવકવેરો ચૂકવે છે. કંપનીઓના કરવેરાની પદ્ધતિમાં તબક્કાની પદ્ધતિ (Slab System)ની કોઈ જોગવાઈ નથી. પરિણામે કંપનીઓ સંગઠનના અન્ય સ્વરૂપોની તુલનામાં ઊંચી આવક પર નીચા દરે કરવેરા ચૂકવે છે. જો કંપનીઓની સ્થાપના પછાત વિસ્તારોમાં કરવામાં આવી હોય તો તેમને કેટલીક કરવેરાની છૂટછાટો પણ મળે છે.

10. **જોખમનો ફેલાવો :** કંપનીનું સભ્યપદ ખૂબ જ વિશાળ હોવાથી ધંધાનું જોખમ કંપનીના અનેક સભ્યો વચ્ચે વહેંચાઈ જાય છે. નાના રોકાણકારો માટે આ એક ફાયદો છે.

મર્યાદા

(1) **સ્થાપનામાં મુશ્કેલી :** વૈયક્તિક માલિકી અને ભાગીદારીની જેમ કંપનીની સ્થાપના સરળ નથી. કંપનીની સ્થાપના માટે ઘણી બધી વ્યક્તિઓ કે જેમને સ્થાપકો તરીકે ઓળખવામાં આવે છે તેમણે તેની સાથે જોડાવાની તૈયારી રાખવી પડે છે. નોંધણી સમયે કાયદાની અનેક જોગવાઈઓનું પાલન કરવું પડે છે. કંપનીની સ્થાપના એ ખર્ચાળ તેમ જ જટિલ છે.

(2) **ગુપ્તતાનો અભાવ :** કંપનીનું સંચાલન સામાન્ય રીતે ઘણી વ્યક્તિઓને હસ્તક હોય છે. સંચાલક મંડળની સભાઓમાં દરેક બાબતોની ચર્ચા થાય છે. આથી, એકાકી વેપારી અને ભાગીદારી પેઢીની તુલનામાં સંગઠનનાં કંપની સ્વરૂપમાં ધંધાકીય રહસ્યોની જાળવણી કરવાનું કાર્ય પ્રમાણમાં મુશ્કેલ છે.

**(3) નિર્ણય પ્રક્રિયામાં વિલંબ :** સંગઠનના કંપની સ્વરૂપમાં બધા જ મહત્ત્વના નિર્ણયો સંચાલકમંડળ દ્વારા અથવા શૅરહોલ્ડરો દ્વારા તેમની સભામાં લેવામાં આવે છે. તેથી નિર્ણય પ્રક્રિયા એ સમયની દૃષ્ટિએ ખર્ચાળ છે. જો ઝડપી નિર્ણય લેવાની જરૂર પડે તો એકાએક સભાની વ્યવસ્થા કરવાનું કાર્ય મુશ્કેલ બને છે. આથી નિર્ણય પ્રક્રિયામાં વિલંબને કારણે કેટલીક ધંધાકીય તકો ગુમાવવી પડે છે.

**(4) લઘુમતી હિતોની અવગણના :** શૅરહોલ્ડરોનાં બહુમતી જૂથોના પ્રતિનિધિઓ સંચાલક મંડળમાં સભ્યો બને છે. શૅરહોલ્ડરો કે જેઓ લઘુમતીઓ છે તેઓ સંચાલક મંડળમાં પ્રતિનિધિત્વ મેળવી શક્તા નથી. પરિણામે, લઘુમતી સભ્યોનાં હિતોની અવગણના થઈ શકે છે અને બહુમતી જૂથોના હાથે જુલમ સહન કરે છે.

**(5) આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ :** સંગઠનનું કંપની સ્વરૂપ આર્થિક સત્તાના થોડાક હાથોમાં કેન્દ્રીકરણને ઉત્તેજન આપે છે. કેટલીક વ્યક્તિઓ અનેક કંપનીઓમાં સંચાલકો બને છે, અને તેમનાં વ્યક્તિગત હિતોની વૃદ્ધિની નીતિ ઘડે છે. ગૌણ કંપનીનાં સર્જન માટે અન્ય કંપનીઓનાં શૅરો ખરીદવામાં આવે છે. ગૌણ કંપનીઓની સ્થાપના અને આંતરકંપની ડિરેક્ટરશીપને કારણે આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ થોડા ધંધાકીય ગૃહોના હાથમાં થાય છે.

**(6) વ્યક્તિગત હિતનો અભાવ :** વૈયક્તિક માલિકી અને ભાગીદારી પેઢીઓમાં ધંધાનું સંચાલન માલિકો પોતે જ કરે છે. સંગઠનના કંપની સ્વરૂપમાં રોજબરોજનું સંચાલન પગારદાર વહીવટદારોના હાથમાં હોય છે કે જેમને કંપનીમાં કોઈ જાતનું વ્યક્તિગત હિત હોતું નથી. આ બાબત કર્મચારી અભિપ્રેરણાને ઘટાડે છે અને બિનકાર્યક્ષમતામાં પરિણમે છે.

**(7) વધુ સરકારી નિયંત્રણો :** કંપનીએ કાયદાની અનેક જોગવાઈઓનું પાલન કરવું પડે છે, જેમાંથી વૈયક્તિક માલિકી અને ભાગીદારી મુક્ત છે એ તેથી કંપનીએ કાયદાની વિવિધ જોગવાઈઓનાં પાલનમાં ખૂબ જ સમય આપવો પડે છે, અને પ્રયત્નો કરવા પડે છે.

**(8) છેતરપિંડીયુક્ત સંચાલન :** એવી શક્યતા છે કે કેટલાક અપ્રામાણિક સંચાલકો બનાવટી કંપનીની સ્થાપના કરી શૅરો બહાર પાડી નાણાં એકઠાં કરે છે. પાછળથી તેઓ નાણાં સાથે કંપનીને વિસર્જનની સ્થિતિમાં મૂકીને જતા રહે છે. એ પણ શક્યતા છે કે ડિરેક્ટરો અને વ્યાવસાયિક મૅનેજરો તેમના વ્યક્તિગત લાભ માટે કંપનીનાં સાધનોનો દુરુપયોગ કરે છે અને કંપનીને નુકસાનની સ્થિતિમાં મૂકી દે છે.

**તમારી પ્રગતિની ચકાસણી કરો-ક**

(1) ખાલી જગ્યા પૂરો.

(1) જાહેર મર્યાદિત કંપનીમાં સભ્યોની સંખ્યા; ઓછામાં ઓછી________ અને વધુમાં વધુ________ હોય છે.

(2) ખાનગી મર્યાદિત કંપનીમાં સભ્યોની સંખ્યા; ઓછામાં ઓછી________ અને વધુમાં વધુ ________ હોય છે.

(3) જોઈન્ટ સ્ટૉક કંપનીમાં શૅરહોલ્ડરોની________ જવાબદારી સામાન્ય રીતે________ હોય છે.

(4) સરકારી કંપનીમાં________ ટકા શૅર સરકારને હસ્તક હોય છે.

(5) અમર્યાદિત કંપનીઓમાં સભ્યોની જવાબદારી________ હોય છે.

(6) પાર્લમેન્ટમાં ખાસ કાયદાથી સ્થપાયેલી કંપનીને________ કંપની કહે છે.

(2) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે દર્શાવો.

(1) કંપનીની બાબતમાં શૅરહોલ્ડરો તેમના શૅર અન્ય વ્યક્તિઓને ફેરબદલ કરી શક્તા નથી. ☐ ખરું ☐ ખોટું

(2) કંપની એ કાયદા દ્વારા સર્જિત કૃત્રિમ વ્યક્તિ છે. ☐ ખરું ☐ ખોટું

(3) મોટા પાયા પરના ધંધા માટે કંપની સ્વરૂપ યોગ્ય નથી. ☐ ખરું ☐ ખોટું

(4) વૈયક્તિક માલિકી અને ભાગીદારીની તુલનામાં કંપનીઓ મોટા પાયા પરની કરકસરના લાભો મેળવી શકે છે. ☐ ખરું ☐ ખોટું

(5) કંપની પોતાના નામે મિલકત ખરીદી શકતી નથી. ☐ ખરું ☐ ખોટું

(6) કંપની શરૂ કરવા માટે કાયદાની ઓછી જોગવાઈઓ છે. ☐ ખરું ☐ ખોટું

(7) કંપની તેના માલિકો કરતાં અલગ છે અને તેનું પોતાનું અલગ અસ્તિત્વ છે. ☐ ખરું ☐ ખોટું

(૮) બહુમતી શૅરહોલ્ડરો મૃત્યુ પામે તો કંપની બંધ કરવી પડે છે. ☐ ખરું ☐ ખોટું

## 2.5 સંગઠનનું સહકારી સ્વરૂપ (Co-operative Form of Organisation)

સહકારી મંડળી સંગઠનો સામાન્ય રીતે ગરીબ અને આર્થિક દૃષ્ટિએ નબળા વર્ગો દ્વારા ધંધાકીય દરખાસ્તો દ્વારા તેમનાં આર્થિક હિતોની વૃદ્ધિ માટે શરૂ કરવામાં આવે છે. સહકારી સંગઠનની મૂળભૂત ફિલસૂફી એ જાત મદદ અને પરસ્પર મદદ છે. સહકારી સંગઠનનો પ્રાથમિક હેતુ તેના સભ્યોને સેવા પૂરી પાડવાનો છે. આ બાબતમાં તે સંગઠનના અન્ય ત્રણ સ્વરૂપોથી અલગ પડે છે, જે મૂળભૂત રીતે નફો કરાવવા માટે હોય છે. સહકારી સંગઠનનાં મુખ્ય લક્ષણો નફાને સ્થાને સેવા, હરીફાઈને સ્થાને પરસ્પર સહાય, પરાધીનતાને સ્થાને જાત મદદ અને અનૈતિક ધંધાકીય વ્યવહારોને બદલે નૈતિક એકતાનો છે.

આંતરરાષ્ટ્રીય શ્રમ કાર્યાલય દ્વારા આપવામાં આવેલ વ્યાખ્યા મુજબ ''સહકારી સંગઠન એ વ્યક્તિઓનું મંડળ છે, સામાન્ય રીતે જેમનાં મર્યાદિત સાધનો હોય છે, કે જેઓ લોકશાહી રીતે નિયંત્રિત ધંધાકીય સંગઠનની સ્થાપના દ્વારા સામાન્ય આર્થિક ઉદ્દેશોને સિદ્ધ કરવા સ્વૈચ્છિક રીતે એકઠા થયા હોય છે, તેઓએ જરૂરી મૂડીમાં સરખા હિસ્સે ફાળો આપ્યો હોય છે અને એકમનાં જોખમો અને લાભોમાં વાજબી ફાળો સ્વીકાર્યો હોય છે.''

કેલવર્ટે સહકારની વ્યાખ્યા નીચે મુજબ આપી છે: ''સંગઠનનું એવું સ્વરૂપ છે કે જેમાં વ્યક્તિઓ માનવી તરીકે તેમનાં આર્થિક હિતોની વૃદ્ધિ માટે સમાનતાના ધોરણે સ્વૈચ્છિક રીતે જોડાય છે.''

ભારતીય સહકારી મંડળીઓનો કાયદો, 1912 ની કલમમાં વ્યાખ્યા નીચે મુજબ આપવામાં આવી છે : ''તે એવી સંસ્થા છે, જેનો ઉદ્દેશ સહકારી સિદ્ધાંતો અનુસાર તેના સભ્યોનાં આર્થિક હિતોની વૃદ્ધિ કરવાનો હોય છે.''

આ વ્યાખ્યાઓને આધારે આપણે દર્શાવી શકીએ કે સહકારી સંગઠન એ વ્યક્તિઓનું ''સ્વૈચ્છિક'' સંગઠન છે. જેઓ નાણાકીય દૃષ્ટિએ સધ્ધર હોતા નથી અને પોતાના પગ પર ઊભા રહી શક્તા નથી (આત્મનિર્ભર નથી). તેઓ નફો મેળવવાની દૃષ્ટિએ પરંતુ પોતાના નાણાકીય સાધનોના અભાવને દૂર કરવા એકઠા થાય છે. આવા સંગઠનનો પ્રાથમિક જાતમદદ અને પરસ્પર સહાયનો છે.

સહકારી સંગઠનોની નોંધણી જે તે રાજ્ય કે જ્યાં સહકારી મંડળીનું નોંધાયેલ કાર્યાલય આવેલું હોય તે રાજ્યનાં સહકારી મંડળીનાં રજિસ્ટ્રાર પાસે કરાવવી પડે છે. સહકારી મંડળીની સ્થાપના માટે ઓછામાં ઓછા દસ સભ્યો હોવા જરૂરી છે. પરંતુ સભ્યપદની ગુરુતમ સંખ્યા અંગે કોઈ મર્યાદા નથી.

સંગઠનના કંપની સ્વરૂપની જેમ, મંડળીના સભ્યો તેના માલિક છે. તેઓ મૂડીમાં જરૂરી ફાળો આપે છે અને નફામાંથી હિસ્સો મેળવે છે, જે ડિવિડંડ તરીકે ઓળખાય છે. સભ્યોની જવાબદારી મર્યાદિત છે.

વહીવટ મૅનેજિંગ કમિટીને હસ્તક હોય છે, જેમને વાર્ષિક સામાન્ય સભામાં ચૂંટવામાં આવે છે.

### 2.5.1 મુખ્ય લક્ષણો (Main Features)

ઉપરોક્ત ચર્ચાને આધારે આપણે સહકારી સંગઠનનાં વિશિષ્ટ લક્ષણો નીચે મુજબ દર્શાવી શકીએ :

1. **સ્વૈચ્છિક સંગઠન :** ઉપર દર્શાવ્યા મુજબ એક સામાન્ય ધ્યેયને પૂર્ણ કરવા માટે ઇચ્છતી વ્યક્તિઓ તેમની એક મંડળી રચે છે અને જ્યારે પણ તેઓ ઇચ્છે ત્યારે છોડી શકે છે. આના બે મહત્વના અર્થ છે :

   (અ) કોઈ પણ વ્યક્તિ તેની જ્ઞાતિ, પંથ ,ધર્મ, રંગ, જાતિ વગેરેને ધ્યાનમાં લીધા વગર સભ્ય બની શકે છે.

   (બ) સભ્યો કોઈ પણ જાતનું દબાણ અથવા ધમકી વગર તેમનું સંગઠન સ્થાપવા એકઠા થઈ શકે છે.

2. **સ્વતંત્રતા અને સ્થિરતા :** સહકારી મંડળી તેનું બંધારણ, સામાન્ય કાયદો અને તેના ચાર્ટરની મર્યાદામાં રહીને સ્વયંશાસિત સંગઠન છે. તે પોતાના કાર્યક્ષેત્રની મર્યાદામાં રહીને આત્મનિર્ભર, જાતે જ નવીનીકરણ કરનારી અને આત્મનિયંત્રિત છે. કંપનીની જેમ સહકારી સંગઠન તેના સભ્યો કરતાં અલગ અને સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. આમ તેનું શાશ્વત જીવન હોય છે અને સભ્યો આવે અથવા જાય તેની કોઈ અસર

થતી નથી.

3. **લોકશાહી સંચાલન :** સહકારી સંગઠનનું સંચાલન મૅનેજિંગ કમિટી પાસે હોય છે, સભ્યો દ્વારા ''એક સભ્ય એક મત'' ને આધારે જેઓ ચૂંટાયેલ હોય છે, પછી ભલે કોઈ પણ સભ્ય ગમે તેટલા શૅર ધરાવતો હોય. સભ્યોનો સમૂહ નીતિનું વિશાળ માળખું તૈયાર કરે છે જેની મર્યાદામાં રહીને મૅનેજિંગ કમિટીએ કાર્ય કરવાનું હોય છે. આમ લોકશાહી એ સહકારી મંડળીના સંચાલનનો સિદ્ધાંત છે.

4. **મૂડી :** તેના સભ્યો દ્વારા શૅર મૂડી સ્વરૂપે મૂડી મેળવવામાં આવે છે છતાં શૅર મૂડી ધંધાની મૂડીનો એક મર્યાદિત હિસ્સો છે. મુખ્ય હિસ્સો સરકાર અને ટોચની સહકારી સંસ્થાઓની લોન અથવા કેન્દ્ર કે રાજ્ય સરકારોની ગ્રાંટ અને સહાય દ્વારા મેળવવામાં આવે છે.

5. **સરકારી અંકુશ :** ભારતમાં બધી જ સહકારી મંડળીઓની નોંધણી 1912નો સહકારી મંડળીનો કાયદો અથવા અન્ય રાજ્યોના સહકારી મંડળીના કાયદાઓ અનુસાર થાય છે. આ કાયદાઓનાં વિસ્તૃત નિયંત્રણોની મર્યાદાને આધીન સહકારી મંડળીઓ છે.

6. **સેવાનો હેતુ :** કોઈ પણ સહકારી મંડળીનો પ્રાથમિક ઉદ્દેશ તેના સભ્યોને સેવા પૂરી પાડવાનો છે. તમે જાણો છો કે સંગઠનનાં અન્ય ત્રણ સ્વરૂપોનો પ્રાથમિક ઉદ્દેશ નફો કમાવાનો છે.

7. **મૂડી પર મર્યાદિત વળતર :** સહકારી વ્યવસ્થામાં શૅરહોલ્ડરોએ મૂડીમાં આવેલ ફાળા મુજબ નફો તેમની વચ્ચે વહેંચી દેવામાં આવે છે પરંતુ શૅરહોલ્ડરોને આપવામાં ડિવિડંડનો દર સહકારી મંડળીના કાયદા મુજબ 9% પૂરતો મર્યાદિત છે.

8. **વધારાની વહેંચણી :** ભાગીદારી પેઢી અને કંપનીની બાબતમાં, નફો તેમણે દરેક પૂરી પાડેલ મૂડીના પ્રમાણમાં સભ્યો વચ્ચે વહેંચી દેવામાં આવે છે. સહકારી મંડળીની બાબતમાં શૅરહોલ્ડરોને મર્યાદિત ડિવિડંડ ચૂકવ્યા પછી વધારાનો નફો બોનસ સ્વરૂપે વહેંચવામાં આવે છે. આ બોનસ શૅર મૂડીના પ્રમાણમાં હોતું નથી પરંતુ તેમણે મંડળી સાથે કરેલ ધંધાના પ્રમાણમાં હોય છે. ઉદાહરણ તરીકે, ગ્રાહક સહકારી મંડળીની બાબતમાં સભ્યોએ મંડળી પાસેથી કરેલ ખરીદીના પ્રમાણમાં બોનસ ચૂકવવામાં આવે છે. તે જ રીતે ઉત્પાદકોની મંડળીની બાબતમાં, મંડળીને વેચાણ માટે પૂરા પાડવામાં આવેલ માલના પ્રમાણમાં બોનસ ચૂકવવામાં આવે છે.

## 2.5.2 સહકારી મંડળીઓનું વર્ગીકરણ (Classification of Co-operatives)

સમાજમાં વિવિધ વર્ગોના કલ્યાણની વૃદ્ધિ માટે વિવિધ ક્ષેત્રમાં સહકારી મંડળીઓ શરૂ કરવામાં આવે છે. મહત્ત્વના પ્રકારો નીચે આપવામાં આવ્યા છે :

1. **ગ્રાહકોની સહકારી મંડળીઓ (Consumer Co-operatives) :** જે લોકો પોતાની રોજબરોજની ઘરગથ્થુ વસ્તુઓ વાજબી ભાવે મેળવવા ઇચ્છતા હોય તેઓ ગ્રાહકોની સહકારી મંડળીઓ સ્થાપે છે. આથી મંડળીઓનો મુખ્ય ઉદ્દેશ સભ્યોનું ગેરવાજબી વેપારી દૂષણોથી અને તીવ્ર ગતિથી વધતા ભાવોથી રક્ષણ કરવાનો છે. આથી મંડળીઓ ઉત્પાદકો અથવા જથ્થાબંધ વેપારીઓ પાસેથી મોટા જથ્થામાં માલ ખરીદે છે અને તેના સભ્યોને તેનું વેચાણ કરે છે. કેટલીક વાર બિનસભ્યોને પણ વેચાણ કરે છે.

2. **ઉત્પાદકોની સહકારી મંડળીઓ (Producer's Co-operatives) :** નાના ઔદ્યોગિક ઉત્પાદકો અને કારીગરો દ્વારા સ્થાપવામાં આવતી આ મંડળીઓ છે. તેને ઔદ્યોગિક સહકારી મંડળીઓ પણ કહે છે. મુખ્ય ઉદ્દેશ નાના ઉત્પાદકો અને કામદારોનું શોષણથી રક્ષણ કરવાનો છે. તે શાખ સગવડો પૂરી પાડે છે. કાચો માલ-સામાન પૂરો પાડે છે. સભ્યો દ્વારા ઉત્પાદિત પેદાશોનું વેચાણ કરે છે અને સભ્યોને ભાડે ખરીદ પદ્ધતિથી યંત્રો ખરીદવામાં મદદ કરે છે.

3. **સહકારી વેચાણ મંડળીઓ (Marketing Co-operatives):** જ્યારે ઉત્પાદકો તેમનાં ઉત્પાદનોનું વેચાણની વ્યવસ્થા કરવાના હેતુથી સહકારી મંડળી સ્થાપે છે ત્યારે તેને સહકારી વેચાણ મંડળી કહે છે. આવી મંડળીઓની શરૂઆત ઉત્પાદકો જ્યારે તેમની પેદાશોનું વેચાણ કરે ત્યારે મધ્યસ્થીઓ દ્વારા થતા શોષણમાંથી બચાવવા થાય છે.

4. **ગૃહનિર્માણ સહકારી મંડળીઓ (Housing Co-operatives) :** આવી સહકારી મંડળીઓ મુખ્યત્વે શહેરી વિસ્તારોમાં કાર્ય કરે છે. તેના સભ્યોને રહેઠાણની સગવડ પૂરી પાડવા તેની સ્થાપના થાય છે. ગૃહનિર્માણ મંડળીઓ જમીન પ્રાપ્ત કરે છે, વિન્યાસની યોજના કરે છે, મકાનો બાંધે છે અને પાછળથી સભ્યોને તેની વહેંચણી કરે છે. તેમાંની કેટલીક માત્ર જમીનનો વિકાસ કરે છે અને તેના સભ્યોને પ્લોટોની વહેંચણી કરે છે, જેઓ તેમનાં પોતાનાં મકાનો બાંધે છે. તેમને માટે લોનની સગવડની વ્યવસ્થામાં મંડળી

મદદ કરે છે.

5. **ધિરાણ સહકારી મંડળીઓ (Credit Co-operatives) :** ધિરાણ મંડળીની સ્થાપના જેમને ધિરાણની જરૂર છે એવી વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે છે. આવી મંડળીઓ તેના સભ્યોને વાજબી વ્યાજના દરે ધિરાણની સગવડ પૂરી પાડે છે. આવી ધિરાણ મંડળીઓને ખેત ધિરાણ મંડળીઓ અને બિન ખેત ધિરાણ મંડળીઓમાં વહેંચી શકાય. ખેત ધિરાણ મંડળીઓ ખેડૂતોને ખેતીવાડીમાં ખર્ચાઓ ચૂકવવા લોન પૂરી પાડવાના હેતુથી સ્થાપવામાં આવે છે. આવી મંડળીઓને બીજા બે વર્ગમાં વહેંચી શકાય : (1) જેઓ ટૂંકા ગાળાની અને મધ્યમ ગાળાની લોન પૂરી પાડતી મંડળીઓ, અને (2) લાંબા ગાળાની લોન સાથે સંબંધ ધરાવતી મંડળીઓ.

   ઔદ્યોગિક એકમો અને વિવિધ સંસ્થાઓના કર્મચારીઓ દ્વારા બેંક ખેત ધિરાણ મંડળીઓની રચના કરવામાં આવે છે. આવી મંડળીઓ નાના વેપારીઓ, કારીગરો અને ઓછી આવક જૂથોની વ્યક્તિઓ દ્વારા તેમની ધિરાણની જરૂરિયાતો પૂરી પાડવા માટે નગર અને શહેરોમાં પણ સ્થાપી શકાય છે. આ પ્રકારમાં શહેરી સહકારી બેંકો, બચત મંડળીઓ, કર્મચારી શાખ ધિરાણ મંડળીઓ, ઔદ્યોગિક સહકારી બેંકો, મકાન ગીરો બેંકો વગેરેનો સમાવેશ થાય છે.

6. **કૃષિ સહકારી મંડળીઓ (Farming Co-operatives) :** નાના ખેડૂતો દ્વારા મોટા પાયા પરની કામગીરીની કરકસરનો લાભ મેળવી શકાતો નથી. આથી નાના ખેડૂતો સહકારી મંડળી સ્થાપે છે, સંયુક્ત રીતે કાર્ય કરે છે અને વળતર વહેંચી લે છે. આવી મંડળીઓ નાના અને સીમાંત ખેડૂતોને ખૂબ જ ઉપયોગી છે અને તેઓ મોટા પાયા પરની કામગીરીના લાભો મેળવી શકે છે. તેઓ વધુ સારી સહકારી કૃષિ મંડળી, સહકારી ગણોતિયા કૃષિ મંડળી, સહકારી સંયુક્ત કૃષિ મંડળી, સહકારી સામૂહિક કૃષિ મંડળી વગેરે સ્થાપી શકે છે.

ઉપર દર્શાવેલ સહકારી મંડળીઓ ઉપરાંત અન્ય ઘણા પ્રકારની સહકારી મંડળીઓ હોય છે, કારણ કે સહકારના સિદ્ધાંતો વિશાળ સંખ્યાની પ્રવૃત્તિઓ અને કાર્યોમાં વિસ્તૃત કરી શકાય છે. પ્રક્રિયા સહકારી મંડળીઓ, બાંધકામ સહકારી મંડળીઓ, વાહનવ્યવહાર સહકારી મંડળીઓ, ઑટોરિક્ષા સહકારી મંડળીઓ, ધોબીઓની સહકારી મંડળીઓ, માછીમારોની સહકારી મંડળીઓ, ડેરી સહકારી મંડળીઓ, શેરડી ઉગાડનારાઓની સહકારી મંડળીઓ, તેલીબિયાં પકાવનારાઓની સહકારી મંડળીઓ વગેરે જેવી સહકારી મંડળીઓ જોવા મળે છે. આ બધી મંડળીઓનું ધ્યેય તેમના સભ્યોના કલ્યાણમાં વધારો કરવાનું છે.

## 2.5.3 ફાયદા અને મર્યાદાઓ (Merits and Limitations)

વિવિધ પ્રકારની સહકારી મંડળીઓનાં વિશિષ્ટ ફાયદા અને મર્યાદાઓ છે પરંતુ કેટલાક સામાન્ય ફાયદા અને મર્યાદાઓ છે કે જે બધા જ પ્રકારની સહકારી મંડળીઓમાં જોવા મળે છે.

**ફાયદા :**

1. **સરળ સ્થાપના :** કંપનીની તુલનામાં સહકારી મંડળીની સ્થાપના કરવાનું કાર્ય સરળ છે. સહકારી મંડળી એ સ્વૈચ્છિક સંગઠન છે અને તેથી તેની સ્થાપના સમયે લાંબી અને ગૂંચવાડાભરેલી કાયદાની જોગવાઈઓની જરૂર પડતી નથી. કોઈ પણ દસ પુખ્ત વયની વ્યક્તિઓ સ્વૈચ્છિક રીતે તેમનું મંડળ સ્થાપી શકે છે અને સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર પાસે તેની નોંધણી કરાવી શકે છે.

2. **મર્યાદિત જવાબદારી :** સંગઠનના કંપની સ્વરૂપની જેમ સહકારી મંડળીમાં પણ સભ્યોની જવાબદારી મર્યાદિત છે.

3. **સામાજિક સેવાઓ :** સહકારી મંડળી તેના સભ્યો વચ્ચે ભાઈચારાની ભાવનાને ઉત્તેજન આપે છે અને તેમના રોજિંદા જીવનમાં નૈતિક અને શૈક્ષણિક મૂલ્યોની માહિતી આપે છે, કે જે સારા જીવન માટે આવશ્યક છે.

4. **સરકારી સહાય :** સહકારી મંડળીઓને સરકાર દ્વારા આર્થિક નીતિના એક સાધન તરીકે સ્વીકારવામાં આવી છે. આથી આ સહકારી મંડળીઓને સરકાર દ્વારા અનેક પ્રકારની ગ્રાંટ, લોનો અને નાણાકીય મદદ આપવામાં આવે છે કે જેથી તે અસરકારક રીતે કાર્ય કરી શકે.

5. **ખુલ્લું સભ્યપદ :** સહકારી મંડળીનું સભ્યપદ દરેકને માટે ખુલ્લું હોય છે. કોઈ પણ વ્યક્તિને આર્થિક સ્થિતિ,જાતિ, રંગ અથવા પંથને આધારે સભ્યપદેથી અટકાવવામાં આવતા નથી. વધુમાં વધુ સભ્ય - સંખ્યા અંગે કોઈ નિયંત્રણ નથી.

6. **ઓછા દરે વસ્તુઓનો પુરવઠો :** સહકારી મંડળીઓ સીધી જ ઉત્પાદકો પાસેથી વસ્તુઓની ખરીદી કરે છે

અને તેનું સભ્યોને ઓછા દરે વેચાણ કરે છે. વિતરણ માર્ગમાંથી મધ્યસ્થીઓને દૂર કરવામાં આવે છે.ગ્રાહકોની સહકારી મંડળીઓ સભ્યોને જરૂરી ચીજવસ્તુઓ,જ્યારે બજારમાં વસ્તુઓની તંગી હોય તે સમયે પૂરી પાડે છે. મૂડી માલ પણ (દા.ત યંત્રો વગેરે) ઉત્પાદકો પાસેથી સીધો જ મેળવવામાં આવે છે અને સભ્યોને પૂરો પાડવામાં આવે છે. આથી સહકારી મંડળીઓ ઓછા દરે વસ્તુના નિયમિત પુરવઠાની ખાતરી આપે છે.

**મર્યાદાઓ :-**

1. **વેપારી કુશાગ્ર બુદ્ધિનો અભાવ :** સભ્યોને સામાન્ય રીતે ધંધાકીય અનુભવ હોતો નથી, જેને પરિણામે, જ્યારે તેઓ સંચાલક મંડળના સભ્યો બને છે ત્યારે મંડળીનું કાર્યક્ષમ સંચાલન કરી શકતા નથી. કંપનીઓની જેમ સહકારી મંડળીઓ સંચાલકીય ક્ષમતા સુધારવા બહારના નિષ્ણાતો અને તાલીમ પામેલ વ્યક્તિઓને નોકરીએ રાખી શકતી નથી. કારણ એ છે કે આવું કરવું તેને માટે સ્વીકૃત ઉદ્દેશો અને મર્યાદિત સાધનોને અનુકૂળ નથી.

2. **પરસ્પરના હિતનો અભાવ :** સહકારી મંડળી ત્યારે જ સફળ બને જ્યારે સભ્યો સહકારની ભાવનાથી પ્રેરાયેલા હોય. દુર્ભાગ્યવશ કેટલાક પ્રભાવશાળી સભ્યો સહકારી મંડળીનો ઉપયોગ તેમના વ્યક્તિગત લાભના સાધન તરીકે કરે છે.

3. **હિતનો અભાવ :** કોઈ પણ ધંધામાં સફળતા માટે કેટલાંક વર્ષોનો અવિરત પ્રયત્નો એ પૂર્વ શરત છે પરંતુ ઘણી સહકારી મંડળીઓમાં આવી સ્થિતિ જોવા મળતી નથી. તેની નાટકીય શરૂઆત બાદ ટૂંકા ગાળામાં, સહકારી મંડળીઓ તેની કામગીરીમાં નિષ્પ્રાણ અને નિષ્ક્રિય બની જાય છે.

4. **સંકલનનો અભાવ :** એ બાબતનો ઈન્કાર કરી શકાતો નથી. સભ્યો વચ્ચે અંદરો અંદરનો સંઘર્ષ અને વ્યક્તિગત દુશ્મનાવટ તેમની શક્તિ અને ઉત્સાહને ખતમ કરી નાખે છે. અનેક સહકારી મંડળીઓના પતન માટે સંયુક્ત અને સંકલિત પ્રયાસોનો અભાવ જવાબદાર છે.

5. **ભ્રષ્ટાચાર :** સંગઠનના સહકારી સ્વરૂપની એક ખૂબ જ મહત્ત્વની મર્યાદા એ સહકારી મંડળીઓની કામગીરી અને સંચાલનમાં પ્રવર્તતી ભ્રષ્ટાચારી રીતરસમો છે.

6. **ગુપ્તતાનો અભાવ :** સહકારી મંડળીનું કામકાજ સામાન્ય રીતે સભ્ય સમક્ષ પ્રગટ કરવામાં આવે છે અને તેથી તેમને માટે ધંધાકીય કામકાજની ગુપ્તતા જાળવવાનું કાર્ય મુશ્કેલ બને છે.

7. **અપૂરતી પ્રેરણા :** મૂડી પરનો વળતરનો દર ખૂબ જ નીચો છે તેથી સભ્યો મંડળીના કામકાજમાં પોતાને સાંકળવા ઇચ્છતા નથી.

**તમારી પ્રગતિ ચકાસો- ઘ**

1 નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે દર્શાવો.

(1) સહકારી સંગઠનનો પ્રાથમિક ઉદેશ નફો કમાવવાનો છે. ☐ ખરું ☐ ખોટું

(2) સહકારી મંડળીઓનું સંચાલન એ સંપૂર્ણપણે સરકારને હસ્તક છે. ☐ ખરું ☐ ખોટું

(3) સહકારી મંડળીની સ્થાપના ભારતીય કંપની ધારા, 1956 હેઠળ હોઈ શકે છે. ☐ ખરું ☐ ખોટું

(4) સહકારી મંડળીઓમાં દરેક સભ્યને તેણે સહકારી મંડળીની પ્રત્યે ધંધાના પ્રમાણમાં બોનસ મેળવવાનો અધિકાર છે. ☐ ખરું ☐ ખોટું

(5) સ્ત્રીઓ સહકારી મંડળીની સભ્ય બની શકતી નથી. ☐ ખરું ☐ ખોટું

2. ખાલી જગ્યા પૂરો.

1. સહકારી મંડળીમાં સભ્યોની જવાબદારી______ હોય છે.
2. સહકારી મંડળીની સ્થાપના માટે ઓછામાં ઓછા______ સભ્યો હોવા જોઈએ.
3. સહકારી મંડળીમાં વધુમાં વધુ સભ્ય સંખ્યા______ હોય છે.
4. સહકારી મંડળીનો પ્રાથમિક ઉદેશ______ હોય છે.
5. સહકારી મંડળીમાં સભ્યોને શૅરમૂડી પર આપી શકાતો મહત્તમ ડિવિડંડ દર______ હોય છે.

## 2.6 સારાંશ

માલિકીને આધારે ધંધાકીય સંગઠનનાં ચાર મૂળભૂત સ્વરૂપો છે : (1) વૈયક્તિક માલિકી સંગઠન (2) ભાગીદારી સંગઠન (3) કંપની સંગઠન (4) સહકારી સંગઠન.

જે ધંધાની માલિકી, મૂડી પૂરી પાડવી અને અંકુશ એક જ વ્યક્તિનો હોય તેને વૈયક્તિક માલિકી સંગઠન કહે છે, આ નાના ધંધા માટે ખૂબ જ યોગ્ય છે. ધંધાકીય એકમ અને માલિક વચ્ચે કોઈ તફાવત નથી. આ સંગઠનના સ્વરૂપને અંકુશની ગુપ્તતાની જાળવણી, સરળતા, અને સ્થાપનાનો ઓછો ખર્ચ, વિસર્જનની સરળતા અને ઓછા સરકારી નિયંત્રણો વગેરે લાભો છે. માલિકીની અમર્યાદિત જવાબદારી, મૂડી મેળવવામાં મુશ્કેલી, મર્યાદિત સંચાલન કૌશલ્ય, અસ્થિર ધંધાકીય જીવન અને લાયક કર્મચારીઓને આકર્ષવાની મુશ્કેલી વગેરે મર્યાદાઓ છે.

ભાગીદારી એ બે કે વધુ વ્યક્તિઓનું સંગઠન છે, જેઓ સહમાલિકોના રૂપમાં નફો મેળવવા ધંધો ચલાવે છે. સામાન્ય રીતે ભાગીદારો વચ્ચે લેખિત કે મૌખિક કરાર થયેલો હોય છે. જેમાં ધંધામાં દરેક ભાગીદારનો ફાળો, ભાગીદારોની ભૂમિકા, અને અન્ય કરારના મહત્ત્વના મુદ્દાઓની સ્પષ્ટતા કરવામાં આવે છે. ભાગીદારો વિવિધ પ્રકારના હોય છે, જેનો આધાર (અ) સંચાલનમાં ભાગ લેવાનું પ્રમાણ (બ) નફામાં ભાગ (ક) દર્શાવેલ વર્તણૂક અને વ્યવહાર અને (ડ) વહેંચેલ જવાબદારી છે. ભાગીદારી સંગઠનો વૈયક્તિક માલિકીના સંગઠનની કેટલીક મર્યાદાઓ દૂર કરે છે. ભાગીદારીના ફાયદામાં મૂડી, વધુ નિષ્ણાત સંચાલન, વધુ ચોકસાઈ, મહત્ત્વના કર્મચારીઓને વધુ પ્રેરણા વગેરેનો સમાવેશ કરી શકાય. ભાગીદારીમાં અમર્યાદિત જવાબદારી, હિસ્સાની ફેરબદલીમાં મુશ્કેલી, માલિકોમાં મતભેદની શક્યતા, ટૂંકુ આયુષ્ય વગેરે મર્યાદાઓ છે.

વૈયક્તિક માલિકી અને ભાગીદારીની મર્યાદાઓએ સંગઠનના કંપની સ્વરૂપને પેદા કર્યું. કંપની એ કાયદા દ્વારા સર્જિત કૃત્રિમ વ્યક્તિ છે, જેને વિશિષ્ટ નામ, સામાન્ય મહોર અને શાશ્વત વારસાહક હોય છે. કંપનીઓને વિવિધ પ્રકારમાં વહેંચી શકાય, જેના આધારો છે : (અ) સ્થાપનાની રીત (બ) શેરહોલ્ડરોની જવાબદારીનું પ્રમાણ (ક) શેરહોલ્ડરોનું સ્વરૂપ (ડ) કામગીરીનું ક્ષેત્ર. સંગઠનના કંપની સ્વરૂપના મુખ્ય ફાયદામાં શેરહોલ્ડરોની મર્યાદિત જવાબદારી, શેરની ફેરબદલી , અસ્તિત્વની સ્થિરતા, વધારે મૂડી મેળવવાની સરળતા, વધુ સંચાલકીય કૌશલ્ય વગેરેનો સમાવેશ કરી શકાય. મહત્ત્વની મર્યાદાઓ છે, સ્થાપનાનો ખર્ચ અને મુશ્કેલી, વધુ સરકારી નિયંત્રણો, ગુપ્તતાની જાળવણીનો અભાવ, ત્વરિત નિર્ણય પ્રક્રિયાની ઓછી શક્યતા વગેરે.

સંગઠનનું સહકારી સ્વરૂપ એ વ્યક્તિઓનું સ્વૈચ્છિક મંડળ છે. જેઓ નાણાકીય દૃષ્ટિએ સધ્ધર નથી અને પગભર નથી, તેઓ નફો મેળવવાના ઉદ્દેશથી ભેગા થતા નથી પરંતુ પૂરતાં નાણાકીય સાધનોની તંગીને કારણે ઉદ્‌ભવતી મુશ્કેલીઓને દૂર કરવા માટે ભેગા થાય છે. તેનો આધારભૂત ઉદેશ છે જાતમદદ અને પરસ્પર સહાય. સંગઠનના સહકારી સ્વરૂપના ફાયદામાં સરળ સ્થાપના, મર્યાદિત જવાબદારી, સરકારી સહાય, ખુલ્લું સભ્યપદ વગેરેનો સમાવેશ કરી શકાય. મર્યાદાઓમાં ધંધાદારી કુનેહનો અભાવ, પારસ્પરિક હિતનો અભાવ, ગુપ્તતાની જાળવણીનો અભાવ, સભ્યો વચ્ચે સ્પર્ધા વગેરેનો સમાવેશ કરી શકાય.

## 2.7 મહત્ત્વના શબ્દો (Key words)

**કંપની :** કંપની ધારા હેઠળ નોંધાયેલ વ્યક્તિઓનું મંડળ, વિશિષ્ટ નામ, સામાન્ય મહોર અને તેના સભ્યોનો શાશ્વત વારસાહક સાથેની કાયદા દ્વારા સર્જિત કૃત્રિમ વ્યક્તિ.

**ખાનગી મર્યાદિત કંપની :** એવી કંપની કે જે પોતાના નિયમનપત્ર દ્વારા (અ) તેના સભ્યોની વધુમાં વધુ સભ્ય સંખ્યા 50 પૂરતી મર્યાદિત રાખે છે, જેમાં કર્મચારીઓનો સમાવેશ થતો નથી, (બ) તેના શેરની ફેરબદલીના હક પર નિયંત્રણ મૂકે છે. અને (ક) તેના શેર અને ડિબેંચરો ખરીદવા માટે જાહેર જનતાને આમંત્રણ આપવા પર પ્રતિબંધ મૂકે છે.

**ખાસ ધારા સર્જિત કંપની :** સંસદ અથવા રાજ્ય વિધાનસભાના ખાસ કાયદાથી સ્થાપવામાં આવેલી કંપની.

**ચાર્ટર્ડ કંપની :** રાજા દ્વારા આપવામાં આવેલ ખાસ સનદ દ્વારા સ્થાપના કરવામાં આવે છે તેવી કંપની.

**જાહેર મર્યાદિત કંપની :** એવી કંપની કે જે ખાનગી મર્યાદિત કંપની નથી.

**નામનો ભાગીદાર :** એવો ભાગીદાર કે જે ભાગીદારી પેઢીને માત્ર પોતાનું નામ આપે છે, તે તેની મૂડીનું રોકાણ કરતો નથી કે સંચાલનમાં ભાગ લેતો નથી.

**નફામાં ભાગીદાર :** જે ભાગીદાર પેઢીના ધંધાના નુકસાનમાં કોઈ જાતની જવાબદારી વગર નફામાંથી ભાગ મેળવે છે.

**નોંધાયેલી કંપની :** એવી કંપની કે જે કંપનીધારા હેઠળ સ્થપાયેલી હોય છે.

**નિષ્ક્રિય ભાગીદાર :** ભાગીદારી પેઢીનો એવો ભાગીદાર કે જે પેઢીના કામકાજ સાથે સક્રિય રીતે સંકળાયેલો હોતો નથી.

**પ્રતીતિજન્ય ભાગીદાર :** જો ભાગીદારી પેઢીનો સભ્ય એવી રજૂઆત કરે કે અન્ય વ્યક્તિ પણ પેઢીનો સભ્ય છે અને જો તે વ્યક્તિ તે બાબત જાણ્યા પછી પણ ભાગીદારી સંબંધોનો ઇન્કાર ન કરે તો તેવી વ્યક્તિને પ્રતીતિજન્ય ભાગીદાર કહે છે.

**બાંયધરી દ્વારા મર્યાદિત કંપની :** એવી કંપની કે જેના સભ્યોની જવાબદારી તેના આવેદનપત્ર દ્વારા એવી રકમ પૂરતી મર્યાદિત હોય છે, જે કંપનીના વિસર્જન સમયે કંપનીની મિલકતમાં ફાળો આપવાની સભ્યોએ બાંયધરી આપી હોય છે.

**ભાગીદાર :** એવી વ્યક્તિ કે જે ભાગીદારી પેઢીની સભ્ય હોય છે.

**ભાગીદારી કરાર :** ભાગીદારો દ્વારા કરવામાં આવેલ લેખિત અથવા મૌખિક કરાર, જેમાં ભાગીદારીના બંધારણના નિયમો અને નિયંત્રણો દર્શાવવામાં આવે છે.

**ભાગીદારી કરારનામું :** નોંધાયેલ અને યોગ્ય સ્ટેમ્પ ધરાવતો લેખિત ભાગીદારી કરાર.

**ભાગીદારી સંગઠન :** બે કે વધુ વ્યક્તિઓનું મંડળ, જેઓ ધંધો કરી નફો વહેંચી લેવા એકઠા થયા હોય છે અને તેનું સંચાલન બધા દ્વારા અથવા બધા વતી એક દ્વારા થતું હોય છે.

**મર્યાદિત ભાગીદાર :** એવો ભાગીદાર કે જેની જવાબદારી તેણે પૂરી પાડેલ મૂડી પૂરતી મર્યાદિત હોય છે.

**માની લેવાયેલ ભાગીદાર :** એવી વ્યક્તિ કે જેની વર્તણૂક અને આચરણ એવી છાપ ઊભી કરે છે કે તે ભાગીદારી પેઢીમાં એક ભાગીદાર હોય છે.

**સક્રિય ભાગીદાર :** ભાગીદારીના ધંધામાં કામકાજમાં જે સક્રિય ભાગ લે છે તે ભાગીદાર.

**સહકારી સંગઠન :** સહકારી મંડળીના કાયદા હેઠળ સ્થાપવામાં આવેલ વ્યક્તિઓનું સ્વૈચ્છિક સંગઠન.

**સામાન્ય ભાગીદાર :** ભાગીદારી સંગઠનનો એવો ભાગીદાર કે જેની જવાબદારી અમર્યાદિત હોય છે અને જે ધંધાના સંચાલનમાં ભાગ લેવાનો અધિકાર ધરાવે છે.

**સરકારી કંપની :** એવી કંપની કે જેની ઓછામાં ઓછી 51% ભરપાઈ મૂડી સરકારને હસ્તક હોય છે.

**સંયુક્ત હિંદુ કુટુંબ પેઢી :** સંયુક્ત હિંદુ કુટુંબની માલિકીવાળી ધંધાદારી પેઢી.

**શૅર દ્વારા મર્યાદિત કંપની :** એવી કંપની કે જેના સભ્યોની જવાબદારી તેના આવેદનપત્ર દ્વારા તેમણે ધારણ કરેલ શૅરની કિંમત પૂરતી મર્યાદિત હોય છે.

**એકાકી વેપારી સંગઠન :** એક વ્યક્તિનો ધંધો કે જેમાં એક વ્યક્તિ સ્વતંત્ર રીતે તેની પોતાની મૂડી, કૌશલ અને બુદ્ધિશક્તિથી જોડે છે અને તે બધો જ નફો મેળવવા હકદાર છે અને માલિકીનાં બધાં જ જોખમો ઉઠાવે છે.

**અમર્યાદિત કંપની :** એવી કંપની કે જેમાં સભ્યોની જવાબદારી અમર્યાદિત હોય છે.

## 2.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો

Bhushan Y.K. 1987, *Fundamentals of Business Organisation & Management*, Sultan Chand & Sons : New Delhi. (Part Two,Chapter 1, 2 & 3)

Musselman,V. A. and J. H. Jackson,1985, *Introduction to Modern Business*. Prentice Hall of India : New Delhi. (Chapter 3)

Ramesh, M. S. 1985, *Principles and Practice of Business Organisation, Administration & Management*, Kalyani Publishers : New Delhi. (Volume 1, Chapters 4 to 7)

Singh, B. P. and T. N. Chhabra,1988, *Business Organisation & Management*, Kitab Mahal: Allahabad, (Part One, Chapters 4 & 5)

## 2.9 ' તમારી પ્રગતિ ચકાસો ' ના જવાબો

A 1 (i) અમર્યાદિત (ii) માલિક (iii) નાનો (iv) એક (v) માલિક

2 (i) ખોટું (ii) ખરું (iii) ખોટું (iv) ખરું (v) ખોટું

B 1 (i) દસ (ii) અમર્યાદિત (iii) નિષ્ક્રિય (iv) બે (v) ભાગીદારી કરારનામું (vi) માની લીધેલ ભાગીદાર (vii) મર્યાદિત ભાગીદાર

2 (i) ખોટું (ii) ખોટું (iii) ખરું (iv) ખોટું (v) ખરું (vi) ખોટું (vii) ખોટું (viii) ખરું

C 1 (i) 7, અમર્યાદિત (ii) 2, 50 (iii) મર્યાદિત (iv) 51 (v) અમર્યાદિત (vi) ખાસ ધારા સર્જિત

2 (i) ખોટું (ii) ખરું (iii) ખોટું (iv) ખરું (v) ખોટું (vi) ખોટું (vii) ખરું (viii) ખોટું

D 1 (i) ખોટું (ii) ખોટું (iii) ખોટું (iv) ખરું (v) ખોટું

2 (i) મર્યાદિત (ii) દસ (iii) અમર્યાદિત (iv) જાતમદદ અને પરસ્પર સહાય (v) 9 %

## 2.10 સત્રાંત પ્રશ્નો

1. એકાકી વેપારી સંગઠન એટલે શું ? એકાકી વેપારી સંગઠનનાં ફાયદા અને મર્યાદાઓ દર્શાવો.
2. ''વૈયક્તિક માલિકોની મર્યાદાઓ અને નિષ્ફળતાઓને કારણે મુખ્યત્વે ભાગીદારી સંગઠનનો ઉદ્ભવ થયો છે.'' ચર્ચો.
3. ભાગીદારી એટલે શું ? તે જોઇન્ટ સ્ટૉક કંપની કરતાં કઇ રીતે જુદી પડે છે ?
4. જોઇન્ટ સ્ટૉક કંપની એટલે શું ? તે સંગઠનનાં બિનકોર્પોરેટ સ્વરૂપોની મર્યાદાઓને કેવી રીતે દૂર કરે છે ?
5. સંગઠનના સહકારી સ્વરૂપની વિશિષ્ટ લાક્ષણિકતાઓ ચર્ચો. તે કંપની કરતાં કઇ રીતે જુદી પડે છે ?
6. સંગઠનના સહકારી સ્વરૂપનો મુખ્ય ઉદેશ શો છે ? તેના ફાયદા અને મર્યાદાઓ સમજાવો.

નોંધ : આ એકમને સારી રીતે સમજવામાં આ પ્રશ્નો તમને મદદરૂપ નીવડશે. તેના જવાબો લખવાના પ્રયત્ન કરો. પરંતુ યુનિવર્સિટીને તમારા જવાબો મોકલશો નહીં. આ ફક્ત તમારા મહાવરા માટે જ છે.

# એકમ 3 ધંધાકીય સંગઠનનાં સ્વરૂપો 2 (Forms of business organisation-II)

## રૂપરેખા


3.0 ઉદ્દેશો
3.1 પ્રસ્તાવના
3.2 ધંધાકીય સંગઠનના આદર્શ સ્વરૂપની જરૂરિયાતો
3.3 સંગઠનનાં વિવિધ સ્વરૂપોની તુલના
3.4 સંગઠનની પસંદગીનો માપદંડ
3.4.1 ધંધાની શરૂઆતના સમયનો માપદંડ
3.4.2 વિસ્તૃતીકરણ સમયનો માપદંડ
3.5 સંગઠનના સ્વરૂપની પસંદગી.
3.5 સારાંશ
3.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો
3.8 'તમારી પ્રગતિ ચકાસો' જવાબો
3.9 સત્રાંત પ્રશ્નો/સ્વાધ્યાય


## 3.0 ઉદ્દેશો

આ એકમના અંતે તમે,

* ધંધાકીય સંગઠનનાં આદર્શ સ્વરૂપનાં લક્ષણો દર્શાવી શકશો.
* ધંધાકીય સંગઠનનાં ચાર સ્વરૂપોની સરખામણી કરી શકશો.
* ધંધાકીય સંગઠનનાં સ્વરૂપની પસંદગીના ધોરણની રૂપરેખા દર્શાવી શકશો.

## 3.1 પ્રસ્તાવના

એકમ 2માં તમે શીખી ગયા કે ધંધાકીય સંગઠનનાં ચાર સ્વરૂપો છે, જેવાં કે (1) વૈયક્તિક માલિકી (2) ભાગીદારી (3) જોઇન્ટ સ્ટૉક કંપની અને (4) સહકારી મંડળી.આ ચારેય સ્વરૂપોના દરેકનાં મુખ્ય લક્ષણો, ફાયદાઓ અને મર્યાદાઓ વિશે પણ તમે શીખી ગયાં.

એકાકી વેપારી અને ભાગીદારીના અંકુશ, ધંધાકીય રહસ્યની જાળવણી, પ્રેરણા,સ્થાપનાની સરળતા અને સંગઠનનો ઓછો ખર્ચ વગેરે દૃષ્ટિએ ફાયદા છે. પરંતુ મર્યાદિત સાધનો,મર્યાદિત સંચાલકીય શક્તિઓ સાથે અમર્યાદિત જવાબદારી વગેરે તેમની મર્યાદાઓ છે. બીજી બાજુ સંગઠનના કંપની સ્વરૂપનાં વધુ સાધનો, મર્યાદિત જવાબદારી અને વિવિધ સંચાલકીય કૌશલ્ય વગેરે ફાયદા છે.

જ્યારે તમે કોઇ નવો ધંધો સ્થાપવાની યોજના બનાવો ત્યારે તમારે એ નિર્ણય લેવો પડે છે કે વિચારેલ ધંધા માટે સંગઠનનું કયું સ્વરૂપ વધુ યોગ્ય છે. આ માટે તમારે વિચારેલ ધંધાના સ્વરૂપના સંદર્ભમાં સંગઠનનાં ચારેય સ્વરૂપો પૈકી દરેકની યોગ્યતાનું ટીકાત્મક વિશ્લેષણ કરવું પડશે. આ એક મહત્ત્વપૂર્ણ નિર્ણય છે કારણ કે તે ઉદ્યોગ સાહસિકના અધિકારો અને જવાબદારી તેમ જ નફો અને નુકસાનની વહેંચણી નક્કી કરે છે. એક વાર તેની પસંદગી કર્યા પછી તેમાં ફેરફાર કરવાનું કાર્ય ખૂબ જ મુશ્કેલ અને ખર્ચાળ છે. આ એકમમાં તમે સંગઠનનાં આદર્શ સ્વરૂપની આવશ્યકતાઓ વિશે શીખશો. સંગઠનનાં ચારેય સ્વરૂપોની તુલના કરશો. સંગઠનના સ્વરૂપની પસંદગીમાં અસર કરતાં પરિબળોનું વિશ્લેષણ કરશો અને આપેલ સંજોગોમાં કયું સ્વરૂપ વધુ યોગ્ય છે તેનો નિર્ણય લેશો.

## 3.2 ધંધાકીય સંગઠનના આદર્શ સ્વરૂપની જરૂરિયાતો (Requisites of An Ideal Form of Business Organisation)

આપેલ સંજોગોમાં ધંધાકીય સંગઠનના અમુક સ્વરૂપની પસંદગી કેવી રીતે કરવી તેની ચર્ચા કરીએ તે પહેલાં આપણે સંગઠનના આદર્શ સ્વરૂપની આવશ્યકતાઓ જાણવી જરૂરી છે. આ બાબત આપણને સંગઠનના દરેક સ્વરૂપનું યોગ્ય મૂલ્યાંકન કરવામાં અને અમુક સ્વરૂપની ડહાપણભરી પસંદગીનો અંતિમ નિર્ણય લેવામાં મદદરૂપ થશે. સંગઠનના આદર્શ સ્વરૂપની આવશ્યકતાઓ નીચે મુજબ છે :

(1) **સ્થાપનાની સરળતા :** સંગઠનના અમુક સ્વરૂપની બીજા સ્વરૂપ કરતાં પસંદગી કરવામાં મહત્ત્વનું પરિબળ એ ધંધાને અસ્તિત્વમાં લાવવાની સરળતા છે. સંગઠનના કોઈ એક સ્વરૂપની સ્થાપનાની તુલનાત્મક સરળતા કે મુશ્કેલીનો આધાર મુખ્યત્વે ત્રણ પરિબળો પર રહેલો છે. (1) નોંધણી ફી, સ્ટેમ્પ ડ્યૂટી, કાયદાકીય નિષ્ણાતોની ફી, દસ્તાવેજોના ઘડતર સાથે સંકળાયેલ ખર્ચ, પરવાનો મેળવવો વગેરે દ્વારા થતા સ્થાપનાના ખર્ચા (2) કાયદાકીય જોગવાઈઓ અને (3) કાર્યવિધિમાં થતો વિલંબ વગેરે. જ્યાં સુધી આવશ્યક ન હોય ત્યાં સુધી એવા સંગઠનને પસંદ કરવું યોગ્ય ગણાય કે જેની સ્થાપના કરવી સરળ હોય.

(2) **મૂડી એકત્રિત કરવાની તક :** સંગઠનના સ્વરૂપની પસંદગી મુખ્યત્વે જરૂરી મૂડીની રકમ પર આધાર રાખે છે, જે ધંધાના સ્વરૂપ અને કામગીરીના પ્રમાણને આધારે નક્કી થાય છે. ઉદાહરણ તરીકે જો તમે કરિયાણાની છૂટક દુકાન ખોલવા ઇચ્છતા હો તો જરૂરી મૂડીનું પ્રમાણ બહુ નહીં હોય. પરંતુ તમે જો ખાંડની ફેક્ટરી સ્થાપવા ઇચ્છતા હો તો મોટા પ્રમાણમાં મૂડીની જરૂર પડશે. સંગઠનનું આદર્શ સ્વરૂપ એ છે જ્યારે અને જ્યાં જરૂર પડે ત્યારે તેટલી મૂડીની રકમ એકત્રિત કરવાની તક પૂરી પાડે.

(3) **જવાબદારીનું પ્રમાણ :** તમે જાણો છો કે દરેક ધંધામા જોખમ અને અનિશ્ચિતતાનું તત્ત્વ રહેલું છે. આ દૃષ્ટિએ સામાન્ય રીતે ધંધાદારી વ્યક્તિ મર્યાદિત જવાબદારી પસંદ કરશે. દેખીતી રીતે મર્યાદિત જવાબદારીને સંગઠનના સારા સ્વરૂપના એક મહત્ત્વના લક્ષણ તરીકે ગણવામાં આવે છે. છતાં ધંધામાં પહેલવૃત્તિ, પ્રેરણા, સંડોવણી પૂરી પાડવા માટે થોડુંક જોખમ હોવું જરૂરી છે. ઘણી વાર આવી પ્રેરણાનો અભાવ સંચાલન, કર્મચારીઓને અશક્તિ, બિનકાર્યક્ષમતા અને અપ્રમાણિકતા તરફ દોરે છે.

(4) **કામગીરીમાં પરિવર્તનક્ષમતા :** સંગઠનનું સ્વરૂપ ખૂબ જ પરિવર્તનક્ષમ અને બદલાતી જતી ધંધાની પરિસ્થિતિમાં ખાસ મુશ્કેલી અથવા ગૂંચવાડા વગર અપનાવી શકાય તેવું હોવું જોઈએ. ઉદાહરણ તરીકે તમે તમારા ધંધાને વિકસાવવા માંગો છો. વૈવિધ્યીકરણ કરવા માંગો છો અથવા પ્લાન્ટ અને સાધનોનું આધુનિકીકરણ કરવા માંગો છો. આ બધી જરૂરિયાતોને પૂર્ણ કરી શકે તેવું સંગઠન હોવું જોઈએ.

(5) **સ્થિરતા અને સાતત્ય :** માલિકો, કર્મચારીઓ અને ગ્રાહકોની દૃષ્ટિએ ધંધાનું લાંબું આયુષ્ય અને સ્થિરતા હિતાવહ છે. કર્મચારીઓ હંમેશાં સ્થિર અને સાતત્યપૂર્ણ નોકરી પસંદ કરે છે. જો ધંધો સ્થિર હશે તો માલિકો ભવિષ્ય માટેની યોજનાઓ ઘડી શકશે અને રોકાણોને સારા એવા લાંબા સમય સુધી આવક આપનાર બનાવી શકશે. ગ્રાહકોની દૃષ્ટિએ પણ, તેમની જરૂરિયાતો પૂર્ણ કરવા વસ્તુ અને સેવાઓનો નિયમિત પુરવઠો અપેક્ષિત છે. સંગઠનનું આદર્શ સ્વરૂપ એ છે કે ધંધાને પૂરતા પ્રમાણમાં સ્થિરતા પૂરી પાડે છે.

(6) **સંચાલનની અસરકારકતા :** તમે જાણો છો કે કોઈ પણ ધંધાકીય એકમની સફળતાનો આધાર સંચાલનની કાર્યક્ષમતા પર રહેલો છે. સંચાલકીય કાર્યક્ષમતાનો આધાર કૌશલ્ય, પ્રેરણા, પરિવર્તન ક્ષમતા, કુનેહ વગેરે પર રહેલો છે. આ બધી જ લાક્ષણિકતાઓ ધરાવવી કોઈ એક વ્યક્તિ માટે મુશ્કેલ બાબત છે.

(7) **સરકારી નિયંત્રણ અને અંકુશોનું પ્રમાણ :** જો વધુ પડતાં સરકારી નિયંત્રણો અને અંકુશો હોય તો એકમે કાયદાની જોગવાઈઓ અને સૂચનાઓના પાલનમાં વધુ સમય, નાણાં અને શક્તિનો વ્યય કરવો પડશે. કેટલાક કિસ્સામાં પેઢીના રોજબરોજના ધંધામાં સરકારી અધિકારીઓ દ્વારા વધુ પડતો હસ્તક્ષેપ હોય છે. એમાં શંકા નથી કે રોકાણકારો, લેણદારો અને ગ્રાહકો એવા ધંધાકીય એકમ પર વિશ્વાસ રાખે છે જેની પ્રવૃત્તિઓ સરકાર દ્વારા યોગ્ય રીતે નિયંત્રિત કરવામાં આવતી હોય. પરંતુ વધુ પડતો સરકારી હસ્તક્ષેપ ઉદ્યોગ સાહસિકો પસંદ કરતા નથી, કારણ કે તે તેમની પહેલવૃત્તિને નુકસાન કરે છે અને તેમના ધંધાની કામગીરીને ખોરવી નાખે છે.

(8) **ધંધાકીય ગુપ્તતા :** ધંધામાં એ બાબત મહત્ત્વની છે કે હરીફોને જાણ ન થાય તે રીતે ધંધાકીય રહસ્યોની

જાળવણી થવી જરૂરી છે. આથી સંગઠનનું જે સ્વરૂપ ધંધાકીય રહસ્યોની જાળવણી શક્ય બનાવે તે સ્વરૂપ પસંદ કરવામાં આવે છે. જેમાં ધંધાકીય રહસ્યોની જાળવણી મુશ્કેલ છે તેને પસંદ કરવામાં આવતું નથી.

(૯) **કરવેરાનો બોજો :** ધંધાકીય કરવેરા જેવા કે વેચાણવેરો, આબકારી, જકાત, કસ્ટમ ડ્યુટી વગેરે કેટલીક પેદાશો અને સેવાઓ પર લગાડવામાં આવે છે. આથી આવા કરવેરા દરેક સ્વરૂપને એકસરખી અસર કરે છે અને પસંદગી પર તેની કોઈ અસર થતી નથી પરંતુ આવક વેરાની જવાબદારી સંગઠનના એક સ્વરૂપથી બીજા સ્વરૂપ પર અલગ અલગ હોય છે. સ્વાભાવિક છે કે સંગઠનના જે સ્વરૂપ પર કરવેરાની જવાબદારી ઓછામાં ઓછી છે તેને આદર્શ સ્વરૂપ ગણવામાં આવે છે. આ દૃષ્ટિએ સંગઠનનું કંપની સ્વરૂપ શ્રેષ્ઠ ગણવામાં આવે છે કારણ કે તેને કરવેરાની અનેક રાહતોનો લાભ મળે છે, જે સંગઠનનાં અન્ય સ્વરૂપોમાં મળી શકતો નથી.

(10) **માલિકી વિશેષાધિકારો :** કેટલીક વ્યક્તિઓની એવી તીવ્ર ઇચ્છા હોય છે કે તેઓ સમગ્ર ધંધાની પ્રવૃત્તિઓનું જાતે જ નિયંત્રણ કરે અને વ્યક્તિગત નેતાગીરીના તેમના હક પર વધુ ભાર મૂકે છે. કેટલીક વ્યક્તિઓ ધંધાની જવાબદારીઓ અને જોખમોને વહેંચી લેવા ઇચ્છતા હોય છે. કેટલીક વ્યક્તિઓ મૂડીનો અમુક હિસ્સો ધરાવવા ઇચ્છતા હોય છે પરંતુ ધંધાની કામગીરી પર નિયંત્રણ રાખવાની તેમની તીવ્ર ઇચ્છા હોતી નથી. તમે એવી કેટલીક વ્યક્તિને જોશો જેઓ ધંધાનાં જોખમો ઉઠાવવા તૈયાર થશે નહીં. સંગઠનનું આદર્શ સ્વરૂપ માલિકોની આવી બધી પૂર્વશરતોની તકેદારી રાખે છે.

## 3.3 સંગઠનનાં વિવિધ સ્વરૂપોની તુલના (Comparison of Various Forms of Organisations)

તમે શીખી ગયા કે સંગઠનના આદર્શ સ્વરૂપમાં સરળ સ્થાપના, મર્યાદિત જવાબદારી, મૂડી એકઠી કરવાની તક, ધંધાની ગુપ્તતા, પરિવર્તનક્ષમતા, કામગીરીમાં સ્થિરતા, ઓછાં સરકારી નિયંત્રણો, કરવેરાનું ઓછું ભારણ વગેરે લક્ષણો હોવાં જોઈએ. તમે જાણો છો કે સંગઠનનાં ચાર સ્વરૂપો છે :(૧) વૈયક્તિક માલિકી (૨) ભાગીદારી (૩) કંપની અને (૪) સહકારી મંડળી. સંગઠનના આદર્શ સ્વરૂપના ઉપર દર્શાવેલા લક્ષણોને આધારે સંગઠનનાં આ ચારેય સ્વરૂપોની હવે તુલના કરીએ. આવી તુલના દ્વારા સંભવિત રીતે આપણે સંગઠનના એવા સ્વરૂપને શોધી શકીએ જેમાં બધાં જ આદર્શ લક્ષણો હોય. કોઠા નં ૩.૧ તરફ જુઓ અને ધંધાકીય સંગઠનનાં ચારેય સ્વરૂપોના લક્ષણોની તુલના કરો.

ટેબલ નં. 3.1

<u>સંગઠનનાં વિવિધ સ્વરૂપોનો તુલનાત્મક અભ્યાસ</u>

| અ. નં. | તુલનાનો આધાર | વૈયક્તિક માલિકી | ભાગીદારી | ખાનગી મર્યાદિત કંપની | જાહેર મર્યાદિત કંપની | સહકારી સંગઠન |
|---|---|---|---|---|---|---|
| ૧. | સ્થાપના | સૌથી વધુ સરળ કોઈ પ્રકાર કાનૂની જોગવાઈઓ જરૂરી નથી. | પ્રમાણમાં સરળ કોઈ કડક કાનૂની જોગવાઈઓ નથી. | કાનૂની જોગવાઈને કારણે મુશ્કેલ. | કાયદાની પર્ણી જોગવાઈઓને | કાયદાની ઓછી જોગવાઈ જરૂરી છે. |
| ૨. | વિશિષ્ટ નિયંત્રણ | કોઈ નહીં | ભારતીય ભાગીદારી કાયદો, ૧૯૩૨. | કંપની ધારો, ૧૯૫૬ | કંપની ધારો, ૧૯૫૬ | સહકારી મંડળીનો કાયદો, ૧૯૧૨ |
| ૩. | કાનુની દરજ્જો | અલગ કાનૂની દરજ્જો નથી. | અલગ કાનૂની દરજ્જો નથી. | અલગ કાનૂની દરજ્જો. | અલગ કાનૂની દરજ્જો. | અલગ કાનૂની દરજ્જો |
| ૪. | સભ્યપદ | એક માલિક | ઓછામાં ઓછા ૨, વધુમાં વધુ બૅકિંગના ધંધામાં ૧૦ અને અન્યમાં ૨૦. | ઓછામાં ઓછા ૨, અને વધુમાં વધુ ૫૦ | ઓછામાં ઓછા ૭ અને વધુમાં વધુ સંખ્યા અંગે કોઈ કોઈ મર્યાદા નથી. | ઓછામાં ઓછા ૧૦ અને વધુમાં વધુ સંખ્યા અંગે કોઈ મર્યાદા નથી. |
| ૫. | મૂડી | ખૂબ જ મર્યાદિત મૂડી | મર્યાદિત મૂડી | વિશાળ મૂડી સાધનો | કોઈ પણ પ્રમાણમાં મૂડી એકઠી કરી | ખાસ મહત્વનાં સાધનો નથી. |
| ૬. | સંચાલન અને માલિકી | માલિકનું સંચાલન | માલિકનુ સંચાલન | અંકુશ, જોખમ અને માલિકી સામાન્ય રીતે સાથે હોય છે. | સંચાલન અને માલિકીનું સંપૂર્ણપણે વિભાજન | બધા સભ્યો દ્વારા સંચાલન થતું નથી. |
| ૭. | સંચાલકીય નિપુણતા | ખુબજ મર્યાદિત નિપુણતા | મર્યાદિત નિપુણતા | નિપુણતા માટેની તક | નિપુણત માટેની ખૂબ જ વિશાળ તક | નિપુણતા માટેની તક |
| ૮. | માલિક | અમર્યાદિત | અમર્યાદિત | મર્યાદિત | મર્યાદિત | પેટા કાયદાને આધિન મર્યાદિત |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯. નફાવહેંચણીનો આધાર | સંપૂર્ણપણે માલિક ભોગવે છે | કરાર મુજબ ભાગીદારો વચ્ચે વહેંચવામાં આવે છે. | માલિકો વચ્ચે ધારણ કરેલ શેરના પ્રમાણમાં વહેંચણી | માલિકો વચ્ચે ધારણ કરેલ શેરના પ્રમાણમાં વહેંચણી | દરેક સભ્યનાં ધંધાના પ્રમાણને આધારે નિયંત્રિત |
| ૧૦. માલિકીની ફેરબદલી | ઈચ્છા અનુસાર અને પ્રમાણમાં સરળ | નિયંત્રિત અને પ્રમાણમાં મુશ્કેલ | નિયંત્રિત અને પ્રમાણમાં મુશ્કેલ | ઈચ્છા અનુસાર અને ખૂબ જ સરળ | નિયંત્રિત |
| ૧૧. ધંધાકીય સ્થિરતા | માલિકના આયુષ્ય પર આધાર રાખે છે | ભાગીદારોનું આયુષ્ય નાદારી અને નિવૃત્તિ પર આધાર રાખે છે | કાયમી અસતીત્વ, સભ્યનું મૃત્યુ કે નાદારીની તેના આયુષ્ય પર અસર થતી નથી. | કાયમી અસ્તિત્વ, સભ્યનું મૃત્યુ કે નાદારીની તેના આયુષ્ય પર અસર થતી નથી. | તેના સભ્યોનું મૃત્યુ કે નાદારીની આયુષ્ય પર અસર થતી નથી. |
| ૧૨. ધંધાકીય રહસ્યો | સંપૂર્ણ ગુપ્તતા | ભાગીદારો વચ્ચે રહસ્યોની ગુપ્તતા | સભ્યો વચ્ચે રહસ્યોની ગુપ્તતા | જનતા સમક્ષ ખુલ્લા | સભ્યો સમક્ષ ખુલ્લા |
| ૧૩. રાજ્યનાં નિયંત્રણો | લગભગ નહીં | ખૂબ જ ઓછાં | સારાં એવાં નિયંત્રણો | વધુ પડતાં નિયંત્રણો | સારાં એવાં નિયંત્રણો |
| ૧૪. કરવેરાની જવાબદારી | કોઈ વિશિષ્ટ આવકવેરો નહીં | કોઈ વિશિષ્ટ આવકવેરો નહીં | વધુ પડતાં કરવેરા અને આવક પર બેવડા કરવેરા | વધુ પડતા કરવેરા અને આવક પર બેવડા કરવેરા | આવક વેરામાંથી મુક્તિ |
| ૧૫. પરિવર્તન ક્ષમતા | તે સ્થિતિસ્થાપક સંગઠન છે. લેખિત દસ્તાવેજોની જરુર નથી. | બધા ભાગીદારોની મદદથી તેમાં ફેરફાર કરી શકાય. તેને માટે ભાગીદારીકરારનામુ જરૂરી છે. જેમાં બધાં ભાગીદારોની સંમતિથી ફેરફાર કરી શકાય. | તે સ્થિતિસ્થાપક સંગઠન છે. | તે સ્થિતિસ્થાપક સંગઠન નથી. તેના આવેદનપત્રમાં ફેરફાર કરવો મુશ્કેલ છે. તેમાં સરકારની પરવાનગીથી ફેરફાર કરી શકાય છે. | તે સ્થિતિસ્થાપક સંગઠન નથી તેના આવેદનપત્રમાં ફેરફાર કરવો મુશ્કેલ છે. તેમાં સરકારની પરવાનગીથી ફેરફાર કરી શકાય. |
| ૧૬. હિસાબોનું ઑડિટ | જરૂરી નથી. | જરૂરી નથી. | ફરજિયાત | ફરજિયાત | ફરજિયાત |
| ૧૭. વિસર્જન | સ્વેચ્છાએ | સ્વેચ્છાએ | કાયદા મુજબ | કાયદા મુજબ | કાયદા મુજબ |

જો તમે કોઠા 3.1 નું કાળજીપૂર્વકનું વિશ્લેષણ કરશો તો તમને ખ્યાલ આવશે કે સંગઠનના કોઈ પણ એક સ્વરૂપમાં બધાં જ આદર્શ લક્ષણો જોવા મળતાં નથી. તમે સંગઠનના દરેક સ્વરૂપમાં આમાંના કેટલાક લક્ષણો જોઈ શકશો. દરેક સ્વરૂપ અમુક બાબતોમાં સારું છે અને બીજી બાબતોમાં સારું નથી. ઉદાહરણ તરીકે સંગઠનના વૈયક્તિક માલિકી અને ભાગીદારીનાં સ્વરૂપો સ્થાપનાની સરળતા, સરકારી નિયંત્રણોમાંથી મુક્તિ, માલિકીનું હિત, ધંધાકીય ગુપ્તતાની જાળવણી વગેરે દૃષ્ટિએ સારા ગણી શકાય પરંતુ આ જ લક્ષણો સંગઠનના કંપની સ્વરૂપ અને સહકારી મંડળીમાં બહુ જોવા મળતા નથી. કંપની સ્વરૂપ અને સહકારી સ્વરૂપ મર્યાદિત જવાબદારી, મૂડી મેળવવાની તક, વ્યાવસાયિક સંચાલન, આયુષ્યનું સાતત્ય વગેરે દૃષ્ટિએ આદર્શ છે. આથી બધી જ બાબતોમાં અને બધી જ પરિસ્થિતિમાં કોઈ પણ એક સ્વરૂપને યોગ્ય અને આદર્શ ગણવાનું મુશ્કેલ છે.

**તમારી પ્રગતિ ચકાસો - ક**

(1) ધંધાકીય સંગઠનના આદર્શ સ્વરૂપનાં લક્ષણોની યાદી બનાવો.

(2) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે દર્શાવો :

(i) સંગઠનનું આદર્શ સ્વરૂપ એ છે કે જેની સ્થાપના સમયે ગૂંચવાડાભરેલી કાયદાની જોગવાઈઓ હોય છે.

(ii) અમર્યાદિત જવાબદારી એ સંગઠનના આદર્શ સ્વરૂપનું એક મહત્ત્વનું લક્ષણ છે.

(iii) સંગઠન ધંધાની બદલાતી જતી પરિસ્થિતિમાં પરિવર્તનશીલ અને અનુકુળતાવાળું હોવું જોઈએ.

(iv) વધુ પડતો સરકારી અંકુશ એ આદર્શ નથી.

(v) સંગઠનનું આદર્શ સ્વરૂપ એ છે કે ધંધાને સ્થિર અને સાતત્યપૂર્ણ આયુષ્યની ખાતરી આપી શકે.

(vi) સંગઠનના સારા સ્વરૂપનું એક આવશ્યક લક્ષણ એ ધંધાકીય રહસ્યોની જાળવણી છે.

(vii) સંગઠનનું સ્વરૂપ કે જેના પર વધુ પડતો કરવેરાનો બોજ હોય તે આવકારદાયક છે.

(3) ખાલી જગ્યા પૂરો.

(1) ________ સ્વરૂપ એ સૌથી સરળ છે, અને ________ સ્વરૂપ એ સ્થાપનામાં વધુ મુશ્કેલ છે.

(2) સભ્યપદની માલિકી________ સ્વરૂપમાં સૌથી વધુ છે, અને________ સ્વરૂપમાં સૌથી ઓછી છે.

(3) મૂડી મેળવવાની તક________ સ્વરૂપમાં ખૂબ જ મર્યાદિત છે.

(4) આવકવેરામાંની આવક________ સંગઠનના સ્વરૂપમાં મુક્ત છે.

(5) ________ સ્વરૂપોમાં માલિકોની જવાબદારી અમર્યાદિત છે.

(6) ________ સ્વરૂપોમાં ધંધાકીય રહસ્યો ગુપ્ત રાખી શકાય છે.

(7) ________ સ્વરૂપમાં સરકારી નિયંત્રણો વધુમાં વધુ છે.

(8) ________ સ્વરૂપમાં મોટે ભાગે ધંધાકીય રહસ્યો ખુલ્લાં પડી જાય છે.

## 3.4 સંગઠનની પસંદગીનો માપદંડ (Criteria For the Choice of Organisation)

ચારેય સ્વરૂપોની તુલના કર્યા બાદ આપણે જાણ્યું કે કોઈ પણ સ્વરૂપ બધા જ સંજોગોમાં આદર્શ નથી. સંગઠનનું દરેક સ્વરૂપ અમુક બાબતોમાં સાચું છે અને બીજી બાબતોમાં સારું નથી. તેનો અર્થ એટલો જ કે સંગઠનના એક શ્રેષ્ઠ સ્વરૂપની તપાસ કરવી એટલે એક એવા ખમીસની તપાસ કરવી કે જે કુટુંબના બધા જ સભ્યોને બંધબેસતું હોય. આમ સંગઠનનું અમુક સ્વરૂપ જે એક પરિસ્થિતિમાં યોગ્ય જણાતું હોય તે બીજી પરિસ્થિતિમાં યોગ્ય ન પણ હોય. તેથી સંગઠનનું શ્રેષ્ઠ સ્વરૂપ એ ગણાય જે અમુક ધંધાની બધી જ જરૂરિયાતો સારી રીતે સંતોષી શકતું હોય. પસંદગીને દોરતી મહત્ત્વની બાબત એ છે કે ઉદ્યોગ સાહસિક દ્વારા નક્કી કરવામાં આવેલ ઉદ્દેશોની સિદ્ધિ છે. જોકે આ હેતુઓ પણ એક ધંધાથી બીજા ધંધામાં જુદા જુદા હોય છે. તેથી સંગઠનનું કોઈ એક સ્વરૂપ બધા જ પ્રકારના ધંધામાં શ્રેષ્ઠ રીતે બંધબેસતું ગણાવી શકાય નહીં.

હવે આપણે ધંધાકીય સંગઠનની પસંદગીમાં કયાં પરિબળો આપણને મદદ કરશે તેનું વિશ્લેષણ કરીએ. સંગઠનની પસંદગી સંબંધી નિર્ણય ધંધાના બે તબક્કામાં મહત્ત્વ ધરાવે છે :

(અ) ધંધાની શરૂઆત કરતી વખતે

(બ) વિસ્તૃતીકરણના સમયે

### 3.4.1 ધંધાની શરૂઆતના સમયનો માપદંડ (Criteria at the Time of Starting a Business)

ધંધાકીય સંગઠનના યોગ્ય સ્વરૂપની પસંદગી નવા ધંધાકીય એકમની શરૂઆત કરતી વખતે અથવા નવા એકમની સ્થાપના કરતી વખતે ખૂબ જ મહત્ત્વ ધરાવે છે, કારણ કે સંગઠનનું સ્વરૂપ જ આખરે ઉદ્યોગ સાહસિકની સત્તા અને જવાબદારી નક્કી કરે છે. નીચેનાં પરિબળો પર પસંદગી આધાર રાખે છે :

**(1) ધંધાનું સ્વરૂપ:** પ્રસ્તાવિત ધંધાના સ્વરૂપ પર સંગઠનના યોગ્ય સ્વરૂપની પસંદગીનો આધાર રહેલો છે. વિવિધ પ્રકારના ધંધા માટે સંગઠનની જરૂરિયાતો પણ અલગ અલગ હોય છે. ઉદાહરણ તરીકે, સિમેન્ટ ઉત્પાદનની પ્રવૃત્તિ માટે અને છૂટક વેચાણની સિમેન્ટની દુકાન માટે સંગઠનનું એક જ સ્વરૂપ હોઈ શકે નહીં. તે જ રીતે સંગઠનનું જે સ્વરૂપ ટેક્સ્ટાઈલ મિલ માટે યોગ્ય હોય તે દરજીની દુકાન માટે યોગ્ય ન ગણાય.

**(2) ધંધાનું કદ :** સંગઠનના યોગ્ય સ્વરૂપના નિર્ણયને ધંધાનું અપેક્ષિત કદ પણ અસર કરે છે. જો ધંધાનું કદ નાનું હશે તો ઓછી મૂડીની જરૂર પડશે અને જોખમ પણ ઓછું ઉઠાવવું પડશે. આ સંજોગોમાં વૈયક્તિક માલિકી વધુ યોગ્ય ગણાવી શકાય. પરંતુ જો ધંધાનું કદ મોટું હશે, તો વધુ મૂડીની જરૂર પડશે અને જોખમ ઉઠાવવું પડશે, જેને એક જ વ્યક્તિ દ્વારા ઉઠાવવું મુશ્કેલ છે. આથી ભાગીદારી સ્વરૂપ અથવા કંપની સ્વરૂપ વધુ યોગ્ય ગણાવી શકાય.

**(3) કામગીરીનો વિસ્તાર :** ધંધાની કામગીરીનો વિસ્તાર તથા સંગઠનના સ્વરૂપની પસંદગી પર અસર કરે છે. જો વિસ્તાર મર્યાદિત હોય અને અમુક સત્તા પૂરતો મર્યાદિત હોય તો સંગઠનનું વૈયક્તિક માલિકીનું સ્વરૂપ યોગ્ય ગણાવી શકાય. જો વિસ્તાર ખૂબ જ વિશાળ વિસ્તારમાં ફેલાયેલો હોય ત્યારે જોઈન્ટ સ્ટૉક કંપની સ્વરૂપ યોગ્ય ગણાવી શકાય.

(4) અંકુશની ઇચ્છા: અંકુશ અને નિરીક્ષણનું પ્રમાણ સંગઠનની પસંદગીનો નિર્ણય કરે છે. જો ધંધાની કામગીરી પર પ્રત્યક્ષ અંકુશ રાખવાની ઇચ્છા હોય તો ધંધાકીય સંગઠનનું વૈયક્તિક માલિકી કે ભાગીદારીનું સ્વરૂપ પસંદ કરી શકાય. જો તમે સમજતા હો કે પ્રત્યક્ષ અંકુશ રાખવાની જરૂર નથી તો સંગઠનનું કંપની સ્વરૂપ શ્રેષ્ઠ છે.

(5) મૂડીની જરૂરિયાત : ધંધાની નાણાકીય જરૂરિયાતોના પ્રમાણ પર સંગઠનના સ્વરૂપનો આધાર રહેલો છે. જે ધંધામાં ઓછા પ્રમાણમાં મૂડીની જરૂર હોય તેને વૈયક્તિક માલિકી કે ભાગીદારી સ્વરૂપે સંગઠિત કરી શકાય. પરંતુ જો નાણાકીય જરૂરિયાતો મોટા પ્રમાણમાં હોય તો જોઇન્ટ સ્ટૉક કંપની સ્વરૂપ પસંદ કરી શકાય.

(6) જોખમ અને જવાબદારીનું પ્રમાણ : તમે જાણો છો કે ધંધાકીય કામગીરીમાં જોખમ સંકળાયેલુ છે. ધંધાકીય એકમના સ્થાપકો સંકળાયેલ જોખમથી અચકાતા હોય તો તેઓ મર્યાદિત જવાબદારીને આધારે ધંધાની પસંદગી કરશે. એટલે કે તેઓ કંપની સ્વરૂપને અપનાવશે. જો તેઓમાં સંકળાયેલ જોખમને સહન કરવાની શક્તિ હશે તો તેઓ વૈયક્તિક માલિકી અથવા ભાગીદારીને આધારે સંગઠિત કરી શકશે.

(7) સરકારી નિયંત્રણો : તમે જાણો છો કે સંગઠનના કંપની સ્વરૂપ અને સહકારી સ્વરૂપ પર સરકારી અંકુશો અને નિયંત્રણો બાકીનાં બે સ્વરૂપોની તુલનામાં વધુ છે. જો તમે સરકારી અંકુશો અને નિયંત્રણો ઇચ્છતા ન હો તો તમારે વૈયક્તિક માલિકીનું સ્વરૂપ અથવા ભાગીદારીનું સ્વરૂપ પૈકી કોઈ એક સ્વરૂપ પસંદ કરવું જોઈએ.

### 3.4.2 વિસ્તૃતીકરણ સમયનો માપદંડ (Criteria at the Time of Expansion)

ધંધામાં વિકાસ એ સામાન્ય બાબત છે. જ્યારે તમારો ધંધો સફળ હોય ત્યારે સ્વાભાવિક રીતે, તમે તેના વિકાસની યોજના કરી શકો છો. વિસ્તૃતીકરણ કાર્યક્રમના નીચે મુજબના સૂચિતાર્થો હોઈ શકે છે :

(1) વધારે નાણાકીય સાધનોની જરૂરિયાત.

(2) આંતરિક પુનઃ સંગઠન અને અંકુશની જરૂરિયાત.

(3) માહિતી સંચાર, એકાઉન્ટિંગ, માર્કેટિંગ વગેરે જેવી વિશિષ્ટ સેવાઓની જરૂરિયાત.

(4) સરકારી અંકુશો અને નિયંત્રણોમાં વધારો.

(5) કરવેરાની જવાબદારીમાં વધારો.

(6) અંકુશ અને સંકલનના પ્રશ્નોમાં વધારો.

વાસ્તવમાં આ પ્રશ્નોના સ્વરૂપનો આધાર વર્તમાન ધંધાના સ્વરૂપ અને અપનાવેલ વિસ્તૃતીકરણના કાર્યક્રમ પર આધાર રાખશે. તમારા વિસ્તૃતીકરણ કાર્યક્રમના અમલ માટે તમે સંગઠનના વર્તમાન સ્વરૂપને ચાલુ રાખી શકો અથવા સંગઠનનું નવું સ્વરૂપ સ્વીકારી શકો. તમે ગમે તે વિકલ્પની પસંદગી કરો, તે તમારી વિસ્તૃતીકરણની બધી જ જરૂરિયાતોને પહોંચી વળી શકે તેવો હોવો જોઈએ. જો તમારો વર્તમાન ધંધો વૈયક્તિક માલિકીના સ્વરૂપ દ્વારા સંગઠિત થયો હોય તો તમે મૅનેજરને નોકરીએ રાખવા માટે અથવા નવા ભાગીદારને લેવા બાબતે વિચારી શકો. જો તે ભાગીદારી પેઢી હોય તો તમારે ભાગીદારોની સંખ્યા વધારવી અથવા તેનું ખાનગી મર્યાદિત કંપનીમાં રૂપાંતર કરવું તે બે વચ્ચે પસંદગી કરવાની રહેશે. તે જ રીતે તમારો વર્તમાન ધંધો ખાનગી કંપની સ્વરૂપનો હોય તો તમારી સમક્ષ તેનું જાહેર મર્યાદિત કંપનીમાં રૂપાંતર કરવું કે નહીં તે વિકલ્પ રહેલો છે.

## 3.5 સંગઠનના સ્વરૂપની પસંદગી (Choice of Form of Organisation)

ઉપરની ચર્ચાને આધારે આપણે તારવી શકીએ કે કરિયાણાની દુકાન, હેર ડ્રેસર્સ, નાના રેસ્ટોરન્ટ અને હોટલો, નાનું ઑટો વર્કશોપ, સ્ટેશનરીની દુકાન, મીઠાઈની દુકાન, બેકરી, ડ્રાય ક્લિનર્સ, બૂટ ઉત્પાદન અને વિતરકો, નાની ઇલેક્ટ્રિક અને ઇલેક્ટ્રોનિક્સની મરામતની દુકાન, હજામ, દરજી વગેરે નાના ધંધાઓ માટે મોટે ભાગે એકાકી વેપારીનાં સંગઠનો જોવા મળે છે. આ પ્રકારના ધંધા માટે સંગઠનના વૈયક્તિક માલિકીના સ્વરૂપની પસંદગી કરવાનું કારણ બિલકુલ સ્પષ્ટ છે. તેઓ નાના પાયા પર કાર્ય કરે છે. મર્યાદિત બજારની જરૂરિયાત પૂરી

કરે છે અથવા મર્યાદિત સંખ્યાના ગ્રાહકો અને વેપારીઓ પૂરતા પોતાના વ્યવહારો મર્યાદિત રાખે છે. અને ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં મૂડીની જરૂર હોય છે. વળી તેમાં સામસામે પરિસ્થિતિનો સામનો કરવા માટે માલિકના વ્યક્તિગત ધ્યાનની જરૂર હોય. માલિક પોતે જ સંચાલકીય નિરીક્ષણ ખૂબ જ સરળતાથી કરી શકે છે અને સામાન્ય રીતે માલિક જાતે જ પોતાનો ઉપરી અને સક્રિય સંચાલક થવાનું ઇચ્છે છે.

મોટા પ્રમાણના ધંધાને સામાન્ય રીતે ભાગીદારી પેઢી તરીકે સંગઠિત કરવામાં આવે છે. સાહસો જેવાં કે ઑટો વર્કશોપ્સ, મોટા રેસ્ટોરાં અને હોટલો, મોટા પાયા પરની છૂટક દુકાનો અને મધ્યમ કદનાં ઔદ્યોગિક સંગઠનો સામાન્ય રીતે ભાગીદારી સ્વરૂપે સંગઠિત કરવામાં આવે છે. આ સંજોગોમાં ઉદ્યોગ સાહસિકો તેમની મૂડી, કૌશલ્ય, અનુભવ વગેરે પેઢીના ભાગીદાર તરીકે એકત્રિત કરવા ઇચ્છે છે. આવાં એકમોના આંતરિક સંગઠનની દેખરેખ ભાગીદારો દ્વારા થાય છે, જેઓએ એકમમાં અમુક પ્રવૃત્તિઓમાં વિશિષ્ટતા પ્રાપ્ત કરી હોય છે.

જે સાહસોમાં સંકળાયેલ જોખમ ખૂબ મહત્ત્વનું હોય અને કામગીરીનું પ્રમાણ મધ્યમ હોય ત્યારે ખાનગી કંપનીની પસંદગી કરવામાં આવે છે. સામાન્ય રીતે ટ્રાન્સપોર્ટ એકમો, ભાડા ખરીદ એકમો, નાણાકીય અને ભાડાપટાની કંપનીઓ, મધ્યમ કદની ઉત્પાદન કંપનીઓ વગેરે. મર્યાદિત ખાનગી કંપની તરીકે સંગઠિત કરવામાં આવે છે. આ એકમોમાં મૂડીની જરૂરિયાતો ભાગીદારી પેઢીની તુલનામાં વધુ પ્રમાણમાં હોય છે.

ધંધાની મોટા પાયા પરની કામગીરી માટે ધંધાકીય સંગઠનનું સૌથી વધુ યોગ્ય સ્વરૂપ એ જાહેર મર્યાદિત કંપની છે. મોટા પાયા પરનાં ઉત્પાદન એકમો, મોટાં ટ્રાન્સપોર્ટ એકમો, એન્જિનિયરીંગ અને ઇલેક્ટ્રોનિક કંપનીઓ, ખાતાંવાળી દુકાનો, સંકળાયેલી દુકાનો વગેરે સામાન્ય રીતે જાહેર મર્યાદિત કંપની સ્વરૂપે સંગઠિત કરવામાં આવે છે.વધુ મૂડીની જરૂરિયાત અને મોટા પ્રમાણમાં રહેલું જોખમ એ મુખ્ય કારણો છે.

બીજી બાજુ સમાજના અમુક વિભાગનાં હિતોની વૃદ્ધિ કરવાની હોય ત્યારે સંગઠનનું સહકારી મંડળી સ્વરૂપ યોગ્ય ગણાય છે. આમ, સંગઠનનું સહકારી સ્વરૂપ મોટે ભાગે ગ્રાહકો, ઉત્પાદકો, ખેડૂતો વગેરે માટે ઉપયોગમાં લેવાય છે.

**તમારી પ્રગતિ ચકાસો - ખ**

1. ધંધાકીય એકમની શરૂઆતના સમયે સંગઠનની પસંદગીને અસર કરતાં પરિબળોની યાદી તૈયાર કરો.
2. નીચે દર્શાવેલ વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.

   (1) ધંધાનું કદ જેટલું મોટું તેટલી મૂડીની જરૂરિયાત ઓછી.

   (2) જ્યારે ધંધાનો પ્રત્યક્ષ અંકુશ જરૂરી હોય ત્યારે એકાકી વેપારી અથવા ભાગીદારી સ્વરૂપો હિતાવહ ગણાય છે.

   (3) સંગઠનના સ્વરૂપની પસંદગીમાં ધંધાના સ્વરૂપની કોઈ અસર થતી નથી.

   (4) જો કામગીરીનો વિસ્તાર ખૂબ વિશાળ હોય તો ભાગીદારી સ્વરૂપ આદર્શ છે.

   (5) મર્યાદિત જવાબદારીની ઇચ્છા હોય તે સંજોગોમાં કંપની સ્વરૂપ યોગ્ય છે.

   (6) જાહેર મર્યાદિત કંપની દ્વારા અમર્યાદિત પ્રમાણમાં મૂડી એકઠી કરવાનું શક્ય છે.

   (7) સંગઠનના કંપની સ્વરૂપની બાબતમાં સરકારી નિયંત્રણો વધુ છે.

૩. ખરા જવાબોની સામે ✓ ની નિશાની કરો.

   (1) ખૂબ નાના ધંધા માટે સંગઠનનું યોગ્ય સ્વરૂપ છે, વૈયક્તિક માલિકી/કંપની સ્વરૂપ.

   (2) મોટા પાયા પરના ઉત્પાદનના ધંધા માટે સંગઠનનું યોગ્ય સ્વરૂપ છે, ભાગીદારી/ કંપની સ્વરૂપ.

   (3) મધ્યમ કદના છૂટક કાપડના ધંધા માટે સંગઠનનું યોગ્ય સ્વરૂપ છે, ભાગીદારી / કંપની સ્વરૂપ.

   (4) નાના પ્રમાણમાં મૂડી એકઠી કરવા માટે યોગ્ય સ્વરૂપ છે, એકાકી વેપારી સ્વરૂપ / સહકારી સ્વરૂપ.

   (5) જો જોખમનું તત્ત્વ ખૂબ ઊંચું હોય તો સંગઠનનું યોગ્ય સ્વરૂપ છે, ભાગીદારી / ખાનગી મર્યાદિત કંપની.

## 3.6. સારાંશ

ધંધાકીય સંગઠનનાં આદર્શ સ્વરૂપનાં લક્ષણો છે, સ્થાપનાની સરળતા, મર્યાદિત જવાબદારી, પૂરી મૂડી મેળવવાની શક્યતા, ધંધાકીય રહસ્યની જાળવણી, પરિવર્તનક્ષમતા, કામગીરીમાં સ્થિરતા, ઓછા સરકારી નિયંત્રણો ,ઓછું કરવેરાનું ભારણ, ઊંચી સંચાલકીય કાર્યક્ષમતા અને વધુ માલિકી હિતો.

સંગઠનનાં ચારેય સ્વરૂપોની તુલના દર્શાવે છે કે આ સ્વરૂપો પૈકી એક પણ સ્વરૂપમાં બધાં આદર્શ લક્ષણો જોવા મળતાં નથી. સંગઠનનું દરેક સ્વરૂપ અમુક બાબતોમાં સારું છે અને અન્ય બાબતોમાં સારું નથી. સ્થાપનાની સરળતા, સરકારી અંકુશો, માલિકીહિત, ધંધાકીય ગુપ્તતા અને પરિવર્તનક્ષમતાની દૃષ્ટિએ વૈયક્તિક મલિકી અને ભાગીદારી સ્વરૂપો આદર્શ સ્વરૂપ છે. મર્યાદિત જવાબદારી મૂડી મેળવવાની શક્યતા, સંચાલકીય કાર્યક્ષમતા, સ્થિરતા અને કામગીરીના સાતત્યની દૃષ્ટિએ કંપની અને સહકારી સ્વરૂપો આદર્શ છે.

આ ચારેય સ્વરૂપો પૈકી એક પણ સ્વરૂપ બધી જ બાબતોમાં આદર્શ નથી. તેથી ઉદ્યોગ સાહસિકે તેના ધંધાના હેતુઓના સંદર્ભમાં સંગઠનના યોગ્ય સ્વરૂપની પસંદગી કરવી પડે છે. નવા ધંધાની સ્થાપના કરતી વખતે સંગઠનના યોગ્ય સ્વરૂપની પસંદગી કરતી વખતે, ઉદ્યોગ સાહસિકે ધંધાનું સ્વરૂપ, ધંધાનું પ્રમાણ, કામગીરીનું ક્ષેત્ર, મૂડી જરૂરિયાતો, અંકુશના પ્રમાણની ઇચ્છા, ધંધાનું અપેક્ષિત આયુષ્ય, અને સરકારી નિયંત્રણોની સપાટીની ઇચ્છા વગેરે બાબતો વિચારવી પડે છે. વિસ્તૃતીકરણના સમયે, પરિસ્થિતિને આધારે ઉદ્યોગ સાહસિક ક્યાં તો વર્તમાન સ્વરૂપને ચાલુ રાખી શકે છે અથવા સંગઠનનું નવું સ્વરૂપ અપનાવી શકે છે.

વિશ્લેષણને આધારે તારવી શકાય કે નાના ધંધા માટે વૈયક્તિક માલિકીનું સ્વરૂપ યોગ્ય છે. જો ધંધો પ્રમાણમાં મોટો હોય તો ભાગીદારી એ સંગઠનનું યોગ્ય સ્વરૂપ છે. ખાનગી મર્યાદિત કંપની મધ્યમ કદના ધંધા માટે આદર્શ છે. અને મોટા કદના ધંધા માટે જાહેર કંપની યોગ્ય છે. સમાજના અમુક વિભાગના હિતની જાળવણી કરવાની હોય ત્યારે સંગઠનનું સહકારી સ્વરૂપ યોગ્ય છે.

## 3.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો

Bhushan, Y. K., 1987, *Fundamentals of Business Organisation and Management,* Sultan Cahnd & Sons : New Delhi (Part Two, Chapter 4)

Ramesh M. S. , 1985, *Principles and Practice of Modern Business Organisation, Administration & Management,* Kalyani Publishers : New Delhi. (Volume 1,Chapter 10)

Singh, B .P. , and T.N. Chhabra, 1988, *Business Organisation and Management,* Kitab Mahal: Allahabad. (Part One, Chapter 10)

## 3.8 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

A 2 (1)ખોટું (2) ખોટું (3) ખરું (4) ખરું (5) ખરું (6) ખરું (7) ખોટું.

3 (1) એકાકી વેપારી,જાહેર મર્યાદિત કંપની.

(2) જાહેર મર્યાદિત કંપની,સહકારી મંડળી.એકાકી વેપારી.

(3) એકાકી વેપારી

(4) સહકારી મંડળી

(5) એકાકી વેપાર અને ભાગીદારી

(6) એકાકી વેપાર અને ભાગીદારી

(7) જાહેર મર્યાદિત કંપની

(8) જાહેર મર્યાદિત કંપની.

B 2 (1) ખોટું (2) ખરું (3) ખોટું (4) ખોટું (5) ખરું (6) ખરું (7) ખરું

3 (1) વૈયક્તિક માલિકી

(2) કંપની સ્વરૂપ

(3) ભાગીદારી

(4) એકાકી વેપારી સ્વરૂપ

(5) ખાનગી મર્યાદિત કંપની

## 3.9 સત્રાંત પ્રશ્નો/સ્વાધ્યાય

(1) ધંધાકીય સંગઠનના આદર્શ સ્વરૂપનાં લક્ષણો સમજાવો, બધી બાબતોમાં કયા સ્વરૂપને આદર્શ ગણાવી શકાય ?

(2) ''ધંધાકીય સંગઠનનાં ચારેય સ્વરૂપો પૈકી એક પણ સ્વરૂપમાં સંગઠનના આદર્શ સ્વરૂપનાં બધા જ લક્ષણો નથી''- ચર્ચો.

(3) ધંધાકીય સંગઠનના સ્વરૂપની પસંદગી કરતાં પરિબળો સમજાવો.

(4) તમે ધંધો શરૂ કરવાની યોજના કરો છો. તમારા ધંધા માટે સંગઠનનું યોગ્ય સ્વરૂપ તમે કેવી રીતે પસંદ કરશો ?

(5) બધા જ પ્રકારના ધંધા માટે સંગઠનનું કંપની સ્વરૂપ સૌથી વધુ આદર્શ સ્વરૂપ છે.

(6) ભાગીદારી પેઢીએ પોતાના ધંધાને વિકસાવવાનું નક્કી કર્યું છે. જેમાં વધુ મૂડી અને નિપુણતાની જરૂર છે. તે વધુ ભાગીદારીને લે અથવા તેનું ખાનગી મર્યાદિત કંપનીમાં રૂપાંતર કરે ? દલીલો સાથે તમારી સલાહ આપો.

નોંધ :- આ એકમને સારી રીતે સમજવામાં આ પ્રશ્નો તમને મદદરૂપ નીવડશે. તેના જવાબો લખવાનો પ્રયત્ન કરો. પરંતુ યુનિવર્સિટીને તમારા જવાબો મોકલશો નહીં. આ ફક્ત તમારા મહાવરા માટે જ છે.

# એકમ 4 ધંધાની સ્થાપના (Business Promotion)

રૂપરેખા -

4.0 ઉદેશો
4.1 પ્રસ્તાવના
4.2 ઉદ્યોગ સાહસિક
4.2.1 ઉદ્યોગ સાહસિકતા
4.2.2 ઉદ્યોગ સાહસિકનાં લક્ષણો
4.2.3 ઉદ્યોગ સાહસિકનાં કાર્યો
4.3 સ્થાપના
4.3.1 ઉદ્યોગ સાહસિક અને સ્થાપક વચ્ચેનો તફાવત
4.3.2 સ્થાપકોના પ્રકારો
4.4 વિવિધ પ્રકારનાં સંગઠનોની સ્થાપના
4.4.1 માલિકી એકમ
4.4.2 ભાગીદારી પેઢી
4.4.3 જોઇન્ટ સ્ટોક કંપની
4.4.4 સહકારી મંડળી
4.5 સારાંશ
4.6 ચાવીરૂપ શબ્દો
4.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો
4.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
4.9 સત્રાંત પ્રશ્નો/સ્વાધ્યાય

## 4.0 ઉદેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે

* ઉદ્યોગ સાહસિક કોણ છે અને તેનાં લક્ષણો કયાં છે તે સમજાવી શકશો.
* ઉદ્યોગ સાહસિકનાં કાર્યો વર્ણવી શકશો.
* ઉદ્યોગ સાહસિક અને સ્થાપક વચ્ચે તફાવત દર્શાવી શકશો.
* વૈયક્તિક માલિકી,ભાગીદારી,જોઇન્ટ સ્ટોક કંપની અને સહકારી મંડળીની સ્થાપનાની વિધિ સમજાવી શકશો.

## 4.1 પ્રસ્તાવના

અગાઉનાં એકમોમાં તમે ધંધાકીય પ્રવૃત્તિઓનું સ્વરૂપ, ધંધાના પ્રકારો જેમાં વ્યક્તિઓ અથવા વ્યક્તિઓનાં જૂથો જોડાય છે અને ધંધાકીય પ્રવૃત્તિઓમાં સંગઠિત થઈ શકે છે એવાં વિવિધ સ્વરૂપો અંગે શીખી ગયા. તમે જાણો છો કે ધંધાના ક્ષેત્રમાં નાની દુકાનો, મોટા સ્ટોર્સ, નાનાં કારખાનાંઓ અને મોટી ફેક્ટરીઓમાં અનેક પ્રકારની વસ્તુઓ અને સેવાઓના વ્યવહારો થાય છે. શું તમે આ બધી ધંધાકીય પ્રવૃત્તિઓ કઈ રીતે શરૂ કરવામાં આવે છે તેના વિશે પૂછપરછ કરી છે? તેને કોણે શરૂ કરી અને ધંધો શરૂ કરવાનો નિર્ણય લેતી વખતે તેમના વિચારો કયા પ્રકારના હતા? કેટલી વ્યક્તિઓ અથવા વ્યક્તિઓના જૂથ દ્વારા આવો ધંધો શરૂ કરવાના વિચાર કર્યો હશે? જો તમારું કુટુંબ ધંધો ચલાવતું હોય તો એ શક્ય છે કે તમારા પિતા અથવા દાદાએ એ વિશે વિચારણા કરી હશે. અને તેની સ્થાપના માટેનાં પગલાં લીધાં હશે. જો તે ઉત્પાદનનો ધંધો હોય તો કારખાનાનું મકાન બાંધવામાં આવ્યું હશે, યંત્રો,કાચા માલસામાનના પુરવઠાની ગોઠવણી કરવામાં આવી હશે.અને પાવર, પાણી વગેરેની ઉપલબ્ધિ માટેની પણ ખાતરી કરવામાં આવી હશે. આ બધા હેતુઓ માટે,જેમણે ધંધાની શરૂઆત કરી હશે તેમણે જરૂરી પાસાંઓને પહોંચી વળવા મૂડીની વ્યવસ્થા કરી હશે.બીજા શબ્દોમાં કહીએ તો દરેક ધંધો એ કોઈક વ્યક્તિનું માનસ સંતાન છે. આવી કોઈક વ્યક્તિને ઉદ્યોગ સાહસિક કહેવામાં આવે છે. આ એકમમાં તમે ઉદ્યોગ સાહસિક કોણ છે. ઉદ્યોગ સાહસિકનાં લક્ષણો અને કાર્યો શું છે, ધંધાની સ્થાપનામાં ઉદ્યોગ સાહસિકની ભૂમિકા, ઉદ્યોગ સાહસિક અને સ્થાપક વચ્ચેનો તફાવત, અને વિવિધ પ્રકારના સ્થાપકો વિશે શીખશો. તમે એ પણ શીખશો કે ધંધાકીય સંગઠનનાં વિવિધ સ્વરૂપો કેવી રીતે સ્થાપવામાં આવે છે અને સ્થાપકો દ્વારા ધંધાની સ્થાપના માટે કયા પ્રકારનાં પગલાં લેવામાં આવે છે.

## 4.2 ઉદ્યોગ સાહસિક (Entrepreneur)

ઉદ્યોગ સાહસિક એટલે એવી વ્યક્તિ જેના મગજમાં અમુક પ્રકારનાં ધંધો શરૂ કરવાનો પ્રથમ વિચાર આકાર લે છે. તે ધંધાકીય તકોની શોધમાં હોય છે અને કઈ વસ્તુઓ વેચી શકાશે તેનો યોગ્ય નિર્ણય લઈ શકે છે. તે કલ્પનાશીલ હોય છે અને સિદ્ધિની તીવ્ર ઇચ્છાથી દોરાય છે. તે ભવિષ્યની અનિશ્ચિતતાઓમાથી ગભરાતો નથી. તે જોખમ ઉઠાવવા અને પડકારનો સામનો કરવા તૈયાર હોય છે. આ ઉપરાંત ઉદ્યોગ સાહસિક એવી વ્યક્તિ છે જે કોઈ નવી વસ્તુ અને કોઈ જુદા પ્રકારની વસ્તુનું સર્જન કરે છે. તે નવીનીકરણ કરે છે. અને માણસો, માલસામાન અને નાણાકીય સ્વરૂપે સાધનો એકઠાં કરે છે તેમજ નફાકારક ધંધાકીય સાહસ બનાવવા એકત્રિત કરે છે.

### 4.2.1 ઉદ્યોગ સાહસિકતા (Entrepreneurship)

ઉદ્યોગ સાહસિકો જે કંઈ કરે છે તેને ઉદ્યોગ સાહસિકતા ગણવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો ઉદ્યોગ સાહસિકતા એ ઉદ્યોગ સાહસિક થવાનું કાર્ય છે. ઉદ્યોગ સાહસિકતા (Entrepreneurship) શબ્દ એ ફ્રેન્ચ શબ્દ ઉદ્યોગ સાહસિક (Entrepreneur) પરથી ઊતરી આવ્યો છે. જેનો અર્થ થાય છે કામ કરવા તત્પર બનવું, તકનો લાભ લેવો, નવીનીકરણ અને ધંધો શરૂ કરી લોકોની આવશ્યકતા અને જરૂરિયાતો પૂરી પાડવી. ઉદ્યોગ સાહસિક એવી વ્યક્તિ છે કે જે આ બધાં કાર્યો કરે છે. તે સાહસ શરૂ કરે છે તેનું સંગઠન કરે છે, તે નાણાં સાધનો અંગે મૂડી એકઠી કરે છે. અને ધંધાના સંપૂર્ણ જોખમ અથવા મોટા ભાગનું જોખમ ઉઠાવે છે. આમ ઉદ્યોગસાહસિકતા એ નવા ધંધાને અસ્તિત્વમાં લાવવાની પ્રક્રિયા છે.

ઉદ્યોગ સાહસિકતાનાં બે મૂળભૂત તત્ત્વો છે નવીનીકરણ અને જોખમ ઉઠાવવું. તેથી આ બે શબ્દોનો ચોક્કસ અર્થ જાણવો જરૂરી છે.

નવીનીકરણ (Innovation) : જો કોઈ ધંધાકીય પ્રવૃત્તિમાં કોઈ ખાસ કાર્ય કરવાની જરૂરિયાત ન હોય તો તેને ઉદ્યોગ સાહસિકતા ન કહેવાય. હકીકતમાં કોઈ પણ વ્યક્તિ જો કોઈ નવી વસ્તુ કે કોઈક જુદા પ્રકારની વસ્તુ પોતાના સાહસ દ્વારા રજૂ ન કરે તો તેને ઉદ્યોગ સાહસિક કહી શકાય નહીં. બીજા કરતાં કંઈક જુદું કરવું તેને નવીનીકરણ તરીકે ઓળખવામાં આવે છે. ઉદ્યોગ સાહસિકો લોકોની જરૂરિયાતો અથવા આવશ્યક્તાઓને સંતોષવા કોઈક વિશિષ્ટ વસ્તુની સતત શોધમાં હોય છે. તેઓ નવી પેદાશો અથવા ઉત્પાદનની નવી પદ્ધતિઓના સંશોધકો હોય અથવા ન પણ હોય, પરંતુ તેઓ ધંધા માટે સંશોધનનો ઉપયોગ કરવાની શક્યતાને અગાઉથી જાણી શકે છે. અન્ય વ્યક્તિઓ કે જેઓને તે સંશોધનની જાણકારી હોય છે પરંતુ તેઓ તેની ધંધામાં વ્યાવહારિક ઉપયોગિતા બાબતમાં વિચારણા કરવાને શક્તિમાન હોતા નથી અથવા તેઓમાં તેનો લાભ ઉઠાવવા માટેની મહત્ત્વાકાંક્ષા કે આત્મવિશ્વાસ હોતો નથી.

હરીફાઈયુક્ત બજારમાં ઉદ્યોગ સાહસિક પોતાના ધંધામાં માત્ર નવીનીકરણ દ્વારા જ સફળ થઈ શકે છે. નવીનીકરણ એ કોઈ મોટું કાર્ય કે નાટકીય બાબત નથી. કોઈ જૂની વસ્તુમાં સરળ ફેરફાર, અથવા પેદાશનું વેચાણ કરતાં કોઈ જાતના વધારાના ખર્ચ વગર સેવા આપવી, અથવા આકર્ષક પૅકેજિંગ, અથવા વિવિધ વજનના પૅકેટમાં પેદાશ વેચવી અને આવા પ્રકારનાં પગલાં નફાકારક નવીનીકરણ હોઈ શકે છે. જોકે આ બાબત અનેક ઉત્પાદકો અને વિક્રેતાઓ દ્વારા કરવામાં આવે તો ઉદ્યોગ સાહસિકે અન્ય પ્રકારનાં નવીનીકરણો બાબતમાં વિચારણા કરવી પડે છે. આમ, કેટલાંક નવીનીકરણો અન્ય નવીનીકરણો તરફ દોરે છે. કોઈ આશ્ચર્યની બાબત નથી કે કલ્પનાશક્તિ એ ઘણી વાર નવીનીકરણયુક્ત વિચારણાના જ્ઞાન કરતાં વધુ મહત્ત્વપૂર્ણ હોય છે. ઉદ્યોગ સાહસિક પાસે કલ્પનાશક્તિ અને સાથે સાથે સર્જનાત્મક રીતે વિચારવાની શક્તિ હોવી જોઈએ.

ફળોના રસ (ફ્રુટ જ્યુસ)નું ઉદાહરણ લો. હાલમાં ફળોનો રસ બાટલીઓના બદલે નાના ખોખામાં વેચવામાં આવે છે જેથી તમે તેને સરળતાથી લઈ જઈ શકો અને જ્યુસ પીધા બાદ ખોખાને ફેંકી દઈ શકો. આ નવીનીકરણ છે. એક બીજું ઉદાહરણ લઈએ. તમે હેનરી ફોર્ડ વિશે સાંભળ્યું હશે કે જેણે અમેરિકામાં ફોર્ડ મોટર કંપનીની સ્થાપના કરી હતી. તેણે મોટર (ઑટોમોબાઇલ)ની શોધ કરી ન હતી પરંતુ તેણે મોટા પ્રમાણમાં ઉત્પાદનની પદ્ધતિઓ અપનાવીને પેસેન્જર કારોનું ઓછા ખર્ચે ઉત્પાદન શરૂ કર્યું જે ઘણા લોકોને પરવડી શકે.

**જોખમ ઉઠાવવું** (Risk Bearing) : ઉદ્યોગસાહસિકતાનું એક બીજું પાસું છે જોખમ ઉઠાવવું, જેનો દરેક ઉદ્યોગ સાહસિકે સામનો કરવો પડે છે. જે જોખમ ઉઠાવે છે તે જ ઉદ્યોગ સાહસિક છે. નહીં કે જોખમથી દૂર રહેનાર. વાસ્તવમાં, નવો ધંધો શરૂ કરવામાં હંમેશાં જોખમ સંકળાયેલું છે. કારણ કે ભવિષ્યમાં નફો મેળવવા માટે નાણાંનું રોકાણ કરવામાં આવ્યું હોય છે. કોઈ નવી વસ્તુ શરૂ કરવી એ જોખમી છે. નવું સાહસ અપેક્ષિત નફો લાવી ન શકે અથવા નિષ્ફળ નીવડે અને નુકસાનમાં ચાલે. આવું વધતી જતી હરીફાઈ, ગ્રાહકોની પસંદગીમાં પરિવર્તન, કાચા માલના પુરવઠાની તંગી અથવા અણધારી આકસ્મિક આફતને કારણે બની શકે છે. પરંતુ ઉદ્યોગ સાહસિક નીડર રીતે આવું જોખમ ઉઠાવવા તત્પર હોય છે. વળતર માટે તે જોખમ ઉઠાવવા તૈયાર હોય

છે. જો તે એક સાહસમાં નિષ્ફળ નીવડે છતાં પણ ટકી રહે તો આ બાબત તેને સફળતામાં મદદ કરે છે.

### 4.2.2 ઉદ્યોગ સાહસિકનાં લક્ષણો (Characteristics of An Entrepreneur)

જો તમે ધંધાનો ઇતિહાસ વાંચશો તો તમને ઘણી વ્યક્તિઓનાં નામ જાણવા મળશે જેમને ઉદ્યોગ સાહસિકો કહી શકાય. અમેરિકાના રોકફેલર અને હેનરી ફોર્ડ,જર્મનીના કાર્લ બેન્ઝ અને ગોટફીડ ડૈમલર,જાપાનના સોઇચિરો હોન્ડા વગેરે ઉદ્યોગ સાહસિકોનાં ખૂબ જ પ્રસિદ્ધ નામો છે કે જેમણે ઔદ્યોગિક સંગઠનો શરૂ કર્યાં અને સમૃદ્ધિ મેળવી. આપણા દેશમાં જે.એન.ટાટા, જી.ડી.બિરલા, કિર્લોસ્કર અને અન્ય વ્યક્તિઓએ સફળતાપૂર્વક ઉત્પાદન ઉદ્યોગો સ્થાપ્યા છે. ઘણી વાર નાની ધંધાકીય પેઢીઓએ ઉદ્યોગ સાહસિકોએ ભજવેલ ભાગને કારણે સફળતા પ્રાપ્ત કરી હોય છે. તે જાણવું ઉપયોગી થઈ પડશે કે તેમની વ્યક્તિગત લાક્ષણિકતાઓ બાબતમાં કોઈ સામાન્ય બાબતો છે કે નહીં. ઉદ્યોગ સાહસિકોના ચરિત્ર બાબતમાં એવાં કેટલાંક તત્ત્વો જોવા મળે છે કે જે સામાન્ય રીતે તેમનામાં પ્રમુખ બાબતો છે.

(1) **સ્વતંત્રતા :** ઘણા ઉદ્યોગસાહસિકો જેમણે પોતાનો ધંધો શરૂ કર્યો તેમણે પોતાની જાતને કબૂતરખાનામાં રહેવાનો અથવા રોજબરોજની ટેવોને અનુસરવાનો પ્રતિકાર કર્યો. વાસ્તવમાં જ્યારે ઉદ્યોગ સાહસિકોને બીજા કોઈની દોરવણી પ્રમાણે અનુસરવાનું હોય છે ત્યારે તેઓ નિરાશ થાય છે. તેઓ પોતાની જાતને પોતાની સંસ્થાના વ્યવસ્થાપક બનાવવા માંગે છે. તેઓ અંકુશ રાખવાનું પસંદ કરે છે. તેઓ અન્ય વ્યક્તિઓની દોરવણી હેઠળ કાર્ય કરવામાં મુશ્કેલી અનુભવે છે.

(2) **કઠોર પરિશ્રમ :** ઉદ્યોગ સાહસિકોની અપ્રતિમ વિશિષ્ટતા છે કાર્ય કરવાની ઇચ્છા અને કઠોર પરિશ્રમ. તમે દાવા સાથે કહી શકો કે સફળ ધંધાના માલિકે કંટાળાજનક કાર્ય કર્યું છે. કલાકો સુધી પરસેવો વહાવ્યો છે. તેને માનસિક તણાવ અને ખંતનો સામનો કરવો પડયો છે. તે શક્ય છે કે ધંધાએ શરૂઆતમાં ઘણી વાર નિષ્ફળતાનો સામનો કરવો પડયો હોય છે,પરંતુ માલિક તેને બંધ કરવા દેતો નથી. સફળ ઉદ્યોગ સાહસિકે પોતાનો શરૂઆતનો અનુભવ વર્ણવતાં જણાવ્યું કે તેણે સતત લગાતાર કાર્ય કર્યું.દિવસના બાર કલાક કરતાં વધુ અને ઘણી વાર અઠવાડિયાના પૂરેપૂરા સાત દિવસ કાર્ય કર્યું. તમે કહી શકો કે એણે પોતાનું સમગ્ર જીવન આ રીતે વિતાવ્યું.

(3) **લક્ષ્યાંકો સિદ્ધ કરવાની ઇચ્છા :** તેઓને પોતાના પ્રશ્નોનો ઉકેલ શોધવાની અને સફળ ધંધાકીય સાહસ સ્થાપવાની તીવ્ર ઇચ્છા હોય છે, જે છેવટે પૂરતો નફો આપે છે. તેઓ નફાને તેમની સિદ્ધિ અને કામગીરીના માપદંડ તરીકે ગણે છે,નહીં કે માત્ર નાણાં કમાવાનું સાધન.

(4) **દીર્ઘદૃષ્ટિ અને ગતિશીલ દૃષ્ટિકોણ :** મૂળભૂત રીતે, આ લોકોને ધંધાકીય પર્યાવરણ એટલે કે બજાર, ગ્રાહકોનું વલણ, ટૅકનોલૉજિકલ વિકાસ વગેરે અંગેનું વિશાળ જ્ઞાન હોય છે. વળી તેઓ ધંધાની અચોક્કસતાઓ અને જોખમોનો અંદાજ કાઢવામાં ગતિશીલ હોય છે અને તે પ્રમાણે ત્વરિત અને સધ્ધર નિર્ણયો લે છે.

(5) **પુર્વગ્રહરહિતતા :** તેઓ ધંધાકીય પર્યાવરણના ફેરફારોનો અંદાજ કાઢવામાં બુદ્ધિમાન હોય છે. છતાં તેઓ પરિવર્તનોનો પ્રતિકાર કરતા નથી, કારણ કે તેઓ જાણે છે કે તેઓ તેને અટકાવી શકશે નહીં. આથી તેઓને પુર્વગ્રહરહિતતાની ટેવ પડી ગઇ હોય છે. છતાં કેટલીક વાર તેઓ ગ્રાહકોની પસંદગીમાં પરિવર્તનોને કારણે કરોડો રૂપિયા ગુમાવે છે જે અંતે તેમની ટૅકનોલૉજી વગેરેમાં પરિવર્તન કરવાની ફરજ પાડે છે.

(6) **આશાવાદી દૃષ્ટિબિંદુ :** સામાન્ય રીતે તેઓ વર્તમાન સમસ્યાઓને એવું માને છે કે તે કામચલાઉ સ્વરૂપની છે. અને થોડા સમયમાં પરિસ્થિતિ વધુ સાનુકૂળ થઈ જશે. ઉદ્યોગ સાહસિકો હંમેશાં તેમના લક્ષ્યાંકો શક્ય તેટલી શ્રેષ્ઠ રીતે સિદ્ધ કરવા આતુર હોય છે, જેથી અસાધારણ પરિણામો મેળવી શકે છે અને જેને માટે તેઓ ગર્વ લઈ શકે છે.

(7) **કાર્યસંબંધો :** ધંધાની સફળતાનો આધાર મોટે ભાગે તેના કામદારો પર રહેલો છે અને ત્યાર બાદ તેના અન્ય ધંધાકીય એકમો સાથેના સંબંધો સાથે મોટા ભાગના સફળ ધંધાકીય ઉદ્યોગ સાહસિકોને અન્ય વ્યક્તિઓ સાથે મૈત્રીભર્યા સંબંધો હોય છે. આ બાબત બજારમાં તેમની પ્રતિષ્ઠા ઊભી કરે છે.

(8) **સારા સંગઠનકર્તાઓ :** ધંધાની શરૂઆત કરવા માટે જરૂરી વિવિધ પ્રકારનાં સાધનો એકઠાં કરવામાં તથા તેને કામગીરીમાં કાર્યક્ષમ બનાવવા માટે તેઓ સારા હોય છે. તેઓ લોકોને ધંધાના ભવિષ્ય બાબતમાં ખાતરી કરાવે છે. તેમનો સહકાર મેળવે છે, થાપણો ઊભી કરે છે, યંત્રો પ્રાપ્ત કરે છે. માલસામાનના પુરવઠાની વ્યવસ્થા કરે છે. યોગ્ય પ્રકારના કર્મચારીઓની પસંદગી કરે છે અને ધંધા સાથે સંકળાયેલી વિવિધ પ્રવૃત્તિઓ વચ્ચે સંકલન કરી શકે છે.

**(૭) નવીનીકરણની અભિરુચિ (Innovative Aptitude) :-** મોટા ભાગના સફળ ઉદ્યોગ સાહસિકોની અભિરુચિ નવીનીકરણની હોય છે. તેઓ તેમની આવકનો અમુક ભાગ સંશોધન અને નવીનીકરણની પ્રવૃત્તિઓ પાછળ ખર્ચે છે જેથી તેઓ ગ્રાહકોની માંગને પહોંચી વળવા યોગ્ય પેદાશો રજૂ કરી શકે. આપણા કેટલાક ઉદ્યોગપતિઓ જેવા કે તાતા, બિરલા, કિર્લોસ્કર વગેરેએ તેમનાં પોતાનાં સંશોધન કેન્દ્રો સ્થાપ્યાં છે.

## 4.2.3 ઉદ્યોગ સાહસિકનાં કાર્યો ( Functions of An Entrepreneur)

આ એકમનાં અગાઉનાં પાનાંઓ વાંચવાથી તમે ઉદ્યોગ સાહસિકનાં કાર્યો બાબતમાં વિચારવાનું શરૂ કરી દીધું હશે. મુખ્યત્વે તેઓ એક એવો ધંધો શરૂ કરવાની શક્યતાને ઓળખે છે જે નફાકારક હોય. તે કાર્ય ઉદ્યોગ સાહસિકો કરે છે. ત્યાર બાદ તે એ કામગીરીની યોજના તૈયાર કરે છે. અને ધંધાની સ્થાપનાની દિશામાં યોગ્ય પગલાં લે છે અને છેવટે ધંધાની કામગીરી શરૂ કરે છે. જોકે વિચારણા હેઠળના ધંધાના પ્રકાર અનુસાર કાર્યોમાં તફાવત રહે છે. ઉત્પાદન પ્રવૃત્તિમાં જોડાવવાની તકોને જોતાં ઉદ્યોગ સાહસિકનાં કાર્યો જોઈએ.

**(1) વિચારનો વિકાસ કરવો અને તકોની શોધ :** ઉદ્યોગ સાહસિકના સર્જનાત્મક મગજમાં પ્રથમ ધંધાકીય એકમની સ્થાપના કરવાનો વિચાર ઉદ્ભવે છે.વિચારને આધારે તે લાભદાયક રોકાણની તકોને જુએ છે અને ઉત્પાદન એકમ શરૂ કરવાની શક્યતાની તલસ્પર્શી સમીક્ષા કરે છે.

**(2) વસ્તુ વિશ્લેષણ અને બજાર સર્વેક્ષણ :** બજાર સંશોધનની ટૅકનિકો દ્વારા તે ગ્રાહકની પસંદગી અને આવશ્યકતાઓની અને સંભવિત પેદાશની વેચાણક્ષમતા શોધવા અંગેની માહિતી એકઠી કરે છે. વધુમાં તે ડિઝાઇન,રંગ,કદ અને આકાર બાબતમાં ગ્રાહક પસંદગીની માહિતી ભેગી કરે છે. સાથે સાથે ઉદ્યોગ સાહસિક સંભવિત પેદાશ માટેની કુલ માંગ અને હરીફાઇની કક્ષા અંગેની માહિતી એકઠી કરે છે.

**(3) સંગઠનનું સ્વરૂપ નક્કી કરવુ :** તે ધંધાકીય માલિકીનું સ્વરૂપ નક્કી કરે છે.એટલે કે તેણે વૈયક્તિક માલિકી,ભાગીદારી પેઢી, કંપની અથવા સહકારી મંડળી શરૂ કરવી તે નક્કી કરે છે.

**(4) સ્થાન નક્કી કરવું :** તે વાહનવ્યવહાર,ઊર્જાનો પુરવઠો,બળતણ,પાણી,કામદારો,કાચા-માલ સામાનનો પુરવઠો,બજારની સમીપતા વગેરે ઉપલબ્ધ સગવડોને ધ્યાનમાં લઈને કારખાના માટે યોગ્ય સ્થળની પસંદગી કરે છે.

**(૫) જરૂરી મૂડી એકઠી કરવી :** ધંધાની શરૂઆત અને સાતત્ય માટે પૂરતા પ્રમાણમાં તે મૂડી ઉપલબ્ધ બનાવે છે. જેઓ મૂડી પૂરી પાડે છે તે નાણાં પૂરાં પાડનારાઓને તે વ્યક્તિગત બાંયધરી આપે છે.અન્યથા, તે જાતે જ મૂડીરોકાણનું વચન આપે છે અથવા મિત્રો અને સંબંધીઓ પાસેથી જરૂરી રકમની વ્યવસ્થા કરે છે.નાનાં એકમોની બાબતમાં સ્થાપકો તેમની પોતાની બચતો દ્વારા ભંડોળ પૂરું પાડી શકે છે.પરંતુ મોટા કદનાં એકમોની બાબતમાં ભંડોળ વિવિધ સાધનો જેવાં કે સામાન્ય જનતા,વાણિજ્ય બૅંકો, નાણાકીય સંસ્થાઓ વગેરે દ્વારા એકઠું કરવું પડે છે.

**(6) યંત્રો માટે ઑર્ડર મૂકવા :** તે યંત્રો,સાધનો અને અન્ય જરૂરિયાતો માટેના ઑર્ડર મૂકે છે. તે ઉત્પાદન પ્રક્રિયામાં સાધનો અને યંત્રોની ગોઠવણી બાબતમાં નિર્ણય લે છે.

**(7) કામદારોની ભરતી :** તે ઉદ્યોગ સાહસિક તરીકે વિવિધ ખાતાઓ માટે કુશળ અને બિનકુશળ કામદારોની વિવિધ પ્રકારની જરૂરિયાતો અંગેનો અંદાજ મૂકે છે. તે પ્રમાણે ઉદ્યોગ સાહસિક તેમની ભરતીની ગોઠવણ કરે છે

**(8) સંગઠનના આંતરિક માળખાની રચના :** તે વાસ્તવિક એકમના સંગઠનના આંતરિક માળખાની રચના કરે છે. આમાં એકમના સંપૂર્ણ કાર્યને મુખ્ય કાર્યો જેવાં કે ઉત્પાદન, માર્કેટિંગ, નાણાકીય, કર્મચારી, ખરીદી, એન્જિનિયરિંગ વગેરેમાં વહેંચી નાખવાની બાબતનો સમાવેશ થાય છે. અને તેમાંથી દરેકને વિભાગોમાં વહેંચી નાખવામાં આવે છે. તે વિવિધ વિભાગોનાં કાર્યો અને તેમના આંતરસંબંધો નક્કી કરે છે.

**(૭) જોગવાઈઓ પૂર્ણ કરે છે અને એકમની સ્થાપના કરે છે :** દરેક પ્રકારના ધંધાના નવા એકમની સ્થાપના કરતી વખતે કેટલીક જોગવાઈઓનું પાલન કરવું પડે છે. ધંધાકીય સંગઠનના જુદા જુદા પ્રકારો અનુસાર જોગવાઈઓ અલગ અલગ હોય છે. જ્યાં સુધી તમે તેને પૂર્ણ કરો નહીં ત્યાં સુધી તમે એકમની સ્થાપના કરી શકતા નથી. આ એકમમાં આગળ ઉપર તમે કાર્યવિધિની જોગવાઈઓ બાબતમાં અભ્યાસ કરશો.

આમ, ઉદ્યોગ સાહસિકની ભૂમિકા પહેલ કરનાર અને સ્થાપક તરીકેની છે. તાત્પર્ય એ કે ઉદ્યોગ સાહસિકની ભૂમિકા પેદાશ, બજારની પરિસ્થિતિ અને ધંધો ચલાવવાની વ્યાવહારિક બાબતોના જ્ઞાન ધરાવનાર નિષ્ણાત

તરીકેની પણ છે. તે માત્ર કલ્પનાશીલ વિચારક ન હોવો જોઈએ. પરંતુ તેનામાં ક્યા પ્રકારનો ધંધો પોતાનો ઉદેશ પાર પાડશે તે નક્કી કરવાની ક્ષમતા પણ હોવી જોઈએ. ધંધાની અંતિમ સફળતા માટે તેની ભૂમિકા ખરેખર મહત્ત્વપૂર્ણ છે. જ્યારે ધંધાકીય એકમની શરૂઆત કરવામાં આવે છે અને તે નફાકારક સાબિત થાય છે ત્યારે ઉદ્યોગ સાહસિક તેને છોડી દેવાનું વિચારી શકે છે, પોતાના માલિકી હક્કો આપી દે છે અને અન્ય વ્યક્તિઓને તેને ચલાવવા આપી દે છે. ભૂતકાળમાં ઘણા ઉદ્યોગ સાહસિકોએ આવું કર્યું છે. નવી તકો અને ધંધાની વધુ નફાકારક દિશાઓમાં તેઓ આકર્ષાયા હોય છે. પરંતુ ઘણા ઉદ્યોગ સાહસિકોએ તેઓએ શરૂ કરેલ ધંધો ચલાવવાનું ચાલુ રાખ્યું છે, મૂળભૂત સાહસને વિકસાવવાની દરેક તકોનો ઉપયોગ કર્યો છે, નવી પ્રવૃત્તિઓ ઉમેરી છે, વર્તમાન કામગીરીને વધુ કાર્યક્ષમ બનાવી છે અને તેમની સિદ્ધિઓમાંથી સંતોષ મેળવ્યો છે.

પરંતુ તમે સંમત થશો કે સાહસની સફળતા માટે શરૂઆતનો તબક્કો ખૂબ મહત્ત્વનો છે. આ તબક્કે ધંધાનું ભાવિ નક્કી થાય છે. ઉદ્યોગ સાહસિકની મૂળભૂત જવાબદારીઓમાં તકને ઝડપવાની શક્તિ, નવીનીકરણ કરવું, નફાકારક ધંધાની તકોને શોધવી અને ત્યાર બાદ કાયદાકીય જોગવાઈઓને પૂર્ણ કરવી. ભંડોળ ઊભું કરવું અને અંતે ધંધાનું સંચાલન કરવું વગેરેનો સમાવેશ કરી શકાય. તેણે ઘણા અવરોધો, ઘણા પ્રશ્નો અને મુશ્કેલીઓનો ધંધાની સ્થાપના કરતી વખતે સામનો કરવો પડે છે.

તેણે લાંબા ગાળાની અસરો થતી હોય તેવા નિર્ણયો લેવા પડે છે. આમ, ઉદ્યોગ સાહસિકે ઘણી બાબતોની જવાબદારી ઉઠાવવી પડે છે પરંતુ આ પૈકી બે મહત્ત્વની છે : (1) નવીનીકરણ અને (2) જોખમ ઉઠાવવું.

**તમારી પ્રગતિ ચકાસો (અ)**

(1) નીચેનાં દરેક વિધાનો ખરાં છે કે ખોટાં તે દર્શાવો.

(1) ઉદ્યોગ સાહસિક એ કલ્પનાશીલ વિચારક અને પરિવર્તનકાર છે. ☐ ખરું ☐ ખોટું
(2) ઉદ્યોગ સાહસિક નફાકારક સાહસોની તકની શોધમાં હોય છે. ☐ ખરું ☐ ખોટું
(3) ઉદ્યોગ સાહસિકને પોતાની મૂડી રોકવાની ન હોય પરંતુ તે જોખમ ઉઠાવનાર છે. ☐ ખરું ☐ ખોટું
(4) ધંધા દ્વારા કમાવેલ નફાને ઉદ્યોગ સાહસિકની સિદ્ધિ અને કામગીરી તરીકે ઓળખવામાં આવે છે. ☐ ખરું ☐ ખોટું
(5) ઉદ્યોગ સાહસિક શરૂઆતની મૂડી ઊભી કરતો નથી અને નાણાં પૂરાં પાડનારાઓને વ્યક્તિગત બાંયધરી આપે છે. ☐ ખરું ☐ ખોટું
(6) ઉદ્યોગ સાહસિક ધંધો શરૂ કરવા માટે જરૂરી બધું જ એકઠું કરે છે. ☐ ખરું ☐ ખોટું
(7) ઉદ્યોગ સાહસિક ધંધાકીય ક્ષેત્રમાં બીજી વ્યક્તિઓ કરે છે તેવી પ્રવૃત્તિઓ શરૂ કરે છે. ☐ ખરું ☐ ખોટું
(8) ઉદ્યોગ સાહસિકો તેમના દૃષ્ટિબિંદુમાં નિરાશાવાદી હોય છે. ☐ ખરું ☐ ખોટું

(2) નીચેનાં વિધાનો વાંચો. શોધી કાઢો કે કોણ ઉદ્યોગ સાહસિક છે અને કોણ નથી.

(1) એક વ્યક્તિ હયાત વસ્તુ અથવા સેવાની સુધારેલ ગુણવત્તા અને ઉપયોગિતા સાથે ધંધાની સ્થાપના કરે છે.
(2) શ્રી શ્રીકાંત સ્પિનિંગ મિલ ચલાવે છે. તેણે રૂ. ૪ કરોડમાં હાલમાં જ તે ખરીદી છે.
(3) શ્રી હરીશે નાણાં ઊભાં કર્યાં અને કાગળના પાત્રમાં કેરીના જ્યુસનું ઉત્પાદન કરવાની ફેક્ટરી શરૂ કરી.
(4) પોતાની પેદાશો વેચવાના હેતુથી બાટા શૂ કંપનીએ આંદામાન અને નિકોબાર ટાપુઓમાં પોતાના શો રૂમ ખોલ્યા.
(5) અલીએ ઉત્પાદન માટે વૈકલ્પિક કાચો માલ બનાવવાનો નિર્ણય લીધો.

## 4.3 સ્થાપના (Promotion)

ધંધાકીય એકમ પોતાની મેળે અસ્તિત્વમાં આવી શકતું નથી. તે ઉદ્યોગ સાહસિકના પ્રયત્નોનું પરિણામ છે, જે ધંધાકીય તકોના જ્ઞાનને આધારે મનમાં કલ્પના કરે છે અને ધંધાકીય સાહસની શરૂઆત કરવામાં જરૂરી પગલાં લે છે. તે સ્થાપક તરીકે પણ ઓળખાય છે. સ્થાપક તરીકે જરૂરી ભંડોળ અને લોકોને એકઠાં કરે છે, અને એકમને માતા અને આયા બંને તરીકેની સેવાઓ આપે છે. આમ સ્થાપક એ ધંધાની મહત્ત્વની વ્યક્તિ છે, કારણ કે તે/તેણી જોખમ ઉઠાવે છે અને ધંધાના પ્રસ્તાવોને વાસ્તવિક રૂપ આપે છે. નવા ધંધાની સ્થાપના માટે, હયાત ધંધાના વિસ્તૃતીકરણ માટે, અથવા બે કે વધુ ધંધાકીય પેઢીઓનું સંયોજન કરવા માટે સ્થાપનાનું કાર્ય કરવામાં આવે છે.

### 4.3.1 ઉદ્યોગ સાહસિક અને સ્થાપક વચ્ચેનો તફાવત (Distinction Between Entrepreneur and Promoter)

કેટલીક વાર ધંધાના સ્થાપકો અને ઉદ્યોગ સાહસિકો વચ્ચે તફાવત પાડવામાં આવે છે. જેઓ નવીનીકરણ કરનાર અને જોખમ ઉઠાવનારા છે તેઓ ચુસ્ત રીતે ઉદ્યોગ સાહસિકો તરીકે ઓળખાય છે. જ્યારે જેઓ ધંધાની સ્થાપના કરવાનાં પગલાં લે છે અને તેને કાર્યરત બનાવે છે તેમને સ્થાપકો તરીકે ઓળખવામાં આવે છે. વ્યવહારમાં જો કે આ તફાવત યોગ્ય ગણાતો નથી. ઉદ્યોગ સાહસિકતા (ઉદ્યોગ સાહસિકોનું કાર્ય) માત્ર ધંધાકીય તકોની ઓળખ અને કંઇક નવું કરવાની તૈયારી પૂરતી મર્યાદિત નથી. ધંધાનાં જોખમો સહન કરવાની ઉદ્યોગ સાહસિક દ્વારા જવાબદારી ઉઠાવવા સાથે તેનો અંત આવતો નથી. તેમાં ધંધાની યોજના ઘડવી અને તેને કામગીરીમાં મૂકવા માટેનાં જરૂરી પગલાં લેવાની બાબતનો સમાવેશ થાય છે. જ્યારે ધંધો કાર્ય કરતો થાય છે ત્યારે જ તે ધંધો બને છે. આમ સ્થૂળ રીતે આપણે ઉદ્યોગ સાહસિકની ભૂમિકા અને સ્થાપકની ભૂમિકા વચ્ચે કોઈ જાતનો તફાવત પાડી શકીએ નહીં.

### 4.3.2 સ્થાપકોના પ્રકારો (Types of Promoters)

સ્થાપકોના વિવિધ પ્રકારો છે. તેઓને વ્યાવસાયિક સ્થાપકો, નાણાકીય સ્થાપકો, ઉદ્યોગ સાહસિક સ્થાપકો, સંસ્થાકીય સ્થાપકો અને સરકાર એમ વર્ગીકૃત કરી શકાય.

(1) **વ્યાવસાયિક સ્થાપકો( Professional Promoters) :** નવા ધંધાકીય એકમોની સ્થાપનામાં તેઓ નિષ્ણાત હોય છે. એકમની સ્થાપના કર્યા બાદ તેઓ અંતે કંપનીના શૅરહોલ્ડરોને અંકુશ અને સંચાલન સોંપી દે છે.

(2) **નાણાકીય સ્થાપકો (Financial Promoters) :** જામીનગીરી બજારમાં અનુકૂળ સંજોગોમાં આ સ્થાપકો નવાં એકમો સ્થાપે છે. તેઓ એવી વ્યક્તિઓ છે જેઓ નાણાકીય રીતે સધ્ધર હોય છે અને તેઓ રોકાણ માટેની નવી અપેક્ષિત તકોની શોધમાં રહે છે.

(3) **ઉદ્યોગ સાહસિક સ્થાપકો (Entrepreneurial Promoters) :** આ સ્થાપકો નવા ધંધાકીય એકમની કલ્પનાનો વિચાર કરે છે. ધંધાકીય એકમની સ્થાપના માટેની જરૂરી પ્રાથમિક કામગીરી કરે છે અને છેવટે તેનું નિયંત્રણ અને સંચાલન કરે છે. ભારતમાં મોટા ભાગના સ્થાપકો આ પ્રકારના હોય છે.

(4) **સંસ્થાકીય સ્થાપકો(Institutional Promoters) :** તે કેટલીક વિશિષ્ટ સંસ્થાઓ જેવી કે ભારતીય ઔદ્યોગિક વિકાસ બૅંક, રાષ્ટ્રીય ઔદ્યોગિક વિકાસ નિગમ વગેરે છે, જે નવા એકમની સ્થાપના માટે ટૅકનિકલ, સંચાલકીય અને નાણાકીય મદદ પૂરી પાડે છે. એકમની સ્થાપના માટે આ સંસ્થાઓ અન્ય ઉદ્યોગ સાહસિકોને સહયોગ આપે છે.

(5) **સરકાર(Government) :** આઝાદી બાદ ભારત સરકાર એકમોના એક મોટા સ્થાપક તરીકે બહાર આવી છે. તેણે વિવિધ ક્ષેત્રોમાં અનેક સાહસો જેવાં કે યુદ્ધ સરંજામનાં કારખાનાં, હેવી ઇલેક્ટ્રીકલ્સ, જહાજી, લોખંડ અને પોલાદ, ખાતરો અને જંતુનાશકો, તેલ અને પ્રાકૃતિક ગેસ વગેરે સ્થાપ્યાં છે.

## 4.4 વિવિધ પ્રકારનાં સંગઠનોની સ્થાપના (Promotion of Different Types of Organisations)

ધંધાની સ્થાપનામાં ઉદ્યોગ સાહસિકની ભૂમિકા અંગેનો તમે અભ્યાસ કર્યો. સ્થાપક જેનું બજાર હોય તે પેદાશ કે સેવા અંગે નિર્ણય લે છે અને ત્યાર બાદ ધંધાકીય એકમની સ્થાપના માટેનાં જરૂરી પગલાં લે છે. ધંધાની સ્થાપના કરતાં પહેલાં, સ્થાપકો ધંધાકીય માલિકીના સ્વરૂપ અંગે નિર્ણય કરે છે. તે એક વ્યક્તિની માલિકી નીચે હશે કે સંયુક્ત માલિકી નીચે, જો તે સંયુક્ત માલિકી નીચે હશે તો તે ભાગીદારી સંગઠન હશે કે જોઇન્ટ સ્ટૉક કંપની વગેરે. ધંધાની સ્થાપના માટે તેણે જે પગલાં લેવાનાં છે તે સ્વાભાવિક રીતે સંગઠનના સ્વરૂપ પર આધાર રાખે છે. ધંધાની સ્થાપના માટે જરૂરી જોગવાઈઓ - ખાસ કરીને કાયદાની જોગવાઈઓ - દરેક કિસ્સામાં અલગ અલગ હોય છે. ચાલો, સૌ પ્રથમ વૈયક્તિક માલિકી અથવા ભાગીદારી પેઢી નીચે ધંધાકીય સાહસની સ્થાપના માટે શું કરવું જરૂરી છે તે જોઈએ.

### 4.4.1 માલિકી એકમ (Proprietory Concern)

જ્યારે એક વ્યક્તિની માલિકી હેઠળ ધંધાકીય એકમની સ્થાપનાનો નિર્ણય લેવામાં આવે ત્યારે વ્યાવહારિક રીતે કાયદાની કોઈ જોગવાઈઓ સંકળાયેલી નથી. જોકે અમુક પ્રકારની ધંધાકીય પ્રવૃત્તિઓ ચલાવવા માટે સરકાર

અથવા સ્થાનિક સત્તાની પરવાનગી લેવી પડે છે. ઉદાહરણ તરીકે, રેસ્ટોરન્ટ ખોલવા માટે વ્યક્તિગત માલિકે મ્યુનિસિપલ કૉર્પોરેશનના આરોગ્ય ખાતાની પરવાનગી મેળવવી પડે છે. વર્કશોપ અથવા કારખાનું શરૂ કરવા માટે માલિકે જિલ્લા ઔદ્યોગિક કેન્દ્ર મારફતે ડિરેક્ટર ઑફ ઇન્ડસ્ટ્રિઝની પરવાનગી મેળવવી જ પડે છે.

સંયુક્ત હિન્દુ કુટુંબની માલિકીનો ધંધો પણ હોઈ શકે છે. આવા ધંધામાં, કુટુંબનો વડો, જે કર્તા તરીકે ઓળખવામાં આવે છે, તેનો ધંધાની આવક અને ખર્ચ પર સંપૂર્ણ અંકુશ હોય છે. અને તે વૈયક્તિક માલિકની જેમ જ ધંધાની પ્રવૃત્તિઓ પર અંકુશ રાખે છે. વાસ્તવમાં, સંયુક્ત હિન્દુ કુટુંબ પેઢીનો ધંધો સામાન્ય રીતે ત્યારે જ અસ્તિત્વમાં આવે છે જ્યારે કુટુંબનો વડો મૃત્યુ પામે છે. અને તેના કુટુંબના સભ્યો કુટુંબના સૌથી વડીલ સભ્ય દ્વારા કુટુંબનો ધંધો ચાલુ રાખવાનો નિર્ણય લે છે. ધંધાના સંગઠનના આ સ્વરૂપમાં પણ કોઈ કાયદાની જોગવાઈઓ અનુસરવી જરૂરી નથી.

## 4.4.2 ભાગીદારી પેઢી (Partnership Firm)

તમે જાણો છો કે ભાગીદારી એ બે કે વધુ વ્યક્તિઓ વચ્ચેનો સંબંધ છે જેઓ ધંધાનો નફો વહેંચી લેવા સંમત થયા હોય છે. ધંધો બધા દ્વારા ચલાવવામાં આવે છે અથવા બધા વતી કોઈ એક દ્વારા ચલાવવામાં આવે છે. સંયુક્ત રીતે આવી વ્યક્તિઓ પેઢી તરીકે ઓળખાય છે અને વ્યક્તિગત રીતે તેઓ ભાગીદારો તરીકે ઓળખાય છે. ભાગીદારો વચ્ચેનો કરાર મૌખિક અથવા લેખિત હોઈ શકે છે. ભાગીદારીનો ધંધો બે કે વધુ વ્યક્તિઓ વચ્ચેના કરારને પરિણામે અસ્તિત્વમાં આવે છે. તેથી ભાગીદારી પેઢીને કાયદાની દૃષ્ટિએ કોઈ અલગ અસ્તિત્વ નથી. તેને કોઈ સ્વતંત્ર કાયદાકીય અસ્તિત્વ નથી. આમ ભાગીદારીનો ધંધો શરૂ કરવા અને તેને ચલાવવા માટે કોઈ કાયદાની જોગવાઈઓ જરૂરી નથી.

છતાં પણ, જો ભાગીદારો ઇચ્છે તો ભાગીદારી પેઢીની નોંધણી, અરજીપત્રક ભરીને પેઢીના રજિસ્ટ્રાર પાસે કરાવી શકાય છે. આ હેતુથી રૂ. 3ની ફી ભરવી પડે છે. કાયદા અનુસાર ભાગીદારીની નોંધણી ફરજિયાત નથી, પરંતુ તે હિતાવહ છે. કારણ કે નહીં નોંધાયેલી પેઢી ત્રાહિત વ્યક્તિ વિરુદ્ધ પોતાના હકદાવા માટે કાયદાનો કોઈ દાવો માંડવા અથવા અન્ય કાયદાની કાર્યવાહી શરૂ કરવા મંજૂરી મેળવી શકતી નથી. વધુમાં આવી પેઢીનો કોઈ પણ ભાગીદાર ભાગીદારી કરાર અનુસારના પોતાના અધિકારોની બજવણી માટે અન્ય ભાગીદારો સામે દાવો માંડી શકતો નથી. જોકે ત્રાહિત પક્ષ પેઢી તેમ જ ભાગીદારો વિરુદ્ધ દાવો માંડી શકે છે.

ભાગીદારોનો ધંધો શરૂ કરતાં પહેલાં, ભાગીદારો તેમના અસરપરસના અધિકારો અને જવાબદારીઓ અંગે કરાર કરે છે. જો તે મૌખિક કરાર હોય તો, ભાગીદારો વચ્ચે તેમના જે તે અધિકારો ને જવાબદારીઓ બાબતમાં ગેરસમજ અથવા ઝઘડા થવાની હંમેશાં શક્યતા રહે છે. ભવિષ્યમાં ઝઘડાને દૂર કરવા કરાર લેખિત હોય તે સલાહભર્યું છે. લેખિત કરાર ''ભાગીદારી કરારનામા'' તરીકે ઓળખાય છે. તે સ્ટેમ્પવાળા કાગળ ઉપર લખવામાં આવે છે અને બધા ભાગીદારોની તેના પર સહી હોય છે. ભાગીદારી કરારમાં ધંધાનું સ્વરૂપ અને જગ્યા, ભાગીદારીની સમયમર્યાદા, દરેક ભાગીદારે લાવવાની મૂડી અને નફાનો ભાગ, ભાગીદારોના અધિકારો, ફરજો અને જવાબદારીઓ, કોઈ ભાગીદારને આપવાનો પગાર, અને એવી બધી બાબતો જેમાં સંમત થવું જરૂરી હોય તેનો સમાવેશ કરવામાં આવે છે.

તમારી પ્રગતિની ચકાસણી કરો - બ

નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે દર્શાવો.

(1) ધંધાની સ્થાપનાની શરૂઆત વિચારના ઉદ્ભવથી થાય છે અને ધંધાકીય એકમની શરૂઆત સાથે તેનો અંત આવે છે. ☐ ખરું ☐ ખોટું

(2) હયાત માંદા એકમનું પુનર્જીવન ધંધાની સ્થાપના કહેવાય છે. ☐ ખરું ☐ ખોટું

(3) માલિકીના એકમમાં ભાગીદારી સ્વરૂપની તુલનામાં જોગવાઈઓ પ્રમાણમાં ઓછી છે. ☐ ખરું ☐ ખોટું

(4) ભાગીદારીની નોંધણી ફરજિયાત છે. ☐ ખરું ☐ ખોટું

(5) જો પેઢીની નોંધણી ન કરાવવામાં આવી હોય તો ભાગીદારો બીજા ભાગીદારો સામે દાવો માંડી શકતા નથી. ☐ ખરું ☐ ખોટું

(6) સૌથી વડીલ કે જે સંયુક્ત હિંદુ કુટુંબ પેઢીના ધંધાનું સંચાલન કરે છે તે કર્તા તરીકે ઓળખાય છે. - ☐ ખરું ☐ ખોટું

### 4.4.3 જોઈન્ટ સ્ટૉક કંપની (Joint Stock Company)

તમે શીખી ગયા કે કંપની એ વ્યક્તિઓનું સંગઠન છે. તેથી કંપનીની સ્થાપના માટે એક કરતાં વધુ વ્યક્તિઓ હોવી જોઈએ. ભાગીદારી પેઢીમાં પણ ધંધામાં એક કરતાં વધુ વ્યક્તિઓ સંકળાયેલી હોય છે. પરંતુ કાયદાની દૃષ્ટિએ કહી શકાય કે ભાગીદારી પેઢીને તેના ભાગીદારો કરતાં અલગ અસ્તિત્વ નથી. બીજી બાજુ કંપની તેના ભાગીદારો કરતાં અલગ કાયદાકીય વ્યક્તિત્વ પ્રાપ્ત કરે છે. કાયદામાં તે તેના સભ્યો, જે તેમાં જોડાય છે તેના કરતાં અલગ વિશિષ્ટ વ્યક્તિ તરીકે ગણાય છે. આ લક્ષણોને કારણે કંપનીની સ્થાપના માટે, તેની સ્થાપના થાય તે અગાઉ અનેક કાયદાની જોગવાઈઓનું પાલન કરવું જરૂરી છે. કંપનીને અસ્તિત્વમાં લાવવાની જવાબદારી એક અથવા વધુ સ્થાપકો લઈ શકે છે.

કંપનીની સ્થાપના માટેની કાયદાની જોગવાઈઓ બાબતમાં ભારતીય કંપનીધારા, 1956માં અનેક જોગવાઈઓ છે. તમે જાણો છો કે માલિકીની દૃષ્ટિએ કંપનીધારા અનુસાર મુખ્યત્વે બે પ્રકારની કંપનીઓ સ્થાપી શકાય. ખાનગી કંપની અને જાહેર કંપની. સ્થાપકોએ તેઓ કયા પ્રકારની કંપની સ્થાપવા માંગે છે તે નક્કી કરવું પડે છે. ધંધો ચલાવવાના ઉદ્દેશથી, સ્થાપકો સામાન્ય રીતે ઇચ્છે છે કે સભ્યોની જવાબદારી તેઓ મૂડીની જે રકમ આપવા સંમત થયા હોય તેના પૂરતી મર્યાદિત હોવી જોઈએ. તે જ રીતે જે કંપની સ્થાપવાનું નક્કી કર્યું હોય તે ખાનગી મર્યાદિત કંપની અથવા જાહેર મર્યાદિત કંપની હોઈ શકે છે. ભલે તે ખાનગી મર્યાદિત અથવા જાહેર મર્યાદિત કંપની હોય, તે જરૂરી છે કે કંપનીધારા અનુસાર કંપનીની યોગ્ય રીતે નોંધણી થાય. કંપનીઓની નોંધણી માટે નીમવામાં આવેલ અધિકારી એ કંપની રજિસ્ટ્રાર છે. ભારતના દરેક રાજ્ય અથવા રાજ્યના જૂથ માટે કંપની રજિસ્ટ્રાર છે. ઉદાહરણ તરીકે કેન્દ્રીય વિસ્તારો દિલ્હી અને હરિયાણા માટે રજિસ્ટ્રાર ઑફ કંપની છે. તેમનું કાર્યાલય નવી દિલ્હીમાં છે. કંપનીની નોંધણી માટે સ્થાપકોએ શું કરવું પડે છે તે જોઈએ.

**કંપનીની નોંધણી (Registration of a Company) :** કંપનીની નોંધણીને સ્થાપના (Incorporation) તરીકે પણ ઓળખવામાં આવે છે. કંપની જ્યારે સ્થાપનાનું પ્રમાણપત્ર રજિસ્ટ્રાર ઑફ કંપનીઝ પાસેથી પ્રાપ્ત કરે છે ત્યારે તેની સ્થાપના થયેલી ગણાય છે. સ્થાપનાનું પ્રમાણપત્ર એ બાબતનો નિર્ણયાત્મક પુરાવો છે કે અમુક નામ ધરાવતી કંપનીની સ્થાપના કાયદેસર રીતે કરવામાં આવી છે. સ્થાપકોએ સ્થાપનાનું પ્રમાણપત્ર મેળવવા માટે નીચેનાં પગલાં લેવાં પડે છે.

(1) કંપની માટે નામ પસંદ કરવું.

(2) નોંધાવવાના દસ્તાવેજો તૈયાર કરવા અને છપાવવા.

(3) કંપની રજિસ્ટ્રાર સમક્ષ દસ્તાવેજો નોંધાવવા.

આ બાબતો એક પછી એક જોઈએ :

**(1) નામ પસંદ કરવું :** નોંધણી કરાવવા માટેની દરેક કંપનીનું નામ હોવું જોઈએ, જેના દ્વારા તે કાયદા અને ધંધાના હેતુથી ઓળખાશે. સામાન્ય રીતે સ્થાપકો કેટલાંક નામો પસંદ કરે છે અને રજિસ્ટ્રારના કાર્યાલયમાંથી શોધી કાઢે છે કે શું તેમને તેમાંથી કોઈ નામ મળી શકે છે. આ હેતુથી નક્કી કરેલ ફૉર્મમાં ભારત સરકારના 'કંપની લૉ એડમિનિસ્ટ્રેશન' સમક્ષ રજિસ્ટ્રાર ઑફ કંપનીઝ દ્વારા સંમતિ માટે અરજી કરવી પડે છે. સ્થાપકો ત્યાર બાદ માન્ય કરેલ નામની યાદીમાંથી કોઈ પણ નામ પસંદ કરી શકે છે. તે બાબત જરૂરી છે કે જાહેર મર્યાદિત કંપની અને ખાનગી મર્યાદિત કંપનીના નામ સાથે અનુક્રમે 'લિમિટેડ'(મર્યાદિત) અને 'પ્રાઈવેટ લિમિટેડ' (ખાનગી મર્યાદિત) શબ્દો હોવા જોઈએ.

**(2) દસ્તાવેજોની તૈયારી અને છપામણી :** કંપનીનું નામ સ્વીકાર્યા અને અપનાવ્યા બાદ, સ્થાપકોએ નીચેના બે દસ્તાવેજો તૈયાર કરવા અને છપાવવા પડે છે.

(અ) આવેદનપત્ર (મેમોરેન્ડમ ઑફ ઍસોસિયેશન)

(બ) નિયમનપત્ર (આર્ટિકલ્સ ઑફ ઍસોસિયેશન)

**આવેદનપત્ર (Memorandum of Association) :** તે કંપનીનો સૌથી મહત્ત્વનો દસ્તાવેજ છે. કારણ કે તે કંપનીનું બંધારણ નક્કી કરે છે અને કંપનીના બાહ્ય જગત સાથેના સંબંધો દર્શાવે છે. તે જાહેર દસ્તાવેજ છે અને દરેક વ્યક્તિ જે કંપની સાથે વ્યવહારો કરે તેણે આવેદનપત્રમાં દર્શાવેલ જોગવાઈઓ જાણવી જોઈએ. આવેદનપત્રનો એ હેતુ છે કે શૅરહોલ્ડર, લેણદારો અને જેઓ કંપની સાથે વ્યવહારો કરે તે જાણી શકે કે કંપનીની પ્રવૃત્તિઓનું માન્ય કાર્યક્ષેત્ર શું છે. જોકે કંપની એ કાયદેસરની વ્યક્તિ છે. છતાં વાસ્તવિક વ્યક્તિથી વિરુદ્ધ તેની ધંધો કરવાની શક્તિ મર્યાદિત છે. જો કંપની કોઈ વેપાર કે ધંધામાં સંકળાયેલી હોય.જે આવેદનપત્રમાં દર્શાવેલ જોગવાઈઓથી બહારનું હોય, તો આવાં કાર્યો કંપનીનાં ગેરકાયદેસર કાર્યો ગણાય છે. આથી તે રદબાતલ અને

અમલમાં મૂકી શકાય નહીં તેવું છે.
આવેદનપત્રમાં વિવિધ કલમો હેઠળ નીચેની વિગતો દર્શાવવામાં આવે છે :

(1) કંપનીનું નામ.

(2) જે રાજ્યમાં કંપનીનું નોંધાયેલ કાર્યાલય આવેલું હોય તે રાજ્યનું નામ.

(૩) હેતુની કલમ : આ કલમમાં ધંધાકીય પ્રવૃત્તિઓનું સ્વરૂપ જે કંપની હાથ ધરવા માંગતી હોય તે દર્શાવવામાં આવે છે.

(4) સભ્યોની જવાબદારી તેમણે ભરેલ શૅરની દાર્શનિક કિંમત પૂરતી મર્યાદિત રહેશે એવું જાહેરનામું.

(5) મૂડીની કલમ : કુલ મૂડીની રકમ જેના દ્વારા પ્રસ્તાવિત કંપની નોંધણી કરાવવા માંગતી હોય. વિવિધ પ્રકારના નક્કી રકમના શેરોમાં તેનું વિભાજન દર્શાવવામાં આવે છે. આવેદનપત્રમાં સહી કરનારાઓ દ્વારા એવું નિવેદન થાય છે કે તેઓ કંપનીની સ્થાપનામાં રસ ધરાવે છે અને તેમના સામે દર્શાવેલ રકમના શૅર લેવા માટે તેઓ સંમત થાય છે.

નિયમનપત્ર (The Articles of Association) : તેમાં કંપનીના સંચાલનને લગતી બાબતોના નિયમો અને જોગવાઈઓ દર્શાવવામાં આવે છે. તે સંચાલનના અધિકારો, સત્તાઓ અને જવાબદારીઓ સ્પષ્ટ કરે છે. કંપનીનો ધંધો કઈ રીતે ચલાવવામાં આવશે તેની રીત અને સ્વરૂપ તથા સમય અનુસાર કંપનીના આંતરિક નિયંત્રણોમાં ફેરફાર કરવામાં આવશે તેની રીત દર્શાવવામાં આવે છે. નિયમનપત્ર કંપની અને તેના સભ્યો, તથા સભ્યો વચ્ચેના સંબંધો નક્કી કરે છે. શૅર દ્વારા મર્યાદિત જાહેર કંપની પોતાનું નિયમનપત્ર નોંધાવી શકે અથવા કંપની ધારાના પરિશિષ્ટ 1 માં આપવામાં આવેલ ૭૭ નમૂનાના નિયમો દર્શાવતું ટેબલ'એ' સ્વીકારી શકે છે. બીજા પ્રકારની કંપનીઓ તેમનું પોતાનું નિયમનપત્ર તૈયાર કરીને આવેદનપત્ર સાથે સ્થાપનાના સમયે નોંધાવી શકે છે. નિયમનપત્રમાં કંપની ધારા, જાહેર નીતિ, આવેદનપત્ર અને દેશના સામાન્ય કાયદાની વિરુદ્ધની કોઈ બાબતો દર્શાવી ન શકાય.

(૩) નોંધણી માટે દસ્તાવેજો નોંધાવવા (Filing of Documents for Registration) : આવેદનપત્ર અને નિયમનપત્ર તૈયાર કર્યા અને છપાવ્યા બાદ, સ્થાપકો કંપની રજિસ્ટ્રારને એક અરજી કરે છે અને નીચેના દસ્તાવેજો રજૂ કરે છે :

(1) આવેદનપત્રની નકલ

(2) નિયમનપત્રની નકલ

(3) જે વ્યક્તિઓ કંપનીના ડિરેક્ટર થવા સંમત થઈ હોય તેમનાં નામ, સરનામાં, ઉંમર અને ધંધાની વિગતો સાથેની યાદી. જો ડિરેક્ટરોની અલગ યાદી રજૂ કરવામાં ન આવી હોય તો આવેદનપત્રમાં સહી કરનારા ડિરેક્ટરો તરીકે માની લેવામાં આવશે.

(4) પોતે ડિરેક્ટર તરીકે કાર્ય કરવા સંમત છે તેવી દરેક ડિરેક્ટરની સહી સાથેની લેખિત સંમતિ, સાથે તેઓ નક્કી કરેલ રકમના લાયકાતના શૅર (જો હોય તો ) લેશે તેવી લેખિત બાંયધરી, શૅર મૂડી વગરની અને ખાનગી કંપનીને આ દસ્તાવેજ નોંધાવવાની જરૂર નથી.

(5) કંપનીની સ્થાપના બાબતની બધી જ કાયદેસરની જોગવાઈઓનું પાલન કરવામાં આવ્યું છે, તેવું દર્શાવતું કાયદેસરનું જાહેરનામું. આ જાહેરનામું સુપ્રિમ કોર્ટ કે હાઈ કોર્ટના વકીલ મારફતે, અથવા પ્રેક્ટિસ કરતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, અથવા કંપનીના ડિરેક્ટર તરીકે દર્શાવેલ વ્યક્તિ, મૅનેજર અથવા સેક્રેટરી દ્વારા સહી થયેલ હોવું જોઈએ.

(6) કંપનીની નોંધાયેલ કાર્યાલય અંગેની નોટિસ. જો કે સ્થાપનાના 30 દિવસની અંદર આ નોટિસ રજૂ કરી શકાય છે.

ઉપરના દસ્તાવેજો સાથે આવેદનપત્ર અને નિયમનપત્ર પર ભારતીય સ્ટેમ્પ ધારા મુજબ જરૂરી રકમની સ્ટેમ્પ હોવી જોઈએ. વળી અરજી રજૂ કરતી વખતે સ્થાપકોએ નોંધણી ફી અને નોંધાવવાની ફી ચૂકવવાની વ્યવસ્થા કરવી પડે છે.

જો રજિસ્ટ્રારને તેની ચકાસણી કરતાં યોગ્ય લાગે તો તે કંપનીને સ્થાપનાનું પ્રમાણપત્ર આપે છે. જ્યારે તે પ્રમાણપત્ર મેળવે છે ત્યારે કંપની કાયદાની દૃષ્ટિએ અલગ અસ્તિત્વ પ્રાપ્ત કરે છે.

ધંધાની શરૂઆત(Commencement of Business) : ખાનગી મર્યાદિત કંપની નોંધણી થયા બાદ

તુરત જ ધંધાકીય પ્રવૃત્તિઓ શરૂ કરી શકે છે. આવી કંપનીના સ્થાપકો જરૂરી મૂડીની રકમ તેમના મિત્રો અને સગાંઓને કાં તો શૅર આપીને અથવા લોનના સ્વરૂપે એકઠી કરે છે. મૂડીનું ભરણું કરવા જાહેર જનતાને આમંત્રણ આપી શકાતું નથી.

ખાનગી મર્યાદિત કંપની માટે, જોકે નોંધણી બાદ તુરત જ ધંધાકીય પ્રવૃત્તિઓ શરૂ કરી શકાતી નથી. તેણે કંપની રજિસ્ટ્રાર પાસેથી ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર મેળવવું પડે છે, જેને માટે સ્થાપકોએ અનેક પ્રકારનાં પગલાં લેવાં પડે છે તે નીચે મુજબ છે :-

(1) **વિજ્ઞાપનપત્ર અથવા વિજ્ઞાપનપત્રના બદલાના નિવેદનની તૈયારી અને નોંધણી :** કંપનીની નોંધણી કરાવ્યા બાદ, ડિરેક્ટરો માટે એ જરૂરી છે કે કંપની માટે જરૂરી મૂડી ઊભી કરવી. સામાન્ય રીતે, જરૂરી મૂડીની રકમ ઊભી કરવા ચોક્કસ રકમના શૅર જાહેરજનતાને બહાર પાડવાનું નક્કી કરવામાં આવે છે. જનતાને કંપનીના શૅરમાં ભરણું કરવા આમંત્રણ આપવા માટે જે દસ્તાવેજ તૈયાર કરવામાં આવે છે તે વિજ્ઞાપનપત્ર તરીકે ઓળખાય છે. વાસ્તવમાં, વિજ્ઞાપનપત્રમાં કંપની વિશેની એવી માહિતીનો સમાવેશ થાય છે જે કંપનીની મૂડીમાં ભરણું કરવા ઇચ્છતા હોય તે લોકોના હિતમાં હોય. વિજ્ઞાપનપત્રની વિગતો અંગે કંપની ધારામાં સ્પષ્ટતા કરવામાં આવી છે, જેથી સ્થાપકો કોઈ બાબતો છુપાવી ન શકે કે લોકોને ગેરરસ્તે દોરી શકે નહીં. જાહેર જનતા સમક્ષ રજૂ કરતાં પહેલાં નોંધણી માટે રજિસ્ટ્રાર સમક્ષ વિજ્ઞાપનપત્રની નકલની નોંધણી કરાવવી જરૂરી છે.

ખાનગી મર્યાદિત કંપનીએ તેની મૂડી એકઠી કરવા માટે વિજ્ઞાપનપત્ર બહાર પાડવું પડતું નથી. કારણ કે કાયદા અનુસાર તેના શૅરના ભરણા માટે જનતાને આમંત્રણ આપવાની કોઈ મંજૂરી આપવામાં આવી નથી. જોકે જાહેર મર્યાદિત કંપની માટે વિજ્ઞાપનપત્ર બહાર પાડવું ફરજિયાત નથી, સિવાય કે તેની મૂડી ઊભી કરવા માટે જાહેર જનતાનો સંપર્ક સાધવાનું તે નક્કી કરે. જો સ્થાપકો નક્કી કરે કે જરૂરી મૂડી ઊભી કરવા જાહેર જનતાનો સંપર્ક સાધવો નથી, પરંતુ મૂડી તેમના મિત્રો અથવા સંબંધીઓ અથવા બાંયધરી આપનારાઓ દ્વારા ભરણાની વ્યવસ્થા ગોઠવે, તો તેમના માટે વિજ્ઞાપનપત્ર બહાર પાડવું જરૂરી નથી. તેવા સંજોગોમાં રજિસ્ટ્રાર સમક્ષ વિજ્ઞાપનપત્રના બદલાનું નિવેદન નોંધવું જરૂરી છે. આવા નિવેદનની વિગતો વિજ્ઞાપનપત્રની વિગતો જેવી જ હોય છે. નિવેદન પર કંપનીના ડિરેક્ટરોની સહી હોવી જરૂરી છે અને રજિસ્ટ્રાર સમક્ષ નોંધણી કરાવવી પડે છે.

(2) **શૅરનું ભરણું અને વહેંચણી :** જો જાહેર જનતાને રૂ. 1 કરોડ કરતાં વધુ રકમના શૅરો અને ડિબેન્ચરોના વેચાણ માટે આમંત્રણ આપવામાં આવ્યું હોય તો કંપનીએ ''કન્ટ્રોલ ઑફ કેપિટલ ઈસ્યુ, નવી દિલ્હી (મૂડી નિયામક)ની પરવાનગી મેળવવી જરૂરી છે. આવી પરવાનગી મેળવ્યા બાદ રજિસ્ટ્રાર પાસે નોંધણી કરાવ્યા બાદ કંપની તેના શૅરના ભરણા માટે જાહેરજનતાને આમંત્રણ આપ શકે છે. સામાન્ય રીતે કંપનીઓ દલાલોની નિમણૂક કરે છે, જેમના દ્વારા તેઓ જાહેરજનતાનો ભરણા માટે સંપર્ક સાંધે છે. દલાલો સંભવિત રોકાણકારોને વિજ્ઞાપનપત્ર અને અરજીપત્રકો આપે છે. કંપની પણ કેટલીક બેંકોની નિમણૂક કરે છે. જે જાહેરજનતા પાસેથી અરજીપત્રકોઅને અરજીનાં નાણાં પ્રાપ્ત કરે છે અને તે હેતુ માટે ખાસ ખોલવામાં આવેલ કંપનીના ખાતામાં રકમ જમા કરે છે. ઈસ્યુ બંધ થઈ ગયા પછી બોર્ડ ઑફ ડિરેક્ટર્સ, શૅરબજાર સત્તાવાળાઓની સાથે ચર્ચાવિચારણા કરીને વહેંચણીનો આધાર નક્કી કરે છે. અને વહેંચણી માટેનો વૈધિક ઠરાવ પસાર કરે છે. ઠરાવના આધારે કંપનીનો સેક્રેટરી ભરણું કરનારાઓને વહેંચણીપત્રો રવાના કરે છે. જો ભરણું ઊભી કરવાની મૂડીની રકમ કરતાં વધી ગયું હોય તો સંબંધિત ભરણું કરનારાઓને વધારાની રકમ પરત કરવામાં આવે છે. વહેંચણીનું કાર્ય પૂરું થયા પછી, સેક્રેટરી કંપની રજિસ્ટ્રાર સમક્ષ 'વહેંચણીનું રિટર્ન' રજૂ કરે છે.

જાહેર મર્યાદિત કંપની ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર મેળવવા અરજી કરે તે પહેલાં એક મહત્ત્વની શરતનું પાલન થવું જરૂરી છે. તેણે વિજ્ઞાપનપત્રમાં દર્શાવેલ લઘુતમ ભરણા જેટલા શૅર માટેની અરજીઓ મળી હોવી જોઈએ. લઘુતમ ભરણાની વ્યાખ્યા આપી શકાય કે ઓછામાં ઓછી રકમ જે ડિરેક્ટરોના મતે (અથવા આવેદનપત્રમાં સહી કરનારાઓના મતે) શૅર બહાર પાડીને મળવી જ જોઈએ, જેથી નીચેના ખર્ચાઓને પહોંચી વળી શકાય :

(1) ખરીદેલ અથવા ખરીદવાની હોય તેવી મિલકતની ખરીદ કિંમત જેની બહાર પાડેલ શૅરનાં નાણાંમાંથી ચુકવણી કરવાની હોય.

(2) પ્રાથમિક ખર્ચાઓ

(3) ઉપરોક્ત બાબતો અંગે ઉછીનાં લીધેલાં નાણાં ભરપાઈ કરવા

(4) જરૂરી કાર્યશીલ મૂડી; અને

(5) બીજી કોઈ પણ ચુકવણી જે સ્પષ્ટ રીતે દર્શાવેલ હોય.

જો જાહેર જનતા દ્વારા ભરપાઈ થયેલ મૂડીની રકમ લઘુતમ ભરણાં કરતાં ઓછી હોય, અથવા કંપની વિજ્ઞાપનપત્ર બહાર પાડ્યાના 120 દિવસમાં લઘુતમ ભરણું મેળવી ન શકે તો અરજી કરનારાઓ દ્વારા મેળવવામાં આવેલાં બધાં જ નાણાં પરત કરવાં પડે છે અને કોઈ વહેંચણી કરી શકાતી નથી.

3. જોગવાઈઓના પાલનનું જાહેરનામું : જ્યારે જાહેર ભરણા અંગેની બધી જ જોગવાઈઓ સંપૂર્ણપણે પૂરી થાય, ત્યારે કંપનીએ રજિસ્ટ્રાર સમક્ષ નીચેનાં જાહેરનામાઓ સાથેનું પત્રક રજૂ કરવું પડે છે :

   (1) વિજ્ઞાપનપત્રમાં દર્શાવવામાં આવેલ લઘુતમ ભરણાની રકમ જેટલા રોકડમાં ચુકવવા પાત્ર શૅરની વહેંચણી કરવામાં આવી છે.

   (2) દરેક ડિરેક્ટરો પોતાના શૅર પરની અરજીપત્રક અને વહેંચણીનાં નાણાંની ચુકવણી બીજી વ્યક્તિઓના જેટલા પ્રમાણમાં રોકડમાં કરી દીધી છે.

   (3) કોઈ પણ માન્ય શૅરબજારમાં શૅર અને ડિબેન્ચરના ખરીદવેચાણ માટે અરજી કરવાની નિષ્ફળતાને કારણે અરજી કરનારાઓને કોઈ પણ નાણાં પરત કરવાના નથી.

   (4) ઉપર મુજબની જરૂરિયાતોનું પાલન કર્યું છે તે બાબતમાં સેક્રેટરી અથવા કોઈ એક ડિરેક્ટરનું કાયદેસરની જોગવાઈઓનું જાહેરનામું.


જે કંપનીએ વિજ્ઞાપનપત્ર બહાર પાડ્યું નથી પણ વિજ્ઞાપનપત્રના બદલાનું નિવેદન નોંધાવ્યું છે ; તે તેની અને અન્ય જોગવાઈઓનું પાલન કરવામાં આવ્યું છે તેની જાહેરાત બાદ તુરત જ નિવેદન રજૂ કરી શકે છે. ખાનગી મર્યાદિત કંપનીએ કોઈ જાતનું નિવેદન રજૂ કરવાની જરૂરિયાત નથી કારણ કે તે કંપનીની સ્થાપના બાદ તુરત જ ધંધો શરૂ કરી શકે છે.

કંપની રજિસ્ટ્રાર આ બધા દસ્તાવેજોની ચકાસણી કરે છે. અને જો સંતોષ થાય તો તે ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર આપે છે. ત્યાર બાદ, કંપની ધંધો શરૂ કરવાને હકદાર છે અને પ્રમાણપત્ર આપ્યાની તારીખથી નાણાં ઉછીનાં લઈ શકે છે.

આકૃતિ 4.1 તરફ જુઓ. તે ખાનગી અને જાહેર મર્યાદિત કંપનીઓની સ્થાપનામાં સંકળાયેલ વિધિનું વિહંગાવલોકન દર્શાવે છે.

આકૃતિ - 4.1

કંપનીની સ્થાપનાના તબક્કા




**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(I) દરેક પ્રશ્ન સામે 'હા' અથવા 'ના' દર્શાવીને નીચેનાના જવાબ આપો :

(I) ભાગદારી પેઢીને તેના ભાગીદાર કરતાં અલગ કાયદેસરનું અસ્તિત્વ છે ?

(II) પેઢીની નોંધણી ફરજિયાત છે ?

(III) વૈયક્તિક માલિકીનો ધંધો શરૂ કરવા કાયદાની કોઈ જોગવાઈઓ જરૂરી છે ?

(IV) દરેક જાહેર કંપની માટે તેનું પોતાનું નિયમનપત્ર તૈયાર કરવું જરૂરી છે.
(V) ખાનગી મર્યાદિત કંપની સ્થાપનાનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ ધંધો શરૂ કરી શકે ?
(VI) દરેક જાહેર મર્યાદિત કંપનીએ વિજ્ઞાપનપત્ર બહાર પાડવું જરૂરી છે ?

(2) ખાલી જગ્યા પૂરો :

(I) એક કે વધુ વ્યક્તિઓ જે કંપનીને અસ્તિત્વમાં લાવવાની જવાબદારી લે છે તેઓ______ તરીકે ઓળખાય છે.

(II) સરકાર દ્વારા કંપનીની નોંધણી માટે નીમવામાં આવેલ અધિકારી ________ તરીકે ઓળખાય છે.

(III) નોંધાયેલ કંપનીનું કાર્યાલય ક્યાં સ્થાપવામાં આવશે તેનું નામ______ વિજ્ઞાપનપત્રમાં દર્શાવવું જોઈએ.

(IV) ઓછામાં ઓછી______ વ્યક્તિઓએ જાહેર મર્યાદિત કંપનીના આવેદનપત્રમાં સહી કરવી જોઈએ.

(V) નિયમનપત્ર એટલે કંપનીના______ અંગેના નીતિનિયમો.

(VI) જાહેર મર્યાદિત કંપનીના નામને છેડે______ શબ્દો હોવા જોઈએ.

(3) કંપનીની નોંધણી માટે રજૂ કરવા પડતા દસ્તાવેજોની યાદી આપો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

(4) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે દર્શાવો.

(1) કંપનીના શૅર અથવા ડિબેન્ચરોનાં ભરણા માટે જાહેર જનતાને આમંત્રણ આપતો દસ્તાવેજ એટલે વિજ્ઞાપનપત્ર. ☐ ખરું ☐ ખોટું

(2) દરેક જાહેર મર્યાદિત કંપની માટે વિજ્ઞાપનપત્ર બહાર પાડવું ફરજિયાત છે. ☐ ખરું ☐ ખોટું

(3) નોંધણી થયા બાદ જ જાહેર જનતાને વિજ્ઞાપનપત્ર બહાર પાડી શકાય છે. ☐ ખરું ☐ ખોટું

(4) વિજ્ઞાપનપત્રના બદલાના નિવેદનની વિગતો વિજ્ઞાપનપત્રમાં દર્શાવેલ વિગતો જેવી જ હોય છે. ☐ ખરું ☐ ખોટું

(5) જો લઘુતમ ભરણું પ્રાપ્ત ન થાય તો બધા જ અરજીનાં નાણાં પરત કરવા પડે છે. ☐ ખરું ☐ ખોટું

## 4.4.4 સહકારી મંડળી (Co-operative Society)

આપણે હજુ સુધી ધંધાકીય સંગઠનનાં ત્રણ સ્વરૂપોની સ્થાપનાની ચર્ચા કરી, જેવાં કે : માલિકી એકમો, ભાગીદારી પેઢીઓ અને કંપનીઓ. હાલમાં જે વધુ પ્રચલિત છે એવું એક અન્ય સંગઠનનું સ્વરૂપ છે : સહકારી મંડળી. આ સંગઠનનું એવું સ્વરૂપ છે જેમાં વ્યક્તિઓ સ્વૈચ્છિક રીતે સમાનતાના ધોરણે એકઠી થાય છે. તેઓ પોતાનાં સાધનો એકઠાં કરે છે અને સાથે કાર્ય કરે છે. તેઓ નફાને બદલે પરસ્પર લાભના હેતુથી વસ્તુ અને સેવાઓના ઉત્પાદન અથવા વિતરણનું કાર્ય શરૂ કરે છે.

તમે જાણો છો કે સહકારી મંડળીની સ્થાપના માટે ઓછામાં ઓછી દસ વ્યક્તિઓ જરૂરી છે. દરેક સહકારી મંડળીએ સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર પાસે તેની નોંધણી કરાવવી પડે છે જેની નિમણૂક સરકાર દ્વારા સહકારી મંડળીના કાયદા અનુસાર થયેલી હોય છે. સહકારી મંડળીના સ્થાપકોએ તેની નોંધણી માટે નીચેનાં પગલાં લેવાં પડે છે :

(1) સહકારી મંડળીના રજિસ્ટ્રારને અરજી કરવી પડે છે, જેમાં પ્રસ્તાવિત મંડળીનું નામ; તેના ઉદ્દેશો અને તેની શૅરમૂડી અંગેની વિગતો દર્શાવવી પડે છે.

(2) મંડળીના પેટા નિયમો (નિયમો અને જોગવાઈઓ) તૈયાર કરવા (કંપનીના નિયમનપત્ર જેવા જ) મંડળીની નોંધણીની અરજી સાથે રજૂ કરવા પડે છે.

(3) સ્થાપકો દ્વારા અરજી અને પેટાનિયમો પર સહી થયેલી હોવી જોઈએ.

રજિસ્ટ્રાર ઉદ્દેશો અને પેટાનિયમોની ચકાસણી કરે છે, અને જો તેને સંતોષ થાય તો 'નોંધણીનું પ્રમાણપત્ર' આપે છે. મંડળીનું નામ સહકારી મંડળીઓના રજિસ્ટરમાં દાખલ કરવામાં આવે છે. ત્યાર બાદ, કંપનીની જેમ મંડળી કાયદેસરનું અલગ અસ્તિત્વ પ્રાપ્ત કરે છે. તે પોતાના નામે મિલકતો પ્રાપ્ત કરી શકે છે, નવા સભ્યો બનાવી શકે છે અને તેની ધંધાકીય પ્રવૃત્તિઓ કરી શકે છે.

આમ, સહકારી મંડળીની નોંધણી માટે કાયદાની અનેક જોગવાઈઓનું પાલન કરવાની જરૂર પડતી નથી. સ્થાપકો જેના સભ્યોની જવાબદારી મર્યાદિત હોય, એવી સહકારી મંડળી સ્થાપી શકે છે પરંતુ તેની નોંધણી ત્યારે જ થઈ શકે જ્યારે તેનો ઉદ્દેશ તેના સભ્યોના આર્થિક હિતનું પરસ્પર મદદ દ્વારા રક્ષણ કરવાનો હોય. સહકારી મંડળી માટે સભ્યોની સંખ્યા બાબતમાં કોઈ મહત્તમ મર્યાદા નક્કી કરવામાં આવી નથી. તેના શૅર ફેરબદલીને પાત્ર નથી. સરકારની નીતિ સહકારી સંગઠનોના વિકાસને ઉત્તેજન આપવાની છે. તેથી સહકારી મંડળીઓને કેટલીક છૂટછાટો આપવામાં આવી છે જેવી કે નોંધણી ફી અને સ્ટેમ્પ ડ્યુટી, આવકવેરો વગેરેમાંથી મુક્તિ.

## 4.5 સારાંશ

ઉદ્યોગ સાહસિક એવી વ્યક્તિ છે જે જરૂરી સાધનો એકઠાં કરી ધંધો શરૂ કરવાનું અને તેનું સંચાલન કરવાનું જોખમ ઉઠાવે છે. એકમની સ્થાપનાનો વિચાર તે કરે છે અને એક નવું એકમ શરૂ કરવાની શક્યતાઓની તપાસ કરે છે. ધંધાકીય એકમની સ્થાપના માટે જરૂરી એવી દરેક બાબતોની તે વ્યવસ્થા કરે છે જેમકે ભંડોળ, જમીન, શ્રમ, યંત્રો, ઉદ્યોગ સાહસિક સ્વાતંત્ર્યની બહુ કિંમત આંકે છે અને મોટા ભાગના લોકો કરતાં વધુ કાર્ય કરવા પ્રોત્સાહિત થાય છે. તે ભવિષ્યની અનિશ્ચિતતાથી ગભરાતો નથી. તે હંમેશાં દૃષ્ટિકોણમાં આશાવાદી હોય છે અને નિર્ણયો લેવામાં ગતિશીલ હોય છે. તે પોતાના સાહસમાં હંમેશાં અન્ય કરતાં અલગ એવી કોઈ નવી વસ્તુ દાખલ કરવાનો પ્રયત્ન કરે છે. ઉદ્યોગ સાહસિકતાનાં બે મૂળભૂત તત્ત્વો છે : નવીનીકરણ અને જોખમ ઉઠાવવું. સ્થાપકોને વ્યાવસાયિક સ્થાપકો, નાણાકીય સ્થાપકો, ઉદ્યોગસાહસિક સ્થાપકો, સંસ્થાકીય સ્થાપકો અને સરકાર વગેરેમાં વહેંચી શકાય. ઉદ્યોગ સાહસિક ધંધાકીય માલિકીનું સ્વરૂપ નક્કી કરે છે અને એકમની સ્થાપના માટેનાં જરૂરી પગલાં લે છે.

વિવિધ પ્રકારનાં સંગઠનો માટે એકમની શરૂઆત કરવાની જરૂરી જોગવાઈઓ અલગ અલગ છે. એકાકી વેપારી એકમની સ્થાપના માટે ઘણી કાયદાની જોગવાઈઓ અનુસરવાની જરૂર નથી. આ બાબત ભાગીદારી પેઢીની બાબતમાં પણ સાચી છે. પેઢીની નોંધણી ફરજિયાત નથી. પરંતુ તે હિતાવહ છે કારણ કે તેના વગર તે કેટલીક અસમર્થતાઓથી પીડાય છે.

જોઈન્ટ સ્ટૉક કંપનીની સ્થાપના માટે કાયદાની અનેક જોગવાઈઓ સંકળાયેલી છે. તેની કંપની રજિસ્ટ્રાર સમક્ષ નોંધણી કરાવવી અનિવાર્ય છે. પ્રાસ્તાવિક કંપનીનું નામ પસંદ કર્યા પછી અને સરકાર દ્વારા તેની મંજૂરી મેળવ્યા બાદ, સ્થાપકોએ કંપનીના આવેદનપત્ર અને નિયમનપત્રની તૈયારી અને છપામણી માટેની વ્યવસ્થા કરવી પડે છે. ત્યાર બાદ તે આ બે દસ્તાવેજોની સાથે અરજી કરે છે. ડિરેક્ટરોની યાદી અને સંમતિ અને બધી જ જોગવાઈઓ અનુસરવામાં આવી છે તેવું કાયદેસરનું જાહેરનામું રજૂ કરે છે. તે નોંધણીફી પણ ચૂકવે છે. જો બધું જ યોગ્ય હોય તો રજિસ્ટ્રાર સ્થાપનાનું પ્રમાણપત્ર આપે છે. ખાનગી મર્યાદિત કંપની આ પ્રમાણપત્ર મેળવે કે તરત જ ધંધો શરૂ કરી શકે છે. પરંતુ જાહેર મર્યાદિત કંપની જ્યાં સુધી ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર ન મેળવે ત્યાં સુધી તેનો ધંધો શરૂ કરી શકતી નથી. આ માટે કંપનીએ અનેક જોગવાઈઓનું પાલન કરવું પડે છે, જેમાં વિજ્ઞાપન બહાર પાડવું, મૂડી એકઠી કરવી, વહેંચણીનું રિટર્ન રજૂ કરવું, અને કાયદેસરનું જાહેરનામું કે બધી જ શરતો સંતોષકારક રીતે પૂર્ણ કરવામાં આવી છે વગેરેનો સમાવેશ થાય છે.

સહકારી મંડળી એ કૉર્પોરેટ સંસ્થા છે અને સહકારી મંડળીના રજિસ્ટ્રાર સમક્ષ તેની નોંધણી કરાવતાં પહેલાં કાયદાની અનેક જોગવાઈઓ અનુસરવી પડે છે. પરંતુ કંપનીની સરખામણીમાં તેની નોંધણી માટેની પ્રક્રિયા બહુ સરળ છે.

## 4.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**નિયમનપત્ર :** કંપનીના આંતરિક સંચાલનના નિયમો અને જોગવાઈઓની યાદી.

નોંધણીનું પ્રમાણપત્ર (સ્થાપનાનું પ્રમાણપત્ર) : કંપની રજિસ્ટ્રાર દ્વારા આપવામાં આવતું પ્રમાણપત્ર, જે દર્શાવે છે કે કંપનીની યોગ્ય રીતે નોંધણી થઈ છે. પ્રમાણપત્રમાં દર્શાવેલ તારીખ એ કંપનીના ઉદ્‌ભવની તારીખ ગણાય છે.

ઉદ્યોગ સાહસિક : ધંધો શરૂ કરવાનું અને તેનું સંચાલન કરવાનું જોખમ ઉઠાવે એવી વ્યક્તિ.

ઉદ્યોગ સાહસિકતા : નવા ધંધાકીય એકમને અસ્તિત્વમાં લાવવાની પ્રક્રિયા.

નવીનીકરણ : ધંધામાં અન્ય કરતાં કોઈ અલગ બાબત કરવી અથવા કોઈક નવી વસ્તુ દાખલ કરવી.

આવેદનપત્ર : કંપનીનું બંધારણ અને ઉદ્દેશો દર્શાવતો દસ્તાવેજ. તે મૂળભૂત શરતો દર્શાવે છે જેની ઉપર કંપનીની સ્થાપના કરવામાં આવે છે.

સ્થાપકો : આપેલ પરિયોજનાના સંદર્ભમાં તેને ચલાવવા માટે કંપનીની સ્થાપનાની જવાબદારી ઉઠાવે અને તે હેતુ સિદ્ધ કરવા જરૂરી પગલાં લે એવી વ્યક્તિ.

સ્થાપના : ધંધાકીય તકોની શોધ અને ત્યાર બાદ ભંડોળ, મિલકત અને સંચાલકીય શક્તિનું સંગઠન, અને તેમાંથી નફો મેળવવાના ઉદ્દેશથી ધંધાકીય એકમની સ્થાપના કરવી.

વિજ્ઞાપનપત્ર : કંપનીના શૅરો અને ડિબેન્ચરો ખરીદવાનું જાહેર જનતા સમક્ષ રજૂ કરવામાં આવતું આમંત્રણ, જેમાં કંપની વિશેની સંપૂર્ણ વિગતો આપવામાં આવે છે.

વિજ્ઞાપનપત્રના બદલાનું નિવેદન : જો કંપની મૂડી એકઠી કરવા માટે જાહેર જનતાનો સંપર્ક ન સાધવાનું નક્કી કરે તો વિજ્ઞાપનપત્રની જગ્યાએ રજૂ કરવામાં આવતો દસ્તાવેજ.

## 4.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો

Burch, John G., 1986, *Entrepreneurship*, John Wiley & Sons: New York (Part - III, Chaper 5 and Part V, Chapter 12).

Sharma R. A., 1985, *Entrepreneurial Performance in Indian Industry*, Inter-India Publications: New Delhi ( Chapters 1, 2)

Shukla, M. C., 1983, *Business Organisation and Management*, S Chand & Company: New Delhi. (Chapters 3-5)

Gosh, Prashant K., 1986, *Company Secretarial Practice*, Sultan Chand & Sons: New Delhi. (Chapters 3-5)

Bhushan, Y. K. and G. L.Tayal, 1984, *Business Organisation & Management*, Sultan Chand & Sons : New Delhi ( Chapters 6, 8, 10 )

## 4.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો. (Answers to Check Your Progress)

A 1 ખરું (i) ખરું (ii) ખરું (iii) ખરું(iv) ખરું (v) ખોટું (vi) ખરું (vii) ખોટું (viii) ખોટું

2 (i) ઉદ્યોગ સાહસિક (ii) ઉદ્યોગ સાહસિક નહીં (iii) ઉદ્યોગ સાહસિક (iv) ઉદ્યોગ સાહસિક (v) ઉદ્યોગ સાહસિક.

B (ii) ખરું (ii) ખોટું (iii) ખરું (iv) ખોટું (v) ખરું (vi) ખરું

C 1 (i) ના (ii) ના (iii) ના (iv) ના (v) હા (vi) ના

2 (i) સ્થાપકો (ii) કંપની રજિસ્ટ્રાર (iii) રાજ્યનું નામ (iv) સાત (v) આંતરિક સંચાલન (iv) મર્યાદિત

4 (i) ખરું (ii) ખોટું (iii) ખરું (iv) ખરું (v) ખરું

## 4.9 સત્રાંત પ્રશ્નો/સ્વાધ્યાય

(1) 'ઉદ્યોગ સાહસિકતા' સંજ્ઞાથી તમે શું સમજો છો ? ઉદ્યોગ સાહસિકનાં અગત્યનાં લક્ષણો દર્શાવો.

(2) 'નવીનીકરણ' અને 'જોખમ ઉઠાવવું' દરેક વિશે આશરે 100 શબ્દોમાં સમજૂતી આપો.

(3) ધંધાની સ્થાપનામાં ઉદ્યોગ સાહસિકની ભૂમિકા ટૂંકમાં વર્ણવો. ઉદ્યોગ સાહસિક સ્થાપક કરતાં કઈ રીતે જુદો પડે છે ?

(4) (અ) 'વૈયક્તિક માલિકીનું એકમ શરૂ કરતાં કોઈ કાયદાની જોગવાઈઓ જરૂરી નથી'. આનો અર્થ એ થાય છે કે વૈયક્તિક માલિકને તેના ધંધાના દેવા ચૂકવવા માટે ફરજ પાડી ન શકાય ?

(બ) પેઢીઓની નોંધણી ફરજિયાત નથી પરંતુ તે હિતાવહ છે. શા માટે ?

(5) કંપનીની નોંધણી માટે રજૂ કરવાના જરૂરી દસ્તાવેજોની યાદી આપો. આવેદનપત્ર અને નિયમનપત્રનું મહત્ત્વ ટૂંકમાં સમજાવો.

(6) શું જાહેર કંપની તેની સ્થાપના બાદ તુરત જ ધંધો શરૂ કરી શકે ? જો ના, તો તે ધંધો શરૂ કરે તે પહેલાં બીજું શું કરવું પડે ?

(7) નીચેના વિશે નોંધ લખો.

(અ) વિજ્ઞાપનપત્ર

(બ) વિજ્ઞાપનપત્રના બદલાનું નિવેદન

(ક) લઘુતમ ભરણું

(ડ) સહકારી મંડળીની નોંધણી

નોંધ : આ એકમને સારી રીતે સમજવામાં આ પ્રશ્નો મદદરૂપ નીવડશે. તેના જવાબો લખવાનો પ્રયત્ન કરો પરંતુ તમારા જવાબો યુનિવર્સિટીને મોકલશો નહીં. આ માત્ર તમારા મહાવરા માટે છે.

# સંજ્ઞા અને બોધ ચિહ્ન

આ સંજ્ઞા અને બોધ ચિહ્ન જો ભેગાં લેવામાં આવે તો તે સ્વપ્રયત્નો દ્વારા આત્મસુધારણા અને જ્ઞાનની ખોજનો લાભ દર્શાવે છે. સંજ્ઞાનો અર્ધ વર્તુળાકાર સ્વરૂપ બીજ દર્શાવે છે, કે જે સમગ્ર જીવનનો સ્ત્રોત છે. એનો અર્ધ સૂર્ય એવો પણ ઘટાવી શકાય, કે જેમાંથી જમણી બાજુએ અનેક કિરણો ઉદ્ભવતાં જોવાં મળે છે. આ કિરણો પ્રકાશ, જ્ઞાન અને બોધનું પ્રતિનિધિત્વ કરે છે. વ્યક્તિની ક્ષમતાઓ આવા અભ્યાસને કારણે વધે છે અને તે તેના પરિણામરૂપે જીવનમાં પ્રગતિ તરફ દોરી જાય છે.

આ અર્થમાં એમ કહેવું સાચું છે કે આત્મ-સુધારણા માટેનો વ્યવસ્થિત અભ્યાસ એ સૌથી મોટી શિસ્ત છે, કે જે આ સંજ્ઞાની નીચે આપેલું સંસ્કૃત પદ સ્વાધ્યાયઃ પરમં તપઃ દર્શાવે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જેઓ આવી સ્વ-સુધારણા કરવા માગતા હોય તેમને જરૂરી તકો પૂરી પાડે છે અને સંજ્ઞામાં સૂચવાયેલાં લક્ષણો તેના પરિવર્તનશીલ સ્વરૂપમાં પ્રતિબિંબ પાડે છે.

- 'સ્વાધ્યાયઃ પરમં તપઃ' - 'સ્વ-અધ્યયન એ સર્વોચ્ચ તપ છે'. એ મારો સંજ્ઞાદર્શનનો આધાર હતો. આપણી પાસે રહેલાં સાધનો અને આંતરિક શક્તિઓને જીવનમાં ઊંચે ચઢવા અને આપણું ધ્યેય સિદ્ધ કરવા બહાર લાવવાનાં છે.
- સંજ્ઞાનું વર્તુળાકાર સ્વરૂપ બીજ, ગર્ભાશય અથવા સૂર્યનું પ્રતીક છે, કે જેમાંથી સર્જનની શરૂઆત થાય છે. સમગ્ર ભાર સ્ત્રોત-સ્વ-ઉપર છે.
- 'સ્વાધ્યાયઃ પરમં તપઃ' (સ્વ-અધ્યયન એ સર્વોચ્ચ તપ છે.) અને જીવનપંથ ઉજાળ - બન્ને સૂત્રોમાં એક સાહિયારું તત્વ પ્રકાશ છે, કે જે જ્યોત દ્વારા દર્શાવાય છે. જ્યોત તપ, પ્રકાશ, ઝંખના, જ્ઞાન અને દર્શનનું પ્રતિનિધિત્વ કરે છે.
- સમગ્ર સંજ્ઞામાં એક પ્રકારની બદ્ધતા જોવા મળે છે, પણ સાથે સાથે તે જ્ઞાનપ્રાપ્તિ માટે ખુલ્લી જગ્યા ધરાવે છે. સંજ્ઞામાં રહેલી પ્રવાહિતા 'પરિવર્તનશીલતા' અને વિસ્તૃત વ્યાપ દર્શાવે છે, કે જે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં લક્ષણો છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત

F.Y. B. Com.

# ધંધાકીય વ્યવસ્થા અને સંચાલન

BCBOM104




ભાગ-2

## ધંધાકીય સંયોજનો

ઇન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

F.Y. B. Com.

# ધંધાકીય વ્યવસ્થા અને સંચાલન

BCBOM104

વિભાગ

# 2

## ધંધાકીય સંયોજનો (Business Combinations)


**એકમ 13**
ધંધાકીય સંયોજનો - I (Business Combinations - I) 7

**એકમ 14**
ધંધાકીય સંયોજનો - II (Business Combinations - II) 17

**એકમ 15**
ધંધાની શક્યતા (Feasibility of Business) 36

## Expert Committee

Prof. B.S. Sharma
Pro-Vice-Chancellor
IGNOU

Prof. J. Satyanarayana *(Chairman)*
Osmania University
Hyderabad

Prof. G.V. Shenoy
Institute of Rural Management
Anand

Prof. B.S. Bhatia
Punjabi University
Patiala

Prof. P.K. Ghosh
Delhi University
Delhi

Prof. Rakesh Khurana
Director
School of Management Studies
IGNOU

Prof. R.B. Upadhyaya
University of Rajasthan
Jaipur

Prof. I.H. Farooqi
Aligarh Muslim University
Aligarh

Mr. A.K. Majumdar
Institute of Chartered Accountants of India
New Delhi

Prof. Amar Chand
Madras University
Madras

## Course Preparation Team

Prof. P.K. Ghosh
Delhi University
Delhi

Prof. B.P. Singh
Delhi University
Delhi

**Faculty Members**
**Indira Gandhi National Open University**
Dr. R.K. Grover
Dr. N.V. Narasimham
Dr. V. Venugopal Reddy
Ms. Madhu Surya
Prof. G. Sambasiva Rao
(Language Editor)

## Production

Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU

Mr. M.P. Sharma
Jt. Registrar (PPD)
IGNOU

Copies : (1995),(1996),1000(2005).
PRINTED BY : Nishan Offset Pvt. Ltd. Ph.: (079) 26420145, 265[illegible]810

આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળ ઇન્દિરા ગાંધી નૅશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

*© Indira Gandhi National Open University, 1989, Revised edition, 1991*

*All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.*

*Further information on the Indira Gandhi National Open University courses may be obtained from the University's office at Maidan Garhi, New Delhi-110 068*

*Printed at : Navajivan Mudranalaya, Ahmedabad - 380 014*

**અનુવાદ :**

| | |
|---|---|
| પ્રો. ધીરુભાઈ પટેલ | એસ. વી. કૉમર્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. જે. પી. લંગાલિયા | વિવેકાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ |
| પ્રો. વી. એમ. ત્રિવેદી | સી. યુ. શાહ સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ |
| પ્રો. એમ. એસ. દવે | એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ |

**પરામર્શ (વિષય) :**

| | |
|---|---|
| પ્રો. એચ. એસ. ઓઝા | યુનિવર્સિટી સ્કૂલ ઑફ કૉમર્સ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**પરામર્શ (ભાષા) :**

| | |
|---|---|
| ડૉ. અરવિંદ ભાંડારી | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. નીલોત્પલા ગાંધી | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**સંપાદન અને સંયોજન :**

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાન્ત એચ. ઠાકર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષાશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, કેમિસ્ટ્રિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

Printed at : Kalptaru Offset, *Tavadipura, Shahibaug, Ahmedabad-380004, Phone: +91-79-25632001.*

પ્રકાશક

શ્રી એસ. એચ. બારોટ, ઈચા., કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
સરકારી બંગલા નંબર - 9, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - 380 003, ટે.નં. 22869690-91

© સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ 4 ધંધાકીય સંયોજનો (Business Combinations)

ધંધાકીય એકમોની સંખ્યામાં વધારાને કારણે ઉત્પાદકો વચ્ચે તીવ્ર હરીફાઈ ઉદ્ભવી, જેણે ઘણી વાર તેમનો નફો કાપી નાખ્યો અને તેથી બિનતંદુરસ્ત હરીફાઈ દૂર કરવા અને તેમના અરસપરસના સંબંધોનું રક્ષણ કરવા માટેનાં માર્ગો અને સાધનો શોધવાની તેમને ફરજ પડી. તેઓમાંના ઘણાએ વિવિધ રીતે અન્ય વ્યક્તિઓ સાથે તેમનાં મંડળો રચવાની શરૂઆત કરી અને અમુક પ્રકારનાં ધંધાકીય સંયોજનો સ્થાપ્યાં જેથી ઇજારાશાહીની સ્થાપના કરવામાં અને બજાર પર કાબૂ પ્રાપ્ત કરવામાં તેમને સહાય થઈ. આ વિભાગમાં ત્રણ એકમો છે જેમાં ધંધાકીય સંયોજનોની સ્થાપનાની દિશામાં દોરતાં વિવિધ કારણો, તેમનાં ફાયદા અને મર્યાદાઓ, તેમ જ ધંધાકીય એકમો સામાન્ય રીતે તેમની પ્રવૃત્તિઓનું સંયોજન કરે છે. તેનાં વિવિધ સ્વરૂપોની ચર્ચા કરવામાં આવી છે. વળી, તે ધંધાકીય પ્રસ્તાવોની શક્યતા અને શક્યતા-અભ્યાસના મૂળભૂત માળખા સાથે સંબંધ ધરાવે છે.

**એકમ 13** : ધંધાકીય સંયોજનો : ધંધાકીય સંયોજનોનો અર્થ અને કારણો, તેમના ફાયદાઓ, અને મર્યાદાઓ સાથે સંબંધ ધરાવે છે. ધંધાકીય સંયોજનોની ઇજારાશાહી સત્તાનું નિયંત્રણ કરવા માટેનાં માર્ગો અને સાધનોની ચર્ચા પણ કરે છે.

**એકમ 14** : ધંધાકીય સંયોજનોનાં વિવિધ પ્રકારો અને સ્વરૂપોની અને તેમનાં સંબંધિત ફાયદા અને મર્યાદાઓની રૂપરેખા દર્શાવે છે.

**એકમ 15** : ધંધાની શક્યતાની તપાસ કરવાનું મહત્ત્વ અને શક્યતા અહેવાલનાં વિવિધ પાસાંઓની ચર્ચા કરે છે.

# એકમ 13 ધંધાકીય સંયોજનો- I (Busines Combinations-I)

## રૂપરેખા

13.0 ઉદ્દેશો
13.1 પ્રસ્તાવના
13.2 ધંધાકીય સંયોજન એટલે શું ?
13.3 ધંધાકીય સંયોજનોનાં કારણો
13.4 ધંધાકીય સંયોજનોની અસરો
13.4.1 ધંધાકીય સંયોજનોના ફાયદા
13.4.2 ધંધાકીય સંયોજનોનાં દૂષણો
13.5 ઇજારાશાહીનું નિયંત્રણ
13.6 સારાંશ
13.7 ચાવીરૂપ શબ્દો
13.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો
13.9 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો
13.10 અંતિમ કસોટી/સ્વાધ્યાય

## 13.0 ઉદ્દેશો

આ એકમોનો અભ્યાસ કર્યા બાદ તમે-

* ધંધાકીય સંયોજનનો અર્થ સમજાવી શકશો,
* ધંધાકીય સંયોજનોનાં ઉદ્ભવનાં કારણો વર્ણવી શકશો,
* ધંધાકીય સંયોજનોનાં ફાયદાઓ અને દૂષણો વર્ણવી શકશો,
* ઇજારાશાહીને નિયંત્રણમાં લેવાના ઉપાયો દર્શાવી શકશો.

## 13.1 પ્રસ્તાવના

ઔદ્યોગિક ક્રાન્તિને પરિણામે ઉત્પાદનની કારખાના-પદ્ધતિ અને મોટા પાયા પરના ધંધાનો વિકાસ થયો. મુક્ત હરીફાઈના સિદ્ધાંતની સાથે બજારોના વિકાસના સંયોજને પ્રવૃત્તિક્ષેત્રમાં મોટી સંખ્યામાં ધંધાકીય એકમોને આકર્ષ્યા. આમ, હરીફાઈ વધુ તીવ્ર બની. આને કારણે ઉત્પાદકોના નફામાં ઘટાડો થયો, અને તેઓ બિનતંદુરસ્ત અને નકામી હરીફાઈને દૂર કરવાનાં માર્ગો અને સાધનો અંગે વિચારવા લાગ્યા. એમાંથી બચવાનો એકમાત્ર ઉપાય એમને ઉત્પાદકો વચ્ચેનો સહકાર જણાયો. પરિણામે, જોઇન્ટ સ્ટૉક કંપની તરીકે કામ કરતા હતા એવા મોટા ભાગનાં ઔદ્યોગિક એકમોએ વિવિધ હેતુઓસર તેમના હરીફો સાથે જોડાવાનું શરૂ કર્યું. કેટલીક વાર સંયુક્ત વપરાશ માટે તેમનાં સાધનો એકત્રિત કરવા માટે, તો કેટલીક વાર અમુક બજારમાં ભાવ અને પુરવઠો નિયંત્રિત કરવા માટે ધંધાકીય સંયોજનોના વિકાસ અથવા સંયોજને સમગ્ર દુનિયામાં પરસ્પરના લાભો માટે ધંધાકીય પેઢીઓને એકત્રિત કરી. આપણે આ એકમમાં ધંધાકીય સંયોજનોનાં કારણો અને એમના ફાયદાઓની ચર્ચા કરીશું. આપણે ધંધાકીય સંયોજનોનાં દૂષણો અને તેમની ઇજારાશાહીને નિયંત્રિત કરવાના માર્ગો તેમ જ સાધનોની પણ ચર્ચા કરીશું.

## 13.2 ધંધાકીય સંયોજન એટલે શું ? (What is Business Combination?)

એકસરખા ધંધામાં અથવા વિવિધ પ્રકારના ધંધામાં જોડાયેલી હોય એવી બે કે વધુ ધંધાકીય પેઢીઓ જ્યારે પરસ્પરના લાભો માટે એકત્રિત થાય, ત્યારે તેમણે ધંધાકીય સંયોજન રચ્યું એમ કહેવાય. સરળ રીતે કહીએ

તો, સંયોજિત થવું એટલે એકત્રિત થવું. આમ, ધંધાકીય સંયોજનની વ્યાખ્યા આપી શકાય કે ધંધાકીય એકમોનું મંડળ કે જેણે સામાન્ય ધ્યેયને પ્રાપ્ત કરવાનું નક્કી કર્યું હોય છે. હરીફાઈની નાબૂદી એ સામાન્ય રીતે ધંધાકીય પેઢીઓને એકત્રિત કરનારું એક ખૂબ જ મહત્ત્વનું કારણ ગણાવી શકાય. પેઢીઓ મોટે ભાગે હરીફાઈમાં અથવા અન્ય ધમકીઓ સામે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે સંયોજિત થાય છે અથવા સંયુક્ત રીતે વિકાસ અને વિસ્તૃતીકરણ તરફ પહોંચવા ઇચ્છે છે. કેટલાક કિસ્સામાં તેઓ મોટા પાયા પરના ધંધા સાથે જોડાયેલી પ્રતિષ્ઠાની વિચારણાથી અભિપ્રેરિત થયેલ હોય છે.

## 13.3 ધંધાકીય સંયોજનોનાં કારણો (Causes of Business Combinations)

'ધંધાકીય સંયોજન' સંજ્ઞાની સમજૂતી આપ્યા બાદ હવે આપણે આવાં સંયોજનોની સ્થાપના તરફ દોરી જતાં કારણો તપાસીએ. ધંધાકીય સંયોજનોના વિકાસને કોઈ એક કારણ સાથે સાંકળવાનું હંમેશાં શક્ય નથી. ઘણી વાર, એવાં ઘણાં પરિબળો હોય છે કે જેમને એકબીજાથી સરળ રીતે અલગ પાડી શકાતાં નથી. આમ છતાં ધંધાકીય સંયોજનોની સ્થાપના માટે જવાબદાર એવાં ખૂબ મહ વનાં કારણો નીચે મુજબ ગણાવી શકાય :

1 **તીવ્ર હરીફાઈ (Acute Competition)** : ધંધાકીય જગતમાં ધંધામાંની હરીફાઈનું જોર અને એની તીવ્રતા એ ધંધાકીય સંયોજનો તરફ દોરી જનારું ખૂબ જ મહત્ત્વનું કારણ છે. હરીફાઈને કારણે જાહેરાતનો બગાડ, નકલ, વધુ ઉત્પાદન, નિવારી શકાય એવા વાહનવ્યવહારના ખર્ચા, જાણી જોઈને કરેલ ભાવઘટાડો, ગેરકાનૂની રીતરસમો વગેરે અનિવાર્ય બન્યાં. આનો અર્થ એ થયો કે બધા જ ધંધાકીય એકમો માટે હરીફાઈયુક્ત દોડને કારણે નફાનો ગાળો ઓછો હોય. આવા સંજોગોમાં હરીફાઈને કારણે ઉદ્ભવતા નુકસાનને ટાળવા માટે સામાન્ય રીતે તેઓ સંયોજિત થવા આતુર હોય છે.

2\. **મોટા પાયા પરની કરકસર(Economies of Large Scale)** :મોટા પાયા પરના સંગઠનનો લાભ એ પેઢીઓને સંયોજિત થવા પ્રેરતું બીજું મહત્ત્વનું પરિબળ છે. મોટા પાયા પર ધંધાકીય પ્રવૃત્તિઓ સંગઠિત કરવાને કારણે ખરીદી, ઉત્પાદન, માર્કેટિંગ, નાણાકીય વ્યવસ્થા વગેરેમાં કરકસર કરી શકાય છે. મોટા જથ્થામાં માલની ખરીદી અને મોટા પ્રમાણમાં એની હેરફેર થતી હોવાથી વટાવ, વળતર, મધ્યસ્થીઓનો નફો વગેરેમાં કરકસર થતી હોય છે. તે જ રીતે નાણાં ઊભાં કરવાનું પણ મોટા પાયા પરનાં સંગઠનો માટે સહજ હોય છે. મોટા પાયા પરના ઉત્પાદનથી ઉત્પાદન ખર્ચા પણ ઘટાડી શકાય છે. વૈજ્ઞાનિક પદ્ધતિઓ અને પ્રક્રિયાઓ ઉપયોગમાં લઈ શકાય અને સામાન્ય વ્યવસ્થા ખર્ચ પણ ઉત્પાદનના મોટા જથ્થા પર વહેંચાઈ જાય છે. મોટા પાયા પરના માર્કેટિંગથી વાહનવ્યવહાર, જાહેરાત, સંગ્રહ વગેરેમાં કરકસર કરી શકાય છે. સંચાલનમાં પણ મોટા પાયા પરની સંગઠનની પ્રવૃત્તિઓને કારણે મોટા પ્રમાણમાં કરકસર શક્ય છે.

3\. **જોઈન્ટ સ્ટૉક સંગઠન (Joint Stock Organisation)** :સંગઠનના કંપની સ્વરૂપના વિકાસને કારણે વિવિધ એકમો વચ્ચેના સંયોજનનું કાર્ય સરળ બન્યું. તમે જાણો છો કે માલિકીના અધિકારો સંગઠનના કંપની સ્વરૂપમાં સરળતાથી ફેરબદલ કરી શકાય છે. કંપનીનો માલિક અન્ય કંપનીના શેર પ્રાપ્ત કરી શકે અને તેને પોતાના અંકુશ અને સંચાલન હેઠળ લાવી શકે.

4\. **બજાર પર અંકુશ (Control over Market)** : ઊંચો નફો પ્રાપ્ત કરવા માટે બજાર પર ઇજારો અને અંકુશ લાવવાના હેતુથી સંયોજનોની સ્થાપના થઈ શકે છે. જ્યાં મોટા પાયા પરનાં ઉત્પાદનોની કરકસરો ઉપલબ્ધ હોય તેવા ઉદ્યોગોમાં આવાં સંયોજનો સ્થાપવામાં આવે છે. તેઓ તેમની પેદાશો બજારને અંકુશમાં રાખીને, વધુ નફાકારક રીતે વેચી શકે છે અને ખૂબ જ મોટી રકમ કમાઈ શકે છે. મોટા પાયા પરની કામગીરીની કરકસરને પરિણામે એકમ દીઠ ઓછો ઉત્પાદનખર્ચ થતાં આ શક્ય બને છે.

5\. **વ્યક્તિગત કૌશલ્ય (Individual Ability)** : સંગઠનકૌશલ્યની દેન ધરાવતા વ્યક્તિઓની મહેચ્છાઓને કારણે પણ ધંધાકીય સંયોજનો સ્થાપવામાં આવે છે. મૂળભૂત રીતે ઘણા સંજોગોમાં એક કે વધુ વ્યક્તિઓની વ્યક્તિગત મહેચ્છાઓ ધંધાકીય સંયોજનોના ઉદ્ભવનું કારણ બને છે.

6\. **સત્તાની લાલસા (Lust for Power)** : કેટલીક ધંધાદારી વ્યક્તિઓને આર્થિક સત્તાની લાલસા હોય છે, કે જેને ઔદ્યોગિક સંયોજનોના સર્જન દ્વારા સંતોષવામાં આવે છે. ઔદ્યોગિક સામ્રાજ્યો સ્થાપવાની ઇચ્છા ઘણાં સંયોજનોની પાછળનું પરિબળ હોય છે. વિશાળ સંયોજનના પ્રણેતા થવાની વ્યક્તિઓની મહેચ્છા સંયોજનોને દોરતું એક મહત્ત્વનું કારણ હોઈ શકે છે.

7\. **વ્યાપારચક્રનો સામનો કરવા માટે (Cope with Business Cycles )** : તમે જાણો છો કે ધંધાકીય

પેઢીઓને નિયમિત રીતે સર્વાંગી મંદી અને ત્યાર બાદ તેજીનો સામનો કરવો પડે છે. આ તેજી અને મંદી વારાફરતી દર 6 થી 7 વર્ષે ઉદ્‌ભવ્યા કરે છે, અને તે વ્યાપારચક્ર તરીકે ઓળખાય છે. વ્યાપારચક્રને પરિણામે ઘણી વાર સંયોજનો અસ્તિત્વમાં આવે છે. ઉદાહરણ તરીકે, મંદી દરમ્યાન નાની પેઢીઓ ઘટતા જતા ભાવોને કારણે નુકસાનમાં ચાલે છે; અને નાણાકીય રીતે સદ્ધર એવાં મોટાં એકમો આવાં નાનાં એકમોને સમાવી લે છે.

8. **રક્ષણાત્મક જકાતો (Protective Tariffs) :** દેશના ઉદ્યોગોને રક્ષણ આપવા માટેની વિવિધ દેશોએ અપનાવેલ નીતિઓને કારણે ધંધાકીય પેઢીઓનાં સંયોજનો ઉદ્‌ભવ્યાં છે. ઉદાહરણ તરીકે, જો આયાત-જકાતમાં વધારો કરવામાં આવે તો દેશી પેદાશોની તુલનામાં વિદેશી વસ્તુઓ મોંઘી બને છે. આ રીતે વિદેશી હરીફાઈ દૂર કરવામાં આવે છે, અને દેશની અર્થવ્યવસ્થામાં નવાં ઔદ્યોગિક એકમો વિકસે છે. વધુ ઉદ્યોગો સ્થાપવાને કારણે દેશની અંદર વધુ હરીફાઈ ઉદ્‌ભવે છે, અને ઉત્પાદકોને સંયોજનની જરૂરિયાત સમજાય છે. આમ, ધંધાકીય સંયોજનો એ દેશી ઉદ્યોગોને રક્ષણ આપવાની સરકારી નીતિનું પરિણામ હોઈ શકે છે.

9. **સરકરી દબાણ (Government Pressure) :** કેટલીક વાર સરકાર નબળાં એકમોને સદ્ધર એકમો સાથે વિલીનીકરણ કરવાની ફરજ પાડે છે, જેથી ઉદ્યોગની એકંદર કાર્યક્ષમતા સુધારી શકાય. બંગાળના સ્ટીલ કોર્પોરેશનનું 'ઇન્ડિયન આયર્ન એન્ડ સ્ટીલ કંપની' સાથે જોડાણ કરવાનું સરકારે 1953માં નક્કી કર્યું, જેથી સંયોજિત એકમની કામગીરી સુધારી શકાય. સરકાર નબળા એકમો લઈ શકે, અને તેમને વધુ કાર્યક્ષમ સંચાલન માટે સંયોજિત કરી શકે. ''ધી નેશનલ ટેક્સ્ટાઇલ કોર્પોરેશન ઑફ ઇન્ડિયા'' ની સ્થાપના પણ આ રીતે - માંદાં કાપડનાં એકમો પોતાને હસ્તક લેવા માટે થઈ હતી, જેથી તેમનું સંચાલન યોગ્ય રીતે કરી શકાય.

10. **પ્રકીર્ણ પરિબળો (Miscellaneous Factors) :** ઉપર ચર્ચેલાં પરિબળો ઉપરાંત, કેટલાંક અન્ય કારણોને લઈને ધંધાદારી વ્યક્તિઓ પરસ્પરના લાભ માટે અન્ય સાથે સંયોજન કરવા પ્રેરાય છે. જેમ કે :

    (1) **સંચાલકીય બુદ્ધિનો ઉપયોગ (Use of Managerial Talent) :** એક સમાન અંકુશવાળી કંપનીઓમાં ઘણી વાર તેમના સંચાલકમંડળમાં સામાન્ય સંચાલકો હોય છે. આને ''ઇન્ટર-લૉકિંગ ડિરેક્ટરશિપ'' (આંતર કંપની સંચાલન) તરીકે ઓળખવામાં આવે છે. આને કારણે બધી કંપનીઓને ઉચ્ચ પ્રકારની સંચાલકીય શક્તિ માટે જાણીતી વ્યક્તિઓની દોરવણીનો લાભ મળે છે. આ બાબત સંબંધિત કંપનીઓની સામાન્ય નીતિ અને કાર્યલક્ષી અંકુશ તરફ દોરી જાય છે.

    (2) **વિતરણનું મહત્ત્વ (Importance of distribution) :** આધુનિક સમયમાં માલના ઉત્પાદન કરતાં તેનું માર્કેટિંગ વધુ મહત્ત્વ ધરાવે છે. આથી ઉત્પાદકો તેમના બજારના હિસ્સા તરફ વધુ ધ્યાન આપતા જણાયા છે. જો બે કે ત્રણ ઉત્પાદકો ભેગા મળીને બજારનો મોટો હિસ્સો આવરી લેવાની શક્તિ ધરાવતા હોય તો તેઓ એકબીજા સાથે મસલત કરીને તેમના પોતાના બજાર હિસ્સાનું રક્ષણ કરવાની અને બજારમાં અન્ય ઉત્પાદકોને પ્રવેશતા અટકાવવાની નીતિ અપનાવી શકે.

    (3) **પેટન્ટના કાયદા (Patent Laws) :** ઘણી વાર ધંધાકીય એકમો અન્ય પેઢીઓના પેટન્ટના અધિકારોનો લાભ મેળવવા માટે સંયોજિત થાય છે. આથી બધા જ એકમો તે સંયોજનનાં અન્ય એકમોએ વિકસાવેલ ઉત્પાદન પ્રક્રિયા અથવા ઉત્પાદનની ડિઝાઇન સ્વીકારવાના અધિકારનો લાભ લઈ શકે છે.

    (4) **આત્મનિર્ભરતાની ઇચ્છા (Desire for self sufficiency) :** વિશાળ ઉત્પાદન કંપનીઓ ઘણી વાર કાચા માલસામાન અથવા ભાગો માટે અન્ય કંપનીઓ પર આધાર રાખે છે. જો તે પુરવઠો પૂરો પાડનારી કંપની ઉત્પાદક કંપનીના અંકુશમાં હોય તો નિયમિત અને સતત કાચા માલસામાન અને ભાગોના પુરવઠાની ખાતરી મળે છે. આમ, ઉત્પાદક કંપનીઓ માટે આત્મનિર્ભર થવા સંયોજન ઉપયોગી છે.

    (5) **ઉદ્યોગનું સંયોજન (અભિનવીકરણ) (Rationalisation) :** ઉદ્યોગનું સુયોજન એટલે ઉચ્ચ ઉત્પાદકતા પ્રાપ્ત કરવા માટે પેઢીઓ દ્વારા સંયુક્ત કામગીરીમાં સંકળાવાની યોજના. આ માટે પ્લાન્ટનું આધુનિકીકરણ, અદ્યતનવાળી માલસામગ્રીનો કાર્યક્ષમ ઉપયોગ, ઉત્પાદનનું નિયંત્રણ, પેદાશનું પ્રમાણીકરણ વગેરે પગલાં લેવાં જરૂરી છે.જ્યારે સરખી પેદાશોનું ઉત્પાદન કરતી અનેક પેઢીઓ માટે કોઈ સંયોજન દ્વારા જ આવાં પગલાં લેવાનું શક્ય બને છે. હકીકતમાં સુયોજનની પૂર્વશરત તરીકે સંયોજનને ગણવામાં આવે છે. આમ, ઉદ્યોગના સુયોજનના ખ્યાલથી પેઢીઓના સંયોજન માટે સબળ કારણ પ્રાપ્ત થયું છે. ઉદાહરણ તરીકે, ભારતમાં શણની મિલોનું મંડળ ('જ્યુટ મિલ્સ ઍસોસિયેશન) સ્થાપવામાં આવ્યું જેનો ઉદેશ શણઉદ્યોગની કાર્યક્ષમતા સુધારવા માટે કેટલાંક પગલાં અમલમાં મૂકવાનો હતો.

(6) વાહનવ્યવહાર અને માહિતી સંચારના ક્ષેત્રમાં વિકાસ (**Developments in the Field of Transport and Communication**) : રાષ્ટ્રીય બજાર અને આંતરરાષ્ટ્રીય બજારમાં વાહનવ્યવહાર અને માહિતી સંચારના ક્ષેત્રમાં થયેલ વિકાસને કારણે હરીફાઈની તીવ્રતામાં વધારો થયો છે. આને પરિણામે વિવિધ દેશોમાં બહુરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા ગૌણ કંપનીઓની સ્થાપના દ્વારા ધંધાકીય સંયોજનો ઊભાં થયાં છે.

(7) **સરકારી અંકુશો (Government Controls)** : કેટલીક વાર આયોજિત આર્થિક વિકાસ માટે સરકાર ભાવ, વસ્તુઓનું વિતરણ, વિદેશી હૂંડિયામણના વ્યવહારો વગેરેનું નિયંત્રણ કરે છે. આવાં સરકારી નિયંત્રણોએ ઘણી નાની ધંધાકીય પેઢીઓને સંયોજિત થવા પ્રોત્સાહિત કરી છે. એવા સંયોજનથી સરકારી નિયંત્રણોમાંથી બચી શકાય છે, અને જરૂરી પરવાના મેળવી શકાય છે.

**તમારી પ્રગતિ ચકાસો - (ક)**

1. ધંધાકીય સંયોજન એટલે શું ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. ધંધાકીય સંયોજનો માટેનાં કારણોની યાદી આપો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

3. નીચેનાં વિધાનો પૈકી કયાં વિધાનો ખરાં છે અને કયાં વિધાનો ખોટાં છે ?

(1) ધંધાકીય એકમો વ્યર્થ હરીફાઈને દૂર કરવા સંયોજિત થાય છે.

(2) જો વિદેશી હરીફાઈ ન હોય તો, દેશના ઉત્પાદકોએ એકત્રિત થવાની જરૂર નથી.

(3) જોઇન્ટ સ્ટોક કંપનીઓમાં જ ધંધાકીય સંયોજનો શક્ય છે.

(4) નાનાં એકમોના માલિકો જ્યારે આર્થિક મંદીના સમયમાં ખોટમાં ચાલતા હોય ત્યારે પરસ્પરની રક્ષા માટે તેમના ધંધા સંયોજિત કરે છે.

(5) સરકાર માંદા ધંધાકીય એકમો પોતાને હસ્તક લઈ શકે અને કાર્યક્રમ સંચાલન માટે તેમને સંયોજિત કરે છે.

(6) વ્યક્તિગત પેઢીઓના પેટન્ટ અધિકારોનો લાભ લેવા ધંધાકીય પેઢીઓ સંયોજિત થઈ શકે.

(7) મહત્ત્વાકાંક્ષી ઉદ્યોગ સાહસિકો ધંધાની સ્થાપના કરી ઔદ્યોગિક ઇજારાશાહી સ્થાપવા સંયોજિત થાય છે.

(8) આર્થિક મંદીના સમયમાં નાના એકમોનું નાણાકીય દૃષ્ટિએ સદ્ધર એવા મોટા એકમોમાં વિલીનીકરણ કરવામાં આવે છે.

## 13.4 ધંધાકીય સંયોજનોની અસરો (Consequences of Business Combinations)

ધંધાકીય સંયોજનો માટેનાં જવાબદાર પરિબળોની ચર્ચા કર્યા બાદ આપણે હવે આવાં સંયોજનોનાં પરિણામો તપાસીશું. એ તદ્દન સ્પષ્ટ બાબત છે કે સંયોજનો કેટલાંક હકારાત્મક અને તંદુરસ્ત પરિણામો આણી શકે છે. પરંતુ ધંધાકીય સંયોજનોની સ્થાપના અનિચ્છનીય અસરો પણ સર્જી શકે છે. હવે આપણે ધંધાકીય સંયોજનોનાં અનુકૂળ અને પ્રતિકૂળ પરિણામો ચર્ચીએ.

### 13.4.1. ધંધાકીય સંયોજનોના ફાયદા (Benefits of Business Combinations)

સંયોજિત થતાં ધંધાકીય એકમોને કેટલાક ચોક્કસ ફાયદાઓ મળે છે. આ ફાયદાઓને સ્થૂળ રીતે બે વિભાગોમાં વહેંચી શકાય :

(1) મોટા કદને કારણે થતા ફાયદા

(2) ઇજારાશાહીના ફાયદા.

**મોટા કદને કારણે થતા ફાયદા :**

તમે જાણો છો કે, જ્યારે બે અથવા વધુ ધંધાકીય એકમો સંયોજિત થાય છે ત્યારે સંયોજિત સંગઠન વિશાળ (મોટું) બને છે. આથી જે એકમો સંયોજન રચે છે તેઓ મોટા પાયા પરના સંગઠનના કેટલાક લાભો મેળવે છે, જે નીચે મુજબ છે :

(A) **મોટા જથ્થામાં ઉત્પાદનને કારણે થતી કરકસરો :** ધંધાકીય સંયોજનો મોટા જથ્થામાં થતા ઉત્પાદનને કારણે ઉદ્‌ભવતા લાભો મેળવે છે. આ લાભો મુખ્યત્વે માલસામાનની મોટા જથ્થામાં ખરીદીથી થતી કરકસરો, શ્રમવિભાજન તથા વિશિષ્ટીકરણ વગેરે દ્વારા પ્રાપ્ત કરે છે. સંચાલનખર્ચમાં ઘટાડો થવાની શક્યતા હોય છે, કારણ કે ઉત્પાદનમાં વધારો થવાને કારણે એકમ દીઠ સામાન્ય વ્યવસ્થા ઘટે છે. તેને કારણે પ્લાન્ટની ક્ષમતાનો પૂરેપૂરો ઉપયોગ થઈ શકે છે, આડપેદાશોની પ્રક્રિયા થઈ શકે છે અને બગાડયુક્ત માલસામાનનો મોટા જથ્થામાં નિકાલ કરી શકાય છે.

(B) **વધુ નાણાં ઊભાં કરવાની તક :** મિલકતોની વધુ કિંમતને કારણે તથા લોન ભરપાઈ કરવાની સુધારેલી શક્તિને કારણે મોટા એકમોમાં વધારાની મૂડી ઊભી કરવાની તક વધુ રહે છે.

(C) **માર્કેટિંગની કરકસરો :** બધા એકમો કે જે સંયોજનની રચના કરે છે તેઓ સંયુક્ત રીતે મોટા જથ્થામાં વેચાણ કરવાને કારણે ઉદ્‌ભવતી બચતને લઈને માર્કેટિંગ કાર્યોમાં કરકસરનો લાભ મેળવે છે.

(D) **સંચાલનમાં કાર્યક્ષમતા :** તાલીમ પામેલ અને અનુભવી મૅનેજરોને નોકરીએ રાખીને સંચાલનની કરકસરનો લાભ લઈ શકાય છે, જે માત્ર મોટાં ધંધાકીય એકમોને પરવડી શકે છે.

**ઇજારાશાહીના ફાયદા :** સંયોજિત એકમો ઇજારાશાહીના કેટલાક લાભો પણ પ્રાપ્ત કરે છે. ટૂંકા ગાળાની ઇજારાશાહી અવૈધિક પ્રકારના સંયોજન દ્વારા સદ્‌ગૃહસ્થના કરારોને આધારે ઉત્પાદનનિયંત્રણ, ભાવનિયંત્રણ વગેરે દ્વારા સિદ્ધ કરી શકાય. લાંબા ગાળાની ઇજારાશાહી પેઢીઓના જોડાણ અથવા વિલીનીકરણ દ્વારા સંપૂર્ણ સંગઠનો દ્વારા ઉદ્‌ભવે છે.

ઇજારાશાહી દ્વારા પ્રાપ્ત થતા ફાયદા સંક્ષિપ્તમાં નીચે મુજબ છે :

(A) **ગળાકાપ હરીફાઈને દૂર કરે છે :** સરખી પેદાશોના વ્યવહારો કરતી પેઢીઓ વચ્ચેનું જો સંયોજન હોય તો તે બજારમાંથી હરીફાઈને દૂર કરવામાં મદદ કરે છે. આ બાબત માર્કેટિંગ ખર્ચમાં સારા એવા પ્રમાણમાં ઘટાડો કરે છે.

(B) **સ્થિરતા :** હરીફાઈ કરતી પેઢીઓના જૂથ કરતાં ઇજારાશાહી સંગઠન બદલાતી જતી માંગને અનુરૂપ પુરવઠા વચ્ચે સરળતાથી સમતુલા સ્થાપવાની સ્થિતિમાં હોય છે. ઉદાહરણ તરીકે, જો માંગમાં વધારો થયા હોય તો તેને પુરવઠામાં વધારા દ્વારા ઝડપથી પહોંચી વળી શકાય નહીં, જેથી ભાવ ખૂબ જ ઊંચા જશે. ધંધાકીય સંયોજનોની ગેરહાજરીમાં દરેક ઉત્પાદક તે વધેલ માંગનો લાભ લેવા ઉત્પાદન વધારવાનો નિર્ણય લેશે. પરિણામે વધુ ઉત્પાદન થશે, અને વધારાના પુરવઠાને કારણે કિંમત ખૂબ જ નીચી જશે. ભાવવધઘટ પણ ઉદ્‌ભવી શકે, જો બધા ઉત્પાદકો ઘટતા ભાવને કારણે ઉત્પાદન ઘટાડી નાખે તો. આ બાબત ફરીથી અપૂરતા પુરવઠા તરફ અને ભાવમાં વધારા તરફ દોરી જાય. જો બધા જ ઉત્પાદકો ધંધાકીય સંગઠન સ્થાપે તો વસ્તુનો પુરવઠો માંગને અનુરૂપ સરળતાથી ગોઠવી શકાય અને બજારમાં ભાવની સ્થિરતા સ્થપાય.

(C) **વ્યાપારચક્રની તીવ્રતામાં ઘટાડો :** ઉત્પાદન અને પુરવઠાની ઇજારાશાહી વડે ધંધાકીય સંયોજનો બજારની પરિસ્થિતિને અંકુશમાં રાખવા શક્તિમાન બને છે, અને એ રીતે વ્યાપારચક્રની તીવ્રતાને ઘટાડે છે, જે અર્થતંત્રમાં વ્યાપારચક્રીય ફેરફારો પેદા કરે છે.

(D) **સુયોજન :** અગાઉ સમજાવ્યા મુજબ, સુયોજનનો મૂળભૂત ઉદ્દેશ પ્લાન્ટનું આધુનિકીકરણ, અપૂરતા કાચા માલસામાનનો આયોજિત વિકાસ વગેરે દ્વારા ઉત્પાદકીય કાર્યક્ષમતામાં વધારો કરવાનો છે. ધંધાકીય સંયોજન તેના વિશાળ કદ દ્વારા સરળતાથી સુયોજનના ઉદ્દેશો સિદ્ધ કરી શકે છે.

(E) **ઇષ્ટ કદની પેઢી :** ઇષ્ટ કદની પેઢી એટલે એવી પેઢી કે જે તેના આદર્શ કદ અને કામગીરીના પ્રમાણને કારણે એકમ દીઠ ઓછામાં ઓછા ખર્ચે માલનું ઉત્પાદન કરવા શક્તિમાન હોય. સંયોજનમાં જોડાઈને નાનો ધંધો ઇષ્ટ કદના બધા જ ફાયદા મેળવવા માટેની શ્રેષ્ઠ સ્થિતિમાં હોય છે.

(F) **સહિયારી નિપુણતા (Pooling Expertise) :** દરેક પેઢીને તેના પોતાના અનુભવ, ટૅકનોલૉજી, કુશળતા, સંચાલકોનું જ્ઞાન વગેરેની દૃષ્ટિએ ફાયદા હોઈ શકે છે. જ્યારે નાની પેઢીઓ સંગઠનમાં જોડાય છે ત્યારે દરેક વ્યક્તિગત પેઢીની નિપુણતાનો લાભ અન્ય બધી જ સભ્ય પેઢીઓને પ્રાપ્ત થાય છે. ધંધાકીય સંયોજનો બધી જ સંયોજિત પેઢીઓને માટે દરેક વ્યક્તિગત પેઢીની વૈવિધ્યપૂર્ણ નિપુણતાને ઉપલબ્ધ બનાવે છે.

(G) **સંચાલકીય સુગમતા :** ધંધાકીય સંયોજનોમાં સંચાલનની બાબતનો આ એક વધારાનો ફાયદો છે. ઉદાહરણ તરીકે, જો ધંધાકીય પેઢીઓ સંયોજિત થઈ ન હોય તો કોઈ એક પેઢી માટે અન્ય હરીફ પેઢીઓના બજાર હિસ્સાનો અંદાજ બાંધવાનું કાર્ય મુશ્કેલ છે.

સંયોજનોની બાબતમાં કુલ માંગ અને દરેક પેઢીનો હિસ્સો અંદાજવાનું કાર્ય સરળ છે. ઉપરાંત, મેળવેલ ઑર્ડરો સભ્ય પેઢીઓ વચ્ચે વહેંચી શકાય. આમ, દરેક પેઢી તેની શક્તિના સંપૂર્ણ ઉપયોગ દ્વારા સતત રીતે કામગીરીમાં રહી શકે છે.

## 13.4.2 ધંધાકીય સંયોજનોનાં દૂષણો (Evils of Business Combinations)

જગતભરમાં ધંધાકીય સંયોજનો તેની સાથે સંકળાયેલ દૂષણોને કારણે જાહેર ટીકાને પાત્ર બન્યાં છે. જનતા દ્વારા સામાન્ય રીતે ધંધાકીય સંયોજનને ઇજારાશાહી ગણવામાં આવે છે. બધાં જ સંયોજનો ઇજારાશાહીયુક્ત હોય એ જરૂરી નથી, પરંતુ તેઓમાંનાં મોટા ભાગનાં તે મુજબ પરિવર્તિત થાય છે. ધંધાકીય સંયોજનોના કેટલાંક દૂષણો વાસ્તવમાં તેમના વિશાળ કદને કારણે ઉદ્દભવે છે, અને કેટલાંક અન્ય વસ્તુના પુરવઠાને અને ભાવને અંકુશમાં રાખવાની તેમની શક્તિ સાથે સંકળાયેલાં છે. ચાલો, આપણે ધંધાકીય સંયોજનોનાં દૂષણોની ચર્ચા કરીએ:

1. **મર્યાદિત પ્રવેશ :** જ્યારે હયાત ધંધાકીય પેઢીઓ સંયોજન સ્થાપે છે અને બજારને નિયંત્રિત કરે છે, ત્યારે નવી પેઢીઓ માટે બજારમાં દાખલ થવું અને એ જ બજારમાં તેમનો ધંધો સ્થાપવો - એ કાર્ય ખૂબ જ મુશ્કેલ છે. મજબૂત ધંધાકીય સંયોજનો હરીફાઈના ભયને કારણે ઘણા નવા ઉદ્યોગ સાહસિકોને બજારમાં દાખલ થવાથી દૂર રાખે છે. આને કારણે ધંધાકીય સંયોજનો વધુ ને વધુ મજબૂત બનતાં જાય છે.

2. **નાની પેઢીઓની નાબૂદી :** શક્તિશાળી ધંધાકીય સંયોજન નાની ધંધાકીય પેઢીઓને બજારમાંથી દૂર કરવા વિવિધ રસમો અપનાવી શકે છે અને ઇજારાશાહી સત્તા પ્રાપ્ત કરે છે. ઘણી નાની પેઢીઓમાં મોટાં સંયોજનોની હરીફાઈનો સામનો કરવાની શક્તિ પણ હોતી નથી. ઉદાહરણ તરીકે, નાણાકીય દૃષ્ટિએ મજબૂત ધંધાકીય સંયોજનો ગ્રાહકોને આકર્ષવા માટે ઓછી કિંમતે તેમની પેદાશો વેચી શકે છે. તેના લીધે નાની પેઢીઓ ખોટમાં ચાલે છે અને તેમને ધંધો બંધ કરવો પડે છે.

3. **બિનકાર્યક્ષમતા :** ધંધાકીય સંયોજનો કેટલીક વાર ઊંચા ભાવ રાખી વધુ નફો કમાવા માટે ઓછા જથ્થામાં વસ્તુઓ પેદા કરે છે. આને કારણે સંયોજિત કામગીરીને તેની સંપૂર્ણ શક્તિથી ચલાવવાનું શક્ય બનતું નથી. તેથી મોટા પાયા પરના ઉત્પાદનના ફાયદા પ્રાપ્ત થઈ શકતા નથી. કેટલીક વાર બિનકાર્યક્ષમ અને બિનનફાકારક પેઢીઓ સંયોજનના અન્ય નફાકારક એકમોના રક્ષણ હેઠળ પોતાની કામગીરી ચાલુ રાખી શકે છે. આવા બિનનફાકારક એકમો હરીફાઈયુક્ત બજારમાં બંધ કરવા પડ્યા હોત. પરિણામે બિનકાર્યક્ષમ એકમો ટકી રહે તે માટે ગ્રાહકોએ ઊંચા ભાવો સહન કરવા પડે છે.

4. **ગ્રાહકોનું શોષણ :** ઇજારાયુક્ત સંયોજનોને બજારમાં વસ્તુના પુરવઠાને અંકુશમાં રાખવાની સત્તા હોવાથી તેઓ સંગ્રહખોરી દ્વારા, અથવા પુરવઠાને નિયંત્રિત કરી કૃત્રિમ તંગી સર્જી શકે છે. જ્યારે વૈકલ્પિક વસ્તુઓ ઉપલબ્ધ હોય ત્યારે અનિશ્ચિત મુદત સુધી આવું કરી શકાતું નથી. પરંતુ જો બજારમાં વૈકલ્પિક વસ્તુઓ સરળ રીતે ઉપલબ્ધ ન હોય ત્યારે ગ્રાહકોએ સહન કરવું પડે છે.

5. **અતિમૂડીકરણ :** ધંધાકીય એકમોના સંપૂર્ણ વિલીનીકરણમાંથી ઉદ્દભવતી ઇજારાશાહી અતિમૂડીકરણમાં પરિણમી શકે છે. તેનો અર્થ એ કે સંયોજન પાસે તેની કમાવાની શક્તિના પ્રમાણમાં વધુ મૂડી ઉપલબ્ધ હોય અને તે વધારાની મૂડીનો નફાકારક ઉપયોગ કરવા અશક્તિમાન હોય. અતિમૂડીકરણ ઓછી કમાણીમાં પરિણમે છે, જે સામાન્ય રીતે સંયોજનની દૃષ્ટિએ અને ખાસ કરીને શેરહોલ્ડરો અને સમાજની દૃષ્ટિએ અનિચ્છનીય છે.

6. **ઉચ્ચ ધંધાકીય જોખમો :** સંયોજનનું કદ જેમ મોટું, તેમ તેની અણઆવડત, અધિકારીઓની અપ્રમાણિકતા, અથવા અપૂરતી અનામતો અથવા આકસ્મિક પરિસ્થિતિને લીધે થતા સંભવિત નુકસાનનું પ્રમાણ વધુ અને એ રોકાણકારોએ સહન કરવું પડે. ટૂંકા ગાળાનાં સંયોજનોમાં અસ્થિરતાને કારણે જ્યારે કેટલાક એકમો સંયોજનોમાંથી છૂટા થાય છે ત્યારે મોટા પ્રમાણમાં નુકસાન થતું હોય છે. આમ છતાં, કાયદા દ્વારા સંયોજનોના વિકાસ અને ઇજારાશાહીનો જાહેર હિત વિરુદ્ધનો ઉપયોગ નિયંત્રિત કરી શકાય છે. ધંધાકીય સંયોજનોનું વિસ્તૃતીકરણ અને હરીફાઈના નિયંત્રણ માટે તેમની પ્રવૃત્તિઓને ભારતમાં ઇજારાશાહી અને નિયંત્રણાત્મક વેપારી રીતરસમોના કાયદા દ્વારા નિયંત્રિત કરવામાં આવે છે.

7. **ધંધાકીય સંયોજનોની ગેરવાજબી રીતરસમો :** ઇજારાશાહી સત્તા ધરાવતાં મોટાં ધંધાકીય સંયોજનો ઘણી વાર પેદાશનું વેચાણ અને વિતરણને અંકુશમાં રાખવા ગેરવાજબી રીતરસમો અનુસરે છે. વિતરકોને

હરીફ પેઢીઓની પેદાશો સાથે ધંધાકીય વ્યવહાર નહીં રાખવા દબાણ કરવામાં આવે છે. આમ, હરીફો માટે વિતરણ માર્ગના વિકલ્પને મર્યાદિત બનાવી દેવામાં આવે છે. વિતરકોને સરળતાથી વેચી શકાય એવી વસ્તુઓ સાથે જે લોકપ્રિય નથી તેવી અમુક વસ્તુઓનું સંયુક્ત રીતે વેચાણ કરવાની ફરજ પણ પાડવામાં આવે છે. (જેને શરતી વેચાણ (tie-up sales) કહે છે.) મોટાં ધંધાકીય એકમો સરકારી અધિકારીઓ પાસે પરવાના, પરમિટો વગેરે બાબતો અંગેના નિર્ણયો તેમના હરીફોની તુલનામાં ફાયદાકારક રીત લેવડાવવામાં તે એવું દબાણ લાવવામાં જાણીતા છે. આવી રીતરસમો ધંધાકીય સંગઠનોને સમાજના શ્રેષ્ઠ હિત વિરુદ્ધ ખોટા લાભો પ્રાપ્ત કરવા શક્તિમાન બનાવે છે.

8. **અસ્થિરતા સર્જે છે :** ધંધા દ્વારા અપનાવવામાં આવેલ નીતિઓ અર્થતંત્રની અસ્થિરતા તરફ દોરી જઈ શકે છે. ઉદાહરણ તરીકે, ધંધાના સારા સમયગાળામાં તેઓ ઉત્પાદનમાં વધારો કરીને, અને એકમ દીઠ ખર્ચમાં ઘટાડો કરીને પેદાશના ભાવોને સ્થિર રાખે છે પરંતુ ધંધાના વિકાસમાં વધારા પ્રમાણે કામદારોના વેતનમાં વધારો કરતા નથી. આવી નીતિઓ સમય જતાં ધંધાકીય મંદી તરફ દોરી જઈ શકે છે. કારણ કે ઉત્પાદનમાં જેટલા પ્રમાણમાં વધારો થાય છે એટલા પ્રમાણમાં કામદારોની ખરીદશક્તિ વધતી નથી. બીજી બાજુ, જ્યારે મંદી હોય છે ત્યારે ભાવોમાં ઘટાડો કરવામાં આવતો નથી પરંતુ થોડીક વસ્તુઓના વેચાણ દ્વારા નુકસાન લઘુતમ કરવામાં આવે છે. આ નીતિ કામદારોની છટણી અને માલસામાન અને પુરવઠાની ઘટાડેલી ખરીદીમાં પરિણમે છે. ગ્રાહકોની ખરીદશક્તિમાં ઘટાડો થવાને પરિણામે માંગમાં ઘટાડો થાય છે. છેવટે, આ બાબત અન્ય ઉદ્યોગોને અસર કરે છે અને સર્વાંગી મંદીને લાવે છે.

9. **આર્થિક પ્રગતિને અટકાવે છે :** કેટલીક વાર ધંધાકીય સંયોજનો દ્વારા તેમનાં પોતાનાં હિતોની જાળવણી માટે આર્થિક પ્રગતિને અવરોધવામાં આવે છે. ઇજારાયુક્ત સત્તાને કારણે તેઓને નવી પદ્ધતિઓ અને પ્રક્રિયાઓ વિકસાવવાની અથવા નવી પેદાશો દાખલ કરવાની ઉત્કંઠા હોતી નથી. ઊંચો નફો કમાવા તેઓ ઘણી વાર મર્યાદિત પુરવઠા અને ઊંચા ભાવો પર આધાર રાખે છે. વાસ્તવમાં, તેઓ અન્ય પેઢીઓનાં સંશોધનોને ફક્ત લાંબા ગાળા સુધી બિનકાર્યરત બનાવવા તેના પર અંકુશ મેળવે છે, કે જેથી ઉદ્યોગની પ્રવર્તમાન પરિસ્થિતિમાં કોઈ પરિવર્તન ન આવી શકે. ઉત્પાદનની સુધારેલ પદ્ધતિઓ અથવા નવી પેદાશો દાખલ કરીને આર્થિક પ્રગતિ સધાય છે તેને આમ ધીમી પાડી નાખવામાં આવે છે.

10. **આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ :** ધંધાકીય એકમોનું સંયોજન થોડી વ્યક્તિઓના હાથમાં સંપત્તિ કે આર્થિક સત્તાના કેન્દ્રીકરણ તરફ દોરી જાય છે. આને પરિણામે સંપત્તિ અને આવકની અસમાન વહેંચણી સર્જાય છે, બહુમતી લોકો કે જે ગરીબ રહે છે તેઓને તેમનું જીવનધોરણ સુધારવાની તકો નકારવામાં આવે છે. આર્થિક સ ાનું આ કેન્દ્રીકરણ મોટા ધંધાના માલિકો દ્વારા રાજકીય સત્તા પરના અંકુશ તરફ દોરી જાય છે. સરકારી નીતિ પણ સામાન્ય લોકોને બદલે પૈસાદાર વ્યક્તિઓના હિતની સેવામાં વધુ દોરવાય છે.

11. **ઇજારાશાહીની બિનકરકસરો :** મોટા પાયા પરની કામગીરીને કારણે ઉદ્ભવતી કરકસરો અને પુરવઠા તથા ભાવ પર અંકુશના ફાયદાને કારણે ઇજારાશાહી સંગઠનના કદમાં સતત વધારો થતો રહે છે પરંતુ તેનો વિકાસ કેટલીક વાર સંચાલનના કાબૂ બહાર જાય છે. વળી, સંગઠન વધુ પડતું મોટું હોવાને કારણે તે જડ અને અપરિવર્તનશીલ બનવાનો ભય રહેલો છે. આથી ઇજારાશાહી માટે બદલાતી જતી સ્થિતિને અનુરૂપ તેની કામગીરી અપનાવવાનું શક્ય બની શકતું નથી. વિવિધ પેઢીઓના સંયોજન દ્વારા ઉદ્ભવતી ઇજારાશાહી તુમારશાહીથી (red-tapism) પીડાય છે. દા.ત. કાગળકામમાં વધારો નિર્ણયપ્રક્રિયાને ધીમી પાડી શકે છે.

## 13.5 ઇજારાશાહીનું નિયંત્રણ (Control of Monopoly)

આપણે ઉપર નોંધ્યું કે ઇજારાશાહીયુક્ત સંયોજનો સંપત્તિ અને આવકની વહેંચણીની અસમાનતાની સાથે સાથે આર્થિક અને રાજકીય સત્તાનું વધુ પડતું કેન્દ્રીકરણ સર્જે છે. આ સામાજિક અને આર્થિક દ ્ટએ-ખાસ કરીને વિકસતા દેશોની દષ્ટિએ અનિચ્છનીય છે. આ રીતે રાષ્ટ્રીય સંપત્તિનો વસ્તીના નાના વિભાગની જરૂરિયાતો સંતોષવા માટે ઉપયોગ થાય છે જ્યારે મોટી બહુમતી ઓછી આવક અને ગરીબાઈથી પીડાય છે. તેથી ઇજારાશાહી અને ધંધાકીય સંયોજનોના વિકાસને કાબૂમાં રાખવા યોગ્ય પગલાં લેવાં જોઈએ. ધંધાકીય સંયોજનોના વિકાસને કાબૂમાં રાખવા અપનાવવામાં આવેલ કેટલાંક પગલાં આપણે હવે તપાસીએ:

1. **ઇજારાશાહી વિરોધી કાયદા :** વેપાર અને ઉદ્યોગમાં ઇજારાશાહીને દૂર કરવા અને નિયંત્રણમાં રાખવા ઘણા દેશોમાં કાયદાઓ ઘડવામાં આવ્યા છે. ભારતમાં આ જ હેતુથી 1969માં ઇજારાશાહી નિયંત્રણાત્મક વેપારી રીતરસમોને કાયદો (Monopolies and Restrictive Trade Practices Act - MRTP) પસાર કરવામાં આવ્યો. તેની જોગવાઈઓ અનુસાર મોટા ઔદ્યોગિક એકમો દ્વારા ક્યાં તો વર્તમાન પ્લાન્ટ

અથવા નવા પ્લાન્ટ સ્થાપીને કરવામાં આવતા વિસ્તૃતીકરણ માટે વધારાના રોકાણ માટે સરકારી મંજૂરી મેળવવી જરૂરી બને છે. વેપારી રીતરસમો, કે જે હરીફાઈને મર્યાદિત બનાવે અથવા કચડી નાખે, અને ગેરરસ્તે દોરતી જાહેરાતો જેવી બિનવેપારી રીતરસમોનું આ કાયદા હેઠળ સરકાર દ્વારા નિયંત્રણ કરવામાં આવે છે.

2. **વાજબી હરીફાઈ સ્થાપવી :** ઇજારાશાહી વિરોધી કાયદા ધંધાકીય સંયોજનો અને ઇજારાશાહીને અંકુશમાં રાખવા માટે પૂરતા નથી. આથી,વાજબી હરીફાઈ સ્થાપવા અને બિનવેપારી પદ્ધતિઓને અટકાવવા પગલાં પણ અપનાવી શકાય છે. ઉદાહરણ તરીકે, લઘુ ઉદ્યોગોના વિકાસને મદદ કરીને, સરકાર દ્વારા વાજબી ભાવની દુકાનો સ્થાપીને આ અને એવાં અન્ય પગલાં આ દિશામાંનાં કેટલાંક પગલાં છે.

3. **ખરીદનારાઓનાં મંડળો :** ઘણી વાર એવું સૂચવવામાં આવે છે કે ઇજારાશાહી સત્તાના દુરુપયોગ અને શોષણમાંથી ખરીદનારાઓના હિતનું રક્ષણ કરવા માટે ગ્રાહકોનાં મંડળો રચાવાં જોઈએ. હકીકતમાં, વિશાળ રીતે ફેલાયેલા ગ્રાહકોને એકત્રિત કરવાનું અને સત્તાશાળી ધંધાદારી ગૃહો સામે મંડળો સ્થાપવાનું કાર્ય ખૂબ જ મુશ્કેલ છે.

4. **ઇજારદારોની અનિચ્છનીય પ્રવૃત્તિઓની પ્રસિદ્ધિ :** ઘણા લોકો દ્વારા વળી એવું સૂચવવામાં આવે છે કે જનતાને જાગ્રત રાખવા માટે ઇજારદારો દ્વારા અનુસરાતી અયોગ્ય રીતરસમોની પ્રસિદ્ધિ કરવી જોઈએ. આ પદ્ધતિ પોતે જ પરિણામો પ્રાપ્ત કરવા માટે પૂરતી ન હોઈ શકે, જોકે તે હાનિકારક રીતરસમોને અંકુશમાં રાખવા માટે ઉપયોગી હેતુ સારી શકે.

5. **કરવેરા અને આર્થિક સહાય :** ઇજારાશાહી સંગઠનો દ્વારા વસૂલ કરવામાં આવતા ભાવોને નિયંત્રણમાં રાખવા કરવેરા અને આર્થિક સહાયની પદ્ધતિનો ઉપયોગ કરી શકાય. સરકાર હરીફાઈયુક્ત ભાવ જેટલા જ મહત્તમ ભાવ નક્કી કરી શકે, અને ઇજારાશાહી સંગઠનોને મહત્તમ ભાવ અને ઇજારાયુક્ત ભાવ વચ્ચેના તફાવતને પહોંચી વળવા માટે આર્થિક સહાય આપી શકે. ત્યાર બાદ આર્થિક સહાયની રકમ આવાં બધાં જ સંગઠનો પર સામાન્ય કરવેરા નાખીને પરત મેળવી શકાય.

6. **ઇજારાશાહીના મૂળ પર હુમલો કરવો :** ઉપર દર્શાવવામાં આવેલ પગલાં સાર્વત્રિક રીતે બધા જ સમયે અને બધા જ સંજોગોમાં લાગુ પાડી શકાતા નથી. જો તેને અપનાવવામાં આવે તો તે ધંધાકીય સંયોજનોનાં દૂષણોને અંકુશિત કરવામાં સફળ થઈ શકે, અથવા ન પણ થાય. તેથી તે યોગ્ય ગણાશે કે એવી પરિસ્થિતિ સર્જવાનો પ્રયત્ન કરવો કે જે હરીફાઈને ઉત્તેજન પૂરું પાડે. જ્યારે જ્યારે જરૂરી હોય ત્યારે પેદાશો માટે ગુણવત્તાનાં ધોરણો નક્કી કરવાં જોઈએ. ગ્રાહકોને શિક્ષિત બનાવવા જોઈએ કે જેથી તેઓ તેમના અધિકારો અંગેનો દાવો કરી શકે અને ગેરવાજબી રીતરસમો સામે કાયદાકીય ઉપાયો શોધી શકે.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1. ધંધાકીય સંયોજનોના ફાયદાની યાદી આપો.

...........................................................................................

...........................................................................................

...........................................................................................

2. ધંધાકીય સંયોજનોનાં દૂષણોની યાદી આપો.

...........................................................................................

...........................................................................................

...........................................................................................

3. નીચેનાં વિધાનો પૈકી કયાં ખરાં છે, અને કયાં ખોટાં છે ?

(1) અમુક ચોક્કસ તબક્કા બાદ, ઇજારાશાહી સંગઠનનું કદ તેને કાર્યક્ષમ રીતે ચલાવવાની સંચાલનની શક્તિની બહાર જતું રહે છે.

(2) ધંધાકીય સંયોજનો મોટા પ્રમાણમાં નફો કરે છે તેનું કારણ ફક્ત એ છે કે બીજો કોઈ હરીફ રહેતો નથી.

(3) અનેક ધંધાકીય પેઢીઓનું સંયોજન મોટા પ્રમાણમાં સરળતાથી મૂડી ઉછીની લઈ શકે છે.

(4) ધંધાકીય સંયોજનો ઇજારાશાહી તરફ દોરી જાય છે.

(5) જો બજારમાં કોઈ હરીફાઈ ન હોય તો ઇજારાશાહી સંગઠને જાહેરાત પાછળ કોઈ ખર્ચ કરવો પડતો

નથી.

(6) નાની પેઢીઓ ધંધાકીય સંયોજનો સાથે નાણાકીય નબળાઈને કારણે હરીફાઈ કરી શકતી નથી.

(7) આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ આવકની અસમાન વહેંચણી તરફ દોરે છે.

(8) ધંધાકીય સંયોજન બદલાતી જતી માંગને અનુરૂપ પુરવઠાને સરળતાથી ગોઠવી શકે છે.

**4. ખાલી જગ્યા પૂરો :**

(1) અતિમૂડીકરણ .................. માં પરિણમે છે.

(2) ભારતમાં ઇજારાયુક્ત સંગઠનનું વિસ્તરણ .................. ના કાયદાની જોગવાઈઓ અનુસાર નિયંત્રિત થાય છે.

(3) બજારમાંથી .................. દૂર કરવા માટે ધંધાકીય સંયોજનો દ્વારા અપનાવવામાં આવતું એક સાધન એ ભાવઘટાડો છે.

## 13.6 સારાંશ

મોટા પાયા પરના ઉદ્યોગીકરણને લીધે તીવ્ર હરીફાઈ, સંગઠનનું જોઇન્ટ સ્ટૉક કંપનીસ્વરૂપ વગેરેનો વિકાસ થયો. આ વિકાસે એક તરફ તકો ઊભી કરી, અને બીજી બાજુ ધંધાકીય સંગઠનો માટે અસ્તિત્વ અને વિકાસ સામેના પડકારો ઊભા કર્યા છે. આ પ્રશ્નોના નિરાકરણ માટેના સાધન અથવા મિકેનિઝમ તરીકે ધંધાકીય સંગઠનો અસ્તિત્વમાં આવ્યાં છે. જ્યારે એક પ્રકારના કે વિવિધ પ્રકારના ધંધામાં કામ કરતી બે કે તેથી વધુ ધંધાકીય પેઢીઓ પરસ્પર લાભો માટે સંયોજિત થાય ત્યારે એમણે ધંધાકીય સંયોજન ઊભું કર્યું કહેવાય.

ધંધાકીય સંયોજનના ઉદ્ભવનાં વિશિષ્ટ કારણો આ પ્રમાણે છે : તીવ્ર હરીફાઈ, મોટા પાયા પરની કામગીરીની કરકસરો, સંગઠનનું જોઇન્ટ સ્ટૉક કંપની સ્વરૂપ, બજાર પર અંકુશ, વ્યક્તિગત આવડત, સત્તાની મહેચ્છા, વ્યાપારચક્ર, રક્ષણાત્મક આયાત જકાત, સંચાલકીય કૌશલ્યનો અભાવ. પેટન્ટના કાયદાઓ, આત્મનિર્ભરતાની ઇચ્છા, ઉદ્યોગનું સુસંગઠન, વાહનવ્યવહાર અને માહિતીસંચારનો વિકાસ વગેરે.

ધંધાકીય સંયોજનોની અસરો હકારાત્મક અને નકારાત્મક એમ બન્ને પ્રકારની છે. એક બાજુ મોટા કદને કારણે ઉદ્ભવતા લાભો, અને બીજી બાજુ સંયોજનને કારણે ઇજારાયુક્ત સ્થાન પ્રાપ્ત કરવું તે હકારાત્મક અસરો છે. મોટા કદના વિશિષ્ટ લાભોમાં ઉત્પાદનમાં કરકસર, નાણાં ઊભાં કરવાની સરળતા, મોટા જથ્થામાં ખરીદી, માર્કેટિંગ અને સંચાલનની કરકસર વગેરેનો સમાવેશ થાય છે. ધંધાકીય સંયોજનોનાં દૂષણો આ પ્રમાણે છે. : બિનકાર્યક્ષમતા, નાનાં ધંધાકીય એકમોના વિકાસમાં અવરોધ, પ્રતિબંધિત પ્રવેશ, ગ્રાહકો સામેનું કાવતરું, અતિમૂડીકરણ, અયોગ્ય રીતરસમો, આર્થિક પ્રગતિમાં રુકાવટ અને આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ.

ધંધાકીય સંયોજનોનાં દૂષણોની દષ્ટિએ ધંધાકીય સંયોજનોના ઇજારાયુક્ત લક્ષણને અંકુશમાં લેવાની, અને ઇજારાવિરોધી કાયદા, યોગ્ય હરીફાઈની જાળવણી, ખરીદનારાઓ અને ગ્રાહકોનાં સંગઠનોની સ્થાપના, અનિચ્છનીય પ્રવૃત્તિઓ ખુલ્લી પાડવી, ઇજારાશાહી સામે નાણાકીય પગલાંનો ઉપયોગ, ગ્રાહકો અને લોકોને શિક્ષણ આપવું વગેરે નિયંત્રણનાં પગલાં લેવાં જરૂરી છે.

## 13.7 ચાવીરૂપ શબ્દો (Key words)

**ધંધાકીય સંયોજનો :** ધંધાકીય એકમો પરસ્પરના લાભ માટે અને મોટા પાયા પરની અને ઇજારાશાહી સત્તાની કરકસરો પ્રાપ્ત કરવાની દષ્ટિએ એકત્રિત થાય છે.

**વ્યાપાર ચક્ર :** ઉત્પાદન, નોકરી, આવક, ભાવો વગેરેમાંથી વધઘટ, જેને વધ અને ઘટના નિયમિત ચક્ર તરીકે વર્ણવવામાં આવે છે, અને 'તેજી' અને 'મંદી' તરીકે ઓળખવામાં આવે છે.

**ઔદ્યોગિક ક્રાન્તિ :** વરાળ શક્તિના ઉપયોગથી મોટાં ઔદ્યોગિક એકમોના વિકાસની તકો પ્રાપ્ત થઈ. આ પ્રક્રિયા ઇંગ્લૅન્ડમાં 19મી સદીના મધ્ય ભાગ દરમ્યાન અમુક સમયે શરૂ થઈ.

**આંતર કંપની સંચાલક પદ :** ઘણી કંપનીઓમાં સંચાલક પદ ધરાવનાર ધંધાદારી વ્યક્તિઓનું જૂથ.

**ઇજારાશાહી :** પુરવઠા પર સંપૂર્ણ અંકુશની સ્થિતિ અને તેથી ભાવને અંકુશમાં રાખવાની શક્તિ.

**ઇષ્ટતમ પેઢી :** પેઢીની સમતુલાની સ્થિતિ, જેને લઘુતમ ખર્ચ અને મહત્તમ આવક તરીકે વર્ણવવામાં આવે છે.

**અતિમૂડીકરણ :** સાહસના મૂડીરોકાણની એવી સ્થિતિ, કે જ્યાં આવક સાહસમાં કરવામાં આવેલ રોકાણની રકમને યોગ્ય ઠેરવતી નથી.

**પેટન્ટના કાયદા :** કોઈ ટેકનિક કે પદ્ધતિના સંશોધકને સંપૂર્ણ અધિકાર આપતો કાયદો, કે જેથી સંશોધક તેનો કાયદેસરનો વ્યાપારી ઉપયોગ કરી શકે.

**રક્ષણાત્મક આયાત જકાતો :** દેશના ઉદ્યોગોને રક્ષણ પૂરું પાડવા, અથવા ઉત્તેજન પૂરું પાડવા માટે પેદાશો અને સેવાઓની આયાત અને નિકાસ પર નાખવામાં આવતા કરવેરા.

**નવીનીકરણ (Rationalisation) :** આદાન પ્રદાન કામગીરીને ઇષ્ટ બનાવવાની દૃષ્ટિએ ધંધાની દરેક કામગીરીમાં કારણ અને તર્કનો ઉપયોગ.

**સબસીડી (આર્થિક સહાય) :** ઉત્પાદકોને તેમના નુકસાનને સંપૂર્ણ રીતે અથવા અમુક અંશે પૂર્ણ કરવા માટે સરકાર દ્વારા આપવામાં આવતી નાણાકીય મદદ.

## 13.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો

Bhushan, Y.K., 1987, *Fundamentals of Business Organisation and Management*, Sultan Cahnd: New Delhi. (Part Nine, Chapter 3).

Ramesh, M.S., 1985, *Principles and Practice of Modern Business Organisation, Administration & Management*, Kalyani Publishers: New Delhi. (Volume 1, Chapter 14.)

Singh, B.P., and T.N. Chhabra, 1988, *Business Organisation and Management*, Kitab Mahal: Allahabad. (Part One, Chapter 45).

## 13.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

ક ૩ : (૧) ખરું (૨) ખોટું (૩) ખોટું (૪) ખોટું (૫) ખરું (૬) ખરું (૭) ખરું (૮) ખરું

ખ 3 : (1) ખરું (2) ખોટું (3) ખરું (4) ખરું (5)ખોટું (6) ખરું (7) ખરું (8) ખરું.

4 : (1) નીચી આવક (2) ઇજારાશાહી અને નિયંત્રણાત્મક વેપારી રીતરસમો (MRTP) (3) નાની પેઢીઓ.

## 13.10 અંતિમ કસોટી/સ્વાધ્યાય

1. ધંધાકીય સંયોજનોની સ્થાપના તરફ દોરી જતાં કારણોની સમજૂતી આપો.
2. ધંધાકીય સંયોજનોના ફાયદા અને દૂષણોની ચર્ચા કરો.
3. ધંધાકીય સંયોજનો સાથે કયાં દૂષણો સંકળાયેલાં છે ? તેમને નિયંત્રણમાં રાખવા માટે તમે કયાં પગલાં સૂચવો છો ?
4. ''ઇજારાશાહીને પેદા કરીને, સંયોજનો ગ્રાહકોના હિતને નુકસાન કરે છે.'' " ખર્ચમાં ઘટાડો કરીને સંયોજનો ગ્રાહકોને વસ્તુ અને સેવાઓ નીચા ભાવે પૂરાં પાડે છે.''-આ વિધાનો વચ્ચે સુમેળ સાધો.
5. મોટા પાયા પરના ઉત્પાદનની કરકસરો અને ઇજારાશાહી અંકુશની કરકસરો વચ્ચેનો તફાવત દર્શાવો.

| નોંધ : | આ પ્રકરણ સારી રીતે સમજવા માટે આ પ્રશ્નો તમને મદદ કરશે. તેના જવાબો લખવાનો પ્રયત્ન કરો. પરંતુ યુનિવર્સિટીને તમારા જવાબો મોકલશો નહીં. તે ફક્ત તમારા મહાવરા માટે જ છે. |
|---|---|

# એકમ 14 ધંધાકીય સંયોજનો-II (Business Combinations-II)

## રૂપરેખા


14.0 ઉદ્દેશો
14.1 પ્રસ્તાવના
14.2 ધંધાકીય સંયોજનોના પ્રકારો
    14.2.1 સમસ્તરીય સંયોજનો
    14.2.2 ઊર્ધ્વસ્તરીય સંયોજનો
    14.2.3 સંલગ્ન સંયોજનો
    14.2.4 વિકર્ણીય સંયોજનો
    14.2.5 ચક્રીય સંયોજનો
14.3 સંયોજનોનાં સ્વરૂપો
    14.3.1 મંડળો
    14.3.2 મહામંડળો
    14.3.3 સંગઠનો
14.4 સારાંશ
14.5 ચાવીરૂપ શબ્દો
14.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો
14.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
14.8 અંતિમ કસોટી / સ્વાધ્યાય


## 14.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે-

* વિવિધ પ્રકારનાં ધંધાકીય સંયોજનોની સમજૂતી આપી શકશો.
* સંયોજનોનાં વિવિધ સ્વરૂપોનાં મહત્ત્વનાં લક્ષણો સમજાવી શકશો.
* સંયોજનોનાં વિવિધ સ્વરૂપો વચ્ચેનો તફાવત દર્શાવી શકશો.
* સંયોજનનાં વિવિધ સ્વરૂપનાં ફાયદા અને મર્યાદાઓ વર્ણવી શકશો.

## 14.1 પ્રસ્તાવના

એકમ 13માં આપણે ધંધાકીય સંયોજનનો અર્થ, સંયોજનોની સ્થાપનાની દિશામાં દોરી જતાં પરિબળો, સંયોજનોની હકારાત્મક અને નકારાત્મક અસરો સંયોજનોની ઇજારાશાહી સત્તાને અંકુશમાં રાખવાનાં પગલાં વિશેની ચર્ચા કરી. આ એકમમાં આપણે ધંધાકીય સંયોજનોનાં વિવિધ પ્રકારો અને સ્વરૂપોની અને તેના ફાયદાઓ અને મર્યાદાઓની ચર્ચા કરીશું.

## 14.2 ધંધાકીય સંયોજનોના પ્રકારો (Types of Business Combinations)

ધંધાકીય સંયોજનોને પાંચ પ્રકારમાં વહેંચી શકાય : (1) સમસ્તરીય સંયોજનો (2) ઊર્ધ્વસ્તરીય સંયોજનો (3) સંલગ્ન સંયોજનો (4) વિકર્ણીય સંયોજનો અને (5) ચક્રીય સંયોજનો. જોકે આમાંથી બે કે ત્રણ પ્રકારોનાં કેટલાંક લક્ષણો અમુક બાબતોમાં અન્ય પ્રકારમાં જોવા મળે. આ પાંચ પ્રકારનાં સંયોજનો વિશે હવે આપણે વિસ્તૃત ચર્ચા કરીએ.

## 14.2.1 સમસ્તરીય સંયોજનો (Horizontal Combinations)

આ પ્રકારનું સંયોજન એ એકસરખી પેદાશોનું ઉત્પાદન કરતા, અથવા એક પ્રકારની ધંધાકીય પ્રવૃત્તિમાં સંળાયેલા વિવિધ એકમોને કોઈ એક જ સ્વરૂપના સંચાલન અને નિયંત્રણ હેઠળ લાવવાનું પરિણામ છે. બીજા શબ્દોમાં કહીએ તો, એક જ સ્તરે હરીફાઈ કરતા અથવા એક જ વેપારમાં રહેલા વિવિધ ધંધાકીય એકમો કોઈ સામાન્ય ધ્યેયને ધ્યાનમાં લઈને એકત્રિત થાય છે. આ પ્રકારનું સંગઠન સ્થાપનારાં આ એકમો ઉત્પાદન, વેચાણ, ભાવ વગેરે બાબતમાં સમાન નીતિ અનુસરવા સંમત થાય છે. અને વળી અમુક નક્કી કરેલ કાર્યક્ષેત્રો કે બાબતોમાં તેઓ વચ્ચેની હરીફાઈને દૂર કરવા સંમત થાય છે. દા.ત. બે કે વધુ સિમેન્ટની ફેક્ટરીઓ હરીફાઈ દૂર કરવા અને પુરવઠાને નિયંત્રિત કરવાના હેતુ સિદ્ધ કરવા જોડાઈ શકે છે. સમસ્તરીય સંયોજનના ઉદાહરણ માટે આકૃતિ 14.1 જુઓ :

આકૃતિ 14.1

**સમસ્તરીય સંયોજન**

| | | | | |
|---|---|---|---|---|
| સિમેન્ટ ફેક્ટરી અ | સિમેન્ટ ફેક્ટરી બ | સિમેન્ટ ફેક્ટરી ક | સિમેન્ટ ફેક્ટરી ડ | → બજાર |

ભારતમાં સમસ્તરીય સંયોજનનાં કેટલાંક ઉદાહરણો છે : ભારતીય કાગળના બનાવનારાઓનું મંડળ (ઇન્ડિયન પેપરમેકર્સ એસોસિયેશન), ભારતીય શણ મિલોનું મંડળ (ધી ઇન્ડિયન જ્યુટ મિલ્સ એસોસિયેશન), અને એસોસિએટેડ સિમેન્ટ કંપનીઝ (એ.સી.સી.).

**ફાયદા :** સમસ્તરીય સંયોજનના મુખ્ય ફાયદા નીચે મુજબ છે :

(1) **બિનજરૂરી હરીફાઈ દૂર કરવી :** ઉદ્યોગમાંની પેઢીઓ વચ્ચેની બિનજરૂરી હરીફાઈ દૂર કરે છે.

(2) **મોટા પાયા પરની કરકસરો :** તે મોટા પાયા પરના ઉત્પાદન અને વિતરણથી થતી કરકસરો પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

(3) **પુરવઠા પર નિયંત્રણ :** તેને લીધે સંયોજિત ધંધો પેદાશના પુરવઠા અને તેના ભાવ પર નિયંત્રણ રાખી શકે છે.

**મર્યાદાઓ :** સમસ્તરીય સંયોજનો ઘણી વાર ઇજારાશાહી તરફ દોરી જાય છે, જે ગ્રાહકોના દૃષ્ટિબિંદુથી નુકસાનકારક છે. ઉત્પાદન પર નિયંત્રણ થવાથી, અને ઊંચા ભાવ દ્વારા ગ્રાહકોનું શોષણ થાય છે. વળી, તે આર્થિક સત્તાના કેન્દ્રીકરણ તરફ દોરે છે, જે સમાજ માટે નુકસાનકારક છે.

## 14.2.2 ઊર્ધ્વસ્તરીય સંયોજનો (Vertical Combinations)

ઊર્ધ્વસ્તરીય કે અનુલંબ સંયોજનમાં એક ઉદ્યોગમાંના ઉત્પાદન અથવા વિતરણના ક્રમિક તબક્કામાં સંકળાયેલા અનેક એકમો એકઠા થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો કેટલાક ચોક્કસ, અંતિમ ઉત્પાદન સાથે સંકળાયેલાં પણ સ્વતંત્ર એકમો, એક વેપારી પેઢી તરીકે એકત્રિત થાય છે. આ ઊર્ધ્વસ્તરીય સંયોજન એ એક જ ઉદ્યોગના ક્રમિક તબક્કામાંની પેઢીઓનું સંયોજન છે. આથી આ પ્રકારનું સંયોજન એવા જ ઉદ્યોગમાં અમલમાં મૂકી શકાય કે જ્યાં માલસામાન જુદી જુદી વિશિષ્ટ પ્રક્રિયાઓની હારમાંથી સ્પષ્ટ થાય છે. જેમ કે શેરડીની ખેતી, પિલાણ અને ખાંડ ઉત્પાદનમાં સંકળાયેલી પેઢીઓ ઊર્ધ્વસ્તરીય સંયોજન સ્થાપવા એકઠી થઈ શકે છે. સુતરાઉ કાપડ ઉદ્યોગમાં કાપડના ક્રમિક તબક્કા-સ્પિનિંગ(કાંતણ), વિવિંગ(વણાટકામ), બ્લીચિંગ અને ફિનિશિંગ વગેરે - અથવા ઉત્પાદનમાં સંકળાયેલી પેઢીઓ ઊર્ધ્વસ્તરીય સંયોજન સ્થાપવા એકત્રિત થઈ શકે છે. ઊર્ધ્વસ્તરીય સંયોજનના ઉદાહરણ માટે આકૃતિ 14.2 જુઓ :

આકૃતિ 14.2

**ઊર્ધ્વસ્તરીય સંયોજન**

| | |
|---|---|
| અ | શેરડીના ખેતીકામમાં જોડાયેલી પેઢીઓ |
| બ | પિલાણ એકમો (પ્લાન્ટ) |
| ક | ખાંડ ઉત્પાદન એકમો |
| ડ | મીઠાઈનું ઉત્પાદન કરવું |

↓ બજાર

ઊર્ધ્વસ્તરીય સંયોજનો એ ''ઊર્ધ્વસ્તરીય એકીકરણ (Vertical integration)'' તરીકે પણ ઓળખાય છે. જે ધંધાકીય પ્રવૃત્તિઓના 'પાછોતરા' અથવા 'આગોતરા' એકીકરણ તરફ દોરી જઈ શકે છે. જ્યારે ઉત્પાદન કરતું એકમ કાચો માલસામાન અથવા છૂટા ભાગો બનાવતા અન્ય એકમો સાથે જોડાય ત્યારે તે પાછોતરું ઊર્ધ્વલંબ એકીકરણ કહેવાય છે. વિવિંગ મિલ (વણાટકામ) જ્યારે સ્પિનિંગ મિલ (કાંતણ કામ) સાથે જોડાય, અથવા સ્ટીલ પ્લાન્ટ કોલસાની ખાણ કંપની સાથે જોડાય વગેરે પાછોતરા એકીકરણનાં કેટલાંક ઉદાહરણો છે. આમ, પાછળના ઊર્ધ્વસ્તરીય સંયોજનનો મૂળભૂત ઉદ્દેશ કાચા માલસામાન અને અન્ય જરૂરિયાતોનો પુરવઠો નિયમિત અને સતત રીતે મળતો રહે તે જોવાનો છે. બીજી બાજુ જો ઉત્પાદન કરતી પેઢી છૂટક વિતરણનું એકમ મેળવી લે, અથવા સ્પિનિંગ મિલ વિવિંગ મિલને લઈ લે તો તેને આગોતરું ઊર્ધ્વસ્તરીય એકીકરણ કહેવાય. આગળના ઊર્ધ્વસ્તરીય એકીકરણનો મુખ્ય ઉદ્દેશ એ ઉત્પાદિત પેદાશો માટે સ્થિર બજારનું સર્જન કરવાનો છે.

ઊર્ધ્વસ્તરીય સંયોજન એવા ઉદ્યોગો માટે યોગ્ય છે કે જે નીચેનાં લક્ષણો ધરાવતા હોય :

(1) જ્યારે એક પેઢીની તૈયાર પેદાશ બીજી પેઢીનો કાચો માલ બનતી હોય.

(2) જ્યારે એક પ્રક્રિયા બીજાને માટે પૂરક હોય.

(3) જ્યારે સંતુલિત ઉત્પાદન મહ વની બાબત હોય, જેમ કે કાપડના સ્પિનિંગ અને વિવિંગની બાબતમાં.

(4) જ્યારે કાચા માલસામાનના પુરવઠા પર નિયંત્રણ જરૂરી હોય, જેથી તૈયાર પેદાશનાં ગુણવત્તાનાં ધોરણો જાળવી શકાય. જેમ કે ખાંડની ફેક્ટરીની બાબતમાં.

ફાયદા : ઊર્ધ્વસ્તરીય સંયોજનના મુખ્ય ફાયદા નીચે મુજબ છે :

(1) **બીજા પરનું અવલંબન ઘટાડે છે :** અન્ય એકમો પર આધાર રાખવાનું તે ઘટાડે છે, અને આત્મનિર્ભરતા સિદ્ધ કરવામાં મદદ કરે છે.

(2) **મધ્યસ્થીઓનો નફો દૂર કરે છે :** તે મધ્યસ્થીઓનો નફો દૂર કરે છે અને આમ ઉત્પાદન ખર્ચ ઘટાડે છે.

(3) **સ્થિર ઉત્પાદન :** કાચા માલસામાનના નિયમિત પુરવઠાને કારણે એકધારું ઉત્પાદન મળે છે.

(4) **ખર્ચમાં કરકસર :** સંગ્રહ, વાહનવ્યવહાર અને માલસામગ્રીની વ્યવસ્થામાં કરકસર પ્રાપ્ત કરી શકાય છે.

**મર્યાદાઓ :**

ઊર્ધ્વસ્તરીય સંયોજનની મુખ્ય મર્યાદાઓ નીચે મુજબ છે :

(1) **હરીફાઈ દૂર કરવામાં નિષ્ફળતા :** સમસ્તરીય સંયોજનની જેમ તે હરીફાઈને દૂર કરી શકતું નથી.

(2) **જટિલ કદ :** ધંધાનું કદ વિકસતું જાય, અને એટલું વિશાળ બની જાય કે કાર્યક્ષમ રીતે સંચાલન કરવું મુશ્કેલ બને.

(3) **અરસપરસના આધારની ગૂંચવણ :** વિવિધ ઉત્પાદન અથવા પ્રક્રિયા એકમો પરસ્પર આધારિત હોય છે. તેથી એકની પ્રવૃત્તિમાં સહેજ રુકાવટ સમગ્ર ઉત્પાદન વ્યવસ્થાને ખોરવી શકે છે.

(4) **આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ :** તે આર્થિક સત્તાના કેન્દ્રીકરણને પેદા કરે છે.

## 14.2.3 સંલગ્ન સંયોજનો (Lateral Combinations)

સંલગ્ન સંયોજન એટલે વિવિધ પ્રકારની પેદાશોના ઉત્પાદન અથવા વેપારમાં જોડાયેલ પેઢીઓનું સંયોજન, પરંતુ જે એક યા બીજી રીતે સંકળાયેલી હોય. બીજા શબ્દમાં કહીએ તો તે વિવિધ પ્રકારની પેદાશોના વેપાર અથવા ઉત્પાદન કરતા એકમોનું એકીકરણ છે, જે એક યા બીજી રીતે અમુક પેદાશનું ઉત્પાદન કરતા હોય, અથવા અમુક પેદાશ અથવા વસ્તુ પૂરી પાડતા હોય. સંલગ્ન સંયોજનોને ''સંલગ્ન એકીકરણ'' (Lateral integration) પણ કહે છે. આ સંલગ્ન એકીકરણ બે સ્વરૂપો પૈકી કોઈ પણ સ્વરૂપ અપનાવી શકે છે: (1) કેન્દ્રગામી સંલગ્ન સંયોજન, અને (2) દૂરગામી સંલગ્ન સંયોજન.


### કેન્દ્રગામી સંલગ્ન સંયોજન (Convergent Lateral Combination)

મુખ્ય ઉત્પાદનના વિવિધ પ્રકારના સંબંધિત છૂટા ભાગો કે કાચો માલસામાન બનાવતી પેઢીઓ જ્યારે ભેગી થાય ત્યારે તેમણે કેન્દ્રગામી સંલગ્ન સંયોજન રચ્યું, એમ કહેવાય. આ પ્રકારના એકીકરણમાં સંયોજિત એકમો દ્વારા ઉત્પાદિત વિવિધ પ્રકારની પેદાશો એ એક મુખ્ય એકમનો કાચો માલસામાન બને છે. ઉદાહરણ તરીકે ઈંટ

બનાવનાર, પથ્થર પૂરા પાડનાર, સિમેન્ટ ઉત્પાદક અને લાકડાનો વિતરક બાંધકામ કંપની સાથે એકીકરણ કરે, ત્યારે તે કેન્દ્રગામી (Convergent) સંલગ્ન સંયોજનમાં આવે છે. પ્રિન્ટિંગ પ્રેસનું શાહી, કાગળ, ટાઇપો, કાર્ડબોર્ડ, પ્રિન્ટિંગ મશીનરી વગેરેનાં ઉત્પાદન એકમો સાથેનું એકીકરણ એ એનું બીજું ઉદાહરણ છે. કેન્દ્રગામી સંલગ્ન સંયોજનના ઉદાહરણ માટે જુઓ આકૃતિ નં .14.3

આકૃતિ 14.3

કેન્દ્રગામી સંલગ્ન સંયોજન




કેન્દ્રગામી સંલગ્ન સંયોજનનો મૂળભૂત ઉદ્દેશ કાચા માલસામાનનો સતત પુરવઠો પૂરતા જથ્થામાં પ્રાપ્ત કરવાનો છે. વિવિધ એકમોના કેન્દ્રસ્થ અંકુશના લાભો પણ આ કારણે પ્રાપ્ત થાય છે.


**વિવિધગામી સંલગ્ન સંયોજનો (Divergent Lateral Combination)**

વિવિધગામી સંલગ્ન સંયોજન દર્શાવે છે કે જુદા જુદા ઉપયોગ કરનારાઓ સાથે કાચો માલસામાન પૂરો પાડનાર એક પેઢીનું સંયોજન. બીજા શબ્દોમાં કહીએ તો, જ્યારે વિવિધ પેદાશોનું ઉત્પાદન કરતાં અનેક એકમો એક જ મૂળભૂત કાચા માલસામાનનું ઉત્પાદન કરતા એકમ સાથે એકત્રિત થાય, તો તે સંયોજન વિવિધગામી સંલગ્ન સંયોજન કહેવાય છે. આ પ્રકારના સંયોજનને કારણે એક એકમ દ્વારા ઉત્પાદિત પેદાશ સંયોજન રચનારા અન્ય ઘણા એકમોનો કાચો માલસામાન બને છે. આ સંયોજનમાં મોટા પાયા પરની કરકસરો શક્ય બને છે, કારણ કે એક એકમ વિવિધ અન્ય એકમો માટેના કાચા માલસામાનનું ઉત્પાદન કરે છે.

ઉદાહરણ તરીકે, જો લોટની મિલ (ફ્લોર મિલ) બેકરી, મીઠાઈ બનાવનાર અને હોટેલ સાથે સંયોજિત થાય ત્યારે તેને વિવિધગામી સંલગ્ન સંયોજન કહેવાય. (જુઓ આકૃતિ - 14.4) ચામડાની પ્રક્રિયા કરતું એકમ પગરખાં, સુટકેઈસો, હેન્ડબેગો, ફેન્સી વસ્તુઓ વગેરે તૈયાર કરનાર એકમો સાથે એકત્રિત થાય તે બીજું ઉદાહરણ છે.

આકૃતિ 14.4

વિવિધગામી સંલગ્ન સંયોજન




## 14.2.4 વિકર્ણીય સંયોજન (Diagonal Combinations)

મુખ્ય વસ્તુની પ્રવૃત્તિ અથવા પ્રક્રિયા સાથે સંકળાયેલ પેઢીઓનું આવશ્યક સહાયક પ્રવૃત્તિઓ અથવા સેવા પૂરી પાડતાં અન્ય એકમો સાથેનું એકીકરણ તેમાં સંકળાયેલું હોય છે. આમ તેમાં એક મુખ્ય એકમનું સહાયક પેદાશો અથવા સેવાઓ પૂરી પાડતા અન્ય એકમો સાથેનું સંયોજન સંકળાયેલું હોય છે, જે મુખ્ય એકમની અવિરત કામગીરી માટે આવશ્યક હોય છે. પરિણામે મુખ્ય એકમ માટે જરૂરી પેદાશો અને સેવાઓ સંગઠનની અંદરથી જ મળી શકે છે. ઉદાહરણ તરીકે મોટરકાર બનાવનાર કંપનીનું અન્ય એકમો કે જે કારની સીટો, સ્ટિયરીંગ, ટાયરો, પાવર ઉત્પાદન વગેરેના ઉત્પાદનમાં સંકળાયેલા હોય એમની સાથેનું સંયોજન. વિકર્ણીય એકીકરણનો મુખ્ય ઉદ્દેશ સહાયક સેવાઓ, કે જે મુખ્ય એકમની અવિરત કામગીરી માટે આવશ્યક હોય; તેની સરળ અને સમયસર ઉપલબ્ધતાની ખાતરી મેળવવાનો હોય છે. તે મુખ્ય એકમને આત્મનિર્ભર બનાવે છે, અને સહાયક સેવાઓ માટે બહારનાં પ્રાપ્તિસ્થાનો પર રાખવા પડતા આધારમાંથી મુક્ત કરે છે.


## 14.2.5 ચક્રીય સંયોજનો (Circular Combinations)

જ્યારે એવાં ધંધાકીય એકમોનું એકીકરણ થાય, કે જે એકબીજા સાથે તેમની ઉત્પાદન અને વેચાણની પ્રવૃત્તિઓમાં તદ્દન દૂરથી સંકળાયેલ હોય, ત્યારે તેને ચક્રીય સંયોજન કહેવાય. તદ્દન દૂરની સાંકળ સરખી ઉત્પાદન પ્રક્રિયાઓ

જરૂરી હોય એવી પેદાશો અથવા સરખા માર્કેટિંગ અથવા વેપાર માધ્યમનો ઉપયોગ કરતા હોય તેમની વચ્ચે જોવા મળે છે. ચક્રીય સંયોજનો ઉત્સાહી અને સાહસિક ધંધાદારી વ્યક્તિઓ દ્વારા મોટાં ઔદ્યોગિક સામ્રાજ્યો ઊભાં કરવા માટે સર્જવામાં આવે છે. ટાટા, બિરલા અને ડી.સી.એમ.નાં ધંધાકીય ગૃહો આવાં કેટલાંક ઉદાહરણો છે. જેમકે, ડી.સી.એમ. જૂથ કાપડ, રસાયણો, ખાતરો, ખાંડ, ઇલેક્ટ્રોનિક વસ્તુઓ વગેરેનું ઉત્પાદન કરતા વિવિધ એકમો પર નિયંત્રણ ધરાવે છે.

ધંધાકીય સંયોજનના પ્રકારોના સારાંશ માટે આકૃતિ 14.5 જુઓ.

**આકૃતિ 14.5**




**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) ધંધાકીય સંયોજન એટલે શું ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(2) ધંધાકીય સંયોજનોના વિવિધ પ્રકારોની યાદી તૈયાર કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(3) વિભાગ 'અ' ની વિગતોને વિભાગ 'બ' ની વિગતો સાથે જોડો :

| વિભાગ અ | વિભાગ બ |
|---|---|
| 1) ઊર્ધ્વસ્તરીય સંયોજન | ક) લોખંડનું ઉત્પાદન કરતી પેઢીઓનું સંયોજન |
| 2) કેન્દ્રગામી સંલગ્ન સંયોજન | ખ) સ્પિનિંગ મિલ અને વિવિંગ મિલનું સંયોજન |
| 3) વિકર્ણીય સંયોજન | ગ) બેકરી અને ડેરીનું સંયોજન |
| 4) સમસ્તરીય સંયોજન | ઘ) ઘડિયાળની કંપનીના પટ્ટા, કેઈસિસ, ડાયલો, વગેરેનું ઉત્પાદન કરતાં એકમો સાથેનું એકીકરણ |
| 5) ચક્રીય સંયોજન | ચ) આટાની મિલનું બેકરી અને હોટલ સાથેનું સંયોજન. |
| 6) દૂરગામી સંલગ્ન સંયોજન | છ) સેન્સિંગ મશીનો, રસાયણો, કાપડ અને રેફ્રિજરેટરોનું ઉત્પાદન કરતી કંપનીઓ. |

## 14.3 સંયોજનોનાં સ્વરૂપો (Forms of Combinations)


ધંધાકીય સંયોજનોના વિવિધ પ્રકારો વિશે તમે શીખી ગયા. હવે આપણે ધંધાકીય સંયોજનોનાં વિવિધ સ્વરૂપો વિશે ચર્ચા કરીશું. સંયોજનોનાં મૂળભૂત સ્વરૂપો બે છે : (અ) સાદાં સંયોજનો, જે સમાન સંગઠનનાં સ્વરૂપો ધરાવતી પેઢીઓ - જેમકે ભાગીદારી પેઢીઓ અથવા કંપનીઓના મંડળને કારણે ઉદ્ભવે છે. અને (બ) મિશ્ર

સંયોજનો, કે જે સંગઠનનાં વિવિધ સ્વરૂપો ધરાવતાં સાહસોનું સંયોજન છે. મિશ્ર સંયોજનોને વળી ત્રણ પ્રકારમાં વહેંચી શકાય : (1) ઍસોસિયેશનો (મંડળો) (2) સમવાયી તંત્રો (સંઘો), અને (3) સંગઠનો (જોડાણ)

સંયોજનોના વર્ગીકરણ માટે આકૃતિ 14.6 જુઓ :

**આકૃતિ 14.6**

**ધંધાકીય સંયોજનોનાં સ્વરૂપો**





## 14.3.1 મંડળો (Associations)

મંડળો એ સ્વૈચ્છિક સંગઠનો છે, જે ધંધાકીય પેઢીઓ વચ્ચેના વૈધિક અથવા અવૈધિક કરાર દ્વારા સામાન્ય હિતોનું રક્ષણ કરવા માટે અસ્તિત્વમાં લાવવામાં (શરૂ કરવામાં) આવે છે. આ બિનનફાકીય સંગઠનો છે અને તેમના સભ્યો તેમનું અલગ વ્યક્તિત્વ જાળવી રાખે છે. તે સભ્ય એકમોને કોઈ નિશ્ચિત કામગીરી અનુસરવા માટે કાયદેસર રીતે બાંધતા નથી, કે વચનબદ્ધ કરતા નથી. સભ્યો જ્યાં સુધી તેમનો હેતુ સરે ત્યાં સુધી મંડળમાં ચાલુ રહે છે અને જ્યારે ઇચ્છે ત્યારે મંડળમાંથી બહાર નીકળી શકે છે.

આકૃતિ 14.7 માં દર્શાવ્યા મુજબ મંડળોને ત્રણ પ્રકારમાં વહેંચી શકાય : (1) વેપારી મંડળો (2) વેપારી મહામંડળો, અને (3) અવૈધિક કરારો.

આકૃતિ 14.7




**વેપારી મંડળો (Trade Associations)**

વેપારી મંડળની વ્યાખ્યા આપી શકાય, કે અમુક વેપારમાં સંકળાયેલ અથવા ઉદ્યોગ, અથવા વેપારીઓના જૂથનાં ધંધાકીય એકમોનું મંડળ. તે સામાન્ય આર્થિક હિતોની વૃદ્ધિ માટે સ્થાપવામાં આવેલ હરીફ ધંધાકીય પેઢીઓનું બિનનફાકારક સ્વૈચ્છિક સંગઠન છે. વેપારી મંડળોના ઉદ્દેશોમાં અન્યોનાં આર્થિક હિતોનું રક્ષણ, સભ્યો વચ્ચે મૈત્રીભર્યા સંબંધો વિકસાવવા, તેમની ધંધાકીય પ્રવૃત્તિઓને લગતા સમાચાર અથવા વિચારોનો વિનિમય વગેરેનો સમાવેશ કરી શકાય. અમુક વિસ્તારના એક જ ધંધાકીય લાઇનમાં સંકળાયેલ ધંધાદારી વ્યક્તિઓનો સમાવેશ સભ્યોમાં થાય છે. મંડળનું નામ સામાન્ય રીતે સભ્યો દ્વારા કરવામાં આવતા ધંધાના સ્વરૂપને આધારે રખાય છે. રાષ્ટ્રીય સ્તરે સંગઠિત થયેલ વેપારી મંડળોનાં કેટલાંક ઉદાહરણો છે : ઑલ ઇન્ડિયા મેન્યુફેક્ચરર્સ ઓર્ગેનિઝેશન, ઓલ ઇન્ડિયા માર્કેટિંગ ઍસોસિયેશન, ઇન્ડિયન જ્યૂટ મિલ્સ ઍસોસિયેશન, ઇન્ડિયન સુગર મિલ્સ ઍસોસિયેશન અને ઇન્ડિયન પેપર મિલ્સ ઍસોસિયેશન. પ્રાદેશિક સ્તરે વેપારી એસોસિયેશનોનાં ઉદાહરણોમા બૉમ્બે મિલ ઑનર્સ ઍસોસિયેશન, બૉમ્બે પ્રિન્ટિંગ પ્રેસ ઍસોસિયેશન, અહમદાબાદ કૉટન મિલ્સ ઑનર્સ એસોસિયેશન વગેરેનો સમાવેશ કરી શકાય.

**વેપારી મંડળઓનાં કાર્યો :** વેપારી મંડળો નીચેનાં કાર્યો કરે છે :

(1) તેમના સભ્યોના લાભાર્થે તેઓ માહિતી એકઠી કરે છે અને પૂરી પાડે છે.

(2) તે સભ્યો માટે જાહેર ચર્ચાનો મંચ પૂરો પાડે છે, જ્યાંથી તેઓ સરકાર અથવા અન્ય સત્તાવાળાઓ સમક્ષ તેમના સામૂહિક વિચારો રજૂ કરી શકે છે.

(3) તેઓ જાહેરમત ઊભો કરી તેમની તરફેણના કાયદા કરાવવાનો પ્રયત્ન કરે છે.

(4) તેઓ સભ્યોને કાયદાકીય અને અન્ય સલાહ પૂરી પાડે છે.

(5) તેઓ લવાદો દ્વારા સભ્યો વચ્ચેના ઝઘડાનો નિકાલ કરે છે.

(6) તેઓ સભ્યોના લાભાર્થે ટેકનિકલ અને માર્કેટિંગ સંશોધનની મોજણી કરે છે અને સામયિકો પ્રકાશિત કરે છે.

(7) વળી, તેઓ સભ્યો વચ્ચેની હરીફાઈ ઘટાડવાનો પ્રયત્ન કરે છે.

**વેપારી મહામંડળો (Chambers of Commerce)**

વેપારી મહામંડળની વ્યાખ્યા આ પ્રમાણે આપી શકાય : ''વેપારીઓ, ઉદ્યોગપતિઓ, દલાલો અને કેટલીક અન્ય ધંધાદારી વ્યક્તિઓનું સ્વૈચ્છિક સંગઠન.'' એની સ્થાપના તેઓ સેવાઓ પૂરી પાડતા હોય તે વિસ્તારનાં સામાન્ય ધંધાકીય હિતોની વૃદ્ધિ માટે કરવામાં આવે છે. વેપારી મંડળો તેમની પ્રવૃત્તિઓ અને કામગીરી ફક્ત અમુક ખાસ વેપાર અથવા ઉદ્યોગ પૂરતી મર્યાદિત રાખતા નથી. તેમનો મુખ્ય ઉદ્દેશ જે તે વિસ્તારના અથવા દેશના સમગ્ર વેપારી સમાજનાં હિતોની વૃદ્ધિ કરવાનો અને રક્ષણ કરવાનો છે. વેપારી મંડળોની જેમ વેપારી મહામંડળોનું સભ્યપદ પણ સ્વૈચ્છિક છે. તે બિનનફાકારક સંગઠનો છે. અને અન્ય એકમોના આંતરિક સંચાલનમાં તેઓ દખલગીરી કરતાં નથી. મહામંડળોની પ્રવૃત્તિઓની નાણાકીય વ્યવસ્થા મુખ્યત્વે દાખલ ફી અને સભ્યો પાસેથી મળતી વાર્ષિક લવાજમની રકમમાંથી કરવામાં આવે છે. વેપારી મહામંડળો, તેમની રચના અને લાક્ષણિકતાના થોડાક તફાવતો સાથે દુનિયાભરમાં જોવા મળે છે. ઉદાહરણ તરીકે ભારત અને ઈંગ્લેન્ડમાં વેપારી મહામંડળ એ ધંધાદારી વ્યક્તિઓનાં વ્યાપારી હિતોમાં વૃદ્ધિ કરવા માટેનું સ્વૈચ્છિક સંગઠન છે. પરંતુ ફ્રાન્સમાં, તે અર્ધ-અધિકૃત માળખું છે, જે સરકાર અને ધંધાકીય વર્ગના નક્કી કરેલ સંખ્યાના પ્રતિનિધિઓનું બનેલું હોય છે.

**વેપારીમહામંડળોનાં કાર્યો :** વેપારી મહામંડળો નીચે મુજબનાં કાર્યો કરે છે :

(1) તેઓ વેપારી પરિસ્થિતિ, સંભવિત બજારો વગેરેને લગતી માહિતી એકઠી કરે છે અને પૂરી પાડે છે.

(2) તે સભ્યોને વર્ગીકૃત આંકડાકીય માહિતી પૂરી પાડવા માટે આંકડાકીય માહિતીની જાળવણી કરે છે.

(3) તેઓ ધંધાકીય હિતોને સ્પર્શતી સરકારી નીતિઓ વિશે ટીકા કરીને ધંધાકીય વર્ગના પ્રવક્તા તરીકેનું કાર્ય કરે છે.

(4) ધંધાને અવરોધતા પ્રવર્તમાન અથવા સંભવિત કાયદાઓ અંગે તેઓ સરકાર સમક્ષ રજૂઆત કરે છે.

(5) તેઓ લવાદ દ્વારા વેપાર અથવા ધંધામાંથી ઉદ્ભવતા ઝઘડાની પતાવટની વ્યવસ્થા કરે છે.

(6) તે તેમના સભ્યો દ્વારા અનુસરવાની સામાન્ય વેપારી રીતરસમો દાખલ કરે છે.

(7) ધંધાકીય વર્ગનાં હિતોની વૃદ્ધિ માટે તે ઔદ્યોગિક મેળાઓ અને પ્રદર્શનો ગોઠવે છે.

(8) તે કૉન્ફરન્સો અને સેમિનારો ગોઠવીને સભ્યો વચ્ચે વિચારોના વિનિમય માટે મંચ પૂરો પાડે છે.

**ભારતમાં વેપારી મહામંડળો :** ભારતમાં યુરોપિયન વેપારીઓએ બંગાળમાં ઈ.સ. 1834માં પ્રથમ વેપારી મહામંડળની સ્થાપના કરી હતી .જોકે, ભારતીય ધંધાદારી વ્યક્તિઓએ પ્રથમ વેપારી મહામંડળની સ્થાપના ઈ.સ.1885માં કોકોનાડામાં કરી હતી. બે વર્ષ બાદ, કલકત્તામાં ''ધી બેંગાલ નેશનલ ચેમ્બર''ની સ્થાપના કરવામાં આવી. હાલમાં, ભારતના દરેક મુખ્ય રાજ્યને તેનું પોતાનું વેપારી મહામંડળ છે. એકલા કલકત્તામાં જ પાંચ વેપારી મહામંડળો છે. : તેઓ છે - ધી બેંગાલ ચેમ્બર્સ ઑફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, બેંગાલ નેશનલ ચેમ્બર્સ ઑફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ, ધી ઇન્ડિયન ચેમ્બર ઑફ કૉમર્સ, ધ ભારત ચેમ્બર ઑફ કૉમર્સ, અને ધી ઓરિએન્ટલ ચેમ્બર્સ ઑફ કૉમર્સ. અખિલ ભારતીય સ્તરના કુલ 15 વેપારી મહામંડળો છે.

સમવાયી પ્રકારનાં બે વેપારી મહામંડળો છે. ધી ઍસોસિયેટેડ ચેમ્બર્સ ઑફ કૉમર્સની સ્થાપના 1920માં યુરોપિયન ધંધાદારી વ્યક્તિઓ દ્વારા કરવામાં આવી હતી. ધી ફેડરેશન ઑફ ઇન્ડિયન ચેમ્બર્સ ઑફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (FICCI) ની સ્થાપના ભારતીય ધંધાદારી વ્યક્તિઓ દ્વારા 1927માં, તેની સાથે સંકળાયેલ ચોવીસ વેપારી મહામંડળો દ્વારા કરવામાં આવી હતી. હાલમાં તેના ચારસો પાંત્રીસ કરતાં વધુ સભ્યો અને 2,000 ઍસોસિયેટ્સ

છે. FICCI (ફિક્કી)ની સ્થાપનાનો મૂળભૂત ઉદ્દેશ માત્ર વિદેશી વેપારીઓ વિરુદ્ધ રાષ્ટ્રીય ધંધાદારી હિતોનાં રક્ષણનો નહોતો. પરંતુ રાષ્ટ્રીય નેતાઓને રાજકીય સ્વતંત્રતા સિદ્ધ કરવામાં ભારતીય ધંધાદારી વર્ગનો ટેકો પૂરો પાડવાનો પણ હતો. તેનું મુખ્ય મથક દિલ્હીમાં છે અને તેને ભારત સરકાર દ્વારા ભારતીય ધંધાદારી સમાજના સૌથી પ્રમુખ સંગઠન અને પ્રતિનિધિ તરીકેની માન્યતા પ્રાપ્ત થઈ છે. (FICCI) ધંધાદારી સમાજ અને જનતાને ખૂબ જ ઉપયોગી સેવાઓ પૂરી પાડી રહ્યું છે. તે સરકાર અને ધંધાદારી સમાજ વચ્ચે જોડતી કડી તરીકેનું કાર્ય કરે છે.

**વેપારી મંડળો અને વેપારી મહામંડળો વચ્ચેનો તફાવત**

તમે વેપારી મંડળો અને વેપારી મહામંડળો એમ બન્નેનાં લક્ષણોનો અભ્યાસ કર્યો. તે અમુક બાબતોમાં એક સરખાં દેખાય છે તેથી કોઈ વિચારે કે તે એક જ અને સમાન છે. હકીકતમાં તેઓ સમાન નથી. હવે આપણે વેપારી મંડળો અને વેપારી મહામંડળો વચ્ચેની સમાનતા અને તફાવતોની વિસ્તૃત ચર્ચા કરીએ.

**સામાન્ય લક્ષણો :** બન્ને સ્વરૂપોમાં નીચેનાં લક્ષણો સામાન્ય છે :

(1) તેમનું સભ્યપદ સ્વૈચ્છિક છે.

(2) તે બિનનફાકારક સંગઠનો છે.

(3) તેઓ પોતાનો કોઈ ધંધો ચલાવતાં નથી.

(4) તેઓ તેમની પ્રવૃત્તિઓની નાણાકીય વ્યવસ્થા મુખ્યત્વે દાખલ ફી અને સભ્યો પાસેથી ઉઘરાવવામાં આવેલ લવાજમમાંથી કરે છે.

(5) તેઓ સભ્ય પેઢીઓના આંતરિક વહીવટ અને કામગીરીમાં દખલ કરતાં નથી.

**તફાવતો :** બન્ને વચ્ચે તફાવતના અમુક મુદ્દાઓ નીચે મુજબ રજૂ કરી શકાય :

(1) વેપારી મંડળની સ્થાપના જેઓ એકસરખા પ્રકારની ધંધાકીય પ્રવૃત્તિમાં સંકળાયેલ હોય તેમના દ્વારા કરવામાં આવે છે. જ્યારે વેપારી મહામંડળ ધંધાદારી વ્યક્તિઓ અથવા ધંધાકીય એકમોનું સંગઠન છે, જેઓ ચોક્કસ વિસ્તારની બધા જ પ્રકારની ધંધાકીય પ્રવૃત્તિઓમાં જોડાયેલા હોય છે.

(2) વેપારી મંડળ એક ખાસ વેપારના હિત સાથે સંકળાયેલ છે પરંતુ વેપારી મહામંડળ, જે વિસ્તારનું પ્રતિનિધત્વ કરે છે તે વિસ્તારના બધા જ પ્રકારની ધંધાકીય પેઢીઓના હિતની સેવા પૂરી પાડે છે.

(3) વેપારી મંડળના સભ્યો હરીફો હોય છે, જ્યારે વેપારી મહામંડળમાં હરીફો અને બિનહરીફો એમ બન્ને પ્રકારના સભ્યોનો સમાવેશ થાય છે.

**અવૈધિક કરાર (Informal Agreement)**

તમે જાણો છો કે વેપારી મંડળો અને વેપારી મહામંડળો માટે ધંધાકીય પેઢીઓ વચ્ચેની હરીફાઈને નિયંત્રિત કરવાની, અથવા ધંધાકીય એકમોને સામાન્ય હેતુ માટે અમુક પગલાં લેવા બાંધી લેવાની કોઈ શક્યતા હોતી નથી. આ ઉદ્દેશ અવૈધિક કરારો દ્વારા સિદ્ધ કરી શકાય છે.

અવૈધિક કરાર એ હરીફાઈ કરતી ધંધાકીય પેઢીઓ વચ્ચેની સમજૂતી છે, જેના દ્વારા તેઓ અમુક સામાન્ય વેપારી રીતરસમ અનુસરવા સંમત થાય છે. અવૈધકિ સમજૂતીઓમાં ઘણી વાર ભાવનિયંત્રણ, ઉત્પાદન નિયંત્રણ, બજારનું વિભાજન, અને બધા માટે સામાન્ય હોય એવા અન્ય ધંધાકીય વ્યવહારો વગેરેને આવરી લેવામાં આવે છે. કરારના પક્ષકારો સામાન્ય રીતે અવૈધિક કરારની શરતોથી બંધાયેલા હેય છે. તેથી જ આવા કરારો 'સદ્‌ગૃહસ્થના કરારો' અથવા 'કામગીરીના કરારો' અથવા 'ભાવકરારો' તરીકે ઓળખાય છે. કરારની શરતોના ભંગ માટે કાયદાકીય દંડની કોઈ જોગવાઈ નથી.

## 14.3.2 મહામંડળો (Federations)

મહામંડળ એ એકસરખા ધંધામાં સંકળાયેલ ધંધાકીય એકમોનો સહયોગ અથવા જોડાણ છે, જેઓ કરાર દ્વારા પરસ્પરના લાભ માટે અને બિનજરૂરી હરીફાઈની તીવ્રતા ઘટાડવા માટે અમુક ચોક્કસ નીતિઓ અનુસરે છે. આમ, સમવાયતંત્ર એ પરસ્પરની સંમતિ પર આધારિત સંયોજનનું પ્રમાણમાં શિથિલ સ્વરૂપ છે, અને હરીફાઈ કરતી પેઢીઓ દ્વારા હરીફાઈને કાબૂમાં રાખવા માટે સ્થાપવામાં આવે છે. મહામંડળનાં બે મહત્ત્વનાં લક્ષણો છે:

(1) તે સ્વતંત્ર ધંધાકીય એકમોનો સહયોગ છે.

(2) હરીફાઈ કરતાં એકમો માત્ર ધંધાને અસર કરતાં કેટલાંક બાહ્ય પરિબળોની બાબતમાં જ એકત્રિત થાય છે.

જ્યાં સુધી આંતરિક સંગઠનને સંબંધ છે ત્યાં સુધી સમવાયતંત્રમાં જોડાતા દરેક એકમને સંપૂર્ણ સ્વાયત્તતા છે, નિર્ણયપ્રક્રિયા અને કામગીરીની સ્વતંત્રતા છે. સમવાયતંત્રને વધુમાં બે પ્રકારમાં વહેંચી શકાય :

(1) પુલ્સ, (2) કાર્ટેલ્સ.

**પુલ્સ (ધંધાદારીઓનાં મંડળો - સંઘો) - (Pools)**

મહામંડળનાં ધંધાકીય એકમો દ્વારા સ્થાપવામાં આવેલ ધંધાકીય સંગઠનનું આ એક સ્વરૂપ છે. એના સભ્યો ભાવ અને તેની સાથે સંકળાયેલ પરિબળો પર અમુક કક્ષા સુધીનું સંયુક્ત નિયંત્રણ અને કુલ લાભો વહેંચવા ઇચ્છતા હોય છે. 'પુલ' એ સમસ્તરીય સંયોજન છે. તે હરીફ પેઢીઓનું સમવાયતંત્ર છે, જેઓ પરસ્પરની સંમતિથી અમુક હેતુઓથી સંગઠિત થયા હોય છે પરંતુ તે આંતરિક સ્વાયત્તતા મોટા પ્રમાણમાં જાળવી રાખે છે. અવૈધિક કરારની તુલનામાં પુલ એ લાક્ષણિકતામાં વધુ વૈધિક છે. તે માત્ર ભાવની બાબતમાં કરાર સાથે સંકળાયેલ નથી, પરંતુ ભાવો નિયંત્રણમાં રાખવાની પદ્ધતિઓ પણ પૂરી પાડે છે.

પુલ્સને નીચે મુજબ ત્રણ પ્રકારમાં વહેંચી શકાય :

**(1) ઉત્પાદન પુલ (Output Pool) :** ઉત્પાદન પુલની રચના વસ્તુના પુરવઠાને નિયંત્રિત કરવા માટે થાય છે, કે જેથી હરીફાઈને નિયંત્રિત કરી શકાય. તે વધુ પડતા ઉત્પાદન અને પરિણામરૂપ ભાવમાં ઘટાડાને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. પુલ કુલ માંગનો અંદાજ બાંધે છે, અને સભ્યો માટેનો ઉત્પાદનનો જથ્થો નક્કી કરે છે. દરેક સભ્ય પેઢીએ પુલ દ્વારા તેને માટે નક્કી કરાયેલ જથ્થાની મર્યાદામાં ઉત્પાદન કરવું જરૂરી છે. આમ, હરીફાઈ દૂર થાય છે, અને બધા સભ્યોને માંગની બાંયધરી મળે છે. 'ધી ઇન્ડિયન જ્યુટ મિલ્સ એસોસિયેશન' એ ઉત્પાદન પુલનું ઉદાહરણ છે.

**(2) ટ્રાફિક પુલ (Traffic Pool) :** માર્ગવ્યવહાર (ટ્રાફિક) પુલ વાહન-વ્યવહારના ધંધામાં સામાન્ય છે. આ કરાર અનુસાર, હરીફ વાહનવ્યવહારની કંપનીઓ રૂટ અને ધંધાકીય વિસ્તાર નિયંત્રિત કરવા એકત્રિત થાય છે. વિવિધ સભ્યો નિશ્ચિત કરવામાં આવેલ વિસ્તારમાં જ તેમનો ધંધો કરી શકે છે, અને સમાન ભાડાના દર અથવા ઉતારુ દર નક્કી કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો કુલ માર્ગવ્યવહારને એવી રીતે વહેંચી દેવામાં આવે છે કે જેથી દરેક સભ્ય અમુક ચોક્કસ રૂટમાં એકલો જ ચલાવનાર હોય છે. આ પ્રકારનો શિપિંગ (જહાજી) કંપનીઓ વચ્ચેનો કરાર 'શિપિંગ કૉન્ફરન્સ' તરીકે ઓળખાય છે.

**(3) બજાર પુલ (Market Pool) :** તેનો અર્થ થાય છે સભ્ય પેઢીઓ વચ્ચેનો બજારની ફાળવણી અંગેનો કરાર. એમાં દરેક સભ્ય પેઢી અમુક ચોક્કસ બજારમાં એકલી જ પુરવઠો પૂરો પાડનાર હોય છે. બજારનું વિભાજન નીચેના ત્રણ પૈકી ગમે તે એક રીતે થઈ શકે છે : (1) ગ્રાહકોને આધારે, (2) પેદાશને આધારે, અને (3) આવરી લેવામાં આવેલ વિસ્તારને આધારે. કોઈ પણ સભ્ય પેઢીને કોઈ પણ અન્ય સભ્યના બજારમાં પગપેસારો કરવાની મંજૂરી આપવામાં આવતી નથી. ઉદાહરણ તરીકે, એસોસિયેટેડ કંપની અને દાલમિયા સિમેન્ટ કંપની વચ્ચે સિમેન્ટની આંતરક્ષેત્રીય હેરફેર અને બિનજરૂરી હરીફાઈ દૂર કરવા બજાર પુલ રચવામાં આવ્યો. નિકાસકારો પણ પુલ સ્થાપી શકે છે, કે જેથી તેમની વચ્ચે વિદેશી બજારોમાંની હરીફાઈને દૂર કરી શકાય.

**ફાયદા :** પુલ સ્થાપનાર ધંધાકીય એકમો નીચેના ફાયદા પ્રાપ્ત કરે છે.

(1) પુલની સ્થાપના કરવાનું સરળ છે.

(2) વિસ્તાર, સભ્યપદ અને ધંધાના સ્વરૂપની બદલાતી જતી પરિસ્થિતિમાં તે તાત્કાલિક બદલી શકાય એવું પરિવર્તનશીલ સંગઠન છે.

(3) સભ્યો તેમની આંતરિક સ્વાયત્તતા ટકાવી રાખી શકે છે.

(4) આંતરક્ષેત્રીય હેરફેર ખાસ કરીને વિસ્તારીય (ટેરિટોરિયલ) પુલમાં દૂર થાય છે.

(5) સભ્યો વચ્ચેની બિનજરૂરી (નકામી) હરીફાઈ ઘટે છે.

**મર્યાદાઓ :** પુલ નીચેની મર્યાદાઓથી પીડાય છે :

(1) ઉત્પાદન પુલ ઉત્પાદનના કૃત્રિમ નિયંત્રણમાં પરિણમી શકે છે, જે ગ્રાહકોના હિત વિરુદ્ધનું હોય છે.

(2) ધંધાનો વધારાનો જથ્થો અથવા વાહનવ્યવહારની અવરજવર નક્કી કરવાનું ખૂબ મુશ્કેલ છે.

(3) સભ્યો ગમે ત્યારે છૂટા થઈ શકે છે, તેને કારણે આમાં સ્થિરતાનો અભાવ છે.

(4) પુલ દ્વારા લઘુતમ ભાવ નક્કી કરવામાં આવે છે તેથી, બિનકાર્યક્ષમ પેઢીઓ પણ બજારમાં ટકી રહી શકે છે.

(5) બાંયધરીયુક્ત માંગ સંશોધન અને નવીનીકરણને નિરુત્સાહી બનાવી શકે છે.

(6) ઉત્પાદન પરનું નિયંત્રણ અને બજારના ભાવો પરનો અંકુશ ઇજારાશાહી વ્યવહારોને પેદા કરે છે.

**કાર્ટેલ્સ (ઉત્પાદક સંઘો) (Cartels) :** સામાન્ય રીતે કાર્ટેલ્સને મંદીના સમયમાં રચવામાં આવે છે, જ્યારે ધંધાના વેચાણનું પ્રમાણ ખૂબ જ નીચું હોય છે, અને ઑર્ડરો માટે ખૂબ જ તીવ્ર હરીફાઈ હોય છે. તેમનો ઉદ્દેશ ભાવમાં વધુ ઘટાડો થતો રોકવાનો છે. કાર્ટેલની વ્યાખ્યા એમ આપી શકાય કે ''બજાર પર અંકુશ પ્રાપ્ત કરવા માટેનો એક સમાન ધંધાનાં સાહસો વચ્ચે થતો સ્વૈચ્છિક કરાર. તે સામાન્ય વેચાણ એજન્સી અથવા સિન્ડિકેટ સાથેનું સંયોજન છે.

કાર્ટેલ્સનો કરારમાં ટ્રેડમાર્ક અને પેટન્ટના ઉપયોગ અથવા ભાવ નક્કી કરવા, અથવા ઉત્પાદન જથ્થા નક્કી કરવા, અથવા બજારવિસ્તારની વહેંચણી કરવા અંગેની બાબતોનો સમાવેશ થઈ શકે છે. તે માટે સભ્યો દ્વારા ઉત્પાદિત પેદાશોના માર્કેટિંગ માટે કેન્દ્રિત એજન્સીની સ્થાપના જરૂરી છે, જે સિન્ડિકેટ તરીકે ઓળખાય છે. કાર્ટેલના સભ્યો સિન્ડિકેટને તેમનો ઉત્પાદનનો જથ્થો નક્કી કરેલ કિંમતે આપી દેવા સંમત થાય છે. સિન્ડિકેટ બજારમાં ઉત્પાદન જથ્થાનું વેચાણ કરે છે અને સભ્યો વચ્ચે તેમના દ્વારા ઉત્પાદનના સામાન્ય પુલમાં આપવામાં આવેલ ફાળાના પ્રમાણમાં નફાની વહેંચણી કરવામાં આવે છે. ભારતમાં 'ધી સિમેન્ટ માર્કેટિંગ કોર્પોરેશન' એ આ પ્રકારના પુલનું ઉદાહરણ છે.

**ફાયદા :** કાર્ટેલ્સના ફાયદા નીચે મુજબ છે :

(1) દરેક સભ્ય એકમને વાજબી નફાના ગાળાની ખાતરી આપે છે.

(2) માર્કેટિંગની જવાબદારી સિન્ડીકેટને હસ્તક હોય છે. તેથી સભ્યો ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે, અને આ બાબત ઉત્પાદન ખર્ચમાં ઘટાડા તરફ દોરી જાય છે.

(3) પેદાશના માર્કેટિંગના સારા એવા પ્રમાણમાં કરકસરો પ્રાપ્ત થઈ શકે છે, અને હરીફાઈયુક્ત જાહેરાતનું સ્થાન સંયુક્ત જાહેરાત લે છે.

**મર્યાદાઓ :** કાર્ટેલ્સની મર્યાદાઓ નીચે મુજબ છે :

(1) આ વ્યવસ્થામાં કાર્યક્ષમ પેઢીઓના ખર્ચે બિનકાર્યક્ષમ પેઢીઓને ટકાવી રાખવામાં આવે છે.

(2) કાર્ટેલ્સ માંગને સ્થિર કરવામાં અને વેપારમાંની વધઘટને દૂર કરવામાં નિષ્ફળ નિવડ્યા છે.

(3) આ સંયોજનો ખૂબ નબળાં, બિનઅસરકારક અને સ્થિરતાના અભાવવાળાં છે.

**તમારી પ્રગતિની ચકાસણી (ખ)**

(1) વેપારી મંડળ એટલે શું ?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

(2) વેપારી મહામંડળ એટલે શું ?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

(3) પુલ એટલે શું ?

.....................................................................................

.....................................................................................

(4) કાર્ટેલ એટલે શું ?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

(5) ખાલી જગ્યા પૂરો :

(1) વેપારી મહામંડળનું સભ્યપદ ---------- છે.

(2) વેપારી મહામંડળ એ અમુક ખાસ ---------- વેપારી વ્યક્તિઓનું સંગઠન છે.

(3) ---------- ધંધાનાં સાહસો દ્વારા વેપારી મંડળની સ્થાપના કરવામાં આવે છે.

(4) ---------- ધંધાકીય પેઢીઓ દ્વારા ભાવોને નિયંત્રણમાં રાખવા સમવાયતંત્રની સ્થાપના કરવામાં આવે છે.

(5) ----------પુલમાં દરેક સભ્ય એકમ અમુક બજારનો એકલો પુરવઠો પૂરો પાડનાર હોય છે.

(6) ----------ધંધામાં માર્ગવ્યવહાર પુલ સામાન્ય છે.

(7) કાર્ટેલમાં સભ્યોની પેદાશના માર્કેટિંગની ---------- હોય છે.

(8) FICCI એટલે ----------

## 14.3.3 સંગઠનો (Consolidations)

સંગઠનો એટલે સંયોજનનું એવું સ્વરૂપ, કે જેમાં ધંધાકીય પેઢીઓને એક સામાન્ય સત્તા દ્વારા અંકુશિત કરવામાં આવે છે. વાસ્તવમાં તેમાં પેઢીઓ વચ્ચેનો સૌથી વધુ પ્રમાણમાં સમન્વય સંકળાયેલો છે. સંગઠનોને બે પ્રકારમાં પેટાવિભાજિત કરી શકાય : (1) આંશિક સંગઠનો, (2) સંપૂર્ણ સંગઠનો. આંશિક (અપૂર્ણ) સંગઠનોમાં એકમો પોતાનું સ્વતંત્ર અલગ વ્યક્તિત્વ ટકાવી રાખી શકે છે. સંપૂર્ણ સંગઠનોની બાબતમાં જોડાતી પેઢીઓનું સ્વતંત્ર અલગ વ્યતિત્વ નથી. હવે આ બે પ્રકારો વિશે વિગતવાર ચર્ચા કરીએ :

**આંશિક સંગઠનો (Partial Consolidations)**

આંશિક સંગઠનો હેઠળ વિવિધ પેઢીઓ સામાન્ય અંકુશ અને સંચાલન હેઠળ ભેગી થાય છે, જ્યારે તેમનું અલગ વ્યક્તિત્વ ટકાવી રાખે છે. આંશિક સંગઠનોનો ઉદ્દેશ હરીફાઈ દૂર કરવાનો અને કેન્દ્રિત સંચાલનનો લાભ પ્રાપ્ત કરવાનો છે. આંશિક સંગઠન નીચેનાં ત્રણ સ્વરૂપો પૈકી ગમે તે એક લઈ શકે છે :

(1) ટ્રસ્ટ, (2) હોલ્ડિંગ (શાસક) કંપની, અને (3) હિતસંબંધિત વર્ગ.

**ટ્રસ્ટ (Trust)**

ધંધાનાં સંદર્ભમાં, ટ્રસ્ટ એટલે એવી વ્યવસ્થા, જેના દ્વારા અનેક ધંધાકીય પેઢીઓ તેમનો ધંધો ટ્રસ્ટીઓને હવાલે કરે છે. વૈધિક માલિકો તરીકે ટ્રસ્ટીઓ ધંધાનું સંચાલન વાસ્તવિક માલિકોના લાભમાં કરે છે. વાસ્તવિક માલિકોને તંત્રની રીતે હિતાધિકારી કહેવામાં આવે છે. કેટલાક પશ્ચિમના દેશોમાં બે પ્રકારનાં ટ્રસ્ટની રચના કરવામાં આવે છે. તે છે : (1) સંયોજન ટ્રસ્ટ, ને (2) મતાધિકાર ટ્રસ્ટ.

**(1) સંયોજન ટ્રસ્ટ (Combination trust)** : સંયોજન ટ્રસ્ટ એ સંગઠનનું સ્વરૂપ છે, જેની સ્થાપના કામચલાઉ સંગઠનો દ્વારા કરવામાં આવે છે કે જેમાં અનેક કંપનીઓના શૅરહોલ્ડરો, ટ્રસ્ટ કરાર હેઠળ, તેમના શૅરની અંકુશ રાખી શકાય તેટલી રકમ ટ્રસ્ટ પ્રમાણપત્રના બદલામાં ટ્રસ્ટીઓના બોર્ડને ફેરબદલ કરે છે. આ ટ્રસ્ટ પ્રમાણપત્ર ટ્રસ્ટની આવકમાં તેમનું હિત દર્શાવે છે. આ કંપનીઓના સંચાલન પર અંકુશ રાખવા માટે, ટ્રસ્ટીઓનું મંડળ વિવિધ કંપનીઓના સંચાલક મંડળ પર પોતાના પ્રતિનિધિઓની નિમણૂક કરે છે, જે તેમને હસ્તક હોય છે. વિવિધ કંપનીઓ દ્વારા જાહેર કરવામાં આવેલ ડિવિડન્ડ ટ્રસ્ટ એકઠું કરે છે. સહિયારા નફામાંથી ટ્રસ્ટના ખર્ચા બાદ કરીને ટ્રસ્ટ પ્રમાણપત્ર ધરાવનારાઓ વચ્ચે તેમણે ધરાવેલ પ્રમાણપત્રની કિંમતના પ્રમાણમાં નફાની વહેંચણી કરવામાં આવે છે.

**(2) મતાધિકાર ટ્રસ્ટ (Voting trust)** : આ પ્રકારના ટ્રસ્ટમાં બહુમતી શૅરો ધરાવનાર વ્યક્તિઓ તેમના શૅર, તેમના બદલે મતાધિકારના હેતુથી ટ્રસ્ટીઓને હસ્તક સોંપે છે. પરંતુ શૅરહોલ્ડરો ડિવિડન્ડ મેળવવાનો, અને તેઓ જો ઇચ્છે તો તેમના શૅર વેચી દેવાનો અધિકાર પોતાની પાસે રાખે છે. આવા ટ્રસ્ટની સ્થાપનાનો ઉદ્દેશ શૅરહોલ્ડરોની રચનાનો ફેરફાર કરવાનો, આવું સંગઠન જે સંમત નીતિ અનુસરવા ઇચ્છતું હોય તેના પર અસર ન થાય તેની ખાતરી મેળવવાનો છે.

**ટ્રસ્ટના ફાયદા :** ટ્રસ્ટની સ્થાપના કરનારાં ધંધાકીય એકમો નીચેના લાભો મેળવે છે :

(1) અન્ય મહામંડળ પ્રકારનાં સંયોજનોની તુલનામાં ટ્રસ્ટ વધુ પ્રમાણમાં સ્થિર સાબિત થયાં છે.

(2) ટ્રસ્ટ દોરવણી અને સંચાલનનું કેન્દ્રીકરણ પૂરું પાડે છે, જે મોટા પાયાની કામગીરીના ફાયદાઓમાં પરિણમે છે.

(3) ટ્રસ્ટ પાસે ઉત્પાદન અને માર્કેટિંગ પર સંપૂર્ણ અંકુશ હોય છે. તેઓ ભાવને પણ અસરકારક રીતે નિયંત્રણમાં રાખી શકે છે.

(4) ટ્રસ્ટની સ્થાપના મોટા પ્રમાણમાં મૂડી એકઠી કરવા સાથે સંકળાયેલ છે, તેથી મોટી યોજનાઓ હાથમાં લેવાની શક્યતા છે.

**ટ્રસ્ટની મર્યાદાઓ :** ટ્રસ્ટની મર્યાદાઓ નીચે પ્રમાણે છે.

(1) પુલ્સની તુલનામાં ટ્રસ્ટની સ્થાપના કરવાનું કાર્ય પ્રમાણમાં વધુ મુશ્કેલ છે.

(2) એક વાર સ્થાપ્યા પછી ટ્રસ્ટમાં તાત્કાલિક ફેરફાર કરી શકાતો નથી.

(3) ટ્રસ્ટમાં અતિમૂડીરોકાણનો ભય રહેલો છે. જેનો નફાકારક ઉપયોગ થઈ શકતો નથી.

(4) ટ્રસ્ટ, જે ઇજારાશાહી સત્તા ધરાવે છે. તેનો ગ્રાહકોના શોષણ માટે ઉપયોગ થવાની શક્યતા છે. આથી કેટલાંક ટ્રસ્ટને સમાજવિરોધી ગણવામાં આવ્યાં છે.

**શાસક કંપની (Holding Company)**

શાસક કંપની એ એવી કંપની છે કે જે અન્ય કંપનીના બહુમતી શૅરો ધરાવે છે. અને આમ, બહુમતી સંચાલકોને ચૂંટવાનો અધિકાર પ્રાપ્ત કરે છે. જે કંપનીને અંકુશ નીચે લાવવામાં આવે છે તેને ગૌણ (Subsidiary) કંપની કહે છે. આમ, ગૌણ કંપની અલગ વ્યક્તિ તરીકે કામ કરે છે. પરંતુ તેના સંચાલન પર શાસક કંપનીઓનો અંકુશ હોય છે. સંગઠનના આ સ્વરૂપનો ઉદ્દેશ મોટા પાયા પરની કામગીરી અને કેન્દ્રિત સંચાલનનો લાભ મેળવવાનો છે. ભારતમાં ખાનગી અને જાહેરક્ષેત્ર એમ બન્નેમાં શાસક કંપનીઓ જોવા મળે છે. ઉદાહરણ તરીકે ખાનગી ક્ષેત્રમાં 'ઍસોસિયેટેડ સિમેન્ટ કંપની' એ 'સિમેન્ટ માર્કેટિંગ કંપની ઓફ ઇન્ડિયા' અને 'ધી પતિયાલા સિમેન્ટ કંપની' ની શાસક કંપની છે. તે જ રીતે, જાહેરક્ષેત્રમાં 'ધી સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લિ.' એ જાહેર ક્ષેત્રની સ્ટીલ કંપનીઓની શાસક કંપની છે.

**શાસક કંપનીઓના પ્રકાર :** આપણે શાસક કંપનીઓને છ જૂથમાં વહેંચી શકીએ, જે નીચે મુજબ છે :

(1) **પેટન્ટ અથવા મૂળભૂત અથવા ટોચની શાસક કંપની :** તે એવી કંપની છે કે જે અન્ય કોઈ પણ કંપની દ્વારા અંકુશિત હોતી નથી. બીજી બાજુ તેને ગૌણ કંપનીઓ હોઈ શકે છે, કે જેને વળી તેના અંકુશ હેઠળની ગૌણ કંપનીઓ પણ હોઈ શકે છે.

(2) **મધ્યવર્તી શાસક કંપની :** તે એવી શાસક કંપની છે કે જે અન્ય શાસક કંપનીની ગૌણ કંપની છે.

(3) **પરિણામરૂપ શાસક કંપની :** જ્યારે કેટલીક હયાત કંપનીઓ અંકુશ રાખી શકાય તેટલી સંખ્યાના શૅરની ફેરબદલી નવી સ્થપાયેલ કંપનીને કરવાનો નિર્ણય લે છે ત્યારે તેની સ્થાપના થાય છે. નવી કંપની સંગઠિત કંપની તરીકે પણ ઓળખાય છે, અને હયાત કંપનીઓ તેની ગૌણ કંપનીઓ બને છે.

(4) **શુદ્ધ (Pure) શાસક કંપની :** તે માત્ર ગૌણ કંપનીના શૅર ધરાવે છે, અને તેની કામગીરીનું સંચાલન કરે છે. તે પોતાની જાતને ઉત્પાદન પ્રવૃત્તિમાં સાંકળતી નથી.

(5) **મિશ્રશાસક કંપની :** તે ગૌણ કંપનીઓના સંચાલન ઉપરાંત વધારામાં તેના પોતાના ધંધામાં સંકળાયેલી હોય છે.

(6) **નાણાકીય શાસક કંપની :** તે તેની ગૌણ કંપનીઓની કામગીરી માટે નાણા પૂરાં પાડે છે. તેનો ઉદ્દેશ અન્ય કંપનીઓની કામગીરી પર અંકુશ રાખવાનો નથી. પરંતુ નવી સ્થાપવામાં આવેલ કંપનીઓની કામગીરી માટે નાણા પૂરાં પાડવાનો છે. નવી કંપનીઓના તે શૅરનો તે વહેલામાં વહેલા સાનુકૂળ સમયે નિકાલ કરે છે.

**શાસક કંપનીના ફાયદા :** શાસક કંપનીઓના ફાયદા નીચે મુજબ છે :

(1) શાસક કંપનીની સ્થાપના કરવાનું સરળ છે. શાસક કંપની અન્ય કંપનીના શૅર ખુલ્લા બજારમાંથી ખરીદી શકે છે, અને તેને ગૌણ કંપની બનાવી શકે છે. આ માટે ગૌણ કંપનીના શૅર હોલ્ડરોની સંમતિ મેળવવી જરૂરી નથી.

(2) શાસક કંપનીઓ અને તેમની ગૌણ કંપનીઓ મર્યાદિત જવાબદારીવાળી કંપનીઓ હોવાથી, મૂડી ઊભી કરવાની વિશાળ તક રહેલી છે.

(3) કેન્દ્રિત અંકુશ અને સંકલિત સંચાલકીય નીતિને કારણે સભ્ય એકમો વચ્ચેની હરીફાઈ દૂર કરવાનો લાભ મળે છે.

(4) કેન્દ્રિત અંકુશ અને દોરવણી મોટા પાયા પરની કામગીરી અને સંગઠનમાં કરકસરમાં પરિણમે છે.

(5) ગૌણ કંપનીઓ તેમની પોતની કામગીરીની પદ્ધતિ સાથે અલગ અસ્તિત્વ ધરાવી રાખે છે.

(6) શાસક કંપની ઇજારાશાહી સત્તા અંગેની જાહેર ટીકાને પાત્ર થતી નથી. કારણ કે તેનો અંકુશ ખુલ્લી રીતે જણાતો નથી.

**શાસક કંપનીની મર્યાદાઓ :** શાસક કંપનીની મર્યાદાઓ નીચે મુજબ છે :

(1) શાસક કંપની જવાબદારી વગરનો અંકુશ ધરાવે છે. શાસક કંપનીના શૅર હોલ્ડરોની નાણાકીય જવાબદોરી તેમની નાણાકીય સત્તાની તુલનામાં મર્યાદિત હોય છે.

(2) ઘણી વાર શાસક કંપની ગૌણ કંપનીના ગેરલાભમાં આંતર કંપની વ્યવહારોમાં ઘાલમેલ કરે છે. ઉદાહરણ તરીકે : ગૌણ કંપનીના નફાનો ઉપયોગ શાસક કંપનીના લાભાર્થે થાય છે. અથવા શાસક કંપનીનું નુકસાન ગૌણ કંપનીના હિસાબોમાં ફેરબદલ કરવામાં આવે છે.

(3) શાસક કંપનીના થોડાક સંચાલકોના હાથમાં વિશાળ રકમની મૂડી પર અંકુશની સત્તાનું કેન્દ્રીકરણ થાય છે.

(4) તે ખાનગી ઇજારાશાહી સત્તાને પેદા કરે છે, કે જેનો ઉપયોગ ગ્રાહકોનું શોષણ કરવા અથવા વેપારના નિયંત્રણની નીતિઓ અપનાવવામાં થાય છે.

**ટ્રસ્ટ અને શાસક કંપની વચ્ચેનો તફાવત :** ટ્રસ્ટ અને શાસક કંપની બન્ને પ્રમાણમાં સરખાં જણાય છે કારણ કે તેમની સ્થાપના એકત્રિત થતા એકમોના અપૂર્ણ સંગઠન દ્વારા થાય છે. બન્નેના કિસ્સામાં એકત્રિત થતા એકમો પોતાનું અલગ વ્યકિતત્વ ટકાવી રાખે છે. આમ છતાં આ બન્ને વચ્ચે કેટલાક તફાવતો જોવા મળે છે. જે નીચે મુજબ સમજાવવામાં આવ્યા છે :

(1) **સ્થાપનાની રીત :** જ્યારે ટ્રસ્ટની સ્થાપના થાય છે ત્યારે વિવિધ કંપનીઓના શૅરહોલ્ડરો તેમના શૅરની ફેરબદલી ટ્રસ્ટને કરે છે, જે તેમના બદલે ટ્રસ્ટીઓ ધરાવે છે. આમ, શૅરહોલ્ડરો ટ્રસ્ટ કરારના હિતાધિકારી બને છે. શાસક કંપનીની બાબતમાં, શાસક કંપની ગૌણ કંપનીઓના બહુમતી શૅરો પ્રાપ્ત કરે છે.

(2) **સંચાલન :** ટ્રસ્ટના કામકાજનું સંચાલન ટ્રસ્ટીઓના બોર્ડ (મંડળ) દ્વારા થાય છે. ટ્રસ્ટીઓનું બોર્ડ જોડાયેલ એકમોના ડિરેકટરોને નીમે છે, શાસક કંપનીનું સંચાલન સંચાલક મંડળને હસ્તક હોય છે, જેઓને તે જ શાસક કંપનીના શૅરહોલ્ડરો દ્વારા ચૂંટવામાં આવેલા હોય છે.

(3) **સંબંધની સ્થિતિ :** શાસક કંપનીની વિવિધ ગૌણ કંપનીઓ એકબીજાથી સ્વતંત્ર હોય છે, જ્યારે ટ્રસ્ટની બાબતમા જોડાયેલ એકમો પરસ્પર આધારિત હોય છે.

(4) **સ્થિરતા :** શાસક કંપની વધુ સ્થિર જણાય છે. જો કે ખુલ્લા બજારમાં ગૌણ કંપનીના શૅરનું વેચાણ કરીને તેનું સરળતાથી વિસર્જન કરી શકાય છે. આમ છતાં, ટ્રસ્ટ કરાર એ સામાન્ય રીતે લાંબા સમયગાળા માટેનો હોય છે. અને તેનો ખૂબ જ સરળ રીતે અંત લાવી શકાતો નથી.

(5) **નફાની વહેંચણી :** ટ્રસ્ટ કંપનીઓનો નફો બધા જ સંયોજિત એકમો દ્વારા વહેંચી લેવામાં આવે છે. બીજી બાજુ, ગૌણ કંપનીનો શાસક કંપનીના નફામાં કોઈ હિસ્સો (ભાગ) હોતો નથી. તો પણ શાસક કંપનીના શૅરહોલ્ડરો બધી જ ગૌણ કંપનીઓની કામગીરીનો લાભ મેળવે છે.

**હિત સંબંધિત વર્ગ (સામુદાયિક હિત) (Community of Interest)**

તમે જાણો છો કે અપૂર્ણ સંગઠનોમાં ત્રણ પ્રકાર છે. જેમકે, ટ્રસ્ટ શાસક કંપનીઓ અને હિત સંબંધિત વર્ગ. આપણે ટ્રસ્ટ અને શાસક કંપની વિશે અગાઉ ચર્ચા કરી. હવે આપણે હિતસંબંધિત વર્ગ વિશે ચર્ચા કરીએ. હિતસંબંધિત વર્ગની વ્યાખ્યા આપી શકાય, કે તે ધંધાકીય સંગઠનનું એવું સ્વરૂપ છે કે જેમાં કેન્દ્રિય અંકુશની કોઈ વૈધિક વ્યવસ્થા વગર, અનેક કંપનીઓની ધંધાકીય નીતિ, સામાન્ય શૅરહોલ્ડરો અથવા સંચાલકોના જૂથ દ્વારા અંકુશિત થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, સમાન વ્યક્તિઓ દ્વારા બે કે વધુ કંપનીઓના શૅરના માલિકીપણાને કારણે ઉદ્ભવતા સુમેળભર્યા શબ્દો એ હિતસંબંધિત વર્ગ તરીકે ઓળખાય છે. સંયોજનના આ સ્વરૂપમાં ધંધાકીય એકમો દેખીતી રીતે અલગ અંકુશ હેઠળ હોય છે. છતાં તેમની મહત્ત્વની બાબતો અંગેની ધંધાકીય નીતિઓ પર એકસરખા નિર્ણયો લેતા સામાન્ય સંચાલકોની અસર પડે છે.

**હિત સંબંધિત વર્ગના પ્રકારો :** હિત સંબંધિત વર્ગ ત્રણ પ્રકારના છે :

(1) **વહીવટી સંકલન :** જ્યારે અનેક લોકો બે કે વધુ કંપનીઓમાં સંચાલક તરીકેની સેવા આપતા હોય ત્યારે આવી કંપનીઓ સંકળાયેલ આંતરકંપની કહેવાય. વિવિધલક્ષી સંચાલકપદ એટલે જ્યારે વ્યક્તિ એક કરતાં વધુ કંપનીમાં સંચાલકપદ ધરાવતી હોય. આવા સંકલનને વહીવટી સંકલન કહેવાય છે. કંપની ધારા 1956 અનુસાર, કોઈ પણ વ્યક્તિ એક જ સમયે 20 કંપનીઓના સંચાલક તરીકે કાર્ય કરી શકે છે. 1960-61 દરમ્યાન કરવામાં આવેલ એક અભ્યાસ અનુસાર આગળ પડતાં થોડાંક ભારતીય કુટુંબો 408 સંચાલકપદો ધરાવતાં હતાં.

(2) **સંચાલકીય સંકલન :** અનેક કંપનીઓ પર અંકુશ મેળવવા માટે એજન્સી કંપનીઓ કે જે મેનેજિંગ એજન્ટ્સ તરીકે ઓળખાય છે, તેઓ ભારતમાં હિતસંબંધિત વર્ગને લાવ્યા. મોટા ધંધાકીય ગૃહો જેવાં કે તાતા, બિરલા અને દાલમિયા દ્વારા અંકુશિત કેટલીક મેનેજિંગ એજન્સીઓએ વિવિધ ઉદ્યોગોમાં ઘણી કંપનીઓ સ્થાપી, નાણાકીય વ્યવસ્થા કરી અને સંચાલન કર્યું. દરેક જૂથ અનેક મેનેજિંગ કંપનીઓ પર અંકુશ ધરાવે છે .1960ના અભ્યાસમાં ટાટા પાંચ મેનેજિંગ એજન્સીઓ પર અંકુશ ધરાવતા જોવા મળ્યા હતા. ભારતમાં આમ છતા, મેનેજિંગ એજન્સી પ્રથા 1970માં દૂર કરવામાં આવી હતી.

(3) **નાણાકીય સંકલન :** જ્યારે નાણાકીય સંસ્થા અનેક કંપનીઓને અથવા કંપનીઓના જૂથને સહાય પૂરી પાડે છે ત્યારે નાણાકીય સંકલન ઉદ્‌ભવે છે. આ સંજોગોમાં અમુક સંચાલકોને નીમવાનો હક છે. જેથી તેમના હિતનું રક્ષણ થઈ શકે. આંતરકંપની લોનને કારણે પણ નાણાકીય સંકલન ઉદ્‌ભવે છે.

**હિત સંબંધિત વર્ગના ફાયદા :** સંયોજનનું હિતસંબંધિત વર્ગ સ્વરૂપ નીચેના ફાયદાઓ તરફ દોરી જાય છે :

(1) સંયોજિત થતી પેઢીઓ તેમનું અલગ વ્યક્તિત્વ ટકાવી રાખે છે. અને તેઓ તેમની પાઘડીને (Goodwill) પણ જાળવી રાખે છે.

(2) હિતસંબંધિત વર્ગની સ્થાપના કરવાનું કાર્ય સરળ છે કારણ કે કોઈ વૈધિક વિધિ અનુસરવી પડતી નથી.

(3) વિશાળ સંખ્યાની કંપનીઓને તે ધંધાના અગ્રેસરોના લાભ મેળવવામાં મદદ કરે છે.

(4) વિવિધ કંપનીઓ દ્વારા સમાન ઉત્પાદન અને ભાવનીતિ અપનાવવામાં તે મદદ કરે છે.

(5) જોડાતી કંપનીઓ વચ્ચે સહકાર પણ સિદ્ધ કરી શકાય છે.

**હિત સંબંધિત વર્ગની મર્યાદાઓ :** હિત સંબંધિત વર્ગની સ્થાપના નીચેના કારણોસર ટીકાપાત્ર બની છે :

(1) કેન્દ્રિત અંકુશ રાખનાર કોઈ સંગઠન ન હોવાથી આ સ્વરૂપ સ્થિર નથી.

(2) તે સંચાલનની કાર્યક્ષમતા ઘટાડી શકે છે, કારણ કે સામાન્ય સંચાલકો પોતાનો પૂરતો સમય આપી શકવા શક્તિમાન હોતા નથી. અથવા બધી જ કંપનીઓ પર પૂરતું ધ્યાન આપી શકતા નથી.

(3) તે થોડીક વ્યક્તિઓના હાથમાં આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ સર્જે છે.

(4) તે નાણાકીય ઘાલમેલ માટેની વિશાળ તક પૂરી પાડે છે. ખાસ કરીને જ્યારે આ પ્રકારનું સંયોજન ઉત્પાદન કંપનીઓ અને નાણાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલું હોય ત્યારે.

(5) તે અલ્પજનશાસિત સંચાલન તરફ દોરી જાય છે. એટલે કે જૂથના મતદાન અધિકાર પરના અંકુશને કારણે સંચાલકમંડળમાં તે જ વ્યક્તિઓ ચાલુ રહે છે.

**સંપૂર્ણ સંગઠન (Comlpete Consolidation)**

તમે શીખી ગયા કે સંગઠનો બે પ્રકારનાં હોય છે : (1) આંશિક (અપૂર્ણ) સંગઠન, અને (2) સંપૂર્ણ સંગઠન આપણે અપૂર્ણ સંગઠન અને તેના પેટા-વર્ગીકરણ વિશેની ચર્ચા કરી ગયા. હવે આપણે સંપૂર્ણ સંગઠન વિશે ચર્ચા કરીએ. સંપૂર્ણ સંગઠન એટલે ભેગા થતા એકમોનું સંપૂર્ણ સંમિશ્રણ, જેના દ્વારા જોડાતા એકમોનું અલગ વ્યક્તિત્વ સંગઠિત એકમની તરફેણમાં ત્યજી દેવામાં આવે છે. સંપૂર્ણ સગંઠન ત્યારે અસ્તિત્વમાં આવે છે, જ્યારે અસંખ્ય કંપનીઓની મિલકતોની સંપૂર્ણતઃ ખરીદી કોઈ એક ધંધાકીય એકમમાં થાય છે. આમ, સંપૂર્ણ સંગઠન એ જોડાણનું પરિણામ છે કે જેમાં ધંધાકીય એકમોનું સંમિશ્રણ થાય છે. અને તેમની અલગ ઓળખાણ આવે છે.

સંપૂર્ણ સગંઠન નીચેનાં બે પૈકી કોઈ પણ એક સ્વરૂપ અપનાવી શકે છેઃ (૧) વિલીનીકરણ, અને (૨) જોડાણ. વિલીનીકરણ અને જોડાણ તેમની સ્થાપનાની રીત બાબતમાં અલગ પડે છે, પરંતુ તેમના ઉદ્દેશોમાં કોઈ તફાવત જણાતો નથી. વિલીનીકરણમાં, હયાત કંપની એક અથવા વધારે અન્ય સાહસોને સમાવી લે છે. કંપની અમુક નિશ્ચિત રકમની ચુકવણી દ્વારા અન્ય કંપનીઓની મિલકતો ખરીદે છે અને જવાબદારીઓ સ્વીકારે છે. જોડાણમાં

હયાત કંપનીઓનું સ્વૈચ્છિક વિસર્જન કરવામાં આવે છે અને તેમની મિલકતો નવી સ્થાપાયેલી કંપની દ્વારા લઈ લેવામાં આવે છે. આમ, જોડાણની બાબતમાં, હયાત કંપનીઓનો ધંધો લઈ લેવા માટે નવી કંપનીની સ્થાપના કરવામાં આવે છે, જ્યારે વિલીનીકરણની બાબતમાં, એક ધંધાકીય એકમનું બીજા હયાત એકમમાં વિલીનીકરણ થાય છે.

**સંપૂર્ણ સંગઠનના ફાયદા :** સંપૂર્ણ સંગઠનના ફાયદા નીચે મુજબ છે :

(1) તે સંયોજનનું પ્રત્યક્ષ સ્વરૂપ છે, જે જોડાતાં એકમો વચ્ચેની હરીફાઈને સંપૂર્ણતઃ દૂર કરે છે.

(2) જોડાતા એકમોનાં સાધનો અને મિલકતોનો વધુ અસરકારક ઉપયોગ કરી શકાય છે.

(3) ઊંચી સંચાલકીય શક્તિ અને વિશાળ નાણાકીય સાધનોને કારણે કરકસરો સિદ્ધ કરી શકાય છે.

(4) સંકલિત યોજનાઓ, પેદાશનું પ્રમાણીકરણ, જથ્થાબંધ ખરીદી વગેરેને કારણે મોટા પાયા પરના ઉત્પાદનની કરકસરો પણ પ્રાપ્ત કરી શકાય છે.

(5) તે સંયોજનનું સૌથી વધુ સ્થિર અને ટકાઉ સ્વરૂપ છે. તે જોડાતાં એકમોમાં બંધારણીય પરિવર્તન સાથે સંકળાયેલ છે, અને તે ફેરવી ન શકાય એવું છે.

**સંપૂર્ણ સંગઠનની મર્યાદાઓ :** સંપૂર્ણ સંગઠનની મર્યાદાઓ આ પ્રમાણે છે :

(1) સંપૂર્ણ સંગઠનની સ્થાપના કરવી ખૂબ જ મુશ્કેલ છે, કારણ કે જોડાતી કંપનીઓના બહુમતી શૅરહોલ્ડરોની સંમતિ મેળવવી જરૂરી છે.

(2) એક વાર સ્થપાયા બાદ, સંયોજિત એકમોનું સંમિશ્રણ વિવિધ એકમોના મૅનેજરોને તેમની પહેલાંની સત્તાની સ્થિતિઓ પ્રાપ્ત કરવા પરવાનગી આપતું નથી.

(3) વ્યક્તિગત સાહસોના નામની આસપાસ જે પ્રતિષ્ઠા ઊભી થઈ હોય તેનું બલિદાન સંપૂર્ણ સંગઠનમાં લેવાય છે.

(4) વિવિધ એકમોના મૅનેજરો વચ્ચેના ઝઘડાને કારણે સંચાલનના પ્રશ્નો ઉદ્‌ભવી શકે છે.


(5) વિશાળ જોડાણ સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ થવામાં મુશ્કેલી અનુભવે છે.

(6) અતિમૂડીકરણનો ભય રહેલો છે. કારણ કે સમાવેશ પામતી કંપની વિલીનીકરણની બાબતમાં અથવા જોડાણની બાબતમાં નવી કંપની, હયાત કંપનીની મિલકતો તેની વાસ્તવિક કિંમત કરતાં ઊંચી કિંમતે લઈ લે તેવી શક્યતા છે.

આકૃતિ 14.8 જુઓ, જે સંગઠનોના વર્ગીકરણનો સારાંશ દર્શાવે છે.

આકૃતિ 14.8

ધંધાકીય સંગઠનનું વર્ગીકરણ



**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

(1) શાસક કંપની એટલે શું ?

...................................................................................................

...................................................................................................

...................................................................................................

(2) મતાધિકાર ટ્રસ્ટ અને સંયોજન ટ્રસ્ટ વચ્ચેનો તફાવત દર્શાવો.

...................................................................................................

...................................................................................................

...................................................................................................

(3) વિલીનીકરણ અને જોડાણ વચ્ચેનો તફાતવ દર્શાવો.

...................................................................................................

...................................................................................................

...................................................................................................

(4) નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે અને કયાં ખોટાં છે ?

(1) સંયોજન ટ્રસ્ટમાં જોડાતી કંપનીઓના શૅરહોલ્ડરો તેમના શૅર બીજાને વેચી શકે છે.

(2) શાસક કંપનીની ગૌણ કંપની અલગ વ્યક્તિ તરીકે કાર્ય કરે છે.

(3) શુદ્ધ શાસક કંપની તેનો પોતાનો ધંધો ચલાવે છે, જ્યારે ગૌણ કંપનીઓના ધંધા પર અંકુશ રાખે છે.

(4) શાસક કંપનીનો નફો ગૌણ કંપનીઓ વહેંચી લે છે.

(5) હિત સંબંધિત વર્ગમાં સભ્ય ધંધાકીય એકમો અલગ અંકુશ નીચે દેખાય છે. પરંતુ વાસ્તવમાં એવું કંઈ નથી.

(6) વિલીનીકરણમાં, બધા પરંતુ એક કંપની સ્વૈચ્છિક વિસર્જનમાં જાય છે.

## 14.4 સારાંશ

ધંધાકીય સંયોજનોને સ્થૂળ રીતે પાંચ પ્રકારમાં વહેંચી શકાય :

(1) સમસ્તરીય સંયોજનો (2) ઊર્ધ્વસ્તરીય સંયોજનો (3) સંલગ્ન સંયોજનો (4) વિકર્ણીય સંયોજનો (5) ચક્રીય સંયોજનો.

સમસ્તરીય સંયોજન એટલે એકસરખી વસ્તુઓના ઉત્પાદનમાં જોડાયેલા ધંધાકીય એકમોનું સંપૂર્ણ એકીકરણ. તેનો ઉદેશ બિનજરૂરી હરીફાઈ દૂર કરવાનો, અથવા મોટા પાયા પર કરકસરો પ્રાપ્ત કરવાનો, અથવા નિયમિત પુરવઠો મેળવવાનો હોઈ શકે છે.

ઊર્ધ્વસ્તરીય સંયોજન એટલે કોઈ એક ઉદ્યોગમાં ઉત્પાદનના અથવા વિતરણના ક્રમિક તબક્કામાં સંકળાયેલા અનેક એકમોનું સંપૂર્ણ એકીકરણ. તે એકમોને વધુ આત્મનિર્ભર બનવામાં, મધ્યસ્થીઓને નફો દૂર કરવામાં અને ઉત્પાદન અને વેચાણના સ્થિર પુરવઠાની ખાતરી મેળવવામાં મદદ કરે છે. ઊર્ધ્વસ્તરીય સંયોજનોને બે પ્રકારમાં વહેંચી શકાય :

(1) પાછોતરાં ઊર્ધ્વસ્તરીય સંયોજન, અને (2) આગોતરાં ઊર્ધ્વસ્તરીય સંયોજન. સંલગ્ન સંયોજન એટલે વિવિધ પ્રકારની પેદાશોના ઉત્પાદન અથવા વેપારમાં જોડાયેલ પેઢીઓનું સંયોજન, પરંતુ જે એક યા બીજી રીતે સંકળાયેલી હોય. કેન્દ્રગામી સંલગ્ન સંયોજનમાં વિવિધ ઉત્પાદકોનું તેમના સામાન્ય ગ્રાહકો સાથેનું સંયોજન સંકળાયેલું છે. દૂરગામી સંલગ્ન સંયોજનો એટલે સામાન્ય કાચા માલસામાનનો એક પુરવઠો પૂરો પાડનાર પેઢીનું વિવિધ ઉપયોગ કરનારાઓ સાથેનું સંયોજન. ઉત્પાદન એકમનું તેની સહાયક સેવાઓ પૂરી પાડનાર સાથેનું સંયોજન એ વિકર્ણીય સંયોજન તરીકે ઓળખાય છે. તેનો ઉદેશ સહાયક સેવાઓની સરળ અને સમયસરની ઉપલબ્ધતાની ખાતરી મેળવવાનો છે. ચક્રીય એકીકરણ એટલે એકબીજા સાથે દૂરસ્થ નિયંત્રણથી જોડાયેલ ધંધાકીય પ્રવૃત્તિઓનું સંયોજન.

સંયોજનનાં સ્વરૂપો સરળ અથવા મિશ્ર હોઈ શકે છે. સરળ અથવા સાદું સંયોજન એટલે જે એકસરખું સંગઠનનું

સ્વરૂપ ધરાવે છે. મિશ્ર સંયોજનોમાં વિવિધ સંગઠનનાં સ્વરૂપોવાળાં સાહસોનું મંડળ સંકળાયેલું છે. મિશ્ર સંયોજન ત્રણ સ્વરૂપો પૈકી એક સ્વરૂપ અપનાવી શકે છે : (1) મંડળ (2) મહામંડળ અને (3) સંગઠન.

મંડળ એ અનેક ધંધાકીય એકમોનું તેમનાં સામાન્ય હિતોનું રક્ષણ કરવા માટેનું સ્વૈચ્છિક સંગઠન છે. મંડળોને વધુ ત્રણ પ્રકારમાં વહેંચી શકાય : (1) વેપારી મંડળો, (2) વેપારી મહામંડળો અને (3) અવૈધિક કરારો. વેપારી મંડળની સ્થાપના એકસરખા પ્રકારના ધંધામાં જોડાયેલી ધંધાદારી વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે છે. વેપારી મહામંડળ એ અમુક વિસ્તારના બધા જ પ્રકારની ધંધાદારી વ્યક્તિઓનું મંડળ છે. બન્ને સ્વૈચ્છિક બિનનફાકારક સંગઠનો છે. તેમના ઉદેશોમાં સભ્યોના ધંધાકીય હિતના રક્ષણ અને વૃદ્ધિનો સમાવેશ થાય છે. તેઓ સભ્ય પેઢીઓના આંતરિક સંચાલનમાં દખલગીરી કરતા નથી. અવૈધિક કરાર એ હરીફ ધંધાદારી પેઢીઓ વચ્ચેની અવૈધિક સમજૂતી છે, જેના દ્વારા તેઓ અમુક સમાન વેપારી રીતરસમો અનુસરવા સંમત થાય છે.

સ્વતંત્ર ધંધાકીય એકમોનું તેમના બાહ્ય સંબંધોમાં પરસ્પરના લાભ માટે કરાર દ્વારા જોડાણ અથવા સહયોગ એ સમવાયતંત્ર તરીકે ઓળખાય છે. સમયવાયતંત્રોને (1) પુલ્સ અને (2) કાર્ટેલ્સમાં વહેંચવામાં આવે છે. પુલ એટલે એકમોનું એવું સમવાયતંત્ર કે જે ભાવો અને તેની સાથે સંકળાયેલી બાબતો અને કુલ લાભને વહેંચણી પર સંયુક્ત અંકુશની કક્ષા ઇચ્છતું હોય. કરારના સ્વરૂપને આધારે, પુલ ઉત્પાદન પુલ, માર્ગવ્યવહારપુલ, અથવા બજારપુલનું સ્વરૂપ સ્વીકારી શકે છે. કાર્ટેલ એ ધંધાકીય એકમોનું સમવાયતંત્ર છે, જે અમુક પ્રકારના ધંધાના બજાર પર અંકુશની પ્રાપ્તિ કરવા સામાન્ય વેચાણ સંગઠન સ્થાપે છે.

સંગઠન એટલે સંયોજનનું એવું સ્વરૂપ કે જેમાં ધંધાકીય પેઢીઓનું એક સામાન્ય સત્તા દ્વારા નિયંત્રણ થાય છે. વાસ્તવમાં તેમાં સભ્ય પેઢીઓ વચ્ચે સૌથી વધુ પ્રમાણમાં એકીકરણ સંકળાયેલું છે. સંગઠનોને બે પ્રકારમાં ફરીથી વહેંચી શકાય : (1) આંશિક સંગઠનો અને (2) સંપૂર્ણ સંગઠનો. આંશિક સંગઠનો અંતર્ગત વિવિધ પેઢીઓ સામાન્ય અંકુશ અને સંચાલન નીચે આવે છે, જ્યારે તેમનું અલગ વ્યક્તિત્વ ટકાવી રાખે છે. ટ્રસ્ટ, શાસકકંપની અને હિતસંબંધિત વર્ગ એ આંશિક સંગઠનનાં ત્રણ જુદાં જુદાં સ્વરૂપો છે. સંપૂર્ણ સંગઠન એ વિલીનીકરણ હોય ત્યારે અસ્તિત્વમાં આવે છે. એટલે કે એક કંપની અન્ય એક કે વધુ કંપનીઓને સમાવી લે છે, અથવા જ્યારે બે કે વધારે કંપનીઓનું એકમાત્ર એકમમાં જે અસ્તિત્વમાં આવે છે તેમાં જોડાણ થાય છે.

## 14.5 ચાવીરૂપ શબ્દો (Key Words)

**જોડાણ :** સંયોજનનું એક સ્વરૂપ, જેમાં હયાત કંપનીઓ સ્વૈચ્છિક રીતે વિસર્જિત થાય છે અને તેમની મિલકતો નવી સ્થપાયેલી કંપની લઈ લે છે.

**મંડળ :** જુદા જુદા ધંધાદારી એકમોના તેમના સામાન્ય હિતના રક્ષણ માટેનું સ્વૈચ્છિક સંગઠન.

**કાર્ટેલ :** એક જ પ્રકારનાં વેપારમાં વેપારી એકમોનું સ્વૈચ્છિક સંગઠન, જે સામાન્ય વેચાણ સંગઠન હોય છે.

**વેપારી મહામંડળ :** વાણિજ્યિક હિતોની વૃદ્ધિ માટે અમુક વિસ્તારના બધા જ પ્રકારના ધંધાદારીઓ અથવા ધંધાકીય એકમોનું બિનનફાકારક સ્વૈચ્છિક મંડળ.

**સંયોજન ટ્રસ્ટ :** સંગઠનનું એવું સ્વરૂપ કે જેમાં અનેક કંપનીઓના શૅરહોલ્ડરો, ટ્રસ્ટકરાર હેઠળ, તેમના શૅરની અંકુશ રાખી શકાય એટલી રકમ ટ્રસ્ટ પ્રમાણપત્રના બદલામાં ટ્રસ્ટીઓના બોર્ડને ફેરબદલ કરે છે, જે ટ્રસ્ટની આવકમાં તેમનું હિત દર્શાવે છે.

**હિત સંબંધિત વર્ગ :** ધંધાકીય સંયોજનનું એવું સ્વરૂપ કે જેમાં કેન્દ્રિત અંકુશની કોઈ પણ જાતની વૈધિક વ્યવસ્થા વગર, જુદી જુદી કંપનીઓની ધંધાકીય નીતિ શૅરહોલ્ડરો અથવા સંચાલકોના સામાન્ય જૂથ દ્વારા અંકુશમાં રાખવામાં આવે છે.

**સંપૂર્ણ સંગઠન :** તે જોડાતાં એકમોનું સંપૂર્ણ સંમિશ્રણ છે, જેના દ્વારા જોડાતાં એકમોનું અલગ વ્યક્તિત્વ સંગઠિત એકમની તરફેણમાં સોંપી દેવામાં આવે છે.

**સંગઠન :** એકમોના સંયોજનનું એક સ્વરૂપ, જેમાં જોડાતા એકમો પર સામાન્ય સત્તાનો અંકુશ હોય છે.

**કેન્દ્રગામી સંલગ્ન સંયોજન :** સંબંધિત છૂટા ભાગો અથવા પેદાશની મુખ્ય હારમાળાના મૂળભૂત માલસામાન સ્વરૂપનાં વિવિધ ઉત્પાદનો કરનારી વિવિધ પેઢીઓનું સંયોજન.

**વિકર્ણીય સંયોજન :** એક મુખ્ય એકમનું અન્ય એવા એકમ સાથેનું સંયોજન, કે જે સહાયક પેદાશો, અથવા સેવાઓ પૂરી પાડતું હોય. આ પેદાશો કે સેવાઓ મુખ્ય એકમની અવિરત કામગીરી માટે જરૂરી હોય છે.

**દૂરગામી સંલગ્ન એકીકરણ :** જુદી જુદી પેદાશોનું ઉત્પાદન કરતા એકમો જેઓ એક જ મૂળભૂત કાચા માલસામાનનો ઉપયોગ કરતા હોય - તેમનું મૂળભૂત કાચા માલસામાનનું ઉત્પાદન કરતા એકમ સાથેનું એકીકરણ.

**મહામંડળ :** એક જ ધંધામાં જોડાયેલા હરીફ ધંધાકીય એકમોનું જોડાણ. તેઓ પરસ્પરના લાભાર્થે અમુક ચોક્કસ નીતિઓ અનુસરવા અને બિનજરૂરી હરીફાઈ ઘટાડવા કરાર કરે છે.

**શાસક કંપની :** એક અથવા વધુ અન્ય કંપનીઓ પર બહુમતી ઇક્વિટી શૅરો ધરાવવાને કારણે કાબૂ ધરાવતી કંપની.

**સમસ્તરીય સંયોજન :** એકસરખા પ્રકારની વસ્તુઓના ઉત્પાદનમાં જોડાયેલાં વિવિધ એકમોનું સંયોજન.

**અવૈધિક કરાર :** હરીફ ધંધાકીય પેઢીઓ વચ્ચેની અવૈધિક સમજૂતી, જે દ્વારા તેઓ પરસ્પરના લાભ માટે ચોક્કસ વેપારી રીતરસમો અનુસરવા સંમત થાય.

**સંલગ્ન સંયોજનો :** વિવિધ પ્રકારની ચીજવસ્તુઓના ઉત્પાદન અથવા વેપારમાં સંકળાયેલી પેઢીઓનું સંયોજન. પરંતુ આ ચીજવસ્તુઓ એક યા બીજી રીતે સંકળાયેલી હોય છે.

**વિલીનીકરણ :** હયાત કંપની એક અથવા વધુ અન્ય સાહસોને અમુક નક્કી કરેલ રકમની ચુકવણી કરીને તેમની મિલકતોની ખરીદી કરીને અને જવાબદારીઓ સ્વીકારીને પોતાનામાં સમાવી લે છે.

**આંશિક સંગઠનો :** સંયોજનનું એક સ્વરૂપ કે જેમાં વિવિધ પેઢીઓ સામાન્ય અંકુશ અને સંચાલન હેઠળ એકઠી થાય છે, જ્યારે તેમનું અલગ વ્યક્તિત્વ ટકાવી રાખે છે.

**પુલ :** હરીફ પેઢીઓનું સમવાયતંત્ર, કે જે પરસ્પરની સંમતિથી ભાવ પર અને સંબંધિત પરિબળો પર સંયુક્ત અંકુશની કક્ષા ઇચ્છે છે અને આવા કરારના લાભો વહેંચી લે છે.

**વેપારી મંડળ :** વેપારી એકમો જે અમુક વેપાર અથવા ઉદ્યોગમાં જોડાયેલા હોય અથવા ગાઢ રીતે સંકળાયેલા હોય. એવા વેપારી જૂથનું તેમના સામાન્ય આર્થિક હિતોની વૃદ્ધિ માટેનું થયેલું સ્વૈચ્છિક સંગઠન.

**ટ્રસ્ટ :** સંગઠનનું સ્વરૂપ કે જેમાં અસંખ્ય ધંધાકીય એકમો દ્વારા તેમનો ધંધો સંભાળ માટે ટ્રસ્ટીઓને સોંપવામાં આવે છે.

**ઊર્ધ્વસ્તરીય સંયોજન :** એક જ ઉદ્યોગના ક્રમિક તબક્કા સાથે સંકળાયેલાં અનેક એકમોનું એકીકરણ.

**મતાધિકાર ટ્રસ્ટ :** સંયોજનનું સ્વરૂપ કે જેમાં વિવિધ ધંધાકીય એકમોના બહુમતી શૅર ધરાવનારાઓ તેમના શૅર, તેમના બદલે મતદાનના હેતુથી ટ્રસ્ટીઓના હાથમાં મૂકે છે.

## 14.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો


Bhushan, Y.K., 1987, *Fundamentals of Business Organisation and Management,* Sultan Chand: New Delhi (Part Nine, Chapter 3).

Ramesh. M.S, 1985, *Principles and Practice of Modern Business Organisation, Administration & Management*, Kalyani Publishers: New Delhi (Volume I, Chapter 14)

Singh, B.P., and T.N. Chhabra, 1988, *Business Organisation and Management,* KitabMahal: Allahabad (Part one, Chapter 45).


## 14.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

ક ૩ (૧) ખ (૨) ગ (૩) ઘ (૪) ક (૫) છ (૬) ચ

ખ 5 (1) સ્વૈચ્છિક (2) વિસ્તાર (3) એકસરખા પ્રકાર (4) હરીફ (5) બજાર (6) વાહનવ્યવહાર (7) સિન્ડિકેટ/કેન્દ્રીય એજન્સી (8) ફેડરેશન ઑફ ઇન્ડિયન ચેમ્બર્સ ઑફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ.

ગ 4 (1) ખોટું (2) ખરું (3) ખોટું (4) ખોટું (5) ખરું (6) ખરું.

## 14.8 અંતિમ કસોટી/સ્વાધ્યાય

(1) સમસ્તરીય અને ઊર્ધ્વસ્તરીય સંયોજનોના તુલનાત્મક ફાયદા અને મર્યાદાઓ સમજાવો.

(2) ધંધામાં કયા વિવિધ પ્રકારનાં સંયોજનનાં સ્વરૂપો હોય છે ? તે પૈકી ગમે તે બે સમજાવો.

(3) શાસક કંપની એટલે શું ? તે તેની ગૌણ કંપનીઓ પર પોતાનો પ્રભાવ શી રીતે પાડે છે ? ધંધાકીય સંયોજનના આવા સ્વરૂપના ફાયદા અને મર્યાદાઓ સમજાવો.

(4) ધંધાનાં સંયોજનો તરીકે શાસક કંપનીઓ, ટ્રસ્ટ અને વિલીનીકરણના તુલનાત્મક ફાયદા અને મર્યાદાઓ ચર્ચો.

(5) પુલ એટલે શું ? કાર્ય કરતા વિવિધ પ્રકારના પુલો વર્ણવો. 'પુલ આર્થિક રીતે બિનકાર્યક્ષમ હોય છે.' - આ વિધાન સાથે તમે સંમત થાઓ છો ?

(6) નીચેના વચ્ચેના તફાવતો દર્શાવો :

અ ટ્રસ્ટ અને શાસક કંપની

બ સમસ્તરીય અને ઊર્ધ્વસ્તરીય કંપની

ક પુલ્સ અને કાર્ટેલ્સ

ડ મંડળો અને વેપારી મહામંડળો

ઈ સંપૂર્ણ સંગઠન અને આંશિક સંગઠન

(7) સંગઠન એટલે શું ? વિવિધ પ્રકારનાં સંગઠનો સમજાવો.

| |
|---|
| નોંધ : આ એકમને સારી રીતે સમજવામાં આ પ્રશ્નો તમને મદદ કરશે. તેના જવાબો લખવાનો પ્રયત્ન કરો. પણ યુનિવર્સિટીને તમારા જવાબો મોકલશો નહીં, તે ફક્ત તમારા મહાવરા માટે જ છે. |

# એકમ 15 ધંધાની શક્યતા (Feasibility of Business)

## રૂપરેખા

15.0 ઉદ્દેશો
15.1 પ્રસ્તાવના
15.2 ધંધાની શક્યતા એટલે શું ?
15.3 શક્યતા અભ્યાસની જરૂરિયાત
15.4 ધંધાની શક્યતાને નક્કી કરતાં પરિબળો
15.5 શક્યતા અહેવાલો
15.5.1 ટેકનિકલ શક્યતા
15.5.2 આર્થિક શક્યતા
15.5.3 નાણાકીય શક્યતા
15.5.4 વાણિજ્યિક શક્યતા
15.5.5 સંચાલકીય શક્યતા
15.6 સારાંશ
15.7 ચાવીરૂપ શબ્દો
15.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો
15.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
15.10 અંતિમ કસોટી / સ્વાધ્યાય

## 15.0 ઉદ્દેશો

આ પ્રકરણનો અભ્યાસ કર્યા બાદ તમે-

* શક્યતાનો અર્થ દર્શાવી શકશો.
* શક્યતા અભ્યાસની જરૂરિયાત સમજાવી શકશો.
* ધંધાની શક્યતાને નક્કી કરતાં વિવિધ પરિબળો વર્ણવી શકશો.
* શક્યતા અભ્યાસનાં વિવિધ પાસાં વચ્ચેનો તફાવત દર્શાવી શકશો.

## 15.1 પ્રસ્તાવના

એકમ 4માં તમે શીખ્યા કે નવું ધંધાકીય સાહસ કેવી રીતે અસ્તિત્વમાં આવે છે. તે સંદર્ભમાં તમે નવાં ધંધાકીય સાહસોમાં સ્થાપકો અને ઉદ્યોગ સાહસિકો દ્વારા ભજવાતી ભૂમિકાનો અને માલિકોનો ધંધો, ભાગીદારી પેઢી અને કંપનીની સ્થાપના માટે લેવામાં આવતાં પગલાંનો અભ્યાસ કર્યો. સામાન્ય રીતે ઉદ્યોગ સાહસિક ત્યારે જ ધંધાકીય સાહસ શરૂ કરવાનું વિચારે છે કે જ્યારે તે તેને નફાકારક જણાય. સ્થાપકોએ ખાતરી કરવી જોઈએ કે વેચાણમાંથી મળતી આવક બધા ખર્ચાઓને પહોંચી વળવા પૂરતી હોવી જોઈએ. અને વાજબી નફો કમાવી શકાય. આ હેતુથી ઉદ્યોગ સાહસિક માટે એ જરૂરી છે કે પ્રસ્થાપિત ધંધો પૂરતો નફો કમાશે કે નહિ તેનો ઝીણવટથી અભ્યાસ કરે. આ બાબત શક્યતા અહેવાલો દ્વારા કરવામાં આવે છે. આ એકમમાં આપણે ધંધાની શક્યતાનો અર્થ અને મહ વ, ધંધાની શક્યતા નક્કી કરતી વખતે ધ્યાનમાં લેવાતાં પરિબળો અને શક્યતા અહેવાલની વિવિધ બાબતોની ચર્ચા કરીશું.

## 15.2 ધંધાની શક્યતા એટલે શું ? (What Is Feasibility Of Business ?)

શક્યતા એટલે વ્યવહારુતા. આમ ધંધાની શક્યતા એટલે ધંધાની વ્યવહારુતા. જ્યારે ઉદ્યોગ સાહસિક ધંધાની તકને શોધી કાઢે છે તેનો અર્થ એ નથી કે તે તે ધંધાને વ્યવહારમાં ચલાવવા શક્તિમાન બનશે. જો સારી તક જણાતી હોય તે વાસ્તવમાં જ્યારે ધંધાની વ્યાવહારિક બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે ત્યારે તે વ્યાવહારિક સાબિત ન પણ થાય. તેથી કોઈ પણ ધંધાકીય સાહસની શરૂઆત કરતાં અગાઉ ઉદ્યોગ સાહસિકે ગંભીર રીતે વિચારવું પડે છે કે તેણે વિચારેલ ધંધાકીય સાહસ વાસ્તવિક પરિસ્થિતિમાં સફળ નીવડશે કે નહિ. કઈ પેદાશોનો તે ધંધો કરશે, કઈ ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરશે, કયા બજાર પેદાશોની માંગ હશે અને એવી બીજી અનેક

બાબતો અંગે વિગતવાર યોજનાઓ તૈયાર કરવી પડે છે. તેણે ખાતરી કરવી પડે છે કે ધંધા માટે જરૂરી એવી મૂડી નફારૂપે પૂરતી આવક ઊભી કરશે. ધારો કે ઉદ્યોગ સાહસિકે શોધી કાઢ્યું છે કે એક નવા પ્રકારની પેદાશ માટે માંગ છે, તેને આધારે તે માની લઈ ન શકે કે તે ધંધાને લગતી દરેક બાબતો તેની ધારણાઓ પ્રમાણે જ બનશે. ધંધાની ખરેખર શરૂઆત કરતાં પહેલાં ઉદ્યોગ સાહસિક સમક્ષ વિવિધ પ્રકારના પ્રશ્નો ઉદ્‌ભવશે. આવા પ્રશ્નોમાં પેદાશની માંગ અત્યારે છે તેવી ચાલુ રહેશે અથવા તેમાં વધારો થશે અથવા સમય જતાં ઘટશે ? યોગ્ય ગુણવત્તાવાળો કાચો માલ સામાન વાજબી કિંમતે મળી શકશે ? ક્યા પ્રકારની ઉત્પાદન પ્રક્રિયા અપનાવવામાં આવશે ? કેટલા સમયમાં ધંધો બજારમાં જમાવી શકશે ? વગેરેનો સમાવેશ થાય છે. જો આ બધા પ્રશ્નોના જવાબો અનુકૂળ હોય તો ઉદ્યોગ સાહસિક આત્મવિશ્વાસ સાથે કહી શકે કે ધંધો વ્યવહારુ અથવા શક્ય નીવડશે.આમ, ધંધાની શક્યતા, ધંધાકીય સાહસની ટેકનિક, આર્થિક, નાણાકીય, વાણિજ્યિક અને સંચાલકીય દૃષ્ટિબિંદુથી વ્યવહારુતા દર્શાવે છે.

## 15.3 શક્યતા અભ્યાસની જરૂરિયાત (Need for Feasibility study)

દરેક ઉદ્યોગ સાહસિક કે જે ધંધાની તકો શોધતો હોય છે અને ધંધાકીય વિચારને ઓળખી શકે તો ચોક્કસપણે તેના મગજમાં કેટલાક હેતુઓ હોય અને તે હેતુઓ તે સિદ્ધ કરવા ઇચ્છતો હોય છે. આ હેતુઓ પૈકી એક હેતુ છે કે ધંધો શરૂ કર્યા પછી તે નફાકારક હોવો જોઈએ. ધંધાને નફાકારક બનાવવા, તેને કાર્યક્ષમ રીતે ચલાવવો જોઈએ. ઉત્પાદન પ્રક્રિયા ટેકનિકલ દૃષ્ટિએ અદ્યતન હોવી જોઈએ. ઉત્પાદન ખર્ચ અંકુશમાં હોવો જોઈએ. ઉત્પાદિત વસ્તુની ગુણવત્તા સંતોષકારક હોવી જોઈએ. ભંડોળ જ્યારે અને જ્યાં જોઈએ ત્યારે મળી શકવું જોઈએ. ગ્રાહકોની આવશ્યકતાઓ અને પસંદગી અગાઉથી જાણી લેવી જોઈએ. આ બધા હેતુઓને લીધે ધંધાની વ્યવહારુતાનું વિશ્લેષણ ખરેખર ધંધો શરૂ કરતાં પહેલાં કરવું જોઈએ. ધંધાની શક્યતાનું વિશ્લેષણ કરવા માટેનાં અન્ય પણ ઘણાં કારણો છે. શરૂઆતમાં સ્થાપકોએ વિવિધ હેતુઓને કારણે વિવિધ પક્ષકારો સાથે કરારમાં ઊતરવું પડે છે. જેમ કે જમીનની ખરીદી કરવી, કારખાનું સ્થાપવું, યંત્રો અને સાધનો પ્રાપ્ત કરવાં, કાચા માલસામાનનો પુરવઠો વગેરે. આવા કોઈ પણ કરારો કરતાં પહેલાં એ જરૂરી છે કે સ્થાપકો તેઓ જે ધંધાની સ્થાપના કરવાના છે તેના ઊજળા ભાવિ વિશે સંતોષ થવો જોઈએ. અન્યથા, ધંધામાં પાછળથી પ્રશ્નો ઊભા થશે તો સ્થાપકો કરાર હેઠળ બધી જ જવાબદારીઓ માટે વ્યક્તિગત રીતે જવાબદાર ગણાશે. આથી સ્થાપકો માટે જરૂરી છે કે ધંધાની શરૂઆત કરતાં પહેલાં ધંધાની શક્યતા બાબતમાં તેમણે ખાતરી મેળવી લેવી.

બીજું, સ્થાપકોએ રોકાણકારો પાસેથી જરૂરી મૂડી ઊભી કરવી પડે છે અને લોનની વ્યવસ્થા પણ કરવી પડે છે. જેઓ રોકાણ કરવા ઇચ્છે છે તેમને ધંધાની સ્પષ્ટતા અંગે ખાતરી કરાવવી પડે છે. આનું કારણ એ છે કે સ્થાપકો હંમેશાં તેમણે રોકેલ મૂડી પર વળતરના મહત્તમ દરની અપેક્ષા રાખે છે. જો તે કંપની હોય તો, તેઓ કંપની પાસેથી વાજબી ડિવિડન્ડના દરની અપેક્ષા રાખે છે . જો ધંધો નફાકારક હોય અને તેની પ્રવૃત્તિઓ વિકસાવવાની શક્યતા હોય, તો શૅરહોલ્ડરો તેમના શૅરની કિંમતમાં વધારો થવાની શક્યતા જુએ છે. જેનો અર્થ છે મૂડીલાભ. ગમે તે સંજોગોમાં રોકાણકારો હંમેશાં તેમના રોકાણની સલામતીમાં રસ ધરાવે છે અને તેઓ જાણવા ઇચ્છે છે કે ધંધો પૂરતી આવક કમાવી શકશે કે નહિ. આથી રોકાણકારો હંમેશાં ધંધામાં રોકાણ કરતાં પહેલાં ધંધાની નફાકારકતા નક્કી કરવા આતુર હોય છે.

રોકાણ કરનાર જનતા પાસેથી મૂડી ઊભી કરવા ઉપરાંત સ્થાપકો ભારતીય ઔદ્યોગિક નાણા નિગમ, રાજ્ય નાણાકીય નિગમો, રાજ્ય ઔદ્યોગિક વિકાસ કૉર્પોરેશનો વગેરે નાણાકીય સંસ્થાઓ પાસેથી પણ લોન ઊભી કરે છે. ટૂંકા ગાળાની નાણાકીય જરૂરિયાતો પૂર્ણ કરવા વાણિજ્ય બૅંકો પાસેથી લોન અને એડવાન્સીસની વ્યવસ્થા કરે. આ બધા સંજોગોમાં ધિરાણ કરનાર સંસ્થાઓ નક્કી કરે છે કે શું સ્થાપકો માટે નિયમિત રીતે વ્યાજ ચૂકવવું અને જ્યારે ચૂકવવાની થાય ત્યારે લોન ભરપાઈ કરવાનું શક્ય છે કે કેમ. તેઓ ખાતરી કરવા ઇચ્છે છે કે ધંધાને ગંભીર પ્રશ્નોનો સામનો કરવો નહિ પડે, અને યોગ્ય સમય ગાળામાં ધંધો પૂરતો નફો કમાશે. વાસ્તવમાં નાણાકીય સંસ્થાઓ પાસેથી નાણાકીય મદદ મેળવવાનો પ્રયત્ન કરતી વખતે, સ્થાપકોએ નાણાકીય સંસ્થાઓને ધંધાની સેવા પૂરી પાડવાની અને નફાકારક બનાવવાની શક્તિ વિશે સંતોષ આપવા માટે વિગતવાર શક્યતા અહેવાલો રજૂ કરવા જરૂરી હોય છે.

જ્યારે સ્થાપકો કરવેરામાં છૂટછાટો સરકારી આર્થિક સહાય, આયાત પરવાનો, માલસામાનની નિયંત્રિત ભાવે ખરીદી કરવાની પરમિટ વગેરે માટે અરજી કરે છે ત્યારે તેમણે સંબંધિત સરકારી ખાતાને સંતોષ આપવો પડે છે કે પ્રસ્તુત ધંધો એ વ્યાવહારિક દૃષ્ટિબિંદુથી કારગર નીવડશે. ઘણી રાજ્ય સરકારો ફૅક્ટરીની જગ્યાની ફાળવણી કરે છે અને નાના પાયા પરના અને મધ્યમ કદના ઉદ્યોગને વીજળી અને પાણી પુરવઠાની રાહત દરે બાંયધરી આપે છે. આ હેતુઓ માટે પણ ધંધાની શક્યતા આવશ્યક છે.

## 15.4. ધંધાની શક્યતા નક્કી કરતાં પરિબળો (Factors Determining the Feasibility of Business)

તમે ધંધાની શક્યતાનો અર્થ અને હેતુ શીખી ગયા. ધંધાની શક્યતા નક્કી કરતાં ધ્યાનમાં લેવામાં આવતાં જરૂરી પરિબળોની હવે આપણે તપાસ કરીએ. તમે જાણો છો કે ભારતમાં પંચવર્ષીય યોજનાઓ અમુક ઉદ્યોગો દર્શાવે છે કે જેમને વિકાસ માટે પ્રાથમિકતા આપવામાં આવશે. તેથી તપાસનો પ્રથમ મુદ્દો હોવો જોઈએ કે શું પ્રસ્તુત ધંધાકીય સાહસ પંચવર્ષીય યોજનામાં સ્પષ્ટ કરવામાં આવેલ પ્રાથમિકતાવાળા ઉદ્યોગોમાં આવે છે કે કેમ. જે તેને પ્રાથમિકતાવાળા ઉદ્યોગ તરીકે પંચવર્ષીય યોજનામાં દર્શાવેલ હોય તો પરવાનો મળવાની ખાતરી હોય છે. જો તે નાના પાયા પરનું ઔદ્યોગિક સાહસ હોય તો સ્થાપકોએ શોધી કાઢવું જોઈએ કે એમનાં ઉત્પાદનોનો સમાવેશ નાના પાયાના ક્ષેત્ર માટે અનામત વસ્તુઓની યાદીમાં થયો છે કે કેમ. જો તેમ હોય તો તે ધંધાકીય સાહસની સ્થાપના કરવામાં રાજ્ય સરકાર તરફથી વિશિષ્ટ રાહતો મળી શકે છે. આ રાહતોમાં ફૅક્ટરી માટે જમીનની ઉપલબ્ધિ રાહત દરે ઊર્જા અને પાણીનો પુરવઠો વગેરેનો સમાવેશ થઈ શકે. જો પ્રસ્તુત ઔદ્યોગિક સાહસ મોટા પાયા પર શરૂ કરવાનું હોય તો સ્થાપકોએ ઔદ્યોગિક પરવાના માટે અરજી કરવી પડે છે.

બીજી ધ્યાનમાં લેવા જેવી મહત્ત્વની બાબત છે પેદાશની માંગ. ભવિષ્યના ત્રણથી પાંચ વર્ષના અપેક્ષિત વેચાણની ગણતરી કરવા માટે ભૂતકાળની વાસ્તવિક માંગ અને ભવિષ્યની અંદાજિત માંગને ધ્યાનમાં લેવી જોઈએ.

ધંધાની નફાકારકતા ફૅક્ટરીના સ્થળના સ્થાન સાથે ગાઢ રીતે સંકળાયેલ છે. શ્રેષ્ઠ સ્થાન એ છે કે જ્યાં કામગીરીનો ખર્ચ લઘુતમ હોય અને પ્રાપ્ત થતા લાભો મહત્તમ હોય. આથી વૈકલ્પિક સ્થળોની જમીનની ઉપલબ્ધિ અને કિંમત, કામદારો, કાચો માલ-સામાન, પાણી, ઊર્જા, વાહનવ્યવહાર, સંગ્રહ અને અન્ય સગવડો અંગેની વિસ્તૃત માહિતી સાથેની વિચારણા કરવી જરૂરી છે.

સ્થાપવામાં આવનાર ઉત્પાદન ક્ષમતા એ બાબત એટલી જ મહત્ત્વની છે. સ્થાપવામાં આવતી ઉત્પાદન ક્ષમતા અંગે નિર્ણય લેવા માટે પ્રવર્તમાન માંગ અને પુરવઠાની સ્થિતિ સાથે હરીફ પેઢીઓની ઉત્પાદન ક્ષમતા ધ્યાનમાં લેવી જરૂરી છે. ઉત્પાદન પ્રક્રિયા અથવા ઉત્પાદનની ટૅકનોલૉજી એ ઉત્પાદનનું પ્રમાણ નક્કી કરતું બીજું પરિબળ છે. અદ્યતન ટૅકનોલૉજીનો ઉપયોગ કરવો હંમેશાં આવકારદાયક છે. પરંતુ પસંદ કરેલ ટૅકનોલૉજી અજમાવેલી હોવી જોઈએ અને જરૂરી કુશળ કામદારો ઉપલબ્ધ હોવા જોઈએ. નફાના અંદાજો પ્રત્યે ખાસ ધ્યાન આપવું જોઈએ. દરેક વેચાતી પેદાશ દીઠ નફાનો દર એક બાજુ એકમ દીઠ વેચાણ કિંમત અને બીજી બાજુ એકમ દીઠ કુલ ખર્ચ પર આધાર રાખે છે. તમે જાણો છો કે, સમય જતાં ખર્ચા હંમેશાં સ્થિર રહેતા નથી અને ઘણી વાર ખર્ચાનું વલણ ઘટવાને બદલે વધવા તરફનું હોય છે. આમ ભવિષ્યના ખર્ચા અંદાજતી વખતે, ખર્ચામાં વધારો થવાની શક્યતા માટેની તૈયારી રાખવી જોઈએ. જો વેચાણ કિંમત વધતા જતા ખર્ચાને અનુરૂપ ગોઠવી શકાય તો નફો એકસરખો રહેશે. પરંતુ હરીફાઈવાળા બજારમાં વધતા જતા ખર્ચાને અનુરૂપ કિંમતમાં વધારો કરવાનું હંમેશાં શક્ય બનતું નથી. આમ થાય તો નફાનો ગાળો ઘટવા માંડશે. આથી નફાનો અંદાજ બાંધતી વખતે એ જરૂરી છે કે ખર્ચનો ભવિષ્યનાં વલણો અને તેની નફા પરની શક્ય અસરોનું વિશ્લેષણ કરવું.

**તમારી પ્રગતિની ચકાસણી (ક)**

1. ધંધાની શક્યતા એટલે શું ?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

2. ધંધાની શક્યતાને નક્કી કરતાં પરિબળોની યાદી આપો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

3. સાચા વિકલ્પો સામે નિશાની કરો.

(1) ધંધો શરૂ કરતાં પહેલાં ઉદ્યોગ સાહસિકે આ બાબત અંગે ગંભીરપણે વિચારવું પડે.

(ક) ધંધાની શક્યતા
(ખ) ધંધાનું સ્થાન
(ગ) ધંધાની કાયદેસરતા
(ઘ) ધંધાની શક્યતા એટલે

(2) ધંધાની શક્યતા એટલે

(ક) ધંધાની કાર્યક્ષમતા
(ખ) ધંધાની વ્યવહારુતા
(ગ) રોકાણની સલામતી

(3) રોકાણકારો નાણાનું રોકાણ કરતાં પહેલાં મુખ્યત્વે શું જાણવામાં રસ ધરાવે છે ?

(ક) ધંધાની નફાકારકતા
(ખ) રોકાણથી તરલતા
(ગ) રોકાણ ફેરબદલી

(4) નીચેના પૈકી કયાં વિધાનો ખરાં છે અને કયાં ખોટાં છે તે દર્શાવો :

1. ધંધાની શક્યતામાં માત્ર રોકાણકારોને જ રસ હોય છે.
2. ધંધાની શરૂઆત કર્યા બાદ ધંધાની શક્યતા નક્કી કરવામાં આવે છે.
3. જો વેચવાની પેદાશની માંગ હોય તો ઉદ્યોગ સાહસિકને ચોક્કસ ખાતરી થાય છે કે ધંધો સફળ થશે.
4. ધંધાની શક્યતા નક્કી કરતી વખતે બધી જ બાબતો ધ્યાનમાં લેવી જોઈએ.

## 15.5 શક્યતા અહેવાલો (Feasibility Reports)

ધંધાની શક્યતા અંગે પદ્ધતિસરની તપાસ કરવા માટે વિસ્તૃત અહેવાલને આધારે સૂચિત ધંધાની જુદી જુદી બાબતોને ધ્યાનમાં લેવી જોઈએ. આવા અહેવાલો તૈયાર કરવા માટે પ્રવર્તકો સામાન્ય રીતે નિષ્ણાતો પર આધાર રાખે છે. આ બધા જ અહેવાલો ભેગા મળીને ભવિષ્યની પરિસ્થિતિ કે જેમાં ધંધાએ કાર્ય કરવાનું છે તે અંગેનો સ્પષ્ટ ખ્યાલ આપે છે. સૂચિત ધંધાની ટેકનિકલ, આર્થિક, વાણિજ્યિક, નાણાકીય ને સંચાલકીય બાબતો સાથે સંકળાયેલ અલગ અલગ અહેવાલો ઉપલબ્ધ છે, આ બધા શક્યતા અહેવાલો તરીકે ઓળખાય છે. કારણ કે આ બધા અહેવાલોને આધારે ધંધાની શક્યતા અથવા વ્યવહારુતાનું મૂલ્યાંકન કરવામાં આવે છે. ચાલો નવા ધંધાકીય સાહસની શક્યતા વિવિધ દૃષ્ટિકોણની મદદથી કેવી રીતે તપાસી શકાય તેની ચર્ચા કરીએ.

### 15.5.1 ટેકનિકલ શક્યતા (Technical Feasibility)

ટેકનિકલ દૃષ્ટિબિંદુથી શક્યતામાં ધંધાની નીચેની ત્રણ બાબતોની વિસ્તૃત તપાસનો સમાવેશ થાય છે :

(1) પ્લાન્ટ અથવા કારખાનાનું સ્થાન

(2) પ્લાન્ટનું કદ અથવા ઉત્પાદનશક્તિ

(3) ઉદ્યોગોની ટેકનિકલ જરૂરિયાતો.

સૌથી લાભદાયક સ્થાન નક્કી કરવા માટે વૈકલ્પિક સ્થળોની વિચારણા જરૂરી છે. આનું કારણ એ છે કે આવશ્યક સેવાઓ અને પુરવઠાની ઉપલબ્ધિ પાણી, ઊર્જા, જમીન, કામદાર, કાચો માલ-સામાન, વાહનવ્યવહાર, રહેઠાણ વગેરેના સંદર્ભમાં દરેક વૈકલ્પિક સ્થળના પોતાના ફાયદા અને મર્યાદાઓ છે. આમાંની ઘણી જરૂરિયાતો કેટલાંક સ્થળોએ ઉપલબ્ધ ન પણ હોય અથવા પૂરતા જથ્થામાં ઉપલબ્ધ ન હોય. ખર્ચની દૃષ્ટિએ કાચા માલસામાનનો પુરવઠો, બળતણ, ઊર્જા વગેરે નજીક હોય તો ફાયદો થાય છે.

પરંતુ આ બાબતમાં પડતરનો લાભ પૂરતા પ્રમાણમાં મોટો હોવો જોઈએ કે જેથી ગેરલાભના નુકસાનને પહોંચી વળે. અન્ય બાબતોમાં જેવી કે દૂરનાં બજારોમાં તૈયાર માલને પહોંચાડવા માટેના વધારાનાં ખર્ચના નુકસાનને ભરપાઈ કરી આપે છે. આમ કોઈ પણ ઉત્પાદનપ્રવૃત્તિની ટેકનિકલ શક્યતા એક બાજુ કાચો માલ સામાન, વળતર ઊર્જા વગેરેનો સંબંધિત ખર્ચ અને ઉપલબ્ધતા અને બીજી બાજુ બજારોમાં તૈયાર માલને મોકલવાના વાહનવ્યવહારના ખર્ચ પર મોટા પ્રમાણમાં આધાર રાખે છે. આદર્શ સ્થળ એ છે કે જ્યાં કાચા માલસામાનના પુરવઠનો હેરફેર ખર્ચ વગેરે અને તૈયાર માલનો હેરફેર ખર્ચ બન્ને સંયુક્ત ખર્ચ ઓછામાં ઓછો હોય.

ટેકનિકલ શક્યતાની બીજી બાબત છે પ્લાન્ટનું કદ અથવા પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતા પ્લાન્ટની સ્થાપિત ઉત્પાદન ક્ષમતા બે પરિબળોને આધારે નક્કી કરવામાં આવે છે : (1) બજારનું કદ એટલે કે સંભવિત વેચાણ અને (2) પ્લાન્ટનું ઇષ્ટતમ કદ એટલે કે ઉત્પાદનનો એવો જથ્થો કે જ્યાં એક એકમ દીઠ ઉત્પાદન ખર્ચ લઘુતમ હોય,

પ્લાન્ટના કદ અંગે નિર્ણયો લેતાં કોઈએ પણ બજારનું કદ અથવા સંભવિત માંગને ધ્યાનમાં લેવી પડે છે. જો બજારનું કદ ઓછું હોય તો તમે ખૂબ મોટા પ્લાન્ટનો વિચાર કરી ન શકે. જો તમે કદાચ મોટા પ્લાન્ટની સ્થાપના કરો તો તમે જેટલું વેચાણ કરી શકો તેના કરતાં તમે વધુ ઉત્પાદન કરશો. બીજી બાજુ જો તમે બજારનું કદ અથવા સંભવિત વેચાણની સરખામણીમાં નાના પ્લાન્ટની સ્થાપના કરો તો પ્લાન્ટનું કદ ઇષ્ટતમ કદ કરતાં નીચું હશે. જ્યારે પ્લાન્ટનું કદ ઇષ્ટ કદ કરતાં નીચું હશે તો ઉત્પાદનના પ્રમાણમાં મૂડી ખર્ચા વધુ પડતા હોવાને કારણે ઉત્પાદન ખર્ચ ઊંચો હશે. આથી ઉત્પાદન ક્ષમતા અથવા પ્લાન્ટના કદ અંગેનો નિર્ણય ખૂબ મહત્ત્વનો છે. આ નિર્ણય સંભવિત બજાર અને પ્લાન્ટના ઇષ્ટતમ કદના સંદર્ભમાં લેવો જોઈએ.

ટેકનિકલ શક્યતા નક્કી કરતું ત્રીજું મહ વનું પરિબળ છે ટેકનોલૉજીની યોગ્યતા અથવા ઉત્પાદનમાં લેવાતી ઉત્પાદન પ્રક્રિયા. જો નવી ટેકનિકલ પ્રક્રિયા અને તેની સાથે સંબંધિત યંત્રસામગ્રીનો વાસ્તવિક પરિસ્થિતિમાં તેની વ્યવહારુતાની યોગ્ય અજમાયશ કર્યા વગર ઉપયોગ કરવાનો હોય તો વાસ્તવિક કામગીરીના સમયે અપેક્ષિત પરિણામો પ્રાપ્ત ન પણ થઈ શકે. આ જોખમને લઘુતમ કરવું જોઈએ. આથી નવી પ્રક્રિયાઓ અને યંત્રોને અન્ય સાહસોના સફળ ઉપયોગનો પુરાવો હોય તો જ અપનાવવાં જોઈએ. બીજી બાજુ વ્યાપક પ્રમાણમાં ઉપયોગમાં લેવાતાં સાધનો અને પ્રક્રિયાઓના ઉપયોગમાં થોડા સમયમાં ને ટેકનિકલ દૃષ્ટિએ વધુ કાર્યક્ષમ પ્રક્રિયાઓના વિકાસને કારણે નકામી બની જવાનું જોખમ રહેલું છે. હરીફાઈવાળા બજારમાં સારી ઉત્પાદન કાર્યક્ષમતા ન હોય તો કોઈ પણ ધંધો ટકી શકે નહિ. આમ, જો છેલ્લામાં છેલ્લી ટેકનોલૉજીનો ઉપયોગ કરવામાં આવે તો ઉત્પાદનની ટેકનિકલ શક્યતાની ખાતરી મળે છે અને ઉત્પાદનના ખર્ચ અને ગુણવત્તાની દૃષ્ટિએ ઉત્પાદનની કાર્યક્ષમતા આવે છે.

## 15.5.2 આર્થિક શક્યતા (Economic Feasibility)

આર્થિક શક્યતાનો અભ્યાસ મોટે ભાગે પેદાશના બજાર વિશ્લેષણ પર આધારિત હોય છે. આર્થિક શક્યતા નક્કી કરવા માટે પેદાશ-બજારની ત્રણ બાબતો ધ્યાનમાં લેવી જરૂરી છે. નીચેની ત્રણ બાબતો ધ્યાનમાં લેવી જરૂરી છે :

(1) બજારનું કદ
(2) બજારના વિકાસની ઘડેલ યોજના
(3) બજારનો હિસ્સો કે પ્રાપ્ત કરવાની અપેક્ષા રાખવામાં આવી હોય.

કુલ બજાર અથવા નવી પેદાશનું બજાર, બજાર સંશોધન અને બજાર મોજણીને આધારે નક્કી કરી શકાય છે. જો પેદાશને વૈકલ્પિક પેદાશ તરફથી હરીફાઈનો સામનો કરવાનો હોય તો તેની બજારમાંગ પણ ધ્યાનમાં લેવી જોઈએ. બજારનું વલણ જાણવા માટે અવેજી પેદાશની માંગમાં છેલ્લા થોડાં વર્ષોમાં વધારો થયો છે કે નહિ તેની પણ તપાસ કરવી જોઈએ. જો તમારી પેદાશનો ઉપયોગ અન્ય ઉત્પાદકો દ્વારા થવાનો હોય તો તે ઉત્પાદકોની વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાતોનો અભ્યાસ કરવો પણ આવશ્યક છે. આનું કારણ એ છે કે તમારી પેદાશની માંગ અન્ય ઉત્પાદકોની ઉત્પાદિત પેદાશની માંગ પર આધાર રાખશે. ધારો કે તમે સાઇકલનાં ટાયરો અને ટ્યુબનું ઉત્પાદન કરવાનો ઉદ્યોગ શરૂ કરવાની યોજના કરો છો. આ સંજોગોમાં તમે ટાયરો અને ટ્યુબની માંગ શોધી કાઢવા માટે તમારે સાઇકલોની વર્તમાન માંગનો અંદાજ કાઢવો પડશે.

પેદાશની માંગનો અંદાજ કાઢતી વખતે ધ્યાનમાં લેવા જેવું બીજું મહ વનું પરિબળ છે. બજારનો ભૌગોલિક વ્યાપ. કેટલીક બાબતોમાં ભૌગોલિક વિસ્તારમાં વિશાળ સંખ્યામાં સંભવિત ગ્રાહકો કેન્દ્રિત થયેલા હોઈ શકે છે. કેટલીક બાબતોમાં સમગ્ર દેશમાં નાની સંખ્યાના સંભવિત ગ્રાહકો ફેલાયેલા હોય છે. તમારી વિતરણ વ્યૂહરચનાનો આધાર સંભવિત ગ્રાહકોના ભૌગોલિક ફેલાવા પર રહેલો છે. જ્યારે તમારી પાસે નવી ઉત્પાદન ટેકનોલૉજી અપનાવવાની યોજનાઓ હોય તો તમારે તમારી પેદાશ માટેનો બજાર વિસ્તાર હરીફો દ્વારા આવરી લેવામાં આવેલ બજાર વિસ્તાર કરતાં અલગ છે કે નહિ તેનો અભ્યાસ કરવો પડે છે. આમ, બજારના ભૌગોલિક પ્રકારનો અભ્યાસ એ ખૂબ નિર્ણાયક છે.

બજારના સ્વરૂપનો અભ્યાસ કર્યા બાદ, પેદાશની ભવિષ્યની માંગનો અભ્યાસ કરવો જરૂરી છે. સામાન્ય રીતે વર્ષોવર્ષના અંદાજો તૈયાર કરવામાં આવે છે. નવી પેદાશ દાખલ કર્યા બાદ શરૂઆતના સમયમાં ગ્રાહકો પેદાશની ઉપયોગિતાથી સંપૂર્ણપણે જાણકાર ન પણ હોય. સમય જતાં ગ્રાહકો દ્વારા પેદાશના વ્યાપક સ્વીકારને કારણે વેચાણમાં વધારો થયેલો જોવા મળે છે. પરંતુ થોડાક સમય બાદ બજારમાં હરીફ પેદાશો અને અવેજીનાં ઉત્પાદનો દેખાવા લાગે એટલે વેચાણમાં ઘટાડો થઈ શકે છે. ભવિષ્યની માંગનો અંદાજ બાંધતી વખતે અસંખ્ય અનુમાનો કરવાં પડે છે. ઉદાહરણ તરીકે એમ ધારી શકાય કે ગ્રાહકોની આવકમાં વધારો થવાને કારણે અથવા અન્ય કોઈ પેદાશના વિકલ્પ તરીકે પેદાશનો મોટા પ્રમાણમાં ઉપયોગ થવાના કારણે માંગમાં સારા એવા પ્રમાણમાં વધારો થશે. ટકાઉ ગ્રાહકપેદાશની બાબતમાં એમ ધારણા કરી શકાય કે નિયમિત સમયગાળાના અંતે ગ્રાહકો તેને બદલશે, છતાં આવી બધી ધારણાઓને હકીકતો અને કારણોનો આધાર પ્રાપ્ત થવો જોઈએ.

બજાર અભ્યાસનું ત્રીજું પરિબળ એ પેદાશ જે પ્રાપ્ત કરવાની અપેક્ષા છે તે બજારનો હિસ્સો છે. બજાર હિસ્સાનો અંદાજ મૂકતાં તે જરૂરી બને છે કે હરીફોના બજાર હિસ્સાનો અંદાજ મૂકવો. જો નવી પેદાશ ઉંચી ગુણવત્તાની અથવા વધુ ઉપયોગી હોય તો પણ તેની ગુણવત્તા અથવા ઉપયોગિતા સમજે તે માટે ગ્રાહકોને સમય લાગશે. હંમેશાં એ જોખમ રહેલું હોય છે કે ગ્રાહકો પેદાશને પસંદ ન કરે અથવા તેઓ થોડા સમય બાદ તેનો અસ્વીકાર કરે, ઉપરાંત નવી પેદાશનું માર્કેટિંગ કાર્ય વધુ સમય માંગી લે છે. અંતે બધાં પરિબળોને પેદાશના ભવિષ્યના બજાર હિસ્સાની યોજના ઘડતી વખતે ધ્યાનમાં લેવાં જરૂરી છે.

## 15.5.3 નાણાકીય શક્યતા (Financial Feasibility)

નાણાકીય દૃષ્ટિબિંદુથી ધંધાની શક્યતાને ટકી શકવાની નાણાકીય શક્તિ તરીકે ઓળખવામાં આવે છે. ટકી શકવાની નાણાકીય શક્તિના અભ્યાસની શરૂઆત ધંધાની સ્થાપનાના શરૂઆતના ખર્ચની ગણતરીથી થાય છે. શરૂઆતના ખર્ચમાં જગ્યાના વિકાસનો ખર્ચ, મકાનો અને રસ્તાનું બાંધકામ, પ્લાન્ટ અને યંત્રોની ગોઠવણી વગેરેનો સમાવેશ થાય છે. જો આ બધા પ્રકારના ખર્ચાઓનો સમાવેશ કર્યા વગર અંદાજો મૂકવામાં આવશે તો તમે વાસ્તવમાં જ્યારે શરૂઆત કરશો ત્યારે ભંડોળની તંગી પેદા થશે. જો ખર્ચાઓનો વધુ પડતો અંદાજ મૂક્યો હશે તો વધારાની લોનો પર વ્યાજનો ખર્ચ કરવો પડશે. આથી ખર્ચનો કાળજીપૂર્વક અંદાજ મૂકવો જોઈએ. બાંધકામના સમય દરમ્યાન ખર્ચમાં થનારા શક્ય વધારા અંગેની જોગવાઈ કરવી જોઈએ. શરૂઆતના ખર્ચાનો અંદાજ મૂકવા ઉપરાંત સ્થિર મિલકતો જેવી કે પ્લાન્ટ અને યંત્રો, ફર્નિચર અને ફિક્ષચર્સ વગેરેનો ખર્ચ અને ટૂંકા ગાળાના ભંડોળની જરૂરી રકમ (એટલે કે કાર્યશીલ મૂડી)નો અંદાજ મૂકવો જોઈએ. ટૂંકા ગાળાના ભંડોળની આ રકમમાં વર્તમાન ઉત્પાદન માટે સ્ટૉકમાં રાખવાના કાચા માલસામાનનો ખર્ચ ચૂકવવાના વેતન અને પગાર અને ધંધો ચલાવવા માટેના કરવાના અન્ય ચાલુ ખર્ચાઓનો સમાવેશ થાય છે. ધંધાની સ્થાપનાના વિવિધ તબક્કે અને તેની કામગીરી ચલાવવા માટે મૂડી જરૂરિયાતોનો અંદાજ મૂકવો એ પણ મહત્ત્વનું છે. ટકી શકવાની નાણાકીય શક્તિના અહેવાલમાં કુલ ઊભી કરવાની મૂડીમાં ઊછીની મૂડીનું પ્રમાણ (લોનો) અને માલિકીની મૂડી (શેરમૂડી)નું પ્રમાણ દર્શાવવું જોઈએ.

ઉત્પાદનના ખર્ચા અને પેદાશની વેચાણ કિંમતના આધારે વેચાણ અને નફાની આવકમાંથી અપેક્ષિત કમાણીના અંદાજો મૂકી શકાય. સામાન્ય રીતે શરૂઆતનાં કેટલાંક વર્ષોના નફાના અંદાજો અંદાજેલ ઉત્પાદનનો જથ્થો અને શરૂઆતના સમય અને ત્યાર બાદનાં વર્ષોના વેચાણને ધ્યાનમાં લઈને મૂકી શકાય. સામાન્ય રીતે એવું ધારવામાં આવે છે કે પ્રથમ વર્ષ દરમ્યાન ઉત્પાદન શક્તિ વાજબી દરે ઉપયોગમાં લેવાશે અને ત્યાર બાદ જેમ વેચાણ વધશે તેમ ધીમે ધીમે ઘટશે.

ધંધાની નાણાકીય ટકી શકવાની શક્યતા માત્ર કમાયેલ નફા પર જ આધાર રાખતી નથી. પરંતુ તેની લોન પરનું વ્યાજ, લેણદારોને ચુકવણી અને જ્યારે જ્યારે પાકે ત્યારે લોનની પરત ચુકવણી જેવી વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળવાની તેની શક્તિ પર વધુ પ્રમાણમાં આધાર રાખે છે. આ શક્તિ ટકી રહે એવી અપેક્ષા રાખી શકાય. જો પૂરતો નાણાકીય પ્રવાહ હોય. તેથી રોકડ આવક પ્રવાહ અને રોકડ જાવક પ્રવાહના વર્ષો વર્ષ પછીના, ત્રણથી પાંચ વર્ષના અંદાજો તૈયાર કરવા જોઈએ. રોકડ આવક પ્રવાહના અંદાજો કરવાના ખર્ચા, ઉદ્ભવતી જવાબદારીઓ પૂર્ણ કરવી (દા.ત. લેણદારોને ચુકવણી, ચૂકવવાના કરવેરા, લોન પરનું વ્યાજ વગેરે) લાંબા ગાળાની લોનના પરત ચુકવણીના હપતા. વગેરેને આધારે મૂકી શકાય. રોકડ જાવક પ્રવાહના અંદાજો દેવાદારો અને લેણદારો પાસેથી ઉઘરાણી, વધારાની લોનો અને શેર મૂડી ઊભી કરવાની અપેક્ષા અને અન્ય આવક જેવી કે ભાડું અથવા આપેલ લોન પરનું વ્યાજ વગેરેને આધારે મૂકી શકાય.

## 15.5.4 વાણિજ્યિક શક્યતા (Commercial Feasibility)

સૂચિત ધંધો વાણિજ્યિક સફળતા મેળવશે કે નહિ તેનો આધાર કેટલાંક પરિબળો જેવાં કે પેદાશની સંભવિત માંગ, ઉત્પાદન, વિતરણ અને વહીવટી ખર્ચા, હરીફ ભાવે અંદાજેલ વેચાણ સિદ્ધ કરવાની ધંધાની શક્તિ અને સરખી અથવા અવેજી પેદાશોના ઉત્પાદકોની હરીફાઈની તીવ્રતા વગેરે પર છે. આમ, વાણિજ્યિક શક્યતાના નિર્ધારણા માટે કામગીરી, ખર્ચાના અંદાજો અને હરીફાઈનું પ્રમાણ જે અમુક સમય દરમ્યાન ચાલુ રહેવાનું છે તેને ધ્યાનમાં લઈને વેચાણ કિંમતના અંદાજો નક્કી કરવા જરૂરી છે. સમયાંતરે કાચા માલસામાન અને વેતનના ખર્ચાઓમાં સામાન્ય રીતે વધારો થાય છે, ત્યારે ભવિષ્યમાં ખર્ચાઓમાં થનારા વધારાની યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ. દરેક વર્ષની વેચાણમાંથી થતી આવકના અંદાજો મૂકવા જોઈએ, જેમાં ભવિષ્યની શક્ય હરીફાઈને ધ્યાનમાં લેવી જોઈએ.

## 15.5.5 સંચાલકીય શક્યતા (Managerial Feasibility)

કોઈ પણ ધંધાની સફળતા અને નિષ્ફળતા અંતે તો જેઓ તે ધંધાકીય સાહસ ચલાવે છે તેવી વ્યક્તિઓની

કુશળતા અને કાબેલિયત પર આધાર રાખે છે. જો ધંધો ટેકનિકલ, આર્થિક, નાણાકીય અને વાણિજ્યક દૃષ્ટિબિંદુથી સદ્ધર હોય છતાં પણ તેની સંચાલકીય ક્ષમતા ગંભીર રીતે ધ્યાનમાં લેવી જરૂરી છે. સંચાલકો પાસે જરૂરી કૌશલ્યો અને અનુભવો હોય તો તેઓ ધંધાને માત્ર લાંબે ગાળે નફાકારક બનાવી શકે છે. જરૂરી સંચાલકીય અને ટેકનિકલ માણસો ઉપલબ્ધ છે કે નહિ તે શોધી કાઢવું આવશ્યક છે. યોગ્ય કુશળતા ધરાવતી વ્યક્તિઓની અનુપલબ્ધિ ઊંચા ઉત્પાદન ખર્ચા, ઉત્પાદન પ્રક્રિયામાં બગાડ અને નુકસાન, ઉત્પાદન અને વેચાણનું નીચું પ્રમાણ વગેરે તરફ દોરી જાય છે. આમ ધંધાની સંચાલકીય દૃષ્ટિબિંદુથી શક્યતા તપાસવી જરૂરી છે.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1. આર્થિક શક્યતા અને નાણાકીય શક્યતા વચ્ચેનો તફાવત દર્શાવો.

   ..........................................................................................................

   ..........................................................................................................

   ..........................................................................................................

2. ટેકનિકલ શક્યતા અને વાણિજ્યિક શક્યતા વચ્ચેનો તફાવત દર્શાવો.

   ..........................................................................................................

   ..........................................................................................................

   ..........................................................................................................

3. વિભાગ ''અ'' ની વિગતોને વિભાગ ''બ''ની વિગતો સાથે યોગ્ય રીતે જોડો.

| વિભાગ''અ'' | વિભાગ ''બ'' |
|---|---|
| (1) ઉત્પાદન શક્તિ | (ક) નાણાકીય શક્યતા |
| (2) બજારનું કદ | (ખ) ટેકનિકલ શક્યતા |
| (3) જવાબદારી ચૂકવવાની શક્તિ | (ગ) આર્થિક શક્યતા |
| (4) કામગીરીના ખર્ચા અને વેચાણ કિંમત | (ઘ) વાણિજ્યિક શક્યતા |

4. યોગ્ય શબ્દો દ્વારા ખાલી જગ્યા પૂરો.

   (1) ધંધાની --------- શક્યતા નક્કી કરવા માટે કામગીરીના ખર્ચા અને વેચાણની આવકનો અંદાજ મૂકવામાં આવે છે.

   (2) --------- શક્યતા સ્થાપવા માટે બજાર મોજણી જરૂરી છે.

   (3) આર્થિક શક્યતા માટે ---------- ના કદનો અંદાજ જરૂરી છે.

   (4) ટેકનિકલ દૃષ્ટિબિંદુની શક્યતામાં -------- સ્થાનની તપાસ સંકળાયેલી છે.

   (5) વાણિજ્યિક દૃષ્ટિબિંદુથી ધંધાની શક્યતામા ------------- માંથી આવકનો અને કામગીરી ----------- નો અંદાજ જરૂરી છે.

## 15.6 સારાંશ

જ્યારે ઉદ્યોગ સાહસિક ધંધાની તકને શોધે છે, તેનો અર્થ એ ન કરવો જોઈએ કે તે વ્યવહારમાં ધંધો ચલાવવા માટે શક્તિમાન છે. તેથી ધંધો શરૂ કરતાં પહેલાં ઉદ્યોગ સાહસિકે ધંધાની ટેકનિકલ, આર્થિક, નાણાકીય વાણિજ્યિક અને સંચાલકીય દૃષ્ટિબિંદુથી વ્યવહારુતાનો અભ્યાસ કરવો જોઈએ. આને ધંધાની શક્યતા કહેવામાં આવે છે. આ શક્યતા અહેવાલો સ્થાપકો માટે નફાકારકતા નક્કી કરવા અને ધંધાને ખરેખર શરૂ કરતાં પહેલાં તેની ભાવિ શક્યતાઓ નક્કી કરવા માટે જરૂરી છે. રોકાણ કરનાર જનતાને માટે ધંધાનું રોકાણ સલામત અને નફાકારક છે કે નહિ તેનું વિશ્લેષણ કરવા માટે પણ શક્યતા અભ્યાસો જરૂરી છે. નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન ઊભી કરવા માટે તેમની સમક્ષ શક્યતા અહેવાલો રજૂ કરવા પણ જરૂરી છે. કરવેરામાં રાહતો, આયાત પરવાના, અંકુશિત દરો કે માલસામાન ખરીદવાના પરવાના વગેરે મેળવવા માટે સરકાર સમક્ષ શક્યતા અહેવાલો રજૂ કરવા જરૂરી છે.

ધંધાની શક્યતા નક્કી કરવા માટે નીચેની બાબતો ધ્યાનમાં લેવી જરૂરી છે. શું સૂચિત ઉદ્યોગોને પંચવર્ષીય યોજનામાં પ્રાથમિક ઉદ્યોગોમાં દર્શાવેલ છે ? ભૂતકાળની માંગ તેમ જ ભવિષ્યની અંદાજેલ માંગ, હયાત

ઉત્પાદન શક્તિ, ટેકનોલૉજીકલ વિકલ્પો, કુશળ વ્યક્તિઓની ઉપલબ્ધતા ખર્ચ માળખું અને નફાકારકતા વગેરે.

ધંધાની શક્યતાની વ્યવસ્થિત તપાસ કરવા માટે સૂચિત ધંધાની વિવિધ બાબતોનું વિસ્તૃત અહેવાલોને આધારે વિશ્લેષણ કરવું જોઈએ. આથી સૂચિત ધંધાની ટેકનિકલ, આર્થિક, વાણિજ્યિક, નાણાકીય અને સંચાલકીય બાબતો સાથે સંકળાયેલા અલગ અહેવાલો તૈયાર કરવા જોઈએ. ટેકનિકલ શક્યતા હેઠળ ત્રણ બાબતોની વિસ્તૃત તપાસ કરવી જોઈએ. તે ત્રણ બાબતો છે : 1) પ્લાન્ટ કે ફેક્ટરીનું સ્થાન 2) પ્લાન્ટોનું કદ અથવા ઉત્પાદન શક્તિ અને 3) ટેકનોલૉજીકલ વિકલ્પો. આર્થિક શક્યતા મુખ્યત્વે પેદાશની બજાર વિશ્લેષણ સાથે સંકળાયેલી છે. આર્થિક શક્યતા હેઠળ ત્રણ બાબતોનું વિશ્લેષણ કરવામાં આવે છે : 1) બજાર કદ 2) બજારનો આયોજિત સંભવિત વિકાસ અને 3) બજાર હિસ્સો પ્રાપ્ત કરવાની અપેક્ષા. નાણાકીય શક્યતા મુખ્યત્વે ધંધાની નાણાકીય જરૂરિયાતો અને નાણાનાં વિવિધ પ્રાપ્તિસ્થાનોના અંદાજોની વિસ્તૃત તપાસ સાથે સંકળાયેલ છે. વાણિજ્યિક શક્યતા નક્કી કરવા માટે કામગીરી ખર્ચના અંદાજો અને અમુક સમયગાળા દરમ્યાન અસ્તિત્વમાં રહેતી હરીફાઈના સ્વરૂપને ધ્યાનમાં લેતા અપેક્ષિત વેચાણ કિંમત નક્કી કરવી જરૂરી છે. સંચાલકીય ક્ષમતા ધંધાને ચલાવવા માટેની જરૂરી ટેકનિકલ અને સંચાલકીય કુશળતાની ઉપલબ્ધતાની તપાસ કરે છે.

## 15.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**આર્થિક શક્યતા :** બજારનું કદ બજારમાંનો સંભવિત આયોજિત વિકાસ અને પ્રાપ્ત કરવાનો સંભવિત બજાર વિસ્તારનું વિશ્લેષણ કરીને ધંધાની ટકી શકવાની તપાસ કરવી.

**ટેકનિકલ શક્યતા :** પ્લાન્ટનું સ્થાન, પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતા, કદ અને ટેકનોલૉજિકલ વિકલ્પો વગેરેના વિશ્લેષણ દ્વારા ધંધાની ટેકનિકલ રીતે ટકી શકવાની શક્તિની તપાસ કરવી.

**ધંધાકીય શક્યતા :** ધંધાકીય સાહસની ટેકનિકલ, આર્થિક, નાણાકીય, વાણિજ્યિક અને સંચાલકીય દષ્ટિબિંદુથી વ્યવહારુતા.

**નાણાકીય ક્ષમતા :** ધંધાની નાણાકીય જરૂરિયાતો અને તેને પ્રાપ્ત કરવાનાં વિવિધ પ્રાપ્તિસ્થાનો કે જેમાં તેની વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળવાની શક્તિનો સમાવેશ થાય છે. તેની વિસ્તૃત તપાસ કરવી.

**વાણિજ્યિક શક્યતા :** કામગીરીના ખર્ચના અંદાજો અને હરીફાઈનું પ્રમાણ કે જે અમુક સમય દરમ્યાન ચાલુ રહેવાનું છે તેને ધ્યાનમાં લઈને વેચાણ કિંમત સાથેની તુલના કરતાં ધંધાની વાણિજ્યિક ટકી શકવાની શક્તિની તપાસ.

**સંચાલકીય શક્યતા :** ધંધાને ચલાવવા માટેની ટેકનિકલ અને સંચાલકીય કુશળતાની જરૂરિયાત અને ઉપલબ્ધતાની તપાસ કરવી.

## 15.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો

Lal, Deepak, 1974. *Methods of Project Analysis: A Review.* The World Bank: Washington.

Government of India. 1975. *Guideline for Preparation of Feasibility Reports for Industrial Projects.* Planning Commission:New Delhi.

UNIDO. 1972. *Guidelines for Project Evaluation.* United Nations: New York.

## 15.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

3 (1) ક (2) ખ (3) ક

4 (1) ખોટું (2) ખોટું (3) ખોટું (4) ખરું

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

3 (1) ખ (2) ગ (3) ક (4) ઘ

4 (1) વાણિજ્યિ (2)આર્થિક (3)બજાર (4)પ્લાન્ટ/ફેક્ટરી (5)વેચાણ, ખર્ચા.

## 15.10 અંતિમ કસોટી/સ્વાધ્યાય

(1) ધંધાની શક્યતા એટલે શું ? ધંધાની શક્યતાની તપાસ કરવાની શી જરૂર છે ?

(2) ધંધાની શક્યતા નક્કી કરતી વખતે ધ્યાનમાં લેવાનાં મુખ્ય પરિબળો ક્યાં છે ?

(3) શક્યતા અહેવાલોની વિવિધ બાબતોની ટૂંકમાં ચર્ચા કરો.

(4) ધંધાની ટેકનિકલ શક્યતા નક્કી કરવા માટે ધ્યાનમાં લેવાની વિવિધ બાબતો વિશે ટૂંકમાં ચર્ચા કરો.

(5) ધંધાની આર્થિક શક્યતા દ્વારા તમે શું સમજો છો ? આર્થિક શક્યતા નક્કી કરવા માટે અભ્યાસ કરવામાં આવતી વિવિધ બાબતો સમજાવો.

(6) નીચેના વિશે ટૂંકનોંધ લખો :

(અ) વાણિજ્યિક શક્યતા (બ) સંચાલકીય શક્યતા (ક) નાણાકીય શક્યતા.

> નોંધ : આ પ્રકરણને સારી રીતે સમજવામાં આ પ્રશ્નો તમને મદદ કરશે. તેના જવાબો લખવાનો પ્રયત્ન કરો.પરંતુ યુનિવર્સિટીને તમારા જવાબો મોકલશો નહિ. તે ફક્ત તમારા મહાવરા માટે જ છે.

# સંજ્ઞા અને બોધ ચિહ્ન

આ સંજ્ઞા અને બોધ ચિહ્ન જો ભેગાં લેવામાં આવે તો તે સ્વપ્રયત્નો દ્વારા આત્મસુધારણા અને જ્ઞાનની ખોજનો લાભ દર્શાવે છે. સંજ્ઞાનો અર્ધ વર્તુળાકાર સ્વરૂપ બીજ દર્શાવે છે, કે જે સમગ્ર જીવનનો સ્ત્રોત છે. એનો અર્થ સૂર્ય એવો પણ ઘટાવી શકાય, કે જેમાંથી જમણી બાજુએ અનેક કિરણો ઉદ્દ્ભવતાં જોવાં મળે છે. આ કિરણો પ્રકાશ, જ્ઞાન અને બોધનું પ્રતિનિધિત્વ કરે છે. વ્યક્તિની ક્ષમતાઓ આવા અભ્યાસને કારણે વધે છે અને તે તેના પરિણામરૂપે જીવનમાં પ્રગતિ તરફ દોરી જાય છે.

આ અર્થમાં એમ કહેવું સાચું છે કે આત્મ-સુધારણા માટેનો વ્યવસ્થિત અભ્યાસ એ સૌથી મોટી શિસ્ત છે, કે જે આ સંજ્ઞાની નીચે આપેલું સંસ્કૃત પદ સ્વાધ્યાયઃ પરમં તપઃ દર્શાવે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જેઓ આવી સ્વ-સુધારણા કરવા માગતા હોય તેમને જરૂરી તકો પૂરી પાડે છે અને સંજ્ઞામાં સૂચવાયેલાં લક્ષણો તેના પરિવર્તનશીલ સ્વરૂપમાં પ્રતિબિંબ પાડે છે.

- 'સ્વાધ્યાયઃ પરમં તપઃ' - 'સ્વ-અધ્યયન એ સર્વોચ્ચ તપ છે'. એ મારો સંજ્ઞાદર્શનનો આધાર હતો. આપણી પાસે રહેલાં સાધનો અને આંતરિક શક્તિઓને જીવનમાં ઊંચે ચઢવા અને આપણું ધ્યેય સિદ્ધ કરવા બહાર લાવવાનાં છે.
- સંજ્ઞાનું વર્તુળાકાર સ્વરૂપ બીજ, ગર્ભાશય અથવા સૂર્યનું પ્રતીક છે, કે જેમાંથી સર્જનની શરૂઆત થાય છે. સમગ્ર ભાર સ્ત્રોત-સ્વ-ઉપર છે.
- 'સ્વાધ્યાયઃ પરમં તપઃ' (સ્વ-અધ્યયન એ સર્વોચ્ચ તપ છે.) અને જીવનપંથ ઉજાળ - બન્ને સૂત્રોમાં એક સાહિયારું તત્વ પ્રકાશ છે, કે જે જ્યોત દ્વારા દર્શાવાય છે. જ્યોત તપ, પ્રકાશ, ઝંખના, જ્ઞાન અને દર્શનનું પ્રતિનિધિત્વ કરે છે.
- સમગ્ર સંજ્ઞામાં એક પ્રકારની બદ્ધતા જોવા મળે છે, પણ સાથે સાથે તે જ્ઞાનપ્રાપ્તિ માટે ખુલ્લી જગ્યા ધરાવે છે. સંજ્ઞામાં રહેલી પ્રવાહિતા 'પરિવર્તનશીલતા' અને વિસ્તૃત વ્યાપ દર્શાવે છે, કે જે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં લક્ષણો છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત

F.Y. B. Com.

# ધંધાકીય વ્યવસ્થા અને સંચાલન

BCBOM104




## ભાગ-3

## સરકાર અને ધંધો

ઇન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

F.Y. B. Com.

# ધંધાકીય વ્યવસ્થા અને સંચાલન

BCBOM104

વિભાગ

# 3

## સરકાર અને ધંધો (Government and Business)


| | |
|---|---|
| **એકમ 16**<br>સરકાર દ્વારા ધંધો (Government in Business) | 7 |
| **એકમ 17**<br>જાહેર સાહસો માટેનાં વ્યવસ્થાનાં સ્વરૂપો (Forms of Organisation in public Enterprises) | 23 |
| **એકમ 18**<br>જાહેર ઉપયોગિતાઓ (Public Utilities) | 39 |

## Expert Committee

Prof. B.S. Sharma
Pro-Vice-Chancellor
IGNOU

Prof. Rakesh Khurana
Director
School of Management Studies
IGNOU

Prof. J. Satyanarayana (*Chairman*)
Osmania University
Hyderabad

Prof. G.V. Shenoy
Institute of Rural Management
Anand

Prof. B.S. Bhatia
Punjabi University
Patiala

Prof. P.K. Ghosh
Delhi University
Delhi

Prof. R.B. Upadhyaya
University of Rajasthan
Jaipur

Prof. I.H. Farooqi
Aligarh Muslim University
Aligarh

Mr. A.K. Majumdar
Institute of Chartered Accountants of India
New Delhi

Prof. Amar Chand
Madras University
Madras

## Course Preparation Team

Prof. Laxmi Narain
Osmania University
Hyderabad

Dr. R.N. Goyal
Deshbandhu College
Delhi University
Delhi

**Faculty Members**
**Indira Gandhi National Open University**

Dr. R.K. Grover

Dr. N.V. Narasimham

Dr. V. Venugopal Reddy

Ms. Madhu Surya

Prof. G. Sambasiva Rao (*Language Editor*)

## Production

Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU

Mr. M.P. Sharma
Jt. Registrar (PPD)
IGNOU

Copies : (1995),(1996),1000(2005).
PRINTED BY : Nishan Offset Pvt. Ltd. Ph.: (079) 26420145, 2656 3810

આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી; દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

© *Indira Gandhi National Open University, 1989, Revised edition,-1991*

*All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.*

*Further information on the Indira Gandhi National Open University courses may be obtained from the University's office at Maidan Garhi, New Delhi-110 068*

*Printed at : Navajivan Mudranalaya, Ahmedabad - 380 014*

**અનુવાદ :**

| | |
|---|---|
| પ્રો. ધીરુભાઈ પટેલ | એસ. વી. કૉમર્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. જે. પી. લંગાલિયા | વિવેકાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ |
| પ્રો. વી. એમ. ત્રિવેદી | સી. યુ. શાહ સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ |
| પ્રો. એમ. એસ. દવે | એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ |

**પરામર્શ (વિષય) :**

| | |
|---|---|
| પ્રો. એચ. એસ. ઓઝા | યુનિવર્સિટી સ્કૂલ ઑફ કૉમર્સ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**પરામર્શ (ભાષા) :**

| | |
|---|---|
| ડૉ. અરવિંદ ભાંડારી | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. નીલોત્પલા ગાંધી | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**સંપાદન અને સંયોજન :**

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાન્ત એચ. ઠાકર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષાશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, કેમિસ્ટ્રિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

પ્રકાશક
શ્રી એસ. એચ. બારોટ, ઈચા., કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
સરકારી બંગલા નંબર - 9, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - 380 003, ટે.નં. 22869690-91
© સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ 5 સરકાર અને ધંધો (Goverment and Business)

ખાનગી સાહસ અને મુક્ત વ્યાપારને કારણે ઇજારાશાહી અને સંપત્તિનું મુઠ્ઠીભર માણસોના હાથમાં કેન્દ્રીકરણ થવા પામ્યું છે. અમુક જ વિસ્તારમાં ઉદ્યોગો સ્થપાતાં સ્થાનિક અસમતુલા સર્જાઈ છે. ઓછા નફાકારક, વધુ જોખમી અને મોટું મૂડીરોકાણ જરૂરી હોય તેવા પાયાના અને વ્યૂહાત્મક ઉદ્યોગોમાં ખાનગી સાહસોને રસ પડતો નથી. તેમ છતાં ઝડપી ઉદ્યોગીકકરણ માટે આવાં ઉદ્યોગોને અનિવાર્ય ગણાવી શકાય. ઇજારાશાહીને વધતી અટકાવવા, સંપત્તિનું ન્યાયી વિતરણ કરવા, ઉદ્યોગોના વ્યૂહાત્મક વિકાસ માટે અને સ્થાનિક અસમતુલા ઘટાડવા માટે સરકારે પોતે ધંધાદારી પ્રવૃત્તિના પ્રવર્તક, સંરક્ષક અને નિયામક બનવું પડે છે. સરકાર એક તરફ ખાનગી સાહસોની ધંધાદારી પ્રવૃત્તિઓનું નિયમન હાથ ધરે છે અને બીજી તરફ પોતે જ ધંધામાં ભાગ લે છે. ત્રણ એકમ ધરાવતા આ વિભાગમાં આપણે સરકારે ખાનગી સાહસના નિયમન માટે પોતે જ ધંધાદારી પ્રવૃત્તિમાં પડવાના વાજબીપણા અંગે ચર્ચા કરીશું. તેમાં જાહેર સાહસ અને જાહેર ઉપયોગિતાને સ્પર્શતાં કેટલાંક પાસાંઓનો પણ સમાવેશ થાય છે.

**એકમ-16**માં ખાનગી સાહસો પર સરકારી અંકુશના કારણે, આ અંકુશનાં સાધનો અને સરકારે પોતે ધંધામાં ઝંપલાવવા માટેનું વાજબીપણું વગેરે અંગે ચર્ચા કરવામાં આવી છે. ઉપરાંત જાહેર સાહસોના હેતુઓ, તેનાં કાર્યો અને પ્રશ્નોની સમજૂતી આપવામાં આવી છે.

**એકમ-17**માં જાહેર સાહસનાં ધંધાદારી સ્વરૂપોનાં લક્ષણો, લાભો, મર્યાદાઓ અને આપેલી પરિસ્થિતિમાં તેની અનુકૂળતા (Suitability) ની સમજૂતી આપવામાં આવી છે.

**એકમ-18**માં જાહેર ઉપયોગિતાની કાર્યપદ્ધતિ, સરકારી નિયમનની આવશ્યકતા અને આવાં સાહસોના અંકુશ અંગે ચર્ચા કરવામાં આવી છે.

# એકમ 16 સરકાર દ્વારા ધંધો (Government in Business)

## રૂપરેખા

16.0 ઉદ્દેશો
16.1 પ્રસ્તાવના
16.2 ખાનગી ધંધા પર સરકારી અંકુશ માટેનાં કારણો
16.3 સરકારી અંકુશનાં સાધનો
16.4 સરકાર પોતે શા માટે ધંધો કરે છે ?
16.4.1 મૂળભૂત કારણો
16.4.2 વિચારધારા પર આધારિત કારણો
16.4.3 કેટલાંક ખાસ કારણો
16.5 જાહેર સાહસ એટલે શું ?
16.6 જાહેર સાહસોનાં લક્ષણો અને હેતુઓ
16.7 જાહેર સાહસોની કામગીરી
16.8 જાહેર સાહસોનો ફાળો
16.9 જાહેર સાહસોના પ્રશ્નો
16.10 સારાંશ
16.11 ચાવીરૂપ શબ્દો
16.12 કેટલાંક ઉપયોગી પુસ્તકો
16.13 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો
16.14 અંતિમ કસોટી/સ્વાધ્યાય

## 16.0 ઉદ્દેશો

આ પ્રકરણના અભ્યાસ પછી તમે:

* સરકાર શા માટે ખાનગી સાહસોના ધંધાદારી પ્રવૃત્તિઓ પર અંકુશ મૂકવા ધારે છે તેનાં કારણો જણાવી શકશો.
* સરકારી અંકુશની જુદી જુદી રીત (પદ્ધતિઓ) સમજાવી શકશો.
* જાહેર સાહસ દ્વારા સરકાર ધંધામાં ભાગીદારીનો તર્કાધાર (Rationale) સમજાવી શકશો.
* જાહેર સાહસોની લાક્ષણિકતાઓ અને હેતુઓ જણાવી શકશો.
* ભારતમાં જાહેર સાહસોની કાર્યસિદ્ધિ, પ્રશ્નો અને મર્યાદાઓનું વર્ણન કરી શકશો.

## 16.1 પ્રસ્તાવના

પ્રણાલિકાગત મુજબ ધંધાદારી પ્રવૃત્તિઓ વ્યક્તિઓ અને ખાનગી સંસ્થાઓને હસ્તક હતી. ધંધો કરનારાઓનો નફો મેળવવાનો હેતુ અને માંગ અને પુરવઠાનાં પરિબળો હરીફાઈ યુક્ત બજારમાં બધાનાં હિતમાં કાર્યક્ષમ ઉત્પાદન અને વસ્તુ તેમ જ સેવાની યોગ્ય (ન્યાયી) વહેંચણીનું સર્જન કરશે તેમ માની લેવામાં આવેલું. પરંતુ તેને કારણે ઇજારાશાહીનો બેકાબૂ વિકાસ અને સંપત્તિનું થોડા લોકોના હાથમાં કેન્દ્રીકરણ થવા પામ્યું. મુખ્યત્વે નફાનો હેતુ ધરાવનારાં ખાનગી સાહસો જેમાં ઓછો નફો મળતો હોય, જે ઉદ્યોગ-ધંધામાં વધુ રાહ જોવી પડતી હોય, જેમાં વિશાળ મૂડી-રોકાણની જરૂર પડતી હોય તેવા ઉદ્યોગોમાં રસ લેતાં નથી. જ્યાં કાચો માલ-સામાન સરળતાથી મળી જતો હોય, ટેકનિકલ જ્ઞાન અને જાણકારી ધરાવનારા માણસો મળી જતા હોય, ઉદ્યોગોના વિકાસ માટે આનુષંગિક સગવડ હોય, નજીકમાં બજાર મળી જતું હોય તેવાં ગણ્યાંગાંઠ્યાં સ્થળોએ ઉદ્યોગોનું કેન્દ્રીકરણ કરતાં જોવાં મળ્યાં. જે સ્થળોએ આવી કુદરતદત્ત સગવડો-સુવિધાઓ ન હોય ત્યાં ઉદ્યોગો ન સ્થપાતાં અસમતુલા ઊભી થઈ. આને કારણે ઇજારા પર અંકુશ મૂકવા, સંપત્તિનું કેન્દ્રીકરણ અટકાવવા અને પ્રાદેશિક વિકાસમાં સમતુલા લાવવા સરકારના હસ્તક્ષેપની જરૂર ઊભી થઈ. આમ શરૂઆતમાં સરકાર ખાનગી

સાહસોની ધંધાદારી પ્રવૃત્તિઓ પર અંકુશ અને નિયમન મૂકવા લાગી અને પછી સાથોસાથ પોતે જ ધંધાદારી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માંડી.

આ એકમમાં આપણે ખાનગી ધંધા (સાહસો) પર સરકારી અંકુશના વાજબીપણા અંગે, આવાં અંકુશનાં સ્વરૂપો અંગે, સરકારે ધંધો કરવા અંગે, જાહેર સાહસોની લાક્ષણિકતાઓ, તેના હેતુઓ, તેનું પ્રદાન (ફાળો) અને તેની મર્યાદાઓનો ખ્યાલ મેળવીશું.

## 16.2 ખાનગી ધંધા પર સરકારી અંકુશનાં કારણો (Reasons underlying Government control over Private Business)

ખાનગી ધંધાદારી પ્રવૃત્તિઓ પર સરકારી નિયમન અને અંકુશ માટેનાં કારણોની વિસ્તૃત ચર્ચા કરીશું. મુખ્ય કારણો નીચે પ્રમાણે ગણાવી શકાય:

1. **મુક્ત સાહસ અને ખાનગી માલિકીની મર્યાદાઓ**

   (1) સાહસોને સ્વાતંત્ર્ય મળે એટલે ધંધાદારી મોટી પેઢીઓનો ઇજારો સ્થપાય. ઇજારાનો દુરુપયોગ ઉત્પાદન ઘટાડવામાં અને કિંમત વધારીને વધુ નફો કમાવામાં થતો જોવા મળે છે.

   (2) ધંધાની ખાનગી માલિકી સંપત્તિનું થોડા લોકો હાથમાં કેન્દ્રીકરણ કરે છે. આને કારણે લોકોમાં આવક અને સંપત્તિની વહેંચણી અસમાન થાય છે.

   (3) મોટી પેઢીઓનું અસ્તિત્વ નવી નાની પેઢીઓનો પ્રવેશ અટકાવે છે.

   (4) સમયાંતરે ધંધાની પરિસ્થિતિમાં તેજી-મંદી જોવા મળે છે. મંદીને કારણે બેકારી અને ગરીબી જન્મે, જ્યારે તેજીનાં સંજોગોમાં સટ્ટાકીય પ્રવૃત્તિઓ ધંધાની નિષ્ફળતા અને આર્થિક મુશ્કેલીઓ સર્જે છે.

2. **રાજ્યની સ્થાપના :** ઇજારા પર અંકુશ, વ્યાપારની વાજબી શરતો અને આવક તથા સંપત્તિની સમાન વહેંચણી દ્વારા સામાજિક સુરક્ષા અને સામાન્ય જનતાના હિતના રક્ષણ માટે સરકાર પર જાહેર દબાણ વધતુ જતું હતું.

3. **યોજનાબદ્ધ આર્થિક વિકાસ :** જે ઉદ્યોગોમાં વિશાળ મૂડી-રોકાણની જરૂર પડતી હોય અથવા જે ઉદ્યોગોમાં વળતરનો દર ઓછો હોય તેવા ઉદ્યોગોના વિકાસ માટે સરકારી હસ્તક્ષેપ અનિવાર્ય છે. વળી અર્થતંત્રને આયોજનબદ્ધ રીતે અમુક દિશામાં વાળવા કેટલાક ખાસ ઉદ્યોગોના વિકાસને અગ્રક્રમ આપવો પડે છે. પરંતુ ખાનગી સાહસિકો વિકાસના બદલે નફાની ગણતરી કરતા હોય છે. વળી જ્યાં સગવડ સુલભ હોય તેવી મર્યાદિત જગાએ જ ખાનગી સાહસિકો કેન્દ્રિત થતા જોવા મળે છે. તેથી દેશના પછાત વિસ્તારને ઔદ્યોગિક વિકાસનો લાભ મળતો નથી. તેથી દેશના ઝડપી આર્થિક વિકાસ માટે સરકારે ખાનગી ધંધા પર નિયમન લાદવું રહ્યું. વિકાસની પ્રક્રિયાને વેગ આપવા સરકાર પોતે ઔદ્યોગિક અને વેપારી પ્રવૃત્તિઓ હાથ ધરી શકે.

4. **બીજાં કારણો :** ખાનગી ધંધા પર નિયમનો મૂકવા સરકારને ફરજ પાડવાના બીજાં કેટલાંક કારણો નીચે પ્રમાણે છે:

   (1) ધાતુ, જંગલની પેદાશો, જેવાં મર્યાદિત કુદરતી સાધનોના ખાનગી પેઢીઓ દ્વારા થતો દુરુપયોગ રોકવો.

   (2) આ મર્યાદિત સાધનોની ભવિષ્યની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સદુપયોગ થાય તે જોવું.

   (3) નાના પાયા પરના ઉદ્યોગોને પ્રોત્સાહન અને સંરક્ષણ પૂરાં પાડવાં.

   (4) વિદેશી રોકાણકારોના પ્રભુત્વમાંથી અર્થતંત્રને રક્ષણ આપવું.

## 16.3 સરકારી અંકુશનાં સાધનો (Instruments of Government Control)

ખાનગી વેપાર પર સરકારી અંકુશ માટેનાં કારણોનો અભ્યાસ આપણે કર્યો. હવે આપણે ખાનગી સાહસના નિયમન માટે સરકારે લીધેલાં પગલાંઓની ચર્ચા કરીશું.

ખાનગી ધંધા પર સરકારી નિયમનનો અર્થ માત્ર ખાનગી સાહસની પ્રવૃત્તિઓ અટકાવી દેવાનો નથી. હકીકતમાં સરકારી અંકુશનાં સાધનો ધંધાદારી પ્રવૃત્તિઓને ઉત્તેજન આપનારાં કે અટકાવનારાં હોઈ શકે, ટેકનિકલ કે નાણાકીય મદદ, કર રાહત, સબસીડી, બેંક શાખ, કાચો માલ કે યંત્રો આયાત કરવા માટે વિદેશી ચલણ પૂરું પાડવું, વિદેશી હરીફાઈ સામે સંરક્ષણ વગેરે દ્વારા કોઈ એક ધંધાકીય કે ઔદ્યોગિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવું, સગવડ કે લાભ કરી આપવાનો હેતુ હોય ત્યારે સરકાર ઉદ્યોગોને ઉત્તેજન આપે છે તેમ કહેવાય. બીજી બાજુ કેટલાંક પગલાંની અસર અટકાવવા માટેની હોય છે. જેમ કે કાયદા-કાનૂન કે વહીવટી હુકમો દ્વારા ખાનગી વેપાર કે ઉદ્યોગો પર નિયંત્રણ કે નિયમન મૂકવામાં આવે. આવાં પગલાઓમાં ઉદ્યોગ શરૂ કરવા કે તેના વિકાસ માટે પરવાનાની જોગવાઈ, મૂડી ભરણાં પર અંકુશ, મહ ત્તમ કિંમત ઠરાવવી વગેરે ગણાવી શકાય. આમ છતાં કેટલાંક પગલાંઓની અસર બેઉ બાજુ થતી જોવા મળે છે. દા.ત., આયાતી કાચો માલ વાપરનારા ઉદ્યોગો માટે જો આવા માલની આયાત પર અંકુશ મૂકીએ કે તે આયાત અટકાવી દઈએ તો તે ઉદ્યોગો પર અવળી અસર પડશે. સાથે સાથે આયાત પરના અંકુશને કારણે તેના હરીફ માલના ઉત્પાદકોને લાભ થશે અને તેઓ વધુ નફો કમાશે. સરકારી પગલાંઓનો ભેદ સમજવાની એક બીજી પણ રીત છે. અંકુશનો અમલ સીધો જ કરવાનો છે કે આડકતરી રીતે એ ઉપરથી એમને બે મુખ્ય વિભાગમાં વહેંચી શકાય:

(1) સીધો અંકુશ અને (2) આડકતરો અંકુશ.

હવે, આપણે તેના અભ્યાસ ટૂંકમાં કરીશું -

**સીધો અંકુશ :** સીધો અંકુશ એ એવાં પગલાં છે જે સરકારી અધિકારીઓ પોતાની વિવેકબુદ્ધિ અનુસાર લઈ શકે છે. આ પગલાં ખાનગી સાહસોની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત, મર્યાદિત કે અંકુશિત કરવા માટે વપરાય છે.

આવા અંકુશનાં ઉદાહરણો:

(1) નવાં સાહસો શરૂ કરવા કે ચાલુ સાહસના વિસ્તૃતીકરણ માટેના પરવાના.

(2) કંપનીને મૂડી ઊભી કરવા શેર, ડિબેન્ચર વગેરે બહાર પાડવા પર મૂડી ભરણાં માટેના અંકુશ.

(3) આયાત કે નિકાસબંધી અથવા મર્યાદિત જથ્થામાં છૂટ દ્વારા આયાત-નિકાસ પર અંકુશ.

(4) ખાસ ચીજવસ્તુ પર કિંમતની મહ ત્તમ કે લઘુતમ મર્યાદા ઠેરવવી.

(5) રેશનિંગ દ્વારા ચીજવસ્તુઓની વહેંચણી પર અંકુશ.

(6) ઔદ્યોગિક વિકાસ માટે નાણાકીય સહાય કે ટેકો.

(7) નાણાકીય ટેકો કે શાખની સગવડ દ્વારા નિકાસ વૃદ્ધિ માટે પ્રોત્સાહન.

આવા અંકુશને વિવેકબુદ્ધિવાળા અંકુશ તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે તેને માટે સરકારી અધિકારીઓએ પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવાનો રહે છે.

**આડકતરો અંકુશ :** આ અંકુશો ખાનગી ધંધાને આડકતરી રીતે અસર કરનારા છે. નીચે આવા આડકતરા અંકુશનાં ઉદાહરણો આપ્યાં છે:

(1) **કરના દરમાં ફેરફાર :** ધંધાને પ્રોત્સાહન પૂરું પાડવા માટે કરના દર ઘટાડવામાં આવે અથવા ધંધાને મર્યાદિત કરવા માટે કરના દરમાં વધારો કરવામાં આવે.

(2) **આયાત અને નિકાસ જકાતમાં ફેરફાર :** કેટલીક ચીજવસ્તુઓની કિંમત વધારવા માટે તેની આયાત જકાતમાં વધારો કરવામાં આવે જેથી તેવી વસ્તુઓની આયાત ઘટવા પામે અથવા વિદેશી હરીફાઈથી સ્થાનિક ઉદ્યોગોને સંરક્ષણ પૂરું પાડવા માટે પણ તેમ કરવામાં આવે છે. કેટલીક વસ્તુઓની આયાત વધારવા તેની આયાત જકાત ઘટાડવામાં આવે. તે જ પ્રમાણે સ્થાનિક માંગ અને પુરવઠા પર અસર કરવા નિકાસ જકાત વધારવા કે ઘટાડવામાં આવે. દા.ત., જકાત નિકાસ વધારીએ તો નિકાસ ઘટશે અને વધતી સ્થાનિક માંગને પહોંચવા સ્થાનિક પુરવઠો વધારવો પડશે. નિકાસ જકાત ઘટાડીએ તો નિકાસ વધશે.

(3) **બેંક લોન પરના વ્યાજના દરમાં ફેરફાર :** કિંમત પર અંકુશ મૂકવા માટે સરકાર પોતાની નાણાકીય નીતિમાં ફેરફાર કરી શકે છે. દા.ત., બેંક લોન તેમ જ શાખ પર વ્યાજનો દર વધતાં વેપારી સાહસો વધારે શાખ મેળવી શકે નહિ તેમ જ વધારે ખર્ચ કરી શકે નહિ. તેથી તેમના રોકાણમાં ઘટાડો થશે. બીજી બાજુ વ્યાજનો દર ઘટતાં ધંધાદારી પેઢીની શાખ વધશે અને તેમની વેપારી પ્રવૃત્તિઓનો વિકાસ થશે.

આડકતરા અંકુશનો ઉપયોગ કરતી વખતે વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવાનો રહેતો નથી, કારણ કે સરકારી

અધિકારીઓએ કોઈ ખાસ પેઢી માટે અંકુશ રાખવાનો અને બીજી પેઢી માટે અંકુશ રાખવાનો નથી.

**આર્થિક આયોજન :** ઘણા વિકસતા દેશો આજે આર્થિક વિકાસ માટે આયોજનનું મહત્ત્વ સમજ્યા છે અને ઔદ્યોગિક વૃદ્ધિ માટે વિપુલ પ્રમાણમાં આર્થિક નીતિ અપનાવે છે. ભારતમાં આને માટે પંચવર્ષીય યોજનાઓ હાથ ધરવામાં આવી છે. પ્રથમ પંચવર્ષીય યોજના 1951 માં શરૂ કરવામાં આવેલી. ત્યાર પછી નિયમિત રીતે સાત યોજનાઓ પૂરી થઈ અને આઠમી પંચવર્ષીય યોજના ચાલી રહી છે. યોજનામાં નક્કી કરવામાં આવેલા : મુખ્યહેતુઓ નીચે પ્રમાણે છે.:

(1) લોકોનું જીવનધોરણ સુધારવા રાષ્ટ્રીય આવકની વૃદ્ધિનું લક્ષ્ય

(2) ખાસ કરીને લોખંડ, બળતણ અને વીજળી, રસાયણો, ખાતર ઇજનેરી માલસામાન, વાહનવ્યવહાર માહિતી સંચાર જેવા પાયાના અને ભારે ઉદ્યોગો તેમ જ અગ્રતાક્રમ ધરાવતા ઉદ્યોગોની વૃદ્ધિ.

(3) વધતી જતી કામદારોની સંખ્યાને સમાવવા નોકરીની તકો ઊભી કરવી.

(4) ખેતપેદાશોનું ઉત્પાદન વધારવું અને અનાજની બાબતમાં સ્વાય ત્તા પ્રાપ્ત કરવી.

(5) પ્રાદેશિક અસમતુલા ઘટાડીને સંતુલિત પ્રાદેશિક વિકાસ હાંસલ કરવો.

(6) મર્યાદિત કુદરતી સાધનોનો શક્ય તેટલો મહ ત્તમ લાભ માટે ઉપયોગ કરવો.

આર્થિક આયોજન જુદા જુદા ઉદ્યોગોના વિકાસ માટેના અગ્રતાક્રમનો નિર્દેશ કરે છે અને તે દ્વારા વિકાસની પ્રક્રિયાને માર્ગદર્શન પૂરું પાડે છે. વળી બળતણ, વીજળી, નાણાં જેવાં મર્યાદિત સાધનો તેમ જ અન્ય સગવડોનું ખાનગી સંસ્થાઓ વચ્ચે વિતરણ-વહેંચણીના કાર્યનું નિર્દેશન કરે છે. સરકાર પોતે કઈ આર્થિક અને સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરશે તે અંગે પણ પંચવર્ષીય યોજનામાં સ્પષ્ટતા કરવામાં આવે છે.

**ઔદ્યોગિક નીતિ :**

ઔદ્યોગિક નીતિમાં ઠરાવ્યા પ્રમાણે આપણા દેશમાં ઔદ્યોગિક વિકાસનું નિયમન અંકુશ અને ઉત્તેજન હાથ ધરવામાં આવે છે. સ્વાતંત્ર્ય મેળવ્યા પછી ભારત સરકારે નીતિ વિષયક જાહેરનામાં બહાર પાડીને ઔદ્યોગિક વિકાસમાં સરકાર, ખાનગી સાહસ, સરકારી સંસ્થાઓ તેમ જ મિશ્ર સાહસની સંસ્થાઓનો ફાળો નક્કી કર્યો છે. મોટાં, મધ્યમ અને નાના પાયા પરનાં ઔદ્યોગિક એકમોનું સાપેક્ષ મહત્ત્વ પણ નક્કી કરવામાં આવેલું છે. એપ્રિલ 1948માં ભારત સરકારે ઔદ્યોગિક નીતિ વિષયક પ્રથમ ઠરાવ દ્વારા ઔદ્યોગિક વિકાસમાં સરકારના વિકાસશીલ સક્રિય ફાળાનો સ્વીકાર કર્યો. સાથે સાથે એવી નીતિ નક્કી કરવામાં આવી કે ખાનગી સાહસની સંસ્થાઓ નક્કી કરવામાં આવેલી મર્યાદામાં રહીને પૂરક ફાળો આપશે.

1956માં સરકારે નવી ઔદ્યોગિક નીતિ નીચેના હેતુ માટે સ્વીકારી:

(1) આર્થિક વૃદ્ધિનો દર વધારવો

(2) ઔદ્યોગિક વિકાસ ઝડપી બનાવવો

(3) ઔદ્યોગિક વૃદ્ધિમાં સરકારી ભાગીદારીનું કાર્યક્ષેત્ર વિસ્તારવું

(4) ખાનગી ઇજારો અને આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ અટકાવવાં

(5) નાના પાયા પરના ગ્રામ્ય અને કુટિર ઉદ્યોગોનું ક્ષેત્ર નક્કી કરવું

(6) પ્રાદેશિક વિકાસમાં સમતુલા જાળવવી.

આ ઠરાવ અન્વયે ઉદ્યોગોને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવેલા છે :

(1) ઠરાવમાં વિભાગ-અ હેઠળના ઉદ્યોગો જેનો વિકાસ રાજ્ય હસ્તકના ઇજારા દ્વારા કરવામાં આવશે. આવા ઉદ્યોગોના વિકાસ માટેની સંપૂર્ણ જવાબદારી માત્ર રાજ્યની રહેશે. તેમાં અણુશક્તિ, શસ્ત્ર સરંજામ, ભારે યંત્રો, રેલગાડી અને હવાઈ વાહન-વ્યવહારનો સમાવેશ કરવામાં આવે છે.

(2) વિભાગ-બ હેઠળના ઉદ્યોગો જે ક્રમશઃ રાજ્ય પોતાને હસ્તક લેશે અને નવા એકમોની સ્થાપના રાજ્ય પોતે સંભાળશે. ખાનગી સાહસ પોતે એકલા કે સરકાર સાથે ભાગીદારીમાં રહીને આવા ઉદ્યોગોના વિકાસ માટે સક્રિય બની શકશે. આવા ઉદ્યોગોમાં એલ્યુમિનિયમ, દવા, યંત્રો-ઓજારો, ખાતર, માર્ગો અને દરિયાઈ વાહન-વ્યવહારનો સમાવેશ થાય છે.

(3) બાકીના એવા ઉદ્યોગો જેમાં ખાનગી સાહસો એકમો સ્થાપી શકશ, તેમ જ અસ્તિત્વ ધરાવતાં એકમોનું વિસ્તૃતીકરણ હાથ ધરી શકશે.

સમય જતાં સરકારે 1956માં અપનાવેલી નીતિમાં કેટલીક બાબતોમાં ફેરફાર કર્યા છે. પરંતુ પાયાની (મૂળભૂત) નીતિ લગભગ એ જ રહી છે.

ઔદ્યોગિક પરવાના :

ઔદ્યોગિક નીતિના ઠરાવના અમલ માટે સરકારી અંકુશ અને નિયમનના સાધન તરીકે ઔદ્યોગિક પરવાનાની પદ્ધતિ દાખલ કરવામાં આવી. આ હેતુથી 1951માં ઔદ્યોગિક વિકાસ અને નિયમનનો ધારો પસાર કરવામાં આવ્યો. આ ધારા અન્વયે એવું ઠરાવવામાં આવ્યું કે કેન્દ્ર સરકાર પાસેથી પરવાનો મેળવ્યા વિના કોઈ નવું ઔદ્યોગિક એકમ સ્થાપી શકાશે નહિ કે અસ્તિત્વ ધરાવતા ઔદ્યોગિક એકમમાં મહ વનું વિસ્તરણ હાથ ધરી શકાશે નહિ. ઉપરાંત સરકાર નવો પરવાનો આપતા પહેલાં નવા સાહસ માટેની સ્થળ, લઘુતમ કદ વગેરે અંગે કેટલીક શરતો લાદી શકશે.

ઔદ્યોગિક પરવાના નીતિ દ્વારા નીચેના હેતુ સાધવાની અપેક્ષા હતી :

(1) આયોજિત (યોજના પ્રમાણેનો) અગ્રતાક્રમ અને વૃદ્ધિના લક્ષ પ્રમાણે જુદાં જુદાં ઔદ્યોગિક સાહસોમાં રોકાણ અને ઔદ્યોગિક વિકાસનું નિયમન.

(2) ઇજારો અને સંપત્તિનું કેન્દ્રીકરણ અટકાવવું.

(3) મોટાં એકમોની અઘટિત હરીફાઈ સામે નાના પાયા પરના ઉદ્યોગોને રક્ષણ.

(4) અમુક જ વિસ્તારમાં ઉદ્યોગોનું કેન્દ્રીકરણ અટકાવવું અને ઉદ્યોગોનું પ્રાદેશિક વિકેન્દ્રીકરણ કરવું.

(5) વિદેશી હૂંડિયામણ જેવાં મર્યાદિત સાધનોનો શક્ય તેટલો સદ્ઉપયોગ.

તમારી પ્રગતિ ચકાસો (ક)

(1) નીચેનાં પૈકી કયાં વિધાનો ખરાં છે અને કયાં ખોટાં છે તે જણાવો:

(1) ધંધાકીય પ્રવૃત્તિઓમાં સરકારી હસ્તક્ષેપનું મુખ્ય કારણ સમગ્ર આર્થિક પ્રવૃત્તિઓ સરકારી માલિકોની અને સરકારી સંચાલન હેઠળની બનાવવાનું જ હતું.

(2) આયોજિત આર્થિક વિકાસ માટે જ ઉદ્યોગોના નિયમન અને અંકુશની જરૂર છે.

(3) આયાત જકાતનો દર વધારવો કે ઘટાડવો એ સીધા અંકુશનો પ્રકાર છે.

(4) આડકતરા અંકુશમાં બેંક ધિરાણ પરના વ્યાજના દરમાં તફાવતનો સમાવેશ થાય છે.

(5) ઔદ્યોગિક પરવાના દ્વારા નાના પાયા પરના ઉદ્યોગોનું સંરક્ષણ થઈ શકે છે.

(2) ખાલી જગ્યા પૂરો.

(1) સીધા અંકુશની અસર ---------------- કે ------------ હોઈ શકે.

(2) જથ્થો નક્કી કરીને આયાત પરનો અંકુશ એ ------------ અંકુશનો પ્રકાર છે.

(3) નિકાસ માટે રોકડ સહાયની મંજૂરી એ ------------ અંકુશનો પ્રકાર છે.

(4) આર્થિક આયોજન ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયાને ------------ છે.

(5) 1956ના ઔદ્યોગિક નીતિ ઠરાવ પ્રમાણે ઉદ્યોગોનું વર્ગીકરણ ------------ વિભાગમાં કરવામાં આવે છે.

(6) ---------------- ના અમલ માટે ઔદ્યોગિક પરવાનાની નીતિ અપનાવવામાં આવેલી.

## 16.4 સરકાર પોતે શા માટે ધંધો કરે છે ?(Why Does the Government participate in Business ?)

આપણે જોયું કે સરકાર એક તરફ ખાનગી સાહસો પર અંકુશ રાખે છે અને બીજી તરફ પોતે ધંધામાં સક્રિય પણે સીધો ભાગ લે છે. ખાનગી સાહસના અંકુશની જરૂર અને તેને માટે સરકારી અંકુશની પદ્ધતિઓનો ખ્યાલ આપણે મેળવ્યો. હવે આપણે ધંધામાં સરકારની સક્રિય ભાગીદારીની યથાર્થતા તપાસીશું.

આજે સરકાર અનેક વ્યાપારી સાહસો ચલાવે છે. સરકારી વ્યવસ્થાતંત્ર દ્વારા કેટલીક સેવાઓ પૂરી પાડવામાં આવે છે. જેવી કે વીજળી, પાણી, ટપાલ, ટેલિફોન, વાહનવ્યવહારની સેવા વગેરે. આ ઉપરાંત સરકારી માલિકોની અને સરકાર દ્વારા સંચાલિત કેટલીક ઔદ્યોગિક ઉત્પાદન કરનારી પેઢીઓ જોવા મળે છે. જે લોખંડ, રેલવેનાં એન્જિનો, યંત્રો અને સાધનો, ઘડિયાળો, રેલવેના ડબાઓ, ટેલિફોનનાં સાધનો વગેરેનું ઉત્પાદન કરે છે. સરકારી સાહસો વપરાશ યોગ્ય ચીજવસ્તુઓ પણ પૂરી પાડે છે. દા.ત. દૂધ, (સરકારી દૂધ યોજના દ્વારા) બ્રેડ, (મોડર્ન બેકરિઝ), કાપડ (નેશનલ ટેક્ષટાઈલ કોર્પોરેશન) વગેરે.તમારા મનમાં એ સવાલ ઊભો થાય કે સરકાર શા માટે ધંધામાં સીધી જ ભાગીદારી કરે છે ? સરકાર ધંધા અને ઉદ્યોગમાં સીધો ભાગ લે છે તેનાં કારણોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય : (1) મૂળભૂત કારણો (2) વિચારધારા પર આધારિત કારણો (3) કેટલાંક ખાસ કારણો. આપણે આ કારણો વિશે વિગતે ચર્ચા કરીએ.

## 16.4.1 મૂળભૂત કારણો (Basic Reasons)

ભારત સરકારને ખાતરી થઈ ગઈ હતી કે આર્થિક સ્વતંત્રતા વિનાની રાજકીય સ્વતંત્રતાનો કોઈ જ અર્થ નથી, તેથી શક્ય તેટલું વહેલી તકે રાષ્ટ્રમાં મોટા પ્રમાણમાં ઉદ્યોગીકરણ કરવાનું નક્કી કરેલું. સરકારને એમ લાગ્યું કે જો ખાનગી ક્ષેત્ર આ જવાબદારી સંભાળશે તો ઝડપી ઉદ્યોગીકરણનો હેતુ સિદ્ધ કરવામાં તે વધુ પડતો સમય લેશે. તેનું કારણ એ છે કે ખાનગી સાહસ પાસે નથી તો પૂરતી સાહસિકતા કે નથી હોતી મોટા પાયા પરનાં સાહસો માટેની સાધનસંપન્નતા. તેથી સરકારે આ પ્રશ્નના નિકાલ માટે બેવડો પ્રયાસ હાથ ધર્યો. સરકારે ખાનગી સાહસને નવા ઉદ્યોગો સ્થાપવા પ્રેરણા પણ આપી અને પોતે પણ એવા ઉદ્યોગો મોટા પાયા પર શરૂ કર્યા.

લોખંડનાં કારખાનાં, ખાતરનાં કારખાનાં અને ઔદ્યોગિક અને ખેતીની વૃદ્ધિ માટે એવાં બીજાં એકમો સ્થાપવાનું સરકારે નક્કી કર્યું. સ્વાતંત્ર્ય પછીના પહેલા દસકામાં સરકારે સ્થાપેલાં સાહસો અને પ્રોજેક્ટોની યાદી નીચે પ્રમાણે ગણાવી શકાય:

(1) રૂરકેલા, ભીલાઈ અને દુર્ગાપુર ખાતે લોખંડનાં કારખાનાં.

(2) હિન્દુસ્તાન મશીન ટુલ્સ.

(3) સિંદરી ફર્ટિલાઇઝર ફેક્ટરી (સિંદરીનું ખાતરનું કારખાનું).

(4) હિન્દુસ્તાન શિપયાર્ડ (વહાણ બાંધવા કે બનાવવાનું કારખાનું).

(5) હિન્દુસ્તાન એન્ટિબાયોટિક્સ (દવાઓ બનાવવાનું કારખાનું).

(6) હિન્દુસ્તાન કેબલ્સ (વીજળી અને ટેલિફોન માટે કેબલ બનાવવાનું કારખાનું).

(7) ચિત્તરંજન લોકોમોટિવ વર્કસ (રેલવેનાં એન્જિનો બનાવવાનું કારખાનું).

(8) ઇન્ટિગ્રલ કોચ ફેક્ટરી (રેલવેના ડબા બનાવવાનું કારખાનું).

(9) ઇન્ડિયન ટેલિફોન ઇન્ડસ્ટ્રીઝ.

(10) વીજળી અને નહેર યોજનાઓ : તુંગભદ્રા, ભાખરા નાંગલ, હીરાકુંડ, દામોદર વેલી, ચંબલ વગેરે

(11) ખાનગી સાહસોને ધિરાણ પૂરું પાડવા માટે ઇન્ડસ્ટ્રિયલ ફાઇનાન્સ કોર્પોરેશન ઑફ ઇન્ડિયા.

(12) ખાનગી સાહસ દ્વારા ઉદ્યોગીકરણને સહાય કરવા માટે નેશનલ ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન.

સરકારનો હેતુ બને તેટલી વહેલી તકે અને બને તેટલા વધુ ક્ષેત્રોમાં આર્થિક સ્વાયત્તતા મેળવવાનો હતો. આપણે એ ઠીક ઠીક પ્રમાણમાં હાંસલ કરી શક્યા છીએ.

સરકાર દ્વારા સ્થપાયેલા મોટા ભાગના વિશાળ (બહોળું, મોટા પાયા પર) રોકાણ ધરાવે છેઃ (i) સ્થાપના માટે લાંબો સમય (દા.ત. લોખંડનાં કારખાનાં માટે 5 થી 6 વર્ષનો સમય ગાળો જોઈએ છે અને (ii) રોકાણો પર વળતરનો નીચો દર મોટા ભાગના કિસ્સાઓમાં મોટા જોખમનું તત્ત્વ પણ રહેલું હતું, જે સામાન્ય રીતે ખાનગી સાહસો ઉઠાવવા તૈયાર ન જ થાય. આમ સરકારે દેશના ઔદ્યોગિકીકરણ માટે ઔદ્યોગિક સાહસિક તરીકે ભાગ ભજવ્યો. સરકારે જે ઉદ્યોગો સ્થાપ્યા છે તે જો આપણે ખાનગી સાહસો આવા ઉદ્યોગો સ્થાપે અને જોખમ ખેડીને જરૂરી રોકાણ કરવા આગળ આવે તેવી આશા રાખી બેસી રહ્યા હોત તો ક્યારેય અસ્તિત્વમાં આવ્યા ન હોત.

## 16.4.2 વિચારધારા પર આધારિત કારણો (Ideological Reasons)

ચિત્રને હંમેશાં બીજી બાજુ પણ હોય છે. આર્થિક અને સામાજિક ગણતરી ઉપરાંત ઉત્પાદનનાં સાધનોની જાહેર માલિકી અંગેની વિચારધારા બાબત સરકાર કેટલાક ખ્યાલો માટે પ્રતિબદ્ધતા ધરાવે છે. આ વિચારધારા કૉંગ્રેસ પક્ષની પોતાની છે જેણે ભારતમાં સતત રાજ કર્યું છે, સિવાય કે 1977-79ના ગાળા દરમ્યાન જ્યારે જનતા પક્ષ સત્તા પર હતો. એ નોંધવું રહ્યું કે સ્વાતંત્ર્ય પહેલાં જ કૉંગ્રેસ પક્ષે સમાજવાદી સમાજરચના દ્વારા ઉત્પાદનનાં સાધનોની સામાજિક માલિકીનો ખ્યાલ અપનાવેલો છે. એ નોંધવું રહ્યું કે 1956નો ઔદ્યોગિક નીતિનો ઠરાવ જે આજે પણ સ્વીકાર્ય છે તેમાં સરકારની ધંધામાં ભાગીદારીનો ઉલ્લેખ ભાર પૂર્વક તેમ જ સ્પષ્ટ રીતે કરવામાં આવેલો છે. જે ભારતીય અર્થતંત્રમાં સરકાર દ્વારા સ્થપાયેલ સાહસોનું મહત્ત્વ દર્શાવે છે.

## 16.4.3 કેટલાંક ખાસ કારણો (Some Specific Reasons)

સરકારે ધંધામાં ભાગીદાર થવા માટેનાં બીજાં પણ કેટલાંક કારણો છે. આ બધાં કારણો કોઈ એક નિર્ણયમાંથી ઉદ્ભવતાં હોય છે. તેમાંનાં કેટલાંક નીચે પ્રમાણે ગણાવી શકાય.

**હવાઈમાર્ગી વાહનવ્યવહારનો ધંધો :** 1953 સુધી દેશમાં ઘણી હવાઈ (માર્ગી વાહન વ્યવહારની) કંપનીઓ હતી. તેમાંની મોટા ભાગની નાણાકીય રીતે સદ્ધર ન હતી. તેમની પાસે આધુનિક અને ખર્ચાળ વિમાનો ખરીદવા માટે નાણાં ન હતાં. હવાઈ વાહન વ્યવહાર દેશ માટે વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવે છે. તેથી સરકારે નવ હવાઈ કંપનીઓનું રાષ્ટ્રીયકરણ કર્યું અને ઇન્ડિયન ઍરલાઇન્સ કૉર્પોરેશન અને ઍર ઇન્ડિયા ઇન્ટરનેશનલ કૉર્પોરેશનની સ્થાપના 1953માં કરી.

**વીમાનો ધંધો :** આજે વીમાનો સઘળો ધંધો સરકાર હસ્તક છે. ભારતીય જીવન વીમા નિગમ જીવન વીમાનું કાર્ય સંભાળે છે. ભારતીય સામાન્ય વીમા નિગમ (General Insurance Corporation of India) અને તેની ચાર પેટા કંપનીઓ અન્ય પ્રકારના વીમાનું કામકાજ સંભાળે છે.

સરકારે 1956માં વીમાનો ધંધો શરૂ કર્યો જે કંપનીઓ જીવન વીમાના ધંધાના મુખ્ય હેતુઓ પાર ન પાડતી હોય એટલે કે :- (1) જનતાની બચત અસરકારક રીતે આકર્ષી ન શકતી હોય (2) વીમાનો સંદેશ શક્ય તેટલો ઘણો દૂર અને ઘણો વિશાળ બનાવી શકતી ન હોય અને (3) વીમા ભંડોળનો ઉપયોગ આર્થિક વિકાસ માટે કરતી ન હોય - તેવી અસંખ્ય કંપનીઓનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું.

1955માં જીવન વીમાના રાષ્ટ્રીયકરણ પહેલાં પૉલિસીઓની કુલ સંખ્યા 47.8 લાખ અને વીમા રકમ રૂા. 1220 કરોડ હતી. 1987 માર્ચ અંતે પૉલિસીઓની કુલ સંખ્યા 298.8 લાખ અને વીમા રકમ રૂા. 60,795 કરોડ હતી. ઉપરાંત જીવન વીમા નિગમનું ભંડોળ રાષ્ટ્રના વિકાસમાં રોકવામાં આવે છે. દા.ત., 1987 માર્ચના અંત સુધીમાં રૂા. 14,400 કરોડના કુલ રોકાણમાં રૂા. 1300 કરોડ રાજ્ય વીજળી બોર્ડને અને રૂા. 561 કરોડ પાણી પુરવઠા અને ગટરકામની યોજના માટે ધિરાણ તરીકે આપવામાં આવેલા. 50 % કરતાં વધુ રોકાણ સરકારી જામીનગીરીઓમાં કરવામાં આવેલું છે. આમ રાષ્ટ્રની બચત રાષ્ટ્રના મહત્ત્વના હેતુઓ સિદ્ધ કરવા તરફ વાળવામાં આવે છે જે રાષ્ટ્રીયકરણ પહેલાં જોવા મળતું ન હતું. પૉલિસીની સંખ્યા અને વીમા રકમના આંકડા એ દર્શાવે છે કે વીમાનો સંદેશ બહોળા પ્રમાણમાં અને દૂર સુધી ફેલાવવામાં આવેલો છે. તે જ પ્રમાણે સામાન્ય વીમાનું કામ 1971માં તેનું રાષ્ટ્રીયકરણ કર્યા પછી સમાજલક્ષી બનવા પામ્યું છે. જો સો કરતાં વધુ ખાનગી કંપનીઓ આ કામ સંભાળતી હોત તો આવું પરિણામ જોવા મળ્યું ન હોત.

**વેપારી બૅંકો :** સરકાર આજે વિશાળ પ્રમાણમાં બૅંકિંગનો ધંધો સંભાળે છે. 90% કરતાં વધુ વેપારી બૅંકો સરકાર હસ્તક છે. સરકારને બૅંકિંગના ધંધામાં જવા પાછળ શા હેતુઓ રહેલા છે? સરકાર ઇચ્છતી હતી કે રાષ્ટ્રની નીતિ અને હેતુઓને અનુરૂપ અર્થતંત્રના વિકાસમાં બૅંકિંગ પદ્ધતિ પોતાનો ફાળો આપે. સરકાર ઇચ્છતી હતી કે બૅંકો સમાજના નબળા વર્ગના લાભાર્થે પોતાની ધિરાણ નીતિનાં ધોરણો અપનાવે. ખાનગી ક્ષેત્રની બૅંકો સરકારનો આ હેતુ બર આવવા દેતી ન હતી તેથી 1969માં 14 મુખ્ય બૅંકોનું અને પછીથી 1980માં બાકીની 6 બૅંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું અગાઉ 1955માં સરકારે ઇમ્પિરિયલ બૅંક ઑફ ઇન્ડિયાનું રાષ્ટ્રીયકરણ કરીને તેને ભારતીય સ્ટેટ બૅંક (સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા)માં ફેરવી નાખી હતી. આમ કરવાનું કારણ એ હતું કે ઇમ્પિરિયલ બૅંક ઑફ ઇન્ડિયા સરકારની ઇચ્છા પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં પૂરતી સંખ્યામાં શાખાઓ ખોલવા તૈયાર ન હતી.

સપ્ટેમ્બર 1987ના અંતે વેપારી બૅંકોની કુલ 54.163 શાખાઓ પૈકી 30:463 શાખાઓ ગ્રામ્ય વિસ્તારમાં હતી. એટલે કે 56 % જ્યારે 1969માં તેનું પ્રમાણ માત્ર 22 % હતું. બીજું જૂન 1969ના અંતે કૃષિ વિષયક પ્રવૃત્તિઓ માટેનું રાષ્ટ્રીયકૃત બૅંકોનું ધિરાણ રૂા. 9,231 કરોડ હતું, જેને માટે 166 લાખ ખાતાંઓ ખોલવામાં આવેલાં (ખાતેદારો) હતાં. તે જ પ્રમાણે નાના પાયા પરના ઉદ્યોગોને કરાયેલ ધિરાણ રૂા.7.836 કરોડ હતું, જેને માટે 18 લાખ ખાતેદારો હતા.

**કોલસા ઉદ્યોગ :** ખનીજ(COAL) કોલસાની ખાણોનું રાષ્ટ્રીયકરણ 1971માં કરવામાં આવ્યું. તેનું કારણ એ છે કે લોખંડ અને પોલાદના ઉત્પાદન માટે વપરાતા કોલસાનો અનામત જથ્થો આપણા દેશમાં ઘણા મર્યાદિત પ્રમાણમાં છે. ખાનગી ક્ષેત્ર આ અલભ્ય કુદરતી સંપત્તિનું ખોદાણ ઉડાઉ રીતે અને ઝડપથી ખલાસ થઈ જાય તે રીતે કરતી હતી. 1973માં બીજા પ્રકારના કોલસાની ખાણોનું પણ રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું. તેને માટેનાં કારણોનાં (1) ખાનગી સાહસના માલિકો પાસે કોલસાનું ઉત્પાદન વધારવા માટે જરૂરી ભંડોળ ન હતું. (2) કોલસો અલભ્ય કુદરતી સંપત્તિ છે. તેનું ખોદકામ અવૈજ્ઞાનિક રીતે હાથ ધરવામાં આવતું હતું. અને (3) ખાનગી ખાણિયાઓ ખાણમાં કામ કરતા લોકોનું સખત શોષણ કરતા હતા.

**તેલ ઉદ્યોગ :** 1970માં વિદેશી તેલ કંપનીઓ જેવી કે બર્મા શેલ, કાલ્ટેક્ષ અને એસ્સોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું. આમ કરવાનો હેતુ એ હતો કે તેલ જેવા વ્યૂહાત્મક અને મુશ્કેલીભર્યા અગત્યના સાધન પર સરકારનો અંકુશ હોવો જોઈએ. આજે સરકારનો તેલના ઉત્પાદન અને વિતરણ પર સંપૂર્ણ અંકુશ જોવા મળે છે. તેને પરિણામે આજે આપણે સ્વાવલંબી બન્યા છીએ તેમ જ પોતાનાં સાધનો ઊભાં કરી શક્યા છીએ.

**બીજા પ્રકારના કેટલાક ધંધાઓ :** સરકારને જુદા જુદા ધંધામાં જોડાવા માટેનું એક અન્ય ખાસ કારણ એ પણ છે એકસો કરતાં વધુ કાપડની મિલો અને ડઝનોની સંખ્યામાં ઇજનેરી કંપનીઓ અને બીજાં સાહસોની જવાબદારી સરકારે સ્વાતંત્ર્ય મળ્યા પછી સ્વીકારેલી છે, કારણ કે કેટલાક એકમો માંદા પડે અથવા ખાનગી સાહસો જે એકમો બંધ કરી દેવા ઇચ્છતાં હોય તેવા એકમોની ઉત્પાદન શક્તિને વેડફાતી અટકાવવા સરકાર કટિબદ્ધ છે. જો માંદા એકમો બંધ કરવામાં આવે તો હજારો કર્મચારીઓ બેકાર બને જે સામાજિક તેમ જ રાજકીય દૃષ્ટિએ ઇચ્છનીય નથી જ .

જ્યારે ખાનગી સાહસ પરિસ્થિતિને પહોંચી વળવામાં નિષ્ફળ નીવડે ત્યારે રાષ્ટ્રીયકરણનું પગલું કેવી રીતે ઉપયોગી નીવડે છે તેની યાદી આપણે ઉપર નોંધી. આ રીતે સરકારનો ધંધામાં પ્રવેશ શક્ય બને છે. ટૂંકમાં આપણે કહી શકીએ કે ભારતમાં સરકારે ધંધામાં પડવા માટે આર્થિક તેમ જ સામાજિક કારણરૂપ ગણાવી શકાય.

ઉપરની ચર્ચા પરથી સરકારે ધંધામાં ઝંપલાવવા માટેનાં કારણોની યાદી નીચે પ્રમાણે આપી શકાય:

(1) સરકારે ધંધામાં પડવા માટેનાં કારણ તરીકે આર્થિક તેમ જ સામાજિક કારણો હોઈ શકે.

(2) જો સરકારે કેટલીક ઔદ્યોગિક પ્રવૃત્તિઓ શરૂ જ ન કરી હોત તો ભારતીય અર્થતંત્ર આટલા સદ્ધર પાયા પર ગોઠવાઈને સ્વાવલંબન પ્રાપ્ત કરી શક્યું ન હોત.

(3) કેટલાંક માંદાં એકમો સ્વીકારી લેવાની સરકારને ફરજ પડી છે કારણ કે તેમને બંધ કરવાનું આર્થિક તેમ જ સામાજિક દૃષ્ટિએ વાજબી નથી.

(4) સરકારને ધંધામાં ઝંપલાવવા માટે (કે ભાગ લેવા માટે) કેટલીક વિચારધારા મહત્ત્વનો ભાગ ભજવે છે. આવી વિચારધારાની ગેરહાજરીમાં શક્ય છે કે સરકાર ધંધામાં સીધેસીધું પૂરેપૂરું ઝંપલાવવાને બદલે માત્ર આરંભ (શરૂ) કરાવનાર પથદર્શક તરીકે સેવા આપે.

(5) સરકારને ધંધામાં ચાલુ રહેવા માટે વિચારધારા તેમ જ આર્થિક સામાજિક કારણો ગણાવી શકાય.

## 16.5 જાહેર સાહસ એટલે શું ? (What is a Public Enterprise?)

આપણે નોંધ્યું છે કે સરકારી માલિકીનાં સાહસોને જાહેર સાહસો તરીકે ઓળખવામાં આવે છે. ચોક્કસ શબ્દોમાં કહીએ તો એક ધંધાના એકમ તરીકે જાહેર સાહસ એટલે કેન્દ્ર, રાજ્ય કે સ્થાનિક સરકારની માલિકીનું તેમ જ તેમના દ્વારા સંચાલિત કોઈ એક ઔદ્યોગિક કે વેપારી સાહસ, જેનું ઉત્પાદન બજારમાં વેચવામાં આવતું હોય. નહિ કે તેનું વિતરણ મફત થતું હોય. આમ જાહેર સાહસ એ ધંધાદારી સાહસ છે જે ઉત્પાદન, વેપાર કે સેવાના ક્ષેત્રમાં રોકાયેલું જોવા મળે છે.

જાહેર સાહસ રાષ્ટ્રીયકૃત ઉદ્યોગો કે સરકારી માલિકી અને અંકુશ નીચે શરૂ થનારા નવા એકમોનું બનેલું હોય છે. જીવન વીમા નિગમ, ઇન્ડિયન એરલાઇન્સ કૉર્પોરેશન, કોલ ઇન્ડિયા લિમિટેડ વગેરે ખાનગી એકમોના રાષ્ટ્રીયકરણ દ્વારા સ્થપાયેલાં એકમોનાં ઉદાહરણ છે. જ્યારે હિન્દુસ્તાન મશીન ટુલ્સ, હિન્દુસ્તાન એન્ટિબાયોટિક્સ લિમિટેડ, ચિત્તરંજન લોકોમોટિવ વર્ક્સ વગેરે સરકાર દ્વારા સ્થપાયેલ સાહસોનાં ઉદાહરણ ગણાવી શકાય.

**જાહેર સાહસ અને ખાનગી સાહસ વચ્ચેનો તફાવત :** ખાનગી સાહસોએ સરકારે ઠરાવેલા ધોરણે, કાયદા-કાનૂન અને નિયમોની મર્યાદામાં રહીને વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહની માલિકીનાં ઔદ્યોગિક કે વેપારી

સંગઠનો છે. તેમાં એકાકી અને ભાગીદારી સ્વરૂપના, નાના અને મધ્યમ, ઉત્પાદન કે વેપાર કરનારાં એકમોનો સમાવેશ થાય છે.

ખાનગી સાહસનો મુખ્ય હેતુ નફો કમાવાનો હોય છે. જાહેર સાહસો સરકારે ઠરાવેલી નીતિને અનુસરે છે, જેનું ધ્યેય મહત્તમ જાહેર કલ્યાણ અને જાહેર હિત જાળવવાનું બની રહે છે. ભારતમાં જાહેર સાહસોના હેતુ વિકાસ યોજનાના હેતુને અનુરૂપ હોવા જરૂરી છે.આ જાહેર સાહસોનું ઉત્તરદાયિત્વ સરકાર અને સંસદ અથવા રાજ્યસભાઓ પ્રત્યે રહેલું છે. ખાનગી સાહસો પોતાનાં ધ્યેય નક્કી કરવાની બાબતમાં સ્વતંત્ર છે, અને ગેરકાયદેસર ન હોય તેવી કોઈ પણ ધંધાકીય પ્રવૃત્તિ હાથ ધરી શકે છે. તેમ છતાં ખાનગી સાહસો પર સરકારે જુદાં જુદાં અંકુશો અને નિયમનો લાદેલાં છે.

## 16.6 જાહેર સાહસોનાં લક્ષણો અને હેતુઓ (Features and Objectives of Public Enterprises)

લાક્ષણિકતાઓ (લક્ષણો)

ખાનગી સાહસની સરખામણીમાં જાહેર સાહસનાં મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે ગણાવી શકાય :

(1) જાહેર સાહસોની માલિકી અને તેનું સંચાલન સરકાર પોતે કરે અથવા સરકારે સ્થાપેલી સંસ્થા દ્વારા કરવામાં આવતું હોય છે.

(2) જાહેર સાહસો માટે જરૂરી, પૂરેપૂરી કે મોટા ભાગની મૂડી સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી હોય છે.

(3) જાહેર સાહસોનું વ્યવસ્થાતંત્ર સરકારી ખાતા દ્વારા સરકારી કંપની તરીકે અથવા કાયદા દ્વારા સ્થપાયેલ નિગમ મારફત થતું જોવા મળે છે.

(4) જાહેર સાહસો સરકારે ઠરાવેલી નીતિ પ્રમાણે જાહેર હિતમાં કામ કરે છે. તેમનો હેતુ માત્ર નફો કમાવાનો નથી હોતો.

(5) જાહેર સાહસોના હેતુ વિકાસ યોજનાને અનુરૂપ રાખવામાં આવે છે (નક્કી કરવામાં આવે છે). આ સાહસો પોતાનાં કાર્યો અને હેતુની પૂર્તિ માટે સંસદ અથવા વિધાનસભાને જવાબદાર છે.

હેતુઓ

જાહેર સાહસોના અસ્તિત્વ અને વૃદ્ધિને આધારે આપણે કહી શકીએ કે તેના મુખ્ય હેતુઓ ઘણા છે તે નીચે પ્રમાણે નોંધી શકાય :

(1) વિકાસ યોજના પ્રમાણેનો ઔદ્યોગિક વૃદ્ધિ દ્વારા આર્થિક વિકાસ.

(2) આર્થિક વૃદ્ધિ માટે સાધનોનો મહત્તમ ઉપયોગ.

(3) જાહેર કલ્યાણ અને આવક તથા સંપત્તિના વિતરણમાં અસમાનતા ઘટાડવી.

(4) ઉદ્યોગ અને વેપારમાં સ્થાનિક વિસ્તારની સમતુલા જાળવવી.

(5) ઇજારાની વૃદ્ધિ અને આર્થિક સત્તાનું થોડા લોકોના હાથમાં કેન્દ્રીકરણ અટકાવવું.

(6) લોકોની મુશ્કેલીઓ ઘટાડવા આવશ્યક ચીજવસ્તુઓની કિંમત(ભાવ) પર અંકુશ રાખવો.

(7) અગ્રક્રમને ધ્યાનમાં રાખીને ખાનગી અને જાહેર સાહસોને નાણાં મળી રહે તે માટે નાણાકીય સંસ્થાઓ દ્વારા લોકોની બચતનો ઉપયોગ.

(8) (આદર્શ) માલિક તરીકે કર્મચારીઓને નોકરીનું સંતોષકારક વાતાવરણ પૂરું પાડવું.

તમારી પ્રગતિ ચકાસો (ખ)

(1) જાહેર સાહસ એટલે શું ?

.......................................................................................

.......................................................................................

.......................................................................................

(2) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો:

(1) જાહેર સાહસો નફાના મુખ્ય હેતુથી કામ કરતાં જોવા મળે છે.

(2) જીવન વીમાના ધંધાનું ભારતમાં 1956માં રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું.

(3) ઇન્ડિયન એરલાઇન્સ કૉર્પોરેશન એ ધંધામાં સરકારના પ્રવેશનું ઉદાહરણ છે.

(4) બધાં જ જાહેર સાહસોની સંપૂર્ણ માલિકી કેન્દ્ર સરકારની હોવી જોઈએ.

(5) જાહેર સાહસોના હેતુઓ પૈકીના એક ઝડપી આર્થિક વિકાસનો ગણાવી શકાય.

(3) ખાલી જગ્યા પૂરો.

(1) જાહેર સાહસો એ મૂળભૂત રીતે ---------- સાહસો (પેઢીઓ) છે.

(2) ભારતમાં સરકારનો ધંધામાં ફાળો ---------- અને ---------- કારણોસર વાજબી ગણવામાં આવે છે.

(3) ---------- યોજનામાં જણાવ્યા પ્રમાણે જાહેર સાહસોના હેતુઓ નક્કી કરવામાં આવે છે.

(4) સરકાર દ્વારા સામાન્ય વીમાના ધંધાનું કામકાજ ---------- મારફત થાય છે.

## 16.7 જાહેર સાહસોની કામગીરી (Performance of Public Enterprises)

આપણે જાહેર સાહસોનો અર્થ, લક્ષણો અને હેતુઓનો અભ્યાસ કર્યો. હવે પ્રશ્ન એ થાય છે કે જાહેર સાહસોએ શું હાંસલ કર્યું ? આ પ્રશ્નનો ઉત્તર આપવાનું સરળ નથી કારણ કે સરકારની ધંધાદારી પ્રવૃત્તિની બાબતે સર્વસંમતિ જોવા મળતી નથી. દા.ત., કેટલાક લોકો બંદર, રેલવે અને ટપાલની સેવાને ધંધાદારી પ્રવૃત્તિ ગણે છે. જ્યારે બીજાઓ તે સાથે સંમત થતા નથી. વળી 25 રાજ્યો અને 8 કેન્દ્ર શાસિત પ્રદેશોમાં થઈને સરકારે કેટલીય (અગણિત) ધંધાદારી પ્રવૃત્તિઓ હાથ ધરેલી છે, જેને માટે માહિતી મેળવવાનું સરળ નથી જ. સ્થાનિક સત્તા (નગર પાલિકા કે મ્યુનિસિપાલિટી) દ્વારા હાથ ધરવામાં આવેલી કેટકેટલીય વ્યાપારી પ્રવૃત્તિ વિશે આંકડા (કે માહિતી) મેળવવાનું અશક્ય જ છે.

કેન્દ્ર સરકારની સ્વાય ા સંસ્થાઓ (જેને આપણે જાહેર સાહસ તરીકે ઓળખીએ છીએ) દ્વારા સરકારની ધંધાકીય પ્રવૃત્તિઓનો ખ્યાલ મેળવી શકાય છે. તેનું કારણ એ છે કે ''પબ્લિક એન્ટરપ્રાઇઝ સર્વે'' નામનો અહેવાલ દર વર્ષે બજેટ બહાર પડે તે પહેલાં સંસદમાં રજૂ કરવામાં આવતો હોય છે. કોષ્ટક 16.1નો ઝીણવટથી અભ્યાસ કરો. તેમાં જાહેર સાહસની સંખ્યા, તેમનું રોકાણ, તેમાં કામ કરતા કર્મચારીઓ વગેરે માહિતી 1983-87ના વર્ષ માટે આપવામાં આવેલી છે. :

કોષ્ટક 16.1

જાહેર સાહસોની સંખ્યા, તેમનું રોકાણ અને કર્મચારીઓની સંખ્યા

| 31 માર્ચ | એકમની સંખ્યા | કુલ રોકાણ (રૂ. કરોડમાં) | નોકરીયાતોની સંખ્યા (લાખમાં) |
|---|---|---|---|
| 1983 | 209 | 30,038 | 20.2 |
| 1984 | 214 | 35,394 | 20.7 |
| 1985 | 221 | 42,791 | 21.1 |
| 1986 | 225 | 50,362 | 21.5 |
| 1987 | 226 | 61,603 | 22.7 |

(પ્રાપ્તિસ્થાન : પબ્લિક એન્ટરપ્રાઇઝ સર્વે)

કોષ્ટક 16.2 જુઓ. ઉત્પાદન ક્ષેત્ર જાહેર સાહસોનો ફાળો (રાજ્ય તેમ જ કેન્દ્ર સરકાર બેઉ)

કોષ્ટક 16.2

1982-83 દરમિયાન નોંધાયેલી ફેક્ટરીઓમાં જાહેર સાહસોનું પ્રમાણ

| માલિકોનો પ્રકાર | સઘળી નોંધાયેલી ફેક્ટરીઓ | | સ્થિર મૂડી | | કુલ કામદારો | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | કુલની ટકાવારી | રૂ. કરોડમાં | કુલની ટકાવારી | સંખ્યા લાખમાં | કુલની ટકાવારી |
| કેન્દ્ર,રાજ્ય,અને સ્થાનિક સરકાર | 5,116 | 5.5 | 26,735 | 65.2 | 21.9 | 27.3 |
| મિશ્ર ક્ષેત્ર | 1,821 | 2.0 | 2,996 | 7.3 | 4.9 | 6.1 |
| ખાનગી ક્ષેત્ર | 86,229 | 92.5 | 11 275 | 27.5 | 53.3 | 66.6 |
| કુલ | 93,166 | 100.0 | 41,006 | 100.0 | 80.1 | 100.0 |

નોંધ : જેમનું આર્થિક આયુષ્ય એક વર્ષ કે વધુ સમયનું છે એવી મિલકત (અસ્કામતો) નું ઘસારા બાદનું મૂલ્ય છે.

**પ્રાપ્તિસ્થાન :** એન્યુઅલ સર્વે ઑફ ઈન્ડસ્ટ્રિઝ કોષ્ટક 16.2 પરથી આપણે જોઈ શકીએ છીએ કે દેશમાંની કુલ 93116માંથી 86,229 એટલે કે લગભગ 92.5% ફેક્ટરીઓ ખાનગી ક્ષેત્રમાં હતી, જેમની સ્થાયી મૂડી દેશમાં બધી જ ફેક્ટરીઓમાં રોકાયેલી કુલ મૂડીનાં 27.5% હતી. 1983ના માર્ચ અંતે દેશની ફેક્ટરીઓમાં રોકાયેલ કુલ કામદારો 80.1 લાખ પૈકી ખાનગી ક્ષેત્રે રોકાયેલા કામદારોની ટકાવારી 66.6% હતી. તેમની સામે જાહેર સાહસોની ટકાવારી માત્ર 5.5% હોવા છતાં સ્થાયી મૂડીના 65.2% અને કર્મચારીઓના 27.3% તેમાં કામ કરતા હતા. આનો અર્થ એ થયો કે જાહેર સાહસોની સંખ્યા નાની(ઓછી) હોવા છતાં તેનું કદ ઘણું મોટું છે કારણ કે સ્થાયી મૂડીમાં તેમનો ફાળો મોટો છે. વધારામાં જાહેર સાહસો મૂડી પ્રધાન ગણાવી શકાય એટલે કે કર્મચારીઓની સરખામણીમાં તેઓ વધુ મૂડી રોકાણ ધરાવે છે.

જાહેર સાહસોનું મહત્ત્વ દર્શાવવાની એક બીજી રીત છે ભરપાઈ થયેલી મૂડીમાં તેનો ફાળો. 1987ના અંતે સરકારી કંપનીઓની સંખ્યા 1066 હતી જેમની ભરપાઈ થયેલી મૂડી રૂા. 33,793 કરોડ હતી. જોઈન્ટ સ્ટૉક કંપનીઓની કુલ સંખ્યા 1,50,620 હતી જેમની ભરપાઈ થયેલી મૂડી રૂા. 43,614 કરોડ હતી. આનો અર્થ એ થયો કે દેશમાં કુલ જોઈન્ટ સ્ટૉક કંપની પૈકી જાહેર ક્ષેત્રમાં તેની સંખ્યા માત્ર 10% હતી જ્યારે ભરપાઈ થયેલી મૂડી 77% કરતાં વધુ હતી.

વિશાળ રોકાણ અને કર્મચારીઓની મોટી સંખ્યાની સાથે જાહેર ક્ષેત્રનાં સાહસોનું કાર્યક્ષેત્ર વિવિધતા ધરાવે છે. તેઓ ભારે, મધ્યમ અને હળવા ઈજનેરી માલના ઉત્પાદનમાં રોકાયેલા છે. વાહનવ્યવહારનાં સાધનો માહિતી સંચારનાં સાધનો, પાયાનો કાચો માલ (ખનીજ, ધાતુ, લોખંડ, કોલસો, તેલ, ખાતર અને રસાયણો), વપરાશ યોગ્ય ચીજવસ્તુઓ (કાપડ, કાગળ, મીઠું,જોડાં કે પગરખાં વગેરે) અને સેવાઓના ક્ષેત્રમાં પણ રોકાયેલાં છે. હકીકતમાં કોલસો, તેલ, વીજળી અને અણુશક્તિ જેવી તમામ જાતનું ઊર્જા ઉત્પાદન અને વિતરણ જાહેર ક્ષેત્ર હસ્તક છે. હવાઈ વાહનવ્યવહાર રેલવે વાહનવ્યવહાર, વિમાનો, વહાણો, રેલવેનાં એન્જિનો અને ડબાઓ બનાવવાનું સઘળું કામકાજ જાહેર ક્ષેત્ર પાસે છે. લોખંડના ઉત્પાદનના 80%, તાંબા અને પ્રાથમિક સીસાના 100% અને જસતના 87% નું ઉત્પાદન જાહેર સાહસો દ્વારા થાય છે. જીવન વીમો અને સામાન્ય વીમાનું સઘળું કામ તેમ જ લાંબા ગાળાનું ધિરાણ કરનારી બધી જ સંસ્થાઓ જાહેર ક્ષેત્ર હસ્તક છે. 90% વેપારી બેંકો સરકાર હસ્તક છે.

જાહેર સાહસોમાં આટલું વિશાળ મૂડી રોકાણ થયા પછી પ્રશ્ન એ રહે છે કે શું આ મૂડીનો સદુપયોગ સફળતાપૂર્વક થઈ રહ્યો છે એમ નાણાકીય દૃષ્ટિએ કહી શકાય ખરું ? આ પ્રશ્નનો જવાબ આપવાનું કામ ઘણું જ મુશ્કેલ છે કારણ કે સફળતા મળવા માટેનો કોઈ એક માત્ર અને ચોક્કસ માપદંડ છે નહિ. જુદી જુદી વ્યક્તિની દૃષ્ટિએ સફળતાનો અંદાજ જુદો જુદો હોઈ શકે. ધંધાદારી સાહસની સફળતા માપવાનું એક માત્ર સાધન એ નફાનું સાતત્ય છે. જો કે આ બાબતમાં પણ નફાનું પ્રમાણ અને નફાની ગણતરીની રીત બાબત મતમતાંતર હોઈ શકે.

નાણાકીય સિદ્ધિની દૃષ્ટિએ વિચારતાં જાહેર સાહસોનો નફો અપૂરતો ગણાવી શકાય. કોષ્ટક 16.3માં કેન્દ્ર સરકારના 214 સાહસોનો કર ભર્યા પહેલાંનો કુલ ચોખ્ખો નફો અને કુલ મૂડી રોકાણની માહિતી દર્શાવેલ છે.

કોષ્ટક 16.3

1984-87 દરમિયાન કેન્દ્ર સરકારનાં જાહેર સાહસોનો કુલ નફો અને તેનું રોકાણ

| વિગત | વર્ષ | | |
|---|---|---|---|
| | 1984-85 | 1985-86 | 1986-87 |
| મૂડી રોકાણ | 36,382 | 42,965 | 51,931 |
| કર પહેલાંનો નફો | 2, 099 | 2,173 | 3,095 |
| મૂડીની ટકાવારીમાં નફો | 5.8 | 5.1 | 6.0 |

વળી આપણે એ નોંધવું રહ્યું કે નફાનો મોટો ભાગ માત્ર તેલ, વીજળી અને દૂર સંચાર જેવાં ઇજારાઓ ધરાવતાં તંત્રોની કમાણી છે. કોષ્ટક 16.4 જુઓ, તેમાં કેન્દ્ર સરકારના 214 જાહેર સાહસોનો ક્ષેત્ર પ્રમાણેનો કર ભર્યા પછીના નફા/ખોટની માહિતી આપવામાં આવી છે.

કોષ્ટક 16.4

1986-87 દરમિયાન જાહેર સાહસોની સમૂહ દીઠ કાર્યસિદ્ધિ

| ક્રમ. નં. | સમૂહ | સમૂહમાં સાહસોની સંખ્યા | ચોખ્ખો નફો કે ખોટ (રૂ. કરોડમાં) |
|---|---|---|---|
| 1. | લોખંડ | 6 | -26.4 |
| 2. | ખનીજ અને ધાતુ | 14 | 2.0 |
| 3. | કોલસો | 7 | -331.0 |
| 4. | ઊર્જા | 3 | 233.8 |
| 5. | તેલ | 12 | 2142.1 |
| 6. | રસાયણો અને ખાતર | 28 | -146.3 |
| 7. | ભારે ઇજનેરી | 16 | 8.9 |
| 8. | મધ્યમ અને હળવાં ઇજનેરી | 20 | 54.8 |
| 9. | વાહન વ્યવહારનાં સાધનો | 13 | -50.6 |
| 10. | વપરાશ યોગ્ય ચીજવસ્તુઓ | 16 | 141.1 |
| 11. | ખેતી આધારિત પેદાશો | 5 | -4.0 |
| 12. | કાપડ | 14 | -189.6 |
| 13. | વેપાર અને વેચાણ (બજાર) | 19 | 40.4 |
| 14. | વાહનવ્યવહાર સેવાઓ | 9 | -55.6 |
| 15. | કરારો અને બાંધકામ | 7 | -27.5 |
| 16. | ઔદ્યોગીક વિકાસ અને તકનિકી સલાહ | 11 | 2.9 |
| 17. | નાના ઉદ્યોગોનો વિકાસ | 1 | -0.3 |
| 18. | મુસાફર સેવાઓ | 2 | -0.8 |
| 19. | નાણાકીય સેવાઓ | 5 | 38.3 |
| 20. | દૂરસંચાર સેવાઓ | 2 | 201.8 |
| 21. | કંપનીધારાની કલમ 25 હેઠળ બિન વેપારી જાહેર સેવાઓ | 4 | 17.2 |
| કુલ | | 214 | 1769.1 |

-નિશાની ખોટ દર્શાવે છે.

## 16.8 જાહેર સાહસોનો ફાળો (Contribution of Public Enterprises)

મોટા ભાગના લોકો એવી દલીલ કરે છે કે જાહેર સાહસોનો ફાળો માત્ર નાણાકીય દૃષ્ટીએ માપવાનું વાજબી નથી જ. તેમના ફાળાનાં બીજાં કેટલાંક પાસાંઓ ધ્યાનમાં લેવાવાં જોઈએ. જાહેર ક્ષેત્રના બિન નાણાકીય લાભો વિવિધ તેમ જ નક્કર છે. આવા કેટલાક લાભો નીચે પ્રમાણે ગણાવી શકાય.

(1) દેશને ઔદ્યોગિક રાષ્ટ્રનો દરજ્જો આપવામાં જાહેર સાહસોનો ફાળો અમૂલ્ય છે. આજે ભારતની ગણતરી વિશ્વના ઔદ્યોગિક દેશોમાં થઈ રહી છે. આજે આપણે ઔદ્યોગિક પેદાશો તેમ જ વપરાશ યોગ્ય ચીજવસ્તુઓ અને સેવા જેવી અગત્યની બાબતોમાં સ્વાવલંબી બન્યા છીએ.

(2) જાહેર સાહસોની મદદથી ઔદ્યોગિકીકરણ અને પછાત વિસ્તારનો વિકાસ શક્ય બન્યો છે.

(3) નોકરીની તકો પૂરી પાડીને પછાત જાતિ અને પછાત જ્ઞાતિના લોકોના વિકાસ માટે મદદ (સહાય) રૂપ નીવડ્યાં છે.

(4) જાહેર સાહસોનું વિસ્તરણ આવકની અસમાનતા ઘટાડે છે. ખાનગી સાહસોની સરખામણીમાં જાહેર સાહસો સૌથી નિમ્ન કક્ષાના અને સૌથી ઉચ્ચ કક્ષાના કર્મચારીના પગારમાં ઘણો ઓછો ભેદ રાખે છે.

(5) બંધારણમાં નિર્દેશિત આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ થોડા લોકોના હાથમાં થતું અટકાવવા જાહેર સાહસો સહાયરૂપ નીવડ્યાં છે. જો જાહેર સાહસોનું અસ્તિત્વ ના હોત તો આર્થિક સત્તા કેટલાંક મોટાં અને સ્થાપિત વેપારી ગૃહોના હાથમાં કેન્દ્રિત થઈ હોત. અત્રે એ નોંધવું રહ્યું કે મોટાં વેપારી ગૃહો જે સમાચારોમાં અગ્રસ્થાને રહેતાં હોય છે અને રાજકીય લાગવગ ધરાવતાં હોય છે તેમની પાસે આજે જાહેર સાહસો જે અસ્કામતો ધરાવે છે તેના દસમા ભાગની અસ્કામતોની માલિકી નથી. આજે જે ઉદ્યોગો સરકાર હસ્તક છે તે જો ખાનગી ક્ષેત્રમાં હોત તો આ ખાનગી ક્ષેત્ર સરકાર પર પણ હકૂમત ચલાવતું હોત. આજે સરકાર ખાનગી ક્ષેત્રને દોરવણી પૂરી પાડે છે.

(6) ખાનગી સાહસોની સરખામણીમાં જાહેર સાહસો પોતાના વેપારીઓ, ગ્રાહકો, નોકરિયાતો તેમ જ જાહેર જનતા સાથે સદાચારથી વર્તે છે.

આમ આપણે કહી શકીએ કે જાહેર સાહસો રાષ્ટ્રની આર્થિક અને સામાજિક નીતિનાં અમલ માટેનું એક સારું સાધન છે, જેની સફળતાનો આંક માત્ર નફાની ગણતરી પર આધારિત હોવો જોઈએ નહિ.

## 16.9 જાહેર સાહસોના પ્રશ્નો (Problems of Public Enterprises)

આપણે જોયું કે ભારતમાં સરકાર ઘણી વેપારી પ્રવૃત્તિઓ કરે છે. આપણે તેમનો ફાળો અને કાર્યસિદ્ધિનો પણ ખ્યાલ મેળવ્યો. હવે આપણે તેમની મર્યાદાઓનો અભ્યાસ કરીશું:

(1) અલબત્ત, જાહેર સાહસો પોતે ખાનગી સાહસોની માફક જ જોઈન્ટ સ્ટૉક કંપની તરીકે નોંધણી કરાવતાં હોવા છતાં તેમની કાર્યપદ્ધતિ સંપૂર્ણપણે વેપારી ધોરણે થતી જોવા મળતી નથી. તેનું કારણ એ છે કે આ સાહસો સરકારી વ્યવસ્થા સાથે સંલગ્ન હોઈ સરકારી તંત્રમાં જોવા મળતી કાર્યપ્રણાલી, કાર્યરીતિ, પ્રક્રિયાઓ વગેરે જાણેઅજાણે અપનાવે છે.

(2) જાહેર સાહસોનાં સંચાલક મંડળો સંપૂર્ણ ધંધાદારી આવડત ધરાવતાં હોતાં નથી. ઉપલા અધિકારીની વખતોવખત બદલી થવાથી સ્થિરતાનો અભાવ જોવા મળે છે.

(3) વહીવટી કર્મચારીઓને નોકરીની સલામતી હોવાથી તેમની કાર્યકુશળતા અને કાર્યક્ષમતા પર અસર થતી હોય તેમ લાગે છે.

(4) જાહેર સાહસોમાં કર્મચારીઓની કદર અને શિક્ષા માટેની પદ્ધતિ ખાનગી સાહસોમાં હોય છે તેવી નહિ પણ સરકારમાં હોય છે તેવી જોવા મળે છે.

(5) મહત્ત્વનાં તેમ જ મોટા ઔદ્યોગિક સાહસોનું કાર્યક્ષેત્ર મુશ્કેલ અને નવી તકનીકિ વિદ્યા (ટેકનોલૉજી) વાળું હોય છે. વળી ધંધાનું સ્થાન નિર્ધારણ માત્ર આર્થિક દૃષ્ટિને ધ્યાનમાં રાખીને કરવામાં આવતું નથી.

(6) કામદાર મંડળો મજબૂત અને વધુ સંગઠિત હોવાથી સાહસો પાસેથી પોતાના હક કરતાં વધુ લાભ મેળવે છે.

(7) લગભગ પ્રત્યેક સપાટીએ અને ખાસ કરીને નીચલી સપાટીએ કર્મચારીઓની સંખ્યા વધારે હોવાથી અને તેમની કાર્યક્ષમતા અને ઉત્પાદનક્ષમતા ઓછી હોવાથી જાહેર સાહસોની કાર્યસિદ્ધિ નબળી જણાય છે.

(8) ખાનગી સાહસોની સરખામણીમાં જાહેર સાહસોનું કદ ઘણું જ મોટું હોવાનું. અસ્કામતોની દૃષ્ટિએ રાષ્ટ્રના પ્રથમ 20 વિશાળ ઔદ્યોગિક સાહસો પૈકી ઓછામાં ઓછાં 16 જાહેર સાહસો છે. કદનો વધારો થતાં સંચાલકીય પ્રશ્નોની ગૂંચવણ ગુણોત્તર શ્રેણીમાં (1,2,4,8,16...) વધવા પામે છે. સામાન્ય રીતે જાહેર સાહસો તેમનાં ગૂંચવણભર્યા સંચાલકીય તેમ જ વહીવટી પ્રશ્નોને યોગ્ય રીતે પહોંચી વળતાં નથી.

(9) જાહેર સાહસોની અડચણોમાં વધારો થવાના કારણોમાં એક તો કોમ્પ્ટ્રોલર એન્ડ ઑડિટર જનરલ ઑફ ઇન્ડિયા (Comptroller and Auditor General of India) દ્વારા તેમના હિસાબની તપાસ અને બીજું તેમનાં કાર્યોની સંસદ દ્વારા ઝીણવટભરી તપાસ (સંસદ પ્રત્યેનું તેમનું ઉત્તરદાયિત્વ)ને ગણાવી શકાય.

અત્યાર સુધીમાં મોટા ભાગના આ પ્રશ્નોના ઉકેલ માટેના ખરા ઉત્તરો મળ્યા નથી. વખતોવખત જાતજાતની યુક્તિ-પ્રયુક્તિઓ અજમાવવામાં આવેલી છે પરંતુ જોઈએ તેવી સફળતા હાંસલ થઈ શકી નથી.

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

(1) નીચેનાં પૈકી કયાં વિધાનો ખરાં છે અને કયાં ખોટાં છે ?

(1) મોટા ભાગનાં જાહેર સાહસોએ મોટી સંખ્યામાં વ્યવસાયી સંચાલકોની નિમણૂક કરેલી છે.

(2) બહુ થોડાં જાહેર સાહસો નફો કમાય છે.

(3) જાહેર કલ્યાણ માટે જાહેર સાહસોનો ફાળો નહિવત્ છે.

(4) ખાનગી તેમ જ જાહેર સાહસોમાં સંચાલકોની નોકરીની સલામતી એકસરખી જ છે.

(5) જાહેર સાહસોમાં કર્મચારીઓને વળતર અને શિક્ષાની પદ્ધતિ ઘણી જ અસરકારક હોય છે.

(6) જાહેર સાહસોની સંખ્યા નજીવી હોવા છતાં તેણે ખાનગી સાહસો કરતાં વધુ મૂડીરોકાણ કર્યું છે.

(2) ખાલી જગ્યા પૂરો.

(1) જાહેર સાહસોની હિસાબની તપાસ સરકારી ધોરણે ―――――― મારફત કરવામાં આવે છે.

(2) 1986-87માં જાહેર સાહસો પૈકી સૌથી વધુ નફાકારક ત્રણ ઉદ્યોગો ―――――― હતા.

(3) રોજગારીની તકો પૂરી પાડીને જાહેર સાહસોએ ―――――― ના વિકાસ માટે સહાય કરી છે.

(4) ખાનગી સાહસોની સરખામણીમાં જાહેર સાહસોમાં પગારનો ભેદ ―――――― હોય છે.

(5) મોટા ભાગનાં જાહેર સાહસોમાં ―――――― વહીવટનો અભાવ જોવા મળે છે.

(6) ―――――― % કરતાં વધુ વેપારી બેંકો સરકાર હસ્તક છે.

## 16.10 સારાંશ

મુક્ત સાહસ અને ખાનગી માલિકીનાં દૂષણો, કલ્યાણ રાજ્યની સ્થાપના, આયોજિત આર્થિક વિકાસ (આર્થિક વિકાસનું આયોજન), મર્યાદિત કુદરતી સાધનોનો યોગ્ય-ઇષ્ટતમ ઉપયોગ, નાના પાયા પરના ઉદ્યોગોનું રક્ષણ અને પ્રોત્સાહન વિદેશી રોકાણકારોના પ્રભુત્વમાંથી અર્થતંત્રનું રક્ષણ વગેરે કારણોસર સરકાર ખાનગી સાહસો પર અંકુશ અને નિયમન મૂકે છે. સરકારી અંકુશનું વર્ગીકરણ (1) સીધો અંકુશ (2) આડકતરો અંકુશ એમ બે વિભાગમાં કરી શકાય. સીધા અંકુશમાં ઉત્પાદન સાહસો સ્થાપવા કે તેના વિકાસ માટે પરવાનો આપવો, નિકાસ પ્રોત્સાહન માટે આર્થિક ટેકો, આયાત કે નિકાસના જથ્થાની મર્યાદા, ભાવ અંકુશ તેમ જ માલના રેશનિંગનો સમાવેશ થાય છે. આડકતરા અંકુશમાં આયાત કે નિકાસ પર જકાત લાદવી, બેંક ધિરાણ પરના વ્યાજના દરમાં ફેરફાર વગેરેને ગણાવી શકાય.

સરકારના ધંધામાં સીધા પ્રવેશની આવશ્યકતાને ત્રણ પ્રકારનાં કારણોને આધારે સમજાવી શકાય : (1) મૂળભૂત કારણો (2) વિચારધારાને લગતાં કારણો અને (3) ખાસ કારણો. જાહેર સાહસનો શબ્દાર્થ સમજીએ. એ એક એવું ધંધાદારી સાહસ છે જેનું સંચાલન અને માલિકી કેન્દ્ર, રાજ્ય કે સ્થાનિક સરકારની હોય છે, અને જેના ઉત્પાદનને બજારમાં વેચવામાં આવતું હોય છે એટલે કે તેનું વિતરણ વિના મૂલ્યે થતું ન હોય. આ સાહસોનું

સંચાલન સરકારે ઠરાવેલી નીતિ અનુસાર, સામાજિક કલ્યાણ, મહત્તમ બનાવવા માટે અને જાહેર હિતમાં કરવામાં આવે છે. પોતાના હેતુની પૂર્તિની બાબતમાં તેમનું ઉત્તરદાયિત્વ સરકાર અને સંસદ અથવા ધારાસભા તરફ રહેલું છે. જાહેર સાહસોની સાર્થકતા નીચે પ્રમાણે વિચારી શકાય:

(1) ઝડપી ઔદ્યોગિક વૃદ્ધિ માટે અનિવાર્ય તેવા ઉદ્યોગોમાં રોકાણ કરવા માટે ખાનગી સાહસોની અશક્તિ કે અનિચ્છા.

(2) સંતુલિત સ્થાનિક વિકાસ સાધવા માટે.

(3) સંપત્તિ અને આવકની વધારે સારી સમાનતા સ્થાપવા માટે.

(4) ખાનગી ક્ષેત્રમાં સર્જાતો ઇજારો અને આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ અટકાવવા.

(5) વિકાસ યોજનામાં નિર્દેશિત અગ્રતાક્રમ અને લક્ષ્યાંકોની પૂર્તિ માટે.

(6) પાયાના અને ભારે ઉદ્યોગોની સ્થાપના માટે સરકાર હસ્તક નિકાલ માટે વધુ સાધનોની પ્રાપ્તિ માટે.

**જાહેર સાહસોનાં મુખ્ય લક્ષણો :-**

સરકારી માલિકી અને અંકુશ, સરકાર દ્વારા મૂડીનો ફાળો જાહેર નીતિનું અનુસરણ, વિકાસ યોજનાને અનુરૂપ હેતુઓ નક્કી કરવા, વિધાનસભા પ્રત્યે ઉત્તરદાયિત્વ વગેરે.

**જાહેર સાહસોનાં હેતુઓ :-**

ઝડપી ઔદ્યોગિકીકરણ, વિકાસ માટે સાધનોની વહેંચણી, સંપત્તિ અને આવકની વહેંચણીમાં અસમાનતા ઘટાડવી. સમતુલિત પ્રાદેશિક વિકાસ, ઇજારો અને સંપત્તિનું કેન્દ્રીકરણ અટકાવવાં, ભાવો વધતા અટકાવવા, જાહેર બચતને વેગ આપવો, સંતોષકારક રોજગારીની પરિસ્થિતિનું નિર્માણ વગેરે ગણાવી શકાય.

નાણાકીય સિદ્ધિની દૃષ્ટિએ વિચારતાં જાહેર સાહસોની નફાકારકતા પર્યાપ્ત હોતી નથી. મોટા ભાગનાં જાહેર સાહસો નુકસાનમાં ચાલે છે. તેલ, શક્તિ, (વીજળી) અને દૂરસંચાર જેવાં ઇજારાની પરિસ્થિતિ ધરાવતાં સાહસો નફો કમાય છે. તેમ છતાં જાહેર સાહસોનો કેટલોક ફાળો અવગણવા જેવો નથી. જાહેર સાહસોની કામગીરી અંગે કેટલીક મર્યાદાઓ અને પ્રશ્નો છે.

## 16.11 ચાવીરૂપ શબ્દો (Key words)

**રોકાયેલી મૂડી :** કુલ સ્થાયી અસ્કામતોમાંથી એકત્રિત કુલ ઘસારો બાદ કરી તેમાં કાર્યશીલ (ચાલુ) મૂડી ઉમેરવાથી મળે. કાર્યશીલ મૂડી એટલે ચાલુ અસ્કામતોમાંથી ચાલુ જવાબદારીઓ અને જોગવાઈઓ બાદ કરવાથી મળતી રકમ.

**ઔદ્યોગિક નીતિ અંગેનો ઠરાવ :-** સરકારની ઔદ્યોગિક નીતિ અંગે તેમ જ અર્થતંત્રમાં ખાનગી અને જાહેર સાહસોના સ્થાન વગેરે અંગે ઠરાવના સ્વરૂપમાં સરકારે લીધેલા વિધિસરના નિર્ણયો.

**જાહેર સાહસો :-** સરકારની ઔદ્યોગિક, વાણિજ્ય કે ધંધાકીય પ્રવૃત્તિઓ જેમાં રોકાણ પર વળતરની અપેક્ષા રાખવામાં આવતી હોય.

**સમાજવાદી સમાજરચના :-** વિસ્તૃત અર્થમાં આ એવી એક પદ્ધતિ છે જેમાં આર્થિક વિકાસનો મહત્તમ લાભ સમાજના નબળા વર્ગને મળે. સંપત્તિના કેન્દ્રીકરણને તેમ જ આવકની અસમાનતાને ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવે.

## 16.12 કેટલાંક ઉપયોગી પુસ્તકો


Bhushan Y.K., *Fundamentals of Business Organisation and Management*, Sultan Chand & Sons: New Delhi.(part Nine, Chapters 4 & 5).

Ghosh, P.K., 1982, *Public Enterprise in India*, Book World: Calcutta (Chapter 1 & 2).

Khera S.S., 1963, *Government in Business*, Asia Publishing House: New Delhi, (Chapter 1).

Kolesov, V., 1980, *The Public Sector*, Sterling Publishers: New Delhi, (Chapter 2).

Laxmi Narain, 1988, *Principles and Practice of Public Enterprise Management*, S. Chand & Co.: New Delhi, (Chapter 1 & 2).

Rames, M.S., 1985, *Principles and Practice of Modern Business Organisation,*

*Administration & Management*, Kalyani Publishers: New Delhi (Volume 1, Chapter 8).

Singh, B.P., And Chhabra T.N, 1988, *Business Organisation and Management*, Kitab Mahal: Allahabad, (Part One, Chapter 43 & 44).

## 16.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

ક 1 (1) ખોટું (2) ખોટું (3) ખોટું (4) ખરું (5) ખોટું

2 (1) હકારાત્મક, નકારાત્મક (2) સીધો (3) આડકતરો (4) દોરે (5) ત્રણ (6) ઔદ્યોગિક નીતિનો ઠરાવ,

ખ 2 (1) ખોટું (2) ખરું (3) ખરું (4) ખોટું (5) ખરું

3 (1) ધંધાકીય (2) સામાજિક, આર્થિક (3) વિકાસશીલ (4) સામાન્ય વીમા નિગમ

ગ 1 (1) ખોટું (2) ખરું (3) ખોટું (4) ખરું (5) ખોટું (6) ખરું

2 (1) કોમ્પ્ટ્રોલર એન્ડ ઑડિટર જનરલ ઑફ ઇન્ડિયા (2) તેલ, શક્તિ અને દૂરસંચાર (3) પછાત જ્ઞાતિઓ (4) ઘણો ઓછો (5) કાર્યક્ષમ (6) 90

## 16.14 અંતિમ કસોટી/સ્વાધ્યાય

(1) જાહેર સાહસ એટલે શું ? તેની લાક્ષણિકતાઓ શું છે ? તે ખાનગી સાહસ કરતાં કઈ રીતે જુદું પડે છે.

(2) ખાનગી ધંધાકીય પ્રવૃત્તિઓ ઉપર સરકારી અંકુશ માટેનાં કારણોની વિશદ ચર્ચા કરો.

(3) ઉદાહરણ સહિત નીચેના તફાવતો દર્શાવો.

(1) હકારાત્મક અને નકારાત્મક અંકુશો.

(2) સીધો અને આડકતરો અંકુશ.

(4) સરકારને ધંધા અને ઉદ્યોગમાં સીધો ભાગ લેવા માટેની ફરજ કેમ પડે છે ?

(5) ટૂંક નોંધ લખો.

(1) સરકારની ધંધામાં ભાગીદારીનો વિસ્તાર (માત્રા)

(2) જાહેર સાહસ માટેનું વાજબીપણું (વિચારત વ)

(6) જાહેર સાહસોનાં કાર્યો સાથે સંકળાયેલા પ્રશ્નો અને તેમની મર્યાદાઓનો ખ્યાલ આપો.

(7) ભારતમાં જાહેર સાહસોની નાણાકીય કાર્યસિદ્ધિની ટિપ્પણી કરો. રાષ્ટ્રના કલ્યાણ માટે જાહેર સાહસોએ શો હકારાત્મક ફાળો આપેલો છે ?

નોંધ : પ્રકરણને બરાબર સમજવા માટે તમને આ પ્રશ્નો મદદરૂપ થશે તેમના જવાબ લખવાનો પ્રયત્ન કરો પરંતુ તમારા જવાબો યુનિવર્સિટીને મોકલાવશો નહિ. એ માત્ર તમારા મહાવરા માટે જ છે.

# એકમ 17 જાહેર સાહસો માટેનાં વ્યવસ્થાનાં સ્વરૂપો.
# (Forms of Organisation in Public Enterprises)

રૂપરેખા


17.0 ઉદ્દેશો
17.1 પ્રસ્તાવના
17.2 ખાતાકીય વ્યવસ્થા તંત્ર
17.2.1 લક્ષણો
17.2.2 લાભો
17.2.3 મર્યાદાઓ
17.3 જાહેર નિગમ
17.3.1 લક્ષણો
17.3.2 લાભો
17.3.3 મર્યાદાઓ
17.4 સરકારી કંપની
17.4.1 લક્ષણો
17.4.2 સરકારી અને બિનસરકારી કંપની વચ્ચેનો તફાવત
17.4.3 લાભો
17.4.4 મર્યાદાઓ
17.5 વ્યવસ્થાનાં સ્વરૂપો ની સરખામણી
17.6 સારાંશ
17.7 ચાવીરૂપ શબ્દો
17.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો
17.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
17.10 અંતિમ કસોટી/સ્વાધ્યાય


## 17.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ દ્વારા તમે :

- જાહેર સાહસના વ્યવસ્થાતંત્રનાં વિવિધ સ્વરૂપો વર્ણવી શકશો.
- પ્રત્યેક વ્યવસ્થાતંત્રનાં સ્વરૂપનાં લક્ષણો વર્ણવી શકશો.
- દરેક વ્યવસ્થાતંત્રનાં સ્વરૂપના લાભો સમજાવી શકશો.
- દરેક વ્યવસ્થાતંત્રની યોગ્યતાનું મૂલ્યાંકન કરી શકશો.


## 17.1 પ્રસ્તાવના

એકમ 16માં આપણે જાહેર સાહસનો અર્થ, હેતુ, લક્ષણો, લાભ તેમ જ મર્યાદાઓનો અભ્યાસ કર્યો. પરંતુ જાહેર સાહસોના વ્યવસ્થાતંત્રનાં સ્વરૂપો ક્યાં હોઈ શકે ? શું આ વ્યવસ્થાતંત્રનાં સ્વરૂપો ખાનગી સાહસોના વ્યવસ્થાતંત્રનાં સ્વરૂપો જેવાં જ હોય છે ? એકમ2 માં આપણે જોઈ ગયા છીએ કે ખાનગી સાહસો દ્વારા સ્થાપવામાં આવતાં ધંધાદારી એકમોની વ્યવસ્થા નીચેના ત્રણ પૈકી કોઈ એક સ્વરૂપની હોઈ શકે : (1) એકાકી વેપારી (2) ભાગીદારી (3) જોઈન્ટ સ્ટૉક કંપની પરંતુ જાહેર સાહસો માટેના વ્યવસ્થાતંત્રનાં સ્વરૂપો અલગ હોય છે. જાહેર સાહસોના કિસ્સામાં ત્રણ પ્રકારના વ્યવસ્થાતંત્રનાં સ્વરૂપો જોવા મળે છે : (1) ખાતાકીય વ્યવસ્થાતંત્ર (2) જાહેર નિગમ અને (3) સરકારી કંપની, જાહેર સાહસોના વ્યવસ્થાતંત્રનાં સ્વરૂપો સમજવા માટે આકૃતિ 17.1 જુઓ.

આ એકમમાં આપણે આ ત્રણેય સ્વરૂપોનાં લક્ષણો, લાભ અને મર્યાદાઓનો અભ્યાસ કરીશું, અને આપેલી પરિસ્થિતિમાં કયું સ્વરૂપ યોગ્ય ગણાય તેનું મૂલ્યાંકન કરીશું.

આકૃતિ 17.1

જાહેર સાહસો માટે વ્યવસ્થાતંત્રનાં સ્વરૂપો




## 17.2 ખાતાકીય વ્યવસ્થાતંત્ર (Departmental Organisation)

ખાતાકીય વ્યવસ્થાતંત્ર એ જાહેર સાહસોની વ્યવસ્થા માટેનું સૌથી જૂનું સ્વરૂપ ગણાવી શકાય. વ્યવસ્થાતંત્રના આ સ્વરૂપમાં ધંધાકીય એકમની પ્રવૃત્તિઓના સંચાલન વહીવટ માટે સરકારના એક ખાતા દ્વારા અંકુશ રાખવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે કોઈ એક જાહેર સાહસની વ્યવસ્થા, નાણાકીય સંચાલન અને અંકુશનું કામકાજ સરકારના અન્ય ખાતાની માફક જ કરવામાં આવે ત્યારે તેને ખાતાકીય (કે ખાતા દ્વારા) વ્યવસ્થાતંત્ર તરીકે ઓળખવામાં આવે છે. વ્યવસ્થાતંત્રનું આ સ્વરૂપ ત્યારે પસંદ કરવામાં આવે છે જ્યારે કોઈ એક એક રાષ્ટ્રના કે જાહેર જનતાના હિતની દષ્ટિએ મહત્ત્વનું હોય. ખાસ કરીને જે એકમ માત્ર વેપારી ધોરણે ચાલતા ન હોય તેમને માટે આ સ્વરૂપ સૌથી વધુ યોગ્ય ગણાય. ખાતાકીય વ્યવસ્થાતંત્ર નીચેની પરિસ્થિતિમાં સામાન્ય રીતે યોગ્ય ગણાય છે :

(1) જ્યારે એકમનો મૂળભૂત હેતુ સરકાર માટે આવક મેળવવાનો હોય.

(2) જ્યારે જાહેર હિતને લક્ષમાં રાખીને સેવા ક્ષેત્રે સરકાર સંપૂર્ણ અંકુશ ધરાવવા ઈચ્છતી હોય. દા.ત :, તાર અને ટપાલ, પ્રસારણ વગેરે.

(3) જ્યારે રહસ્ય જાળવણી એ વ્યૂહાત્મક દષ્ટિએ મહત્ત્વની હોય. દા.ત. અણુશક્તિ, સંરક્ષક ઉદ્યોગ વગેરે.

(4) જ્યારે કામગીરી તેના શરૂઆતના તબક્કામાં હોય જેને માટે સતત દેખરેખ અને પ્રયત્નો જરૂરી હોય અને સતત મોટાં ભંડોળની અવશ્યક્તા હોય જે માત્ર સરકાર જ પૂરું પાડી શકે તેમ હોય.

જો કે તાજેતરમાં એવું વલણ જોવા મળે છે કે સંરક્ષણ ઉદ્યોગોમાં પણ ખાનગી સાહસની ભાગીદારીની તરફેણ કરવામાં આવતી હોય. ઉદાહરણ તરીકે, ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ જે રાજ્યની માલિકીનું સાહસ છે તેની સ્થાપના કંપની સ્વરૂપના સંચાલન હેઠળ કરવ.માં આવેલી છે. દૂરસંચાર સેવાનો અમુક અંશ 1981 માં બે જોઈન્ટ સ્ટૉક કંપનીઓમાં ફેરવવામાં આવેલો. તેમનો એક ભાગ વિદેશી સંચાર નિગમ લિમિટેડ તરીકે ઓળખાય છે જે દરિયાપારના દેશો સાથે દૂરસંચારની સેવાની જવાબદારી સ્વીકારે છે. જ્યારે બીજો ભાગ મહાનગર ટેલિફોન નિગમ લિમિટેડ તરીકે ઓળખાય છે જે બોમ્બે અને દિલ્હીના ટેલિફોનની સેવાને આવરી લે છે.

### 17.2.1 લક્ષણો (Features)

ખાતાકીય વ્યવસ્થાતંત્ર સ્વરૂપનાં લક્ષણો નીચે પ્રમાણે છે:

(1) **આખરી અંકુશ પ્રધાન હસ્તક હોય છે :** વ્યવસ્થાતંત્રના આ સ્વરૂપમાં સંચાલનની સઘળી જવાબદારી એકમ જે ખાતામાં કામ કરતું હોય તે ખાતાના પ્રધાનની ગણાય છે. પ્રધાન પોતાની આ જવાબદારીની સોંપણી વ્યવસ્થાતંત્રની જુદી જુદી સપાટીએ નીચેની તરફ કરે છે. જુદી જુદી સપાટીના અધિકારીઓ વચ્ચે અહીં રૈખિક વ્યવસ્થાતંત્રનો સંબંધ જોવા મળે છે. કેટલાક સંજોગોમાં રોજબરોજના કામકાજના સંચાલન માટે સરકાર બોર્ડ (મંડળ)ની રચના કરે છે. આવાં બોર્ડના ઉદાહરણમાં રેલવે બોર્ડ, ટપાલની સેવાનું બોર્ડ, દૂર સંચાર બોર્ડ વગેરે ગણાવી શકાય. તેમ છતાં વ્યવસ્થાતંત્રના આ સ્વરૂપમાં આખરી જવાબદારી પ્રધાનની ગણાય છે, જે સાહસના કાર્યક્ષમ સંચાલન માટે ધારાસભાને જવાબદાર છે.

(2) **કર્મચારીઓ માત્ર સરકારી નોકર હોય છે :** ખાતાકીય વ્યવસ્થાતંત્રમાં કર્મચારીઓ માત્ર સરકારી નોકર જ હોય છે. દા.ત., રેલવે અને ટપાલ સેવાઓ જે ખાતાકીય વ્યવસ્થાતંત્રનાં સ્વરૂપો છે તેમાં ઉપરી અધિકારીઓની નિમણૂક વહીવટી અધિકારીઓ અને પોલીસ વડાની માફક જ જાહેર સેવા આયોગ (UPSC- યુનિયન પબ્લિક સર્વિસ કમિશન) દ્વારા કરવામાં આવે છે. કર્મચારીઓની નોકરીની શરતો વગેરે અન્ય સરકારી કર્મચારીઓ જેવી જ હોય છે.

(3) **નાણાકીય જરૂરિયાત બજેટ દ્વારા પૂરી પાડવામાં આવે છે :** ખાતાકીય સંચાલનની નાણાકીય જરૂરિયાત

સરકારથી સ્વતંત્ર (અલગ કે જુદી) ગણાતી નથી. વાર્ષિક બજેટ દ્વારા મેળવાયેલ નાણાંની મદદથી સરકારી તિજોરીમાંથી જ તે પૂરી કરવામાં આવે છે, અને તેની સઘળી કમાણી સરકારી તિજોરીમાં જમા કરવામાં આવે છે. દા.ત., રેલવે તેમ જ ટપાલ (જે ખાતાકીય વ્યવસ્થાનાં સ્વરૂપો છે)નું બજેટ એ સરકારી બજેટનો જ એક ભાગ છે.

(4) **હિસાબ અને હિસાબ તપાસવાની પદ્ધતિ :** વ્યવસ્થાતંત્રના આ સ્વરૂપ માટે બજેટ, હિસાબો અને હિસાબોની તપાસ જેવા અંકુશો અનિવાર્ય છે. આ હેતુ પૂરતું તે એકમ સરકારના બીજા વ્યવસ્થાતંત્રની જેમ જ ગણાશે.

(5) **સાર્વભૌમત્વની સુરક્ષિતતા :** સરકારના એક આંતરિક અંશ (વિભાગ) તરીકે તેને સાર્વભૌમત્વની સુરક્ષિતાનો લાભ મળે છે. તેથી સરકારની પરવાનગી વિના તેની સામે દાવો માંડી શકાય નહિ.

## 17.2.2 લાભો (Merits)

આપણે ખાતાકીય વ્યવસ્થાતંત્રનાં સ્વરૂપનો અર્થ અને લક્ષણોનો ખ્યાલ મેળવ્યો. હવે આપણે આ સ્વરૂપના લાભની ચર્ચા કરીશું:

(1) **સરકારી અંકુશની મહત્તમ માત્રા :** વ્યવસ્થાતંત્રનાં આ સ્વરૂપમાં સરકારી અંકુશનું પ્રમાણ વધુમાં વધુ હોવું જોઈએ જેથી સરકાર પોતાની સામાજિક જવાબદારીનું અસરકારક રીતે પાલન કરી શકે.

(2) **જાહેર ભંડોળના દુરુપયોગની મર્યાદા :** આપણે જાણીએ છીએ તેમ ખાતાકીય વ્યવસ્થાનું સંચાલન સંબંધિત પ્રધાન હસ્તક હોય છે. તેથી સાહસનું સંસદ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ જળવાય છે. આપણે એ પણ જોયું છે કે બજેટીંગ (અંદાજપત્ર), હિસાબો અને હિસાબોની ચકાસણીની બાબતમાં આવા એકમોને સરકારનાં બીજાં ખાતાંઓની હરોળમાં જ ગણતરી કરવામાં આવે છે. તેથી જાહેર ભંડોળના દુરુપયોગનું જોખમ ઘટે છે. કૃષ્ણ મેનન સમિતિના શબ્દોમાં કહીએ તો ''ખાતાકીય વ્યવસ્થાતંત્રનું સંચાલન પ્રધાન હસ્તક હોવા માત્રથી જ સંસદ પ્રત્યેનું તેમનું ઉત્તરદાયિત્વ પૂરું થાય છે.''

(3) **આર્થિક પ્રવૃત્તિઓ પર સરકારી અંકુશ :** સરકારને આર્થિક પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ અંકુશ રાખવાની તક સાંપડે છે. સરકાર ખાતાકીય વ્યવસ્થાતંત્રનો ઉપયોગ મુક્ત પણે સામાજિક અને આર્થિક નીતિનો અમલ કરવા માટેના સાધન તરીકે કરી શકે છે.

(4) **આર્થિક વિકાસમાં વૃદ્ધિ :** ખાતાકીય વ્યવસ્થાતંત્ર મારફત થતી વધારાની કમાણી સરકારની આવકમાં વધારો કરે છે. વધારાના આ ભંડોળનો ઉપયોગ રાષ્ટ્રના આર્થિક વિકાસ અને લોકોના કલ્યાણ માટે થઈ શકે છે.

(5) **સંસદ પ્રત્યેની જવાબદારી :** ખાતાકીય વ્યવસ્થાતંત્ર પોતાની રોજબરોજની પ્રવૃત્તિઓ માટે સંસદને જવાબદાર છે. સંસદ દ્વારા નાનામાં નાની (ઝીણવટ ભરેલી) પૂછપરછથી મુક્તિ મેળવી શકે નહિ. દા.ત., સંસદ સભ્ય કોઈ એક કર્મચારીની નિમણૂક અંગે કે તેમને છૂટા કરવા અંગે કે તેમની બઢતી અંગે પ્રશ્ન પૂછે અથવા કોઈ એક ખરીદી કે વેચાણના સોદા અંગે પૂછપરછ કરે તો તે રોજબરોજના કામકાજને લગતો પ્રશ્ન ગણાય. આવો પ્રશ્ન માત્ર ખાતાકીય વ્યવસ્થાતંત્રની બાબતમાં જ પૂછી શકાય. પરંતુ કાયદેસરના નિગમ કે સરકારી કંપનીની બાબતમાં પૂછી શકાતા નથી.

## 17.2.3 મર્યાદાઓ (Limitations)

ખાતાકીય વ્યવસ્થાતંત્રની મર્યાદાઓ નીચે પ્રમાણે ગણાવી શકાય:

(1) **અમલદારશાહી અને તુમારશાહી :** આપણે જાણીએ છીએ કે આ ખાતાકીય વ્યવસ્થાતંત્રના કર્મચારીઓ સરકારી નોકર છે. તેથી તેઓ સરકારી અમલદારશાહી પદ્ધતિને અનુસરનારાઓ હોય છે. જેઓ નિર્ણયો લેતી વખતે નિયમો, નિયમનો અને ભૂતકાળના પ્રમાણભૂત દાખલાઓને જ અનુસરવાનું પસંદ કરે છે. તેથી કોઈ કર્મચારી પોતાની આગવી રીતે નિર્ણય લેતા નથી. સામાન્ય રીતે ધંધાદારી સાહસ માટે નિર્ણય લેવામાં ઝડપ અને ફેરફારક્ષમતા અનિવાર્ય ગણાય જેની આ ખાતાકીય વ્યવસ્થાતંત્રના સ્વરૂપમાં ખોટ વર્તાય છે.

(2) **રાજકીય અસ્થિરતાથી પીડાય છે :** સામાન્ય રીતે આવાં સાહસો સત્તા પરના રાજકીય પક્ષની દયા પર જીવતાં હોય છે. ખાતાકીય વ્યવસ્થાતંત્ર સ્વરૂપના ભાવિનો આધાર સત્તા પરના પક્ષ અને વિરોધ પક્ષની સત્તાની સાઠમારીની સમતુલા પર રહેલો છે. તેથી રાજકીય ફેરફાર અને રાજકીય અસ્થિરતાને કારણે આવા એકમોને ભોગ બનવાની શક્યતા રહેલી છે. તેથી આવાં એકમો રાજકીય ગણતરીથી તથા હુમલા અને રાજકીય ફેરફારોથી અસર પામે છે.

(3) **સંસદનો વધુ પડતો અંકુશ :** આપણે જોયું કે ખાતાકીય વ્યવસ્થાતંત્ર પોતાના રોજબરોજનાં કામકાજ (કાર્યો) માટે પણ સંસદને જવાબદાર છે. તેમના કામકાજ અંગે ઝીણવટભરી તપાસ અને પ્રશ્નોત્તરી સંસદમાં તેમ જ બહાર થયા કરતી હોય છે. આને કારણે વ્યવસ્થાતંત્રના અતિ આવશ્યક નિર્ણયો લેવામાં ઢીલ થતી જોવા મળે છે.

(4) **વ્યાવસાયિક નિષ્ણાતપણાનો અભાવ :** આપણે જાણીએ છીએ કે આ એકમોનું સંચાલન કરનારા કર્મચારીઓમાં ધંધાદારી આવડતનો અભાવ હોય છે. તેમની પસંદગી અને તાલીમ જુદા દૃષ્ટિબિંદુથી (કે દૃષ્ટિકોણથી) થયેલ હોય છે. વિધિ અને નિયમોને વળગી રહેવાના નિર્ણય લેવાની પ્રક્રિયાને ઢીલમાં નાંખે છે. આ ધંધાના સિદ્ધાંતોથી તદ્દન અવળું કહી શકાય. વળી આ અધિકારીઓની બદલી માટે કોઈ બંધન હોતું નથી, જે બાબત તેમની સમજ ફરજ અને જવાબદારીમાં આડખીલીરૂપ પુરવાર થાય છે.

(5) **હરીફાઈ અને નફાના હેતુનો અભાવ :** ખાતાકીય વ્યવસ્થાતંત્ર ચલાવવાનો હેતુ સેવાનો હોય છે તેથી તેમની સફળતા માટેના વ્યાપારના સિદ્ધાંતો તરફ બેદરકારી દાખવવામાં આવે છે. હરીફાઈના અભાવે તેનાં કામકાજમાં કાર્યકુશળતા લાવવા કોઈ પ્રેરણા કે ઉત્તેજન રહેતાં નથી.

(6) **નાણાકીય બંધનો :** આપણે જોયું કે આ એકમોની નાણાકીય જરૂરિયાત ધારાસભામાં પસાર કરવામાં આવેલ વાર્ષિક અંદાજપત્ર પ્રમાણે પૂરી પાડવામાં આવે છે, અને તેની આવક સરકારી તિજોરીમાં જમા કરાવવામાં આવે છે. તેઓ પોતાની રીતે નાણાં મેળવી શકતાં નથી અને સરકાર પર સંપૂર્ણ આધાર રાખે છે. પરિણામે આવાં એકમોને ક્યારેક નાણાંની તંગી અનુભવવી પડે છે. આ સાહસો અંદાજપત્ર હિસાબી પદ્ધતિ અને હિસાબોની તપાસના અંકુશને કારણે નાણાકીય બાબતોમાં ફેરફાર ક્ષમતા ધરાવતાં નથી.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) જાહેર સાહસોના વ્યવસ્થાતંત્રનાં સ્વરૂપો કયાં કયાં છે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(2) જાહેર સાહસો માટે ખાતાકીય વ્યવસ્થાતંત્રનું સ્વરૂપ એટલે શું ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(3) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે સમજાવો:

(1) ખાતાકીય વ્યવસ્થાતંત્રના સ્વરૂપમાં અંતિમ અંકુશ વહીવટી સંચાલક હસ્તક રહેલો છે.

(2) ખાતાકીય વ્યવસ્થાતંત્ર ધરાવતાં જાહેર સાહસો માટે શૅર બહાર પાડીને મૂડી મેળવવાનું શક્ય છે.

(3) ખાતાકીય વ્યવસ્થાતંત્ર સ્વરૂપમાં કામ કરતા કર્મચારીઓ સરકારી નોકર હોય છે.

(4) ખાતાકીય વ્યવસ્થાતંત્ર સ્વરૂપમાં વ્યક્તિઓ મૂડીરોકાણ કરી શકતી નથી.

(5) એકમનો હેતુ નફો કમાવાનો હોય ત્યારે ખાતાકીય વ્યવસ્થાતંત્રનું સ્વરૂપ વધુ યોગ્ય છે.

(6) ગુપ્તતાની જાળવણીનું વ્યૂહાત્મક મહત્ત્વ હોય ત્યારે ખાતાકીય વ્યવસ્થાતંત્ર એ યોગ્ય સ્વરૂપ ન ગણાય.

(7) ખાતાકીય વ્યવસ્થાતંત્ર અમલદારશાહી અને તુમારશાહીની મર્યાદાઓ ધરાવે છે.

(8) ખાતાકીય વ્યવસ્થાતંત્રમાં કામ કરતા કર્મચારીઓ માટે બદલીનો પ્રશ્ન હોતો નથી.

## 17.3 જાહેર નિગમ (Public Corporation)

જાહેર નિગમ એ એક નિગમિત સંસ્થા છે. તેની રચના ખાસ કાયદા દ્વારા કરવામાં આવે છે. આ કાયદો સંસદ અથવા રાજ્યની ધારાસભામાં પસાર કરવામાં આવે છે. આ કાયદો નિગમની સત્તા, ફરજો, કાર્યો, મુક્તિ અને સંચાલનની કાર્ય પદ્ધતિ ઠરાવે છે. જાહેર નિગમને વૈધાનિક નિગમ તરીકે પણ ઓળખવામાં આવે છે, કાયદામાં કરેલી જોગવાઈ અનુસાર સંચાલન સમિતિની નિમણૂક કરીને તેને નિગમનાં સંચાલનની જવાબદારી સોંપવામાં આવે છે. તે સંસદ અથવા રાજ્યની ધારાસભાને જવાબદાર છે.

રૂઝવેલ્ટના મત અનુસાર જાહેર નિગમ એ વ્યવસ્થાતંત્રનું એક એવું સ્વરૂપ છે જેનું બાહ્યરૂપ (પોષાક) સરકારી પરંતુ તેમાં ખાનગી સાહસની સ્થિતિસ્થાપકતા હોય છે. હરબેટ મોરિસનના મતે જાહેર નિગમ એટલે જાહેર માલિકો, જાહેર ઉત્તરદાયિત્વ, અને જાહેર હિતમાં ધંધાના સંચાલનનું મિશ્રણ, આમ જાહેર નિગમ એ એક એવી તરકીબ છે જે દ્વારા જાહેર હિત અને ખાનગી સાહસમાં કામ કરનારી કંપની સ્વરૂપના વ્યવસ્થાતંત્રમાં મુખ્યત્વે જોવા મળનારી કામગીરીની સ્થિતિ સ્થાપકતાને જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે જાહેર નિગમ નીચે પૈકીના કોઈક હેતુથી રચવામાં આવે છે :

(1) રાષ્ટ્રીયકરણ કરેલા એકમના ધંધાનું નિગમમાં પરિવર્તન.

(2) વર્તમાન કંપનીના સાહસની પ્રાપ્તિ સરળ બનાવવા.

(3) કેટલીક યોજનાઓના પ્રવર્તન, વિકાસ કે કામકાજ સંભાળી લેવાં.

(4) કેટલીક સામાજિક સેવાઓ કે ઉપયોગિતાની સેવાઓ પૂરી પાડવા.

(5) કોઈ એક સંસ્થાના કાર્ય અને કામકાજ માટે નિયમન કે અંકુશ પૂરો પાડવા અથવા તેની સાથે સંકળાયેલ કોઈ બીજી બાબત કે તેમાંથી ઉપસ્થિત થનારી બાબત માટે.

જાહેર નિગમનો વિકાસ ખાસ કરીને સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીની ઘટના છે. સૌ પ્રથમ 1948માં સંસદમાં ખાસ કાયદો પસાર કરીને દામોદર વેલિ કૉર્પોરેશન નામનું પ્રથમ જાહેર નિગમ સ્થાપવામાં આવેલું. એ વિવિધલક્ષી જાહેર યોજના છે. એ જ વર્ષે સરકારે ભારતીય ઔદ્યોગિક નાણાં નિગમની રચના દ્વારા ખાનગી ક્ષેત્રમાં ઉદ્યોગને નાણાં (ધિરાણ) પૂરાં પાડવાની વ્યવસ્થા કરી. 1953માં ઇન્ડિયન એરલાઇન્સ અને એરઇન્ડિયાની રચના કરવા માટે એર કૉર્પોરેશન એક્ટ (હવાઈ નિગમ ધારો) પસાર કરવામાં આવ્યો. 1955માં સ્ટેટ બૅંક ઑફ ઇંડિયા એક્ટ દ્વારા ભારતીય સ્ટેટ બૅંક(સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા)ની સ્થાપના કરી અને 1956ના ભારતીય વીમા નિગમ ધારા મારફત ભારતીય જીવન વીમા નિગમની સ્થાપના કરી. આમ આપણે જોઈ શકીએ છીએ કે જ્યારે સરકારને વેપારી પ્રવૃત્તિ સંભાળવાની ઇચ્છા થાય ત્યારે તે સંસદ પાસેથી એક ખાસ અસ્તિત્વ માટેની પરવાનગી મેળવી લે છે.

### 17.3.1 લક્ષણો (Features)

આપણે એ શીખી ગયા કે જાહેર નિગમ એ શું છે, હવે આપણે તેનાં મુખ્ય લક્ષણોનો ખ્યાલ મેળવીશું:

(1) **ધારાસભાના ખાસ કાયદા દ્વારા સર્જન :** જાહેર નિગમ એ એક સ્વાયત્ત સંસ્થા છે, કાયદેસરની સંસ્થા છે. ખાસ કાયદા દ્વારા અસ્તિત્વમાં આવે છે. આ કાયદો સંસદ અથવા વિધાનસભામાં પાસ કરવામાં આવે છે. આ કાયદો નિગમની સત્તા, જવાબદારીઓ, ખાસ હક્ક (અથવા અધિકારો), છૂટછાટ (અપવાદો), સરકારી ખાતા સાથેનો સંબંધ વગેરે બાબતો નક્કી કરે છે.

(2) **તે એક કાયદેસરની સંસ્થા છે :** નિગમ એ જોઇન્ટ સ્ટૉક કંપની (પ્રકરણ-2) જેવી કાયદેસરની સંસ્થા છે. આનો અર્થ એ થયો કે નિગમ એ એક કૃત્રિમ વ્યક્તિ છે જે કાયદાની દૃષ્ટિએ અસ્તિત્વ ધરાવે છે. સજીવ વ્યક્તિની માફક તે કરાર કરી શકે અને પોતાના નામે ધંધાને લગતા સોદાઓ કરી શકે તેનું પોતાનું શારીરિક (પ્રાકૃતિક) અસ્તિત્વ ન હોવાને કારણે તે પોતાના પ્રતિનિધિઓ મારફત એટલે કે સંચાલકોના મંડળ મારફત પોતાનું કાર્ય કરે છે.

(3) **રાજ્યની માલિકી :** તેની સંપૂર્ણ માલિકી રાજ્યની હોય છે અને તેની સઘળી મૂડી રાજ્ય દ્વારા ભરપાઈ કરવામાં આવેલી હોય છે.

(4) **સંચાલકોના મંડળ દ્વારા સંચાલન :** કાયદાની જોગવાઈ પ્રમાણે રચાયેલા સંચાલકોના મંડળ દ્વારા તેનું સંચાલન થતું હોય છે. મંડળના સભ્યો જુદાં જુદાં ક્ષેત્રોમાંથી પસંદ કરવામાં આવે છે અને તેમની નિમણૂક સંબંધિત જાહેર સત્તા દ્વારા કરવામાં આવે છે.

(5) **ધારાસભાને જવાબદાર :** જાહેર નિગમ તેમની સ્થાપના કરનાર સંસદ અથવા રાજ્ય વિધાનસભાને જવાબદાર છે. નિગમનું ઉત્તરદાયિત્વ કેવી રીતે નક્કી કરવું તેની સ્પષ્ટતા કાયદામાં કરવામાં આવેલી હોય છે. સંસદને તેના રોજબરોજના કામકાજમાં દરમ્યાનગીરી કરવાનો અધિકાર નથી પરંતુ તે નીતિને લગતી બાબતોની તેમ જ નિગમના કામકાજને લગતી સમગ્ર કાર્યસિદ્ધિની ચર્ચા કરી શકે છે. ક્યારેક પ્રશ્નો પૂછવામાં આવે તો નિગમના રોજબરોજના કામકાજને લગતી બાબતો અંગે પણ જવાબ આપવા પડે છે. આપણને પ્રશ્ન થશે કે આવું કેમ બની શકે ? લોકશાહીમાં સંસદ સર્વોપરી ગણાય છે અને તેની સ્વતંત્રતા પર કાપ મૂકી શકાતો નથી. જો જાહેર સાહસોનો ગેરવહીવટ જણાય તો સંસદ પોતાના સિદ્ધાંતોના ઉલ્લંઘનને ભોગે પણ નિગમની કાર્યવાહીને લગતી પૂછપરછ કરે તો સંસદને તેમ કરતી અટકાવી શકાશે નહિ.

(6) **સરકાર સાથેનો સંબંધ :** કાયદેસરનું આ નિગમ સરકારી માલિકીનું હોવાં છતાં તે સરકારના એક ભાગ (કે સરકારની એક પાંખ) તરીકે કામ કરતું જોવા મળતું નથી. સરકાર અને નિગમ વચ્ચેનો કાયદેસરનો સંબંધ અને સંચારનું વિતરણ (વહેણ-આપ-લે) તેની સ્થાપના વખતે ઘડાયેલા ધારામાં સ્પષ્ટ કરવામાં આવે છે. દા.ત., ભારતીય જીવન વીમા નિગમ જે કાયદેસરનું નિગમ છે તે જાહેર હિતની નીતિને લગતી બાબતોમાં કેન્દ્ર સરકારની લેખિત દોરવણી પ્રમાણે વર્તશે. આમ સરકાર સાથેનો તેનો સંબંધ વૈધિક અને સ્પષ્ટ છે.

વ્યવહારમાં કાયદેસરના નિગમ સાથે ઘણાં અવૈધિક વ્યવહારો થતા જોવા મળે છે આમ કેવી રીતે બને છે તેનું ઉદાહરણ તપાસીએ. ધારો કે સરકાર ઇચ્છે છે કે ભારતીય વિમાની સેવા (Indian Airlines) દિલ્હી અને ઇમ્ફાલ વચ્ચે શરૂ કરે. આજ સુધી તે સેવા અપાતી ન હતી. કારણ કે તેમ કરવું નફાકારક જણાતું ન હતું. હવે હવાઈ નિગમ ધારા (એર કૉર્પોરેશન એક્ટ) નીચે સરકાર ઇન્ડિયન એરલાઇન્સને આમ કરવા લેખિત હુકમ આપી શકે. પરંતુ સરકાર આવી સેવા શરૂ કરવા માટે માત્ર સૂચન જ કરશે. જો સરકાર વૈધિક હુકમ આપે તો શક્ય છે કે આ હુકમનું પાલન કરવા જતાં ઇન્ડિયન એરલાઇન્સને નુકસાન થાય તો સરકારે તે ભરપાઈ કરી આપવું પડે. આમ ઘણી વખત સરકાર અવૈધિકપણે કામ કઢાવી લે છે જેથી તે કામની જવાબદારી પોતાને શીર આવે નહિ.

(7) **પોતાના કર્મચારીઓ :** અલબત્ત નિગમની માલિકી અને સંચાલન સરકાર પોતે કરતી હોવા છતાં તેના કર્મચારીઓ સરકારી નોકર નથી. નિગમે ઠરાવેલા નિયમો અને નિયમને અનુસાર કર્મચારીઓની ભરતી, પગાર વગેરેનો અમલ થાય છે. સરકારી કર્મચારીઓ કરતાં તેમના પગાર અને લાભ જુદા પ્રકારના હોય છે. આમ પોતાનો ધંધો ચલાવવા માટે કર્મચારીઓની બાબતમાં નિગમ સ્વતંત્ર છે. આમ છતાં સરકાર નિગમના કર્મચારીઓની નોકરીની શરતો વગેરે પર નિયમન રાખે છે પરંતુ એ તો જુદાં જુદાં નિગમોના કર્મચારીઓના વેતન અને બીજી શરતો બાબત એકરૂપતા જાળવવાના હેતુ પૂરતી જ મર્યાદિત હોય છે.

(8) **નાણાકીય સ્વાતંત્ર્ય :** નિગમની સ્વાયત્તતામાં એક અગત્યની બાબત છે, તેની નાણાકીય સ્વતંત્રતા. ખાતાકીય વ્યવસ્થાતંત્રની માફક બજેટ, હિસાબી પદ્ધતિ, તેમ જ હિસાબોની તપાસ બાબતમાં બંધાયેલ નથી. નિગમને પોતાનું ભંડોળ હોય છે. તેની બધી આવક તેમાં જમા થાય છે અને ખર્ચની ચુકવણી તેમાંથી કરવામાં આવે છે. નિગમ ઇચ્છે તે પ્રમાણે આ ભંડોળનો વહીવટ કરી શકે છે. પોતાના અંદાજપત્રને મંજૂર કરાવવા તેમણે સંસદ પાસે જવું પડતું નથી. સરકારની મંજૂરીથી નિગમ દેશમાંથી કે દેશ બહારથી ધિરાણ મેળવી શકે છે.

### 17.3.2 લાભો (Merits)

જાહેર નિગમ એ ખાતા દ્વારા ચલાવાતા જાહેર એકમો અને ખાનગી માલિકી અને સંચાલિત એકમોની મધ્યમાં છે. તે બેઉના સારાં લક્ષણો ગ્રહણ કરે છે અને તેથી બન્ને સ્વરૂપોના ફાયદાઓ ધરાવે છે. સાથે સાથે બેઉની મુખ્ય મર્યાદાઓ દૂર કરે છે. આપણે વ્યવસ્થાતંત્રના એક સ્વરૂપ તરીકે નિગમના લાભોનો ખ્યાલ મેળવીએ:

(1) **પહેલવૃત્તિ અને સ્થિતિસ્થાપકતા :** ધારાસભામાં પસાર થયેલા કાયદા દ્વારા અસ્તિત્વમાં આવેલ નિગમ એક સ્વાયત્ત સંસ્થા છે. સ્થિતિસ્થાપકતા અને નિર્ણય લેવાની સ્વતંત્રતાને કારણે તે પોતાના કામકાજનું સંચાલન સ્વતંત્ર રીતે કરી શકે છે. નવાં ક્ષેત્રોમાં પ્રવેશ કરે છે (નવા અનુભવો મેવવી શકે છે) ધંધાકીય બાબતોમાં આગવા નિર્ણયો લઈ શકે છે અને ખાનગી સાહસોની માફક કામકાજમાં સ્થિતિસ્થાપકતાનો લાભ મેળવે છે.

(2) **તુમારશાહીનો અભાવ :** ખાતાકીય વ્યવસ્થાતંત્રમાં જોવા મળતી અમલદારશાહી અને તુમારશાહીનું દૂષણ અહીં જોવા મળતું નથી. સરકારી વ્યવસ્થાતંત્રમાં ધંધાકીય કાર્યો કાર્યક્ષમ રીતે થઈ શકતાં નથી કારણ કે તેમાં તો નિયમો, નિયમનો અને પ્રણાલિકાનું પ્રભુત્વ જોવા મળે છે.ખાતાકીય વ્યવસ્થાતંત્રની સરખામણીમાં નિગમ ધંધાને લગતા ઝડપી નિર્ણયો અને તાત્કાલિક કાર્ય કરી શકે છે.

(3) **મૂડી મેળવવામાં સરળતા :** જાહેર નિગમો એ સરકારી માલિકીની કાયદેસરની (ધારાકીય) સંસ્થા છે. જરૂર પડે ત્યારે તે પ્રમાણમાં ઓછા વ્યાજના દરે બૉન્ડ બહાર પાડીને પોતાની રીતે મૂડી મેળવી શકે છે. આ બૉન્ડ ખરીદવામાં સલામતી હોય જાહેર જનતા તે સહેલાઈથી ખરીદી લે છે.

(4) **જાહેર હિતનું રક્ષણ :** ખાતાકીય વ્યવસ્થાતંત્રની સરખામણીમાં નિગમ રાજકીય હસ્તક્ષેપ, સંસદની પૂછપરછ (કે તપાસ) અને ખાતાકીય દબાણ કે અંકુશથી પ્રમાણમાં મુક્ત હોય છે. વહીવટની બાબતમાં તે સ્વાયત્ત હોવા છતાં નીતિ ઘડતરની બાબતમાં તેના પર સંસદનો અંકુશ રહેલો છે આમ તે જાહેર હિતની રખેવાળીની ખાતરી આપે છે. વળી, તેના સંચાલક મંડળમાં સરકાર દ્વારા નિમવામાં આવતી વ્યક્તિ જુદાં જુદાં ક્ષેત્રોમાંથી પસંદ કરવામાં આવતી હોઈ તે ધંધામાં નિષ્ણાત હોય અથવા ગ્રાહકોના કે મજૂરોના પ્રતિનિધિ હોય. આમ એક વર્ગ દ્વારા સમાજના બીજા વર્ગનું શોષણ થતું અટકે છે. (અથવા એક

વર્ગના ભોગે બીજા વર્ગને ખોટો લાભ લેવા દેવાતો નથી).

(5) **સેવાનો હેતુ :** જાહેર નિગમ નફાના હેતુથી કામ કરતું નથી. તેથી ખાનગી સાહસમાં જોવા મળતાં શોષણ કે ગેરકાયદેસરના સટ્ટાનો અહીં અભાવ હોય છે. સેવાનો હેતુ મુખ્ય છે જ્યારે નફો કમાવાનો હેતુ ગૌણ છે. અલબત્ત કાર્યદક્ષતાપૂર્વક ખર્ચ કરતાં વધારાની વધુ આવક મેળવવા તે હંમેશાં પ્રયત્નશીલ હોય છે. પરંતુ આવકનો આ વધારો શોષણને કારણે ઇચ્છનીય નથી જ. જાહેર નિગમ જો નફો કમાશે તો એ નફાનો ઉપયોગ અંતે ગ્રાહકો અને સમાજના લાભ માટે જ કરવામાં આવશે.

(6) **કામમાં કાર્યક્ષમતા :** પોતાના કર્મચારીઓને નોકરીની આકર્ષક શરતો અને વધુ સારી સગવડો આપે છે. તેથી કર્મચારીઓની કાર્યદક્ષતા વધે છે અને કર્મચારીઓના પ્રશ્નો (ફરિયાદ) ઘટે છે.

(7) **મોટા પાયા પરની કરકસરતાનો લાભ મળે છે :** ધંધાના મોટા પ્રમાણ અને કદને લીધે મોટા પાયા પરના કામકાજને કારણે મળતી કરકસરતાનો લાભ મળે છે. વિશેષમાં વ્યવસ્થાતંત્રના આ સ્વરૂપમાં કેટલીક કંપનીનાં જોડાણ દ્વારા મોટા પાયા પરના સંચાલનના લાભ મેળવવાનું સરળ છે. દા.ત., બૅંકિંગ, વીમો, વાહન-વ્યવહાર જેવાં વિશાળ સરકારી સ્વાયત્ત સાહસો ઓછા ખર્ચે સારા કર્મચારીઓ અને સારું સંચાલન પ્રાપ્ત કરી શકે છે.

## 17.3.3 મર્યાદાઓ (Limitations)

આપણે જાહેર નિગમ જેવા વ્યવસ્થાતંત્રનાં સ્વરૂપના લાભો જોયા. તેની કેટલીક મર્યાદાઓ પણ છેઃ

(1) **ઓછી સ્વાયત્તતા :** ખાતાકીય વ્યવસ્થાતંત્રની સરખામણીમાં જાહેર નિગમની સ્વાયત્તતા વધુ હોય છે. પરંતુ હકીકતમાં જ્યાં તેને સ્વતંત્રતા મળવી જોઈએ ત્યાં પણ સરકાર તેની સ્વતંત્રતા પર વ્યવસ્થિત રીતે અંકુશ મૂકે છે. દા.ત., ફૂડ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા અને જુદાં જુદાં રાજ્યોમાં આવેલાં ઇલેક્ટ્રીસિટી બોર્ડઝ જેઓ વૈધાનિક નિગમો છે જે સરકાર માટે તેમ જ સમગ્ર સમાજ માટે મહત્ત્વનાં છે તેમ છતાં કેન્દ્ર અને રાજ્ય સરકારો માટે આવાં નિગમોને કાયદા દ્વારા પ્રાપ્ત થયેલી સ્વતંત્રતા આપવાનું મુશ્કેલ હોય છે.

(2) **સ્થિતિસ્થાપકતાનો અભાવ :** ધારાસભાના ખાસ કાયદા દ્વારા આ જાહેર નિગમની રચના કરવામાં આવતી હોય છે. નિગમના કોઈ એક હેતુ કે સત્તામાં ફેરફાર કરવો હોય તો ધારાસભાએ કાયદામાં સુધારો કરવો પડે છે. આને કારણે નિગમની સ્થિતિસ્થાપકતા તેમ જ સંવેદનશીલતા ઘટે છે.

(3) **વિવિધ હિતો વચ્ચે ઘર્ષણ :** નિગમની માલિકી સરકારની ગણાય છે. અને તેનું સંચાલન સરકારે નીમેલા સંચાલક મંડળ દ્વારા હાથ ધરવામાં આવે છે. આ સંચાલક મંડળમાં ભિન્ન ભિન્ન હિત ધરાવતા સંચાલકોને કારણે ઘર્ષણ થવાની સંભાવના હોય છે. આને લીધે નિગમનું કામ સરળતાથી થઈ શકતું નથી. ઘણી વખત સંચાલકો પોતાની સ્વાયત્તતા અને સ ાનો દુરુપયોગ કરે છે. અનિચ્છનીય પ્રવૃત્તિ આદરે જેથી જાહેર નિગમની સામાજિક હિતની ભાવના જોખમાય.

(4) **વેપારી સિદ્ધાંતોની અવગણના :** જાહેર નિગમને હરીફાઈનો સામનો કરવો પડતો નથી. નફો કરવાનો તેમનો કોઈ ઇરાદો નથી. નુકસાનનો તેમને કોઈ ભય નથી. આથી નિગમના કામકાજમાં વેપારી સિદ્ધાંતો અવગણવામાં આવે તે શક્ય છે. પરિણામે કાર્યકુશળતા ઘટશે અને નિગમ ખોટ કરશે . સરકાર આ ખોટ ભરપાઈ કરવા માટે આર્થિક મદદ કરે છે.

(5) **વધુ પડતું જાહેર ઉત્તરદાયિત્વ :** આપણે જોયું કે જાહેર નિગમ નફાના હેતુથી નહિ પણ સેવાના ધ્યેયથી કામ કરે છે. સેવાના ધ્યેયનું ઉત્તરદાયિત્વ નક્કી કરવાનું કામ ઘણું જ મુશ્કેલ છે. (લગભગ અશક્ય છે) તેથી નિગમના કામકાજની કાર્યકુશળતા નક્કી થઈ શકતી (કરી શકાતી) નથી.

**તમારી પ્રગતિ ચકાસો ( ખ)**

(1) જાહેર નિગમ એટલે શું ?

........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................

(2) જાહેર નિગમનાં લક્ષણો જણાવો .

........................................................................................................
........................................................................................................

(3) ખાલી જગ્યા પૂરો.

(1) જાહેર નિગમની સમગ્ર (સંપૂર્ણ) મૂડીનું રોકાણ ____________ દ્વારા કરવામાં આવે છે.

(2) જાહેર નિગમની સ્થાપના ____________ દ્વારા કરવામાં આવે છે.

(3) જાહેર નિગમનું સંચાલન ____________ દ્વારા કરવામાં આવે છે.

(4) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો:

(1) જાહેર નિગમના સંચાલક મંડળના સભ્યોની ચૂંટણી જાહેર જનતા કરે છે.

(2) જાહેર નિગમની સઘળી મૂડીનું રોકાણ ખાનગી સાહસિકો દ્વારા કરવામાં આવે છે.

(3) જાહેર નિગમ પોતાને જોઈતી મૂડી પોતે ઊભી કરી લઈ શકે છે.

(4) જાહેર નિગમના કર્મચારીઓ એ સરકારી નોકરો જ છે.

(5) જાહેર નિગમનું અંદાજપત્ર દર વર્ષે સંસદમાં રજૂ કરવામાં આવે છે.

(6) જાહેર નિગમના સંચાલક મંડળના સભ્યોની નિમણૂક જાહેર સત્તા કરે છે.

## 17.4 સરકારી કંપની (Government Company)

ભારતીય કંપની ધારા પ્રમાણે સરકારી કંપની એ એક એવી કંપની છે જેની મૂડીમાં 51% કે તેથી વધુ શૅર ફાળો કેન્દ્ર સરકારનો હોય કે કોઈ એક રાજ્ય સરકારનાં હોય અથવા વધુ રાજ્ય સરકારોનો કે આંશિક રીતે કેન્દ્ર સરકાર અને આંશિક રીતે એક કે વધુ રાજ્ય સરકારોનો હોય. જે કંપની આવી કંપનીના પટા કંપની હશે તેવી કંપનીને પણ સરકારી કંપની ગણવામાં આવે છે. આમ સરકારી કંપની એ એક એવું સાહસ છે જેમાં સરકાર મુખ્ય શૅરધારક હશે અને અંકુશની સત્તા ધરાવતી હશે. સરકારી કંપનીની નોંધણી પણ ભારતીય કંપની ધારા હેઠળ કરવામાં આવે છે. સરકાર જ્યારે જૉઇન્ટ સ્ટૉક કંપનીનાં રજિસ્ટ્રારને નોંધણી માટે અરજી કરે ત્યારે ખાનગી વ્યક્તિએ નવી કંપનીની નોંધણી કરાવવા માટે જે નિયમો અને પ્રક્રિયાનું પાલન કરવું પડે તેવા જ નિયમો અને પ્રક્રિયાનું પાલન કરવાનું રહે છે. સરકાર નોંધણી માટે અરજી કરે છે તેથી તેને કોઈ વૈધિક જરૂરિયાતોમાંથી છૂટછાટ કે મુક્તિ મળતાં નથી. આપણે એકમ 4માં કંપનીની નોંધણી માટેની વિધિ અને પ્રક્રિયાનો અભ્યાસ કર્યો છે.

**મિશ્ર માલિકીની કંપની** એ એવી કંપની છે જેમાં કંપનીની મૂડીમાં રાજ્યનું અને ખાનગી (ભારતીય કે વિદેશી) હિત રહેલું હોય. જો કોઈ સરકારી કંપનીમાં સરકાર તેમ જ ખાનગી (વ્યક્તિ કે સાહસ) એમ બન્ને શેરધારકો જોવા મળે તેને **મિશ્ર માલિકીની કંપની** ગણાય ભારત સરકારે કેટલાંય વેપારી અને ઔદ્યોગિક સાહસોની નોંધણી અને વ્યવસ્થા ખાનગી મર્યાદિત (જવાબદારીવાળી) કંપની તરીકે કરાવેલી છે. ભલે તેનો અંકુશ અને નિયમન સરકાર હસ્તક હોય કારણ કે શેરનો મોટો ભાગ સરકાર ધરાવતી હોય છે. સરકારને આમ કરવા માટેનું કારણ શું હશે ? સરકાર વ્યવસ્થાતંત્રના સ્વરૂપ તરીકે કંપની સ્વરૂપ પસંદ કરે તેને માટેનાં કારણો નીચે પ્રમાણે ગણાવી શકાય :

1 **જાહેર હિત :** જો કોઈ ખાનગી સાહસ નફાકારક ન રહ્યું હોય અથવા નાદાર નીવડ્યું હોય અથવા નાણાકીય કટોકટીમાં ફસાયું હોય તો સરકાર તેના શેર ખરીદી લે છે. સરકાર જાહેર હિતમાં આમ કરે છે ઈસ્ટર્ન શિપિંગ કૉર્પોરેશન અને હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ એ ભારત સરકારે લઈ લીધેલી કંપનીનાં ઉદાહરણો છે.

2 **મિશ્ર માલિકી :** સરકાર ઘણી વખત મૂડી, ટેકનિકલ જ્ઞાનની જાણકારી કે નિષ્ણાત માર્ગદર્શન મેળવવાના હેતુથી ખાનગી સાહસિકો સાથે મળીને કોઈ સાહસ શરૂ કરે છે. આવા સંજોગોમાં સરકાર આવી મિશ્ર માલિકીની કંપનીની રચના કરે છે. આવી મિશ્ર માલિકીની કંપનીનાં ઉદાહરણ તરીકે હિન્દુસ્તાન મશીન ટુલ્સ, હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ, હેવી એન્જિનીયરિંગ કૉર્પોરેશન હિન્દુસ્તાન કેબલ્સ વગેરે ગણાવી શકાય.

3 **ઔદ્યોગિક પ્રવર્તન :** ઔદ્યોગિક પ્રવર્તનને વેગ આપવા માટે ક્યારેક સરકાર કેટલીક કંપનીની સ્થાપના કરે છે. આવી કંપની પોતે કોઈ ઉત્પાદનક્રિયા કરતી હોતી નથી પરંતુ ખાનગી કે જાહેર ક્ષેત્રે વ્યાપારી ધોરણે શક્ય હોય તેવા એકમો (પ્લાન્ટ પ્રોજેક્ટ) સ્થાપવામાં મદદ કરે છે. નેશનલ ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કૉર્પોરેશન અને નેશનલ સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ કૉર્પોરેશન એ આવાં ઉદાહરણો છે.

4 **વ્યાપાર કે વાણિજ્યની બઢતી :** વ્યાપાર કે વાણિજ્યને બઢતી મળે તે હેતુથી પણ સરકાર કેટલીક કંપનીની સ્થાપના કરે છે. સ્ટેટ ટ્રેડીંગ કૉર્પોરેશન, એક્સ્પોર્ટ ક્રેડિટ એન્ડ ગેરન્ટી કૉર્પોરેશન એ આને લગતાં ઉદાહરણો છે.

5 **પ્રેરણાનો અભાવ :** શરૂઆતમાં જ વિશાળ રોકાણ, સ્થાપનાની શરૂઆતનાં વર્ષોમાં નફાનો અભાવ, ઉત્પાદન માટે વધુ વર્ષો રાહ જોવી પડતી હોય વગેરે કારણોસર ખાનગી સાહસિકો આવાં સાહસ શરૂ કરતાં ખચકાય છે. તેવા સંજોગોમાં સરકાર સરકારી કંપનીની સ્થાપના કરતી જણાય છે.

## 17.4.1 લક્ષણો (Features)

સરકારી કંપનીના મૂળભૂત લક્ષણો કાયદેસરનાં નિગમોને મળતાં આવે છે. તેમ છતાં તેમની વચ્ચે એક મુખ્ય તફાવત એ છે કે કેન્દ્ર કે રાજ્યની ધારાસભાનો કાયદો જાહેર નિગમ માટે અનિવાર્ય છે જ્યારે સરકારી કંપનીની સ્થાપના માટે તેની જરૂર નથી. આ તફાવતની કેટલીક બંધારણીય અસરો છે. આ જ એકમમાં આપણે પછીથી જાહેર નિગમ અને સરકારી કંપની વચ્ચેનો તફાવત જોઈશું બીજી બાબતોમાં સરકારી કંપનીના લક્ષણો જાહેર નિગમને મળતાં આવે છે. પહેલાં આપણે સરકારી કંપનીનાં લક્ષણોની વિગતવાર ચર્ચા કરીએ.

1 **ભારતીય કંપની ધારા અન્વયે સ્થાપના :** સરકારી કંપની 1956ના ભારતીય કંપની ધારા હેઠળ નોંધાયેલ કાયદેસરની સંસ્થા છે. ખાનગી ક્ષેત્રે નોંધવામાં આવતી જોઈન્ટ સ્ટૉક કંપનીની જેમ તેની નોંધણી કરાવવી પડે છે. નોંધણી, નિવેદનપત્ર, આવેદનપત્ર, સભાઓ (મિટિંગ), મૂડી માળખું, હિસાબો, હિસાબોની તપાસ વગેરે અંગે કંપની ધારાની જોગવાઈઓ તેને લાગુ પડે છે. તેમ છતાં સરકાર ધારાસભાની મંજૂરીથી ખાસ ઠરાવ દ્વારા કંપની ધારાની કેટલીક જોગવાઈઓમાંથી મુક્ત કરી શકે અથવા બદલી પણ શકે.

2 **તે એક કાયદેસરની સંસ્થા છે :** સરકારી કંપનીને કાયદા દ્વારા અસ્તિત્વ બક્ષવામાં આવેલું છે. તે એક અમૂર્ત વ્યક્તિ (વ્યક્તિત્વ ધરાવે) છે, જેનું અસ્તિત્વ માત્ર કાયદાની દૃષ્ટિએ જ ગણી શકાય. સજીવ વ્યક્તિની માફક તે કાયદાની અદાલતમાં દાવો કરી શકે. તેની સામે દાવો કરી શકાય. પોતે કરાર કરી શકે અને પોતાના નામે મિલકત ઊભી કરી શકે.

3 **મૂડીમાં ખાનગી ભાગીદારોને અવકાશ :** સરકારી કંપનીની માલિકી સંપૂર્ણપણે કે આંશિક રીતે સરકારી માલિકીની હોય છે. કોઈ પણ સંજોગોમાં સરકારનો ફાળો 51% કરતાં ઓછો હોતો નથી. જો સરકારની માલિકી આંશિક હોય તો ખાનગી વ્યક્તિ કે સંસ્થાઓ મૂડીમાં ભાગીદારી મેળવી શકે છે. આમ ખાનગી ક્ષેત્રને પણ મૂડીમાં ભાગ પડાવવાનો હક મળે છે.

4 **સંચાલકોના મંડળ દ્વારા સંચાલન :** સરકારી કંપનીનું સંચાલન સંચાલકોના મંડળ દ્વારા થતું હોય છે. ખાનગી ભાગીદારીને ધ્યાનમાં રાખીને મોટા ભાગના કે બધા જ સંચાલકોની નિમણૂક સરકાર કરતી હોય છે. સંચાલકોના મંડળની રચના કરતી વખતે સરકાર ગ્રાહક, મજૂરો, વિશિષ્ટ આવડત ધરાવતા ટેક્નોક્રેટ્સ, વિદેશી ભાગીદારો વગેરે વિભિન્ન હિત ધરાવતા સહુને પૂરતું પ્રતિનિધિત્વ આપે છે.

5 **નાણાકીય સ્વતંત્રતાનો લાભ :** સરકારી કંપની વસ્તુ અને સેવાના વેચાણ દ્વારા મળેલી આવકનો ઉપયોગ અને પુનઃ ઉપયોગ કરી શકે છે. જરૂર પડે તો તે નાણાકીય સંસ્થાઓ તેમ જ જાહેર જનતા પાસેથી પણ ધિરાણ મેળવી શકે છે.

6 **સ્વતંત્ર કર્મચારી ગણ :** તેના કર્મચારી સરકારી નોકર ગણાતા નથી. તેમની નિમણૂક કંપની પોતાની શરતો મુજબ કરે છે. પોતાના નિવેદન પત્ર પ્રમાણે તે કર્મચારી નીતિનું નિયમન કરે છે.

7 **સ્વતંત્ર હિસાબી પદ્ધતિ અને હિસાબોની તપાસની પદ્ધતિ :** સરકારી ખાતા માટે હિસાબ અને હિસાબની તપાસ અંગેના જે નિયમો છે તેમાંથી તેને મુક્તિ મળેલી છે. તેમની હિસાબી પદ્ધતિ ધંધાદારી સાહસોને વધુમળતી આવે છે અને તેમના અન્વેષકો (ઓડિટર્સ) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોય છે જેમની નિમણૂક સરકાર ( CAG કોમ્પ્ટ્રોલર એન્ડ ઑડિટર- જનરલ ઑફ ઈન્ડિયા)ની ભલામણને આધારે કરવામાં આવે છે.

8 **વાર્ષિક અહેવાલ :** કંપની ધારા પ્રમાણે તેમનો વાર્ષિક અહેવાલ હિસાબો અને હિસાબ તપાસનીશનો અહેવાલ ધારાસભામાં રજૂ કરવાનો રહે છે.

## 17.4.2 સરકારી અને બિનસરકારી કંપની વચ્ચેનો તફાવત(Distinction Between Government and Non-Government Companies)

સરકારી અને અન્ય જોઈન્ટ સ્ટૉક કંપની (જેમને બિનસરકારી કંપની તરીકે ઓળખીશું) વચ્ચે કેટલાક તફાવત છે. તે નીચે પ્રમાણે છે :

(1) **ભરપાઈ થયેલી મૂડી :** સરકારી કંપનીની બાબતમાં 51% કરતાં ઓછી નહીં તેટલી ભરપાઈ થયેલી મૂડી કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર અને એક કે વધુ રાજ્ય સરકારની સંયુક્ત હોય છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના ફાળાનું પ્રમાણ ગમે તે હોઈ શકે.પરંતુ એક કે વધુ સરકારની ભરપાઈ થયેલી

મૂડીકુલ મૂડી 51% જેટલી કે તેથી વધુ હોવી જોઈએ. તો જ તેને સરકારી કંપની ગણી શકાય. એ નોંધવું રહ્યું કે એવી સરકારી કંપની ઘણી ઓછી છે જેની ઇક્વિટી મૂડીમાં ખાનગી માલિકોની ભાગીદારી હોય. બિન-સરકારી કંપનીઓમાં ભરપાઈ થયેલી શૅરમૂડીનો મોટો ભાગ ખાનગી વ્યક્તિઓનો હોય છે.

(2) **હિસાબ તપાસનીશ (ઑડિટર)ની નિમણૂક :** સરકારી કંપનીના હિસાબ તપાસનીશની નિમણૂક સરકાર કોમ્પ્ટ્રોલર એન્ડ ઑડિટર જનરલ ઑફ ઇન્ડિયા(Comptroller and auditor General of India)ની સલાહ પ્રમાણે કરે છે. CAGને હિસાબ તપાસનીશને હિસાબ તપાસવાની રીત અને પદ્ધતિ વિશે દોરવણી આપવાનો અધિકાર છે. કેટલીક વખત CAG પોતે કંપની ધારા અન્વયે કંપનીના હિસાબની તપાસ કરે છે. બિનસરકારી કંપનીના હિસાબ તપાસનીશની નિમણૂક કંપનીની વાર્ષિક સામાન્ય સભામાં કરવામાં આવે છે.

(3) **વાર્ષિક અહેવાલો :** સરકારી કંપનીના વાર્ષિક અહેવાલો અને હિસાબ તપાસનીશનો અહેવાલ કેન્દ્ર સરકાર સંચાલિત કંપનીના કિસ્સામાં સંસદમાં અને રાજ્ય સરકાર સંચાલિત (સરકારી) કંપનીના કિસ્સામાં રાજ્યની ધારાસભામાં રજૂ કરવાનાં રહે છે. બિન સરકારી કંપનીની બાબતમાં ઑડિટરનો અહેવાલ સામાન્ય સભા (જનરલ બોડી) સમક્ષ રજૂ કરવામાં આવે છે.

(4) **કંપનીની ધારાની જોગવાઈ :** કેન્દ્ર સરકારને કંપની ધારાની કોઈ પણ જોગવાઈમાંથી સરકારી કંપનીને મુક્તિ અપાવવાની સત્તા છે સિવાય કે માત્ર હિસાબના તપાસની જોગવાઈ. પરંતુ કેન્દ્ર સરકાર બિનસરકારી કંપનીની બાબતમાં કંપની ધારાની જોગવાઈ અંગે એવો કોઈ અધિકાર ધરાવતી નથી.

## 17.4.3 લાભો (Merits)

જાહેર સાહસોમાં વ્યવસ્થાતંત્રના સ્વરૂપ તરીકે સરકારી કંપનીનો અર્થ અને લક્ષણોનો આપણે ખ્યાલ મેળવ્યો. હવે આ વ્યવસ્થાતંત્રના લાભોની ચર્ચા કરીશું.

(1) **સ્થાપનામાં સરળતા :** ભારતમાં મોટા ભાગનાં જાહેર સાહસો જોઇન્ટ સ્ટૉક કંપની સ્વરૂપનાં હોય છે. એ માટેનું મુખ્ય કારણ એ છે કે સરકાર માટે કંપનીની રચના ઘણી સરળ છે. જ્યારે પણ નવી પ્રવૃત્તિ હાથ ધરવાની જરૂર ઉપસ્થિત થાય ત્યારે સરકાર નવી કંપની શરૂ કરી શકે છે. કાયદેસરના નિગમ માટે જે જરૂરી છે તેવો કોઈ ઠરાવ ધારાસભામાં પસાર કરવાની (અને તેના કારણે ઉપસ્થિત થતા પ્રશ્નોનો સામનો કરવાની) જરૂર પડતી નથી.

(2) **બંધારણમાં ફેરફાર કરવા માટે સરળતા :** સરકાર આ સ્વરૂપ પસંદ કરે છે તેનું કારણ એ છે કે નિયમન પત્રોમાં સુધારા દ્વારા બંધારણ બદલવાનું ઘણું સરળ છે. મોટા ભાગની સરકારી કંપનીઓની સંપૂર્ણ માલિકી સરકારની હોય છે. એક માત્ર શૅરધારક તરીકે કંપનીનાં આર્ટિકલ્સ ઑફ અસોસિયેશનમાં ફેરફાર કરવાની અને જરૂર પડે સભામાં ઠરાવ પસાર કરવાની સરકારને સંપૂર્ણ સત્તા છે.

(3) **ચાલુ સાહસ ખરીદી લેવાની સરળતા :** આ સ્વરૂપ દ્વારા સરકાર માટે કોઈ પણ ચાલુ સાહસના ઇક્વિટી શૅરનો બૃહદ ભાગ (હિત) ખરીદી લઈને તેનું સંચાલન હસ્તગત કરવાનું ઘણું સરળ છે. દા.ત., બર્મા-શેલ કંપનીઓના સમૂહની ઇક્વિટી શૅરની ખરીદી કરીને સરકારે તેને નવું નામ આપ્યું ભારત પેટ્રોલિયમ કૉર્પોરેશન લિમિટેડ જે હવે એક સરકારી કંપની બની ગઈ છે .તે જ પ્રમાણે કંઈ કેટલીય ખાનગી કંપનીઓ સરકારે ખરીદી લીધી છે અને આજે નવા કે જૂના નામે પણ સરકારી કંપની તરીકે કામ કરતી જોવા મળે છે.

(4) **ખાનગી ભાગીદારીની સગવડ :** જાહેર સાહસની ઇક્વિટીમાં ખાનગી ભાગીદારીની સગવડ આ સ્વરૂપ પૂરી પાડે છે. જો (અને જ્યારે) સરકાર ઇચ્છે તો (અને ત્યારે) સરકારી કંપનીના ઇક્વિટી શૅર ભંડોળનો કેટલોક ભાગ જાહેર જનતાને વેચી શકે છે.

(5) **માલિકી બદલવાની સરળતા :** આ સ્વરૂપ દ્વારા જાહેર સાહસનો અંત લાવવાનું પણ એટલું જ સરળ છે. એક વખત કયા ભાવે શૅરની ફેરબદલી કરવી છે તે નક્કી થઈ જાય તો જાહેર જનતા (કે ખાનગી પક્ષકાર)ને શૅર વેચીને માલિકીની ફેરબદલી કરવાનું ઘણું સરળ છે.

(6) **વધુ સ્વાયત્તતા :** વ્યવસ્થાતંત્રના સ્વરૂપ પૈકી જાહેર નિગમ માટેના લગભગ બધા જ લાભ આ સ્વરૂપને પણ મળે છે. તેને પોતાનો હક્કપત્ર (દસ્તાવેજ) કામકાજની સ્વાય ત્તા, નાણાં બદલવામાં આત્મનિર્ભર, કર્મચારીઓની વગેરે બાબતમાં સ્વતંત્રતા હોય છે.

(7) **કામકાજમાં સ્થિતિસ્થાપકતા :** આપણે જાણીએ છીએ તેમ સરકારી કંપનીના કર્મચારીઓ સરકારી નોકર નથી. તેથી ખાતાકીય વ્યવસ્થાતંત્રની અમલદારશાહી તેમ જ તુમારશાહી જેવી મર્યાદાઓ અહીં હોતી નથી. આને કારણે સરકારી કંપની ધંધાના કામકાજ અંગે ઝડપી નિર્ણયો અને તાત્કાલિક કામ કરી શકે છે.

## 17.4.4 મર્યાદાઓ (Limitations)

વ્યવસ્થાતંત્રનાં સ્વરૂપ તરીકે સરકારી કંપનીની મર્યાદાઓ નીચે પ્રમાણે ગણાવી શકાય :

(1) **બંધારણીય જવાબદારીમાંથી છટકબારી :** સંસદની ખાસ પરવાનગી વિના પણ સરકારી કંપનીની સ્થાપના થઈ શકે છે. સંસદમાં સરકારી કંપનીની સ્થાપના માટેનાં કારણો કે તેના બંધારણ અંગે ચર્ચા થતી નથી. આમ બંધારણની જવાબદારીમાંથી મુક્તિ મળે છે.

(2) **સરકારી હસ્તક્ષેપ :** સરકાર એક માત્ર શેરધારક હોઈ સરકારી કંપનીનું મેમોરેન્ડમ (આવેદનપત્ર) કે આર્ટિકલ્સ (નિવેદનપત્ર) બદલવાનું (તેમાં ફેરફાર કરવાનું) સરળ છે .આમ સરકારી કંપનીનાં બંધારણમાં ફેરફાર કરવા માટે જાહેર ચર્ચા કે જાહેર તપાસની આવશ્યકતા રહેતી નથી. પરંતુ કાયદેસરના (જાહેર) નિગમ બાબત જાહેર તપાસ જરૂરી છે જેને કારણે તેની સ્વાયતત્તાને અસર પહોંચે છે.

(3) **જાહેર ઉત્તરદાયિત્વનો અભાવ :** સરકારી કંપનીનાં સંચાલકો અને મુખ્ય અધિકારીઓને હંમેશાં જાહેર ઉત્તરદાયિત્વનો ભય રહેતો હોય છે. પરિણામે તેઓ આગવા નિર્ણયો લેવાનું પસંદ કરતા નથી અને કામકાજનાં નવાં ક્ષેત્રોમાં પ્રવેશતાં ખચકાય છે.

(4) **જાહેર ટીકા :** સરકારી કંપનીની કાર્યસિદ્ધિ અંગેનો અહેવાલ સંબંધિત ખાતાના પ્રધાનના અહેવાલમાં દર્શાવવામાં આવે છે. આ વાર્ષિક અહેવાલો સંસદ કે રાજ્યની ધારાસભામાં રજૂ કરવામાં આવે છે તેથી તે જાહેર દસ્તાવેજ (પુરાવો) બને છે અને જાહેર ટીકા આકર્ષે છે.

(5) **વ્યાવસાયિક સંચાલનનો અભાવ :** આપણે જાણીએ છીએ કે સરકારી કંપનીનાં સંચાલકોની નિમણૂક સામાન્ય રીતે સરકાર દ્વારા થતી હોય છે. તેથી આ સાહસો ધંધાકીય કાર્યક્ષમતા પ્રાપ્ત કરવામાં ખાનગી ક્ષેત્રનાં સાહસો જેટલી સફળતા મેળવી શકતાં નથી.

તમારી પ્રગતિ ચકાસો (ગ)

(1) સરકારી કંપની એટલે શું ?

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

(2) ખાલી જગ્યા પૂરો

(1) સરકારી કંપનીનાં હિસાબના તપાસનીશની નિમણૂક ____________ ની સલાહથી ____________ કરે છે.

(2) સરકારી કંપનીની રચના માટે સરકારે ભરપાઈ થયેલી મૂડીના ઓછામાં ઓછા ____________ ટકા ધરાવવા જોઈએ.

(3) ભારતમાં મોટા ભાગનાં જાહેર સાહસોનું ધંધાદારી વ્યવસ્થાનું સ્વરૂપ ____________ નું જોવા મળે છે.

(4) સરકારી કંપનીની સ્થાપના ____________ ધારા હેઠળ કરવામાં આવે છે.

(5) સરકારી કંપનીનું સંચાલન ____________ દ્વારા કરવામાં આવે છે.

(3) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :

(1) સામાન્ય વીમા નિગમ એ સરકારી કંપની છે.

(2) સરકારી કંપની એ કાયદેસરની સંસ્થા છે.

(3) સરકાર ઇચ્છે તે પ્રમાણે સરકારી કંપનીનું કામકાજ કરી શકે છે.

(4) સરકારી કંપનીનું સઘળું ભંડોળ હંમેશાં સરકાર દ્વારા પૂરું પાડવામાં આવે છે.

(5) સરકારી કંપની સરકારની જાણ બહાર પોતાની જરૂરિયાત પ્રમાણે કર્મચારીઓ નીમવા મુક્ત છે

(6) જે કંપનીનાં 51% કે વધુ શેરની માલિકી સરકારની હોય તેને સરકારી કંપની તરીકે ઓળખવામાં આવે છે.

(7) સરકાર કંપની ધારાની જોગવાઈઓ પૈકી કેટલીક જોગવાઈઓમાંથી સરકારી કંપનીને મુક્તિ અપાવી શકે છે.

## 17.5 વ્યવસ્થાતંત્રનાં સ્વરૂપોની સરખામણી (Comparision of the Forms of Organisation)

આપણે વ્યવસ્થાતંત્રનાં ત્રણેય સ્વરૂપો જેવાં કે ખાતાકીય વ્યવસ્થાતંત્ર, કાયદેસરનાં નિગમો, અને સરકારી કંપનીનાં લક્ષણો તેમ જ મર્યાદાઓની ચર્ચા કરી. હવે આપણે આ લક્ષણોની સરખામણી કરીને આવેલા સંજોગોમાં કયું સ્વરૂપ પસંદ કરવું જોઈએ તેનું મૂલ્યાંકન કરીએ. કોષ્ટક 17.1 જુઓ. તે ત્રણેય સ્વરૂપોનાં લક્ષણોના સારાંશનો ટૂંકમાં ખ્યાલ આપે છે.

ટેબલ - 17.1

જાહેર સાહસોના વ્યવસ્થાતંત્રનાં ત્રણેય સ્વરૂપોનો તુલનાત્મક અભ્યાસ

| ક્રમ નં. | આધાર | ખાતાકીય વ્યવસ્થાતંત્ર | જાહેર નિગમ | સરકારી કંપની |
|---|---|---|---|---|
| 1 | સ્થાપના | સરકાર દ્વારા સ્થાપવામાં આવે છે અને સંબંધિત ખાતાં સાથે જોડવામાં આવે છે. | ધારાસભાના ખાસ કાયદા દ્વારા અસ્તિત્વમાં આવે છે. | કંપની ધારા નીચે સંબંધિત ખાતા દ્વારા સ્થાપવામાં આવે છે. |
| 2 | કાયદેસરનો મોભો | કાયદેસરનો અલગ મોભો મળતો નથી. | કાયદેસરનું અલગ અસ્તિત્વ | કાયદેસરનું અલગ અસ્તિત્વ |
| 3 | સંચાલન | સરકારના સંબંધિત ખાતા દ્વારા સંચાલન | સરકારે નીમેલા સંચાલકોના મંડળ દ્વારા સંચાલન | સંચાલકોના મંડળ દ્વારા જેમાં સરકાર દ્વારા નિમાયેલા તેમ જ શેરધારકોમાંથી ચૂંટાયેલા સભ્યો હોય છે. |
| 4. | મૂડી | અંદાજપત્રમાં જોગવાઈ કરીને પૂરેપૂરી મૂડી સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે. | પૂરેપૂરી સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે. | સરકાર દ્વારા ઓછામાં ઓછો 51% મૂડીમાં હિસ્સો. |
| 5. | ખાનગી ભાગીદાર માટે તક | ખાનગી ભાગીદારની કોઈ તક નથી | ખાનગી ભાગીદારની કોઈ તક નથી. | ખાનગી (રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય) ભાગીદારી શેરમૂડીની માલિકીમાં તેમ જ રોજબરોજની કામગીરીમાં પણ. |
| 6. | સ્વાયત્તતા કાર્યગત | લગભગ નહિ અથવા જરાય નહિ. સરકારના એક ભાગ કે વિભાગ તરીકે કામ કરે છે. | કાયદામાં કરવામાં આવેલી જોગવાઈની મર્યાદામાં રહીને સ્વાયત્ત સંસ્થા તરીકે કામ કરે છે. રોજબરોજનાં કામકાજમાં સરકારી દરમ્યાનગીરી ન હોવાથી સ્વાયત્તતા પ્રમાણમાં વધારે. | ખાનગી સાહસની માફક વેપારી ધોરણે કામકાજ કરે છે. સરકારી દરમ્યાનગીરીમાંથી મુક્તિનું પ્રમાણ વધારે. |
| 7. | સ્થિતિસ્થાપકતા | સંપૂર્ણપણે સરકારી અંકુશ નીચે સરકારના અંદાજપત્ર, હિસાબી પદ્ધતિ અને હિસાબ તપાસ અંગેની ફરજ | સરકારનો કેટલોક અંકુશ પરંતુ અંદાજપત્ર, હિસાબો અને હિસાબોના તપાસ માટેની સરકારી વિધિમાંથી મુક્તિ. | સરકારી અંકુશમાંથી વધુ મુક્તિ સરકારની અંદાજપત્ર, હિસાબો અને હિસાબોના તપાસ માટેની સરકારી વિધિમાંથી મુક્તિ. |
| 8. | જાહેર ઉત્તરદાયિત્વ | સંબંધિત પ્રધાન ધારાસભાને જવાબદાર | ધારાસભા મારફત જાહેર ઉત્તર-દાયિત્વ | સરકાર અને સંબંધિત ખાતાના પ્રધાન, જાહેર જનતાને જવાબદાર, |
| 9. | રોજબરોજની નાણાકીય બાબત અને વિરાણની સત્તા | અંદાજપત્ર દ્વારા નાણાંની વહેંચણી વિરાણ મેળવવાનો અધિકાર નહિ. સઘળી કમાણી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહે છે. | પોતાની વ્યવસ્થા જાતે ગોઠવે છે વિરાણ મેળવવાની સત્તા છે પોતાની કમાણી પોતાની રીતે વાપરવાની સત્તા | પોતાની વ્યવસ્થા પોતે જાતે ગોઠવે છે. વિરાણ મેળવવાની સત્તા છે. કરેલી કમાણીના ઉપયોગની છૂટ. |
| 10. | કર્મચારીગણ અને નોકરી માટેની શરતો | કર્મચારી સરકારી નોકર ગણાય છે. અને **'સિવિલ સર્વિસ કોડ'** અન્વયે તેમનું સંચાલન થાય છે. | કર્મચારીઓ સરકારી નોકર ગણાતા નથી નોકરી માટેની શરતોનો પોતાના કરાર પ્રમાણે અમલ થાય છે. | કર્મચારીઓ સરકારી નોકરિયાત ગણાતા નથી. નોકરી માટેની શરતોનો પોતના કરાર પ્રમાણે અમલ થાય છે. |

વ્યવસ્થાતંત્રના ત્રણે સ્વરૂપો નાં લક્ષણોનો તુલનાત્મક અભ્યાસ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે ધારાસભા પ્રત્યેનું ઉત્તરદાયિત્વ અને સરકારી અંકુશ ખાતાકીય વ્યવસ્થાતંત્રની બાબતમાં મહત્તમ જોવા મળે છે .જ્યારે સરકારી કંપનીની બાબતમાં એ ન્યૂનતમ જોવા મળે છે. કર્મચારી ગણ, નાણાકીય બાબતો અને રોજબરોજના કામકાજની બાબતમાં ખાતાકીય વ્યવસ્થાતંત્રને નહિવ ા સ્વાયત્તતા હોય છે. જ્યારે સરકારી કંપની સ્વરૂપ મહ ામ સ્વાયત્તતા ભોગવે છે. તે જ પ્રમાણે ખાતાકીય વ્યવસ્થાતંત્રમાં સ્થિતિસ્થાપકતા નહિવત્ હોય છે જ્યારે સરકારી કંપનીની બાબતમાં સ્થિતિસ્થાપકતા મહત્તમ જોવા મળે છે. જાહેર નિગમ અને સરકારી કંપનીનાં મુખ્ય લક્ષણો લગભગ સરખાં છે. વ્યવસ્થાતંત્રનાં આ બે પ્રકારના સ્વરૂપનાં કામકાજની બાબતમાં ખાસ કોઈ તફાવત નથી. દા.ત., ભારતીય જીવન વીમા નિગમ એ કાયદેસરનું જાહેર નિગમ છે પરંતુ ભારતીય સામાન્ય વીમા નિગમ એ સરકારી કંપની છે તેમ છતાં બેઉ કામકાજ અને સંચાલનની બાબતમાં લગભગ એકસરખી રીતે વર્તે છે.

તેમની વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે જાહેર નિગમની રચના (સ્થાપના) ધારાસભાના ખાસ કાયદા દ્વારા કરવામાં આવે છે. જ્યારે સરકારી કંપનીની સ્થાપના ધારાસભાની પરવાનગી વિના ભારતીય કંપની ધારા અન્વયે કરવામાં આવે છે. સરકારી કંપનીની બાબતમાં મૂડી તેમ જ સંચાલનમાં ખાનગી ભાગીદારી શક્ય છે જ્યારે જાહેર નિગમમાં તે શક્ય નથી. સરકારી કંપની પર સંસદનો ખાસ અંકુશ નથી.

વ્યવસ્થાતંત્રનાં આ ત્રણ સ્વરૂપોના તુલનાત્મક મૂલ્યાંકનને આધારે સ્પષ્ટ રીતે કહી શકાય કે કંપની સ્વરૂપ ઔદ્યોગિક અને વ્યાપારી સાહસો માટે યોગ્ય છે જ્યારે જાહેર નિગમ જાહેર ઉપયોગિતાની સેવા માટે પસંદ કરવા જેવું છે. ઔદ્યોગિક અને વ્યાપારી સાહસો કાર્યક્ષમ રીતે ચલાવવા માટે સંચાલનમાં સ્વાયત્તતા અને વ્યાપારી ધોરણે કામ કરી શકે તેવા વ્યાવસાયિક સંચાલકો (મૅનેજર્સ)ની જરૂર છે. આવાં સાહસો માટે એ જરૂરી છે કે ખાતાકીય પ્રધાન  કે સંસદની દખલગીરી ઓછામાં ઓછી હોય. વળી નીતિ અને વ્યૂહરચનાના ઘડતર માટે સ્થિતિસ્થાપકતા હોવી જોઈએ. વ્યવસ્થાતંત્રનું કંપની સ્વરૂપ આ જરૂરિયાતો પૂરી પાડી શકશે. કારણ કે કંપનીને કાયદેસરના અસ્તિત્વનો લાભ મળે છે. નીતિ અને વ્યૂહરચનામાં ફેરફાર કરવા માટે સંસદની મંજૂરીની આવશ્યકતા રહેતી નથી.

બીજી બાજુ જાહેર ઉપયોગિતા માટે જાહેર નિગમ યોગ્ય વ્યવસ્થાતંત્ર છે, કારણ કે તેમાં ઇજારાનું ત વ હોઈ સરકાર દ્વારા (સેવાના) દરના કડક નિયમનની આવશ્યકતા છે.

આપણે એ નોંધવું રહ્યું કે વિભિન્ન સરકારી વ્યવસ્થાતંત્ર પોતાના નામ સાથે કૉર્પોરેશન (નિગમઃ દા.ત., સ્ટેટ ટ્રેડિંગ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા લિમિટેડ), કંપની (હિન્દુસ્તાન ફોટોફિલ્મ્સ મેન્યુફેક્ચરીંગ કંપની લિમિટેડ), ઓથોરિટિ (સ્ટીલ ઓથોરિટિ ઑફ ઇન્ડિયા લિમિટેડ) અને કમિશન (ઓઇલ એન્ડ નેચરલ ગેસ કમિશન) જેવા શબ્દો જોડે છે. પરંતુ કાયદાની દષ્ટિએ તેનો ખાસ જુદો અર્થ થતો નથી. તે તેના વ્યવસ્થાતંત્રનાં સ્વરૂપ અંગે કશો નિર્દેશ કરતાં નથી. દા.ત., ''નિગમ'' શબ્દ જાહેર નિગમ તેમ જ સરકારી કંપની બંન્ને સ્વરૂપ માટે વપરાય છે. ભારતીય જીવન વીમા નિગમ (ધી લાઇફ ઇન્સ્યોરન્સ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા) એ જાહેર નિગમ છે પરંતુ ભારતીય સામાન્ય વીમા નિગમ (જનરલ ઇન્સ્યોરન્સ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા) એ સરકારી કંપની છે. આથી માત્ર ા નામમાં વપરાયેલા શબ્દને આધારે એ નક્કી કરી શકાતું નથી કે તે જાહેર નિગમ સ્વરૂપનું વ્યવસ્થાતંત્ર હશે કે જાહેર કંપની.

મર્યાદિત જવાબદારીવાળી - (લિમિટેડ) શબ્દનો ઉપયોગ જાહેર નિગમ અને સહકારી કંપની વચ્ચેનો તફાવત સમજાવવામાં કેટલેક અંશે મદદરૂપ નીવડી શકે છે. સામાન્ય રીતે સરકારી કંપની તેના નામના એક ભાગ તરીકે લિમિટેડ શબ્દનો ઉપયોગ કરે છે પરંતુ આ બાબતમાં પણ કેટલાક અપવાદો છે. જો કંપની ધારાની કલમ 25 અન્વયે સરકારી કંપનીની નોંધણી કરાવવામાં આવે તો તેણે પોતાના નામમાં  લિમિટેડ શબ્દના ઉપયોગની જરૂર નથી કારણ કે આવી કંપની માત્ર સાંસ્કૃતિક, સામાજિક, કે બિન-વ્યાપારી હેતુ માટે સ્થાપવામાં આવેલી હોય છે. આવી કંપની પોતાના સભ્યોને ડિવિડન્ડની વહેંચણી કરતી નથી અને પોતાની કમાણી ખાસ હેતુના વિકાસ પાછળ જ ખર્ચે છે. આ પ્રકારની ચાર સરકારી કંપનીઓ કેન્દ્ર સરકાર દ્વારા સ્થપાયેલી છે જે આ પ્રમાણે છે : (1) નેશનલ રિસર્ચ ડેવલપમેન્ટ કૉર્પોરેશન (2) ઇન્ડિયન ડેરી કૉર્પોરેશન (3) ટ્રેડ ફેર ઓથોરિટિ ઑફ ઇન્ડિયા અને (4) આર્ટિફિશ્યલ લિમ્બ મેન્યુફેક્ચરીંગ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા. આ કંપનીઓની નોંધણી કંપની ધારા હેઠળ થયેલી હોવા છતાં તેઓ પોતાના નામમાં લિમિટેડ શબ્દ વાપરતી નથી.

**તમારી પ્રગતિ ચકાસો (ઘ)**

(I) ખાલી જગ્યા પૂરો.

(1) ----------ની રચના ધારાસભાના ખાસ કાયદા દ્વારા અને -------- ની રચના કંપની ધારા અન્વયે કરવામાં આવે છે.

(2) વ્યવસ્થાતંત્રનું -------- સ્વરૂપ બીજાં સ્વરૂપોની સરખામણીમાં અમલદારશાહી પદ્ધતિની

વધુ નજીક છે.

(3) વ્યવસ્થાતંત્રનાં __________ સ્વરૂપમાં મૂડીમાં ખાનગી ભાગીદારીની શક્યતા છે.

(4) વ્યવસ્થાતંત્રનું __________ સ્વરૂપ સરકારના અંદાજપત્ર, હિસાબો અને હિસાબની તપાસ માટે બંધાયેલું છે.

(2) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે તપાસો :

(1) વ્યવહારમાં જાહેર નિગમ અને સરકારી કંપની વચ્ચે કોઈ તફાવત નથી.

(2) જાહેર નિગમ અને સરકારી કંપની બન્ને કાયદેસરની નિગમિત (Corporate) સંસ્થા છે.

(3) વ્યવસ્થાતંત્રનાં બીજાં સ્વરૂપોની સરખામણીમાં ખાતાકીય વ્યવસ્થાતંત્રનું સ્વરૂપ નાણાકીય સ્વાયત્તતા વધુ પ્રમાણમાં ભોગવે છે.

(4) જાહેર સાહસના નામમાં કૉર્પોરેશન (નિગમ) અને કંપની જેવા શબ્દો વ્યવસ્થાતંત્રનાં જુદાં સ્વરૂપોનો નિર્દેશ કરે છે.

(5) ખાતાકીય વ્યવસ્થાતંત્રની સરખામણીમાં જાહેર નિગમ સ્વરૂપ વધુ કાર્યાત્મક સ્વાયત્તતા ધરાવે છે.

## 17.6 સારાંશ

જાહેર સાહસોના વ્યવસ્થાતંત્ર માટે 3 સ્વરૂપો જોવા મળે છે : (1) ખાતાકીય વ્યવસ્થાતંત્ર (2) જાહેર નિગમ અને (3) સરકારી કંપની.

ખાતાકીય વ્યવસ્થાતંત્રની બાબતમાં એકમની વ્યવસ્થા, નાણાકીય સંચાલન અને અંકુશ સરકારના બીજાં ખાતાંઓ જેવો જ હોય છે. સંબંધિત પ્રધાન સમગ્ર અંકુશ ધરાવે છે. અને તે પોતે કાર્યક્ષમ સંચાલન માટે ધારાસભા (કે સંસદ) જવાબદાર ગણાય છે. ધારાસભા (કે સંસદમાં) રજૂ કરવામાં આવતા અંદાજપત્ર દ્વારા તેની નાણાકીય જરૂરિયાત પૂરી પાડવામાં આવે છે અને તેની આવક (કે કમાણી) સરકારી તિજોરીમાં જમા કરાવવામાં આવે છે. સરકારનાં બીજાં ખાતાંઓને લાગુ પડે છે તેવી અંદાજપત્ર, હિસાબ અને હિસાબના તપાસની પદ્ધતિ તેમને પણ લાગુ પડે છે. તેમના કર્મચારીઓ સરકારી નોકર જ ગણાય છે.

ખાતાકીય વ્યવસ્થાતંત્રનાં કેટલાક લાભ છે. ધારાસભા પ્રત્યેના તેના સંપૂર્ણ ઉત્તરદાયિત્વને કારણે આ સાહસોનાં કાર્યો પર સરકાર મહત્તમ અંકુશ ધરાવી શકે છે. તેથી જાહેર ભંડોળના દુરૂપયોગની શક્યતા નહિવત્ છે. સરકાર ખાતાકીય વ્યવસ્થાતંત્રના સ્વરૂપનો પોતાની સામાજિક અને આર્થિક નીતિના સાધન તરીકે ઉપયોગ કરી શકે છે. આ સાહસો દ્વારા કમાવામાં આવતી વધારાની આવકનો ઉપયોગ સરકાર રાષ્ટ્રની ઉન્નતિ માટે કરી શકે. આ સાહસોની મર્યાદામાં અમલદારશાહી, તુમારશાહી, ધારાસભાનો ભારે અંકુશ, રાજકીય અસ્થિરતા, વ્યાવસાયિક નિષ્ણાતપણાનો અભાવ, સ્થિતિસ્થાપકતાનો અભાવ, નાણાકીય બાબતોમાં સ્વાયત્તતાની ગેરહાજરી હરીફાઈ અને નફાના હેતુની પણ ગેરહાજરી.

સંસદ અથવા ધારાસભાના ખાસ કાયદા દ્વારા અસ્તિત્વમાં આવતું જાહેર નિગમ વૈધાનિક સંસ્થા છે. કાયદામાં તેની સત્તા, ફરજો, કાર્યો, મુક્તિ (છૂટ) અને સંચાલનની રીત (પદ્ધતિ) અંગે સ્પષ્ટતા કરવામાં આવે છે. તેને વૈધાનિક નિગમ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેની પુરેપૂરી મૂડી સરકાર ભરપાઈ કરે છે અને તેની સંપૂર્ણ માલિકી સરકારની ગણાય છે. નાણાકીય બાબતોમાં તે સ્વાય ા છે. સરકારે નીમેલા સંચાલકોના બનેલા સંચાલક મંડળ દ્વારા તેનું સંચાલન થાય છે. તેના કર્મચારીઓ સરકારી નોકર ગણાતા નથી. પોતાની રચના કરનાર ધારાસભાને તે જવાબદાર છે. તેમ છતાં ધારાસભા તેના રોજબરોજના કામકાજમાં દખલ કરી શકતી નથી.

વ્યવસ્થાતંત્રના એક સ્વરૂપ તરીકે જાહેર નિગમના કેટલાક લાભ છે. કાયદેસરની સ્વાયત્ત સંસ્થા તરીકે તે પોતાના કામકાજનું સંચાલન સ્વતંત્ર રીતે, આગવા નિર્ણય લઈને, પરિવર્તનશીલ રહીને કામ કરે છે. તુમારશાહી જોવા મળતી નથી, નાણાકીય બાબતમાં સ્વતંત્ર હોઈ જરૂર પડે મૂડી ભંડોળ મેળવી શકે છે. ધારાસભા પ્રત્યેના ઉત્તરદાયિત્વ અને સેવાના હેતુને કારણે જાહેર હિતનું રક્ષણ કરે છે. અને નફાનો હેતુ, શોષણ, ગેરકાયદે સટ્ટો વગેરે દૂષણોથી દૂર રહે છે. તેને મોટા પાયા પરની કરકસરતા અને કાર્યકુશળતાનો લાભ મળે છે. તેની મર્યાદાઓમાં સરકારની વધુ પડતી દરમ્યાનગીરી, નીતિવિષયક બાબત સ્થિતિસ્થાપકતાનો અભાવ, સંચાલક મંડળના સંચાલકોના હિત વચ્ચે સંઘર્ષ, વધુ પડતું, જાહેર ઉત્તરદાયિત્વ અને વેપારવૃત્તિનો અભાવ ગણાવી શકાય.

સરકારી કંપનીની નોંધણી ભારતીય કંપની ધારા હેઠળ કરવામાં આવે છે, જેમાં ભરપાઈ થયેલી મૂડીના 51% કરતાં ઓછી નહિ તેટલી મૂડી કેન્દ્ર સરકાર કે કોઈ રાજ્ય સરકાર કે વધુ રાજ્ય સરકારો કે આંશિક રીતે કેન્દ્ર સરકાર અને આંશિક રીતે એક કે વધુ રાજ્ય સરકારની માલિકીની હોય છે. આ કંપનીની પેટાકંપનીને પણ સરકારી કંપની ગણવામાં આવે છે. આવી કંપનીની સ્થાપના માટે સરકારે ધારાસભા પાસેથી મંજૂરી લેવાની રહેતી નથી. વ્યવસ્થાતંત્રના આ સ્વરૂપમાં મૂડી (માલિકી) તેમ જ સંચાલનની બાબતમાં ખાનગી ભાગીદારોને અવકાશ છે. તેનું સંચાલન સંચાલકોના મંડળ દ્વારા કરવામાં આવે છે. સંચાલકોના મંડળના સંચાલકો સરકાર દ્વારા નિમાયેલા તેમ જ ખાનગી શેરધારકો દ્વારા ચૂંટાયેલા હોય છે. તેમને નાણાકીય સ્વાયત્તતા હોય છે. કર્મચારી ગણની પસંદગી સ્વતંત્ર રીતે કરી શકે છે. ખાતાકીય વ્યવસ્થાતંત્રને બંધનકર્તા એવી અંદાજપત્ર, હિસાબો અને હિસાબની તપાસ પદ્ધતિમાંથી તેને મુક્તિ મળેલી છે.

સરકારી કંપનીનો મુખ્ય લાભ એ છે કે ખાતાકીય વ્યવસ્થાતંત્રની સઘળી મુશ્કેલી દૂર કરવા સાથે તે જાહેર નિગમના સઘળા લાભ મેળવી આપે છે. તેની સ્થાપનાની વિધિ સરળ છે. જરૂર પડે તેના બંધારણમાં જરૂરી ફેરફાર કરી શકાય છે. મૂડી અને સંચાલનમાં ખાનગી ભાગીદારને અવકાશ છે. સરકાર ઈચ્છે ત્યારે કોઈ ચાલુ સાહસ આ સ્વરૂપ મારફત ખરીદી લઈ શકે. અથવા કોઈ ખાનગી સાહસને માલિકીનું હસ્તાંતર કરી આપી શકે (પોતે છૂટા થઈ શકે) નાણાકીય કર્મચારીઓ અને હિસાબો વગેરે બાબતોમાં સ્વાયત્તતાને કારણે સરકારી કંપનીની કાર્યાત્મક સ્થિતિસ્થાપકતા ઘણી વધારે છે. તેની મૂલ્ય મર્યાદાઓમાં વ્યવસ્થાતંત્રના આ સ્વરૂપમાં સંસદ દ્વારા પૂછપરછનો અભાવ, વ્યાવસાયિક સંચાલનની ગેરહાજરી, સરકારી દખલ (દરમ્યાનગીરી) ઉચ્ચ અધિકારીઓને જાહેર ઉત્તરદાયિત્વનો ડર વગેરે ગણાવી શકાય.

ત્રણેય સ્વરૂપનાં લક્ષણોનું તુલનાત્મક મૂલ્યાંકન દર્શાવે છે કે ખાતાકીય વ્યવસ્થાતંત્ર જ્યાં જાહેર હિત અને રાષ્ટ્રનું હિત સંકળાયેલું હોય તેવા ઉદ્યોગો માટે યોગ્ય છે. ઔદ્યોગિક અને વેપારી સાહસો (એકમો) માટે સરકારી કંપની અને જાહેર ઉપયોગિતાની સેવા માટે જાહેર નિગમો પસંદ કરવાં હિતાવહ છે.

## 17.7 ચાવીરૂપ શબ્દો (Key words)

**સ્વાયત્તતા :** જાહેર સાહસોની બાબતમાં સ્વાયત્તતા એટલે રાજકીય દરમ્યાનગીરી વિના નીતિ ઘડવા અંગે અને તેના અમલ અંગે સ્વતંત્રતા.

**વૈધાનિક સંસ્થા :** ધારાસભાના કાયદા દ્વારા અથવા કંપની ધારા અન્વયે નોંધણી દ્વારા અસ્તિત્વમાં આવેલ વ્યવસ્થાતંત્ર.

**ખાતાકીય વ્યવસ્થાતંત્ર :** એવું વ્યવસ્થાતંત્ર જ્યાં જાહેર સાહસની વ્યવસ્થા, નાણાકીય સંચાલન અને અંકુશ સરકારી ખાતાની માફક થતાં હોય.

**સરકારી કંપની :** ભારતીય કંપની ધારા અન્વયે નોંધાયેલ કંપની જેમાં ભરપાઈ થયેલી શેર મૂડીના 51% કરતાં ઓછી નહિ તેટલી મૂડી કેન્દ્ર સરકાર કે કોઈ એક રાજ્ય સરકાર કે આંશિક રીતે કેન્દ્ર સરકાર અને આંશિક રીતે એક કે વધુ રાજ્ય સરકારો, દ્વારા ધરાવવામાં આવતી હોય.

**મિશ્ર માલકીની કંપની :** એવું સાહસ જેની મૂડીની માલિકી આંશિક પ્રમાણમાં સરકારની અને આંશિક પ્રમાણમાં ખાનગી હિત (ભારતીય કે વિદેશી) દ્વારા ભરપાઈ કરવામાં આવેલી હોય.

**જાહેર ઉત્તરદાયિત્વ :** જાહેર સાહસોની જાહેર જનતા તરફની જવાબદારી કાં તો સંસદ મારફત અથવા રાજ્યની ધારાસભા મારફત.

**જાહેર નિગમ :** એક નિગમિત સંસ્થા જેની રચના સંસદ અથવા રાજ્યની ધારાસભામાં પસાર કરવામાં આવેલ કાયદાથી થાય છે. એની સત્તા અને કાર્યો નક્કી કરેલ હોય છે.

**કોમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલ ઑફ ઇન્ડિયા :** આ ભારતના બંધારણ હેઠળનું એક સત્તા તંત્ર છે જે સરકારી વ્યવસ્થાતંત્રોના હિસાબોનું ઑડિટ કરે છે.

## 17.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો

Administrative Reforms Commission. 1967. *Report of the Study Team on Pubic Sector Undertakings*. Government of India: New Delhi. (Chapter 2).

Bhushan. Y.K. 1987. *Fundamentals of Business Organisation & Management*, Sultan Chand: New Delhi (Part Nine, Chepter 5).

Ghosh P.K., 1982. *Public Enterprises In India*. Book World: Culcutta (Chapter 3).

Ramesh M.S., 1985. *Principles and Practice of Modern Business Organisation Administration and Managment*. Kalyani Publishers: New Delhi (Volume 1, Chapter 8).

Singh, B.P., and T.N.Chhabra. 1988. *Business Organisation and Management*, Kitab Mahal: Allahabad (Section Eight, Chapter 43).

## 17.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

ક (3) (1) ખોટું (2) ખોટું (3) ખરું (4) ખરું (5) ખરું (6) ખોટું (7) ખરું (8) ખોટું

ખ (3) (1) સરકાર (2) ધારાસભાના ખાસ કાયદા (3) સંચાલકોના મંડળ

(4) (1) ખોટું (2) ખોટું (3) ખરું (4) ખોટું (5) ખોટું (6) ખરું

ગ (2) (1) સરકાર, ધી કોમ્પ્ટ્રોલર એન્ડ ઑડિટર જનરલ ઑફ ઇન્ડિયા (2) 51% (3) જોઈન્ટ સ્ટૉક કંપની (4) સંચાલકોનું મંડળ.

(3) (1) ખરું (2) ખરું (3) ખોટું (4) ખોટું (5) ખરું (6) ખરું (7) ખરું

ઘ (1) (1) જાહેર નિગમ, સરકારી કંપની (2) ખાતાકીય વ્યવસ્થાતંત્ર (3) સરકારી કંપની (4) ખાતાકીય
(2) (1) ખરું (2) ખરું (3) ખોટું (4) ખોટું (5) ખરું

## 17.10 અંતિમ કસોટી/સ્વાધ્યાય

(1) જાહેર સાહસો માટે વ્યવસ્થાતંત્રના સ્વરૂપો ક્યાં ક્યાં છે ? પ્રત્યેક સ્વરૂપનાં લક્ષણો સમજાવો.

(2) જાહેર નિગમ એટલે શું ? તેનાં લક્ષણો, લાભો અને મર્યાદાઓ જણાવો.

(3) સરકારી કંપની એટલે શું ? સરકારી કંપની અને બિન સરકારી કંપની વચ્ચેના તફાવતોની યાદી જણાવો.

(4) સરકારી કંપનીનાં મુખ્ય લક્ષણો ક્યાં છે ? જાહેર નિગમનાં લક્ષણો કરતાં તે કઈ રીતે જુદાં પડે છે ?

(5) સરકારી કંપની એટલે શું ? તેનાં લક્ષણો, લાભો અને મર્યાદાઓ સમજાવો.

(6) ખાતાકીય વ્યવસ્થાતંત્રનું સ્વરૂપ એટલે શું ? વ્યવસ્થાતંત્રના આ સ્વરૂપનાં મુખ્ય લક્ષણો જણાવો. અને તેની લોકપ્રિયતાના અભાવ વિશે ટીકા કરો.

(7) વ્યવસ્થાતંત્રનાં સ્વરૂપ તરીકે કંપની અને જાહેર નિગમના સ્વરૂપની સરખામણી કરો. જાહેર સાહસના સંચાલન માટે તમે બેમાંથી કોની ભલામણ કરશો અને શામાટે ?

નોંધ : એકમને સારી રીતે સમજવા માટે તમને આ પ્રશ્નો મદદરૂપ નીવડશે. તેના જવાબ લખવા પ્રયત્ન કરો. પરંતુ તમારા જવાબ યુનિવર્સિટીને મોકલવાના નથી. તે માત્ર તમારા મહાવરા માટે જ છે.

# એકમ 18 જાહેર ઉપયોગિતાઓ (Public Utilities)

રૂપરેખા


18.0 ઉદ્દેશો
18.1 પ્રસ્તાવના
18.2 જાહેર ઉપયોગિતા એટલે શું ?
18.3 જાહેર ઉપયોગિતાનાં લક્ષણો
18.4 જાહેર ઉપયોગિતાનું વ્યવસ્થાતંત્ર અને સંચાલન
18.5 જાહેર ઉપયોગિતાની કિંમત નિર્ધારણ નીતિ
18.6 જાહેર ઉપયોગિતાની વેચાણનીતિ.
18.7 જાહેર અંકુશ અને રાજ્યનું નિયમન
18.8 સારાંશ
18.9 ચાવીરૂપ શબ્દો
18.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો
18.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
18.12 અંતિમ કસોટી/સ્વાધ્યાય


## 18.0 ઉદ્દેશો

આ એકમ ના અભ્યાસના અંતે તમે-

* જાહેર ઉપયોગિતાનો અર્થ અને લક્ષણો સમજાવી શકશો.
* વ્યવસ્થાતંત્રનાં અને જાહેર ઉપયોગિતાના સંચાલનનાં સ્વરૂપો વર્ણવી શકશો.
* જાહેર ઉપયોગિતાની કિંમત નિર્ધારણ તેમ જ વેચાણ નીતિ સમજાવી શકશો. જાહેર ઉપયોગિતાના અંકુશ અને નિયમનની જરૂરિયાત કે વાજબીપણું સિદ્ધ કરી શકશો.

## 18.1 પ્રસ્તાવના

આપણા રોજબરોજના જીવનમાં આપણને સીધી કે આડકતરી રીતે અનેક આવશ્યક સેવાઓની જરૂર પડે છે. શહેરમાં આપણે નળ દ્વારા પાણી મેળવીએ છીએ. મુસાફરી માટે આપણે હંમેશાં વાહન-વ્યવહારનાં સાધનોનો ઉપયોગ કરીએ છીએ. પ્રકાશ તેમ જ વાતાનુકૂલન (એર-કન્ડિશનીંગ) માટે કે પછી કારખાના, ટ્રામ, રેલવે ચલાવવા અને પાકને નહેરનું પાણી પૂરું પાડવા આપણને વીજળીની જરૂર પડે છે. શું આપણને ક્યારેય એવો વિચાર આવ્યો છે કે આ સેવાઓ કેવી રીતે મળી રહે છે ? આ સઘળી સેવાઓને જાહેરે ઉપયોગિતાની સેવા તરીકે અને તે સેવા પૂરી પાડનારા વ્યવસ્થાતંત્રને જાહેર ઉપયોગિતાનાં સાહસો તરીકે ઓળખવામાં આવે છે. આ એકમમાં આપણે જાહેર ઉપયોગિતાનાં સાહસોનો અર્થ, લક્ષણો, વ્યવસ્થાતંત્રનાં સ્વરૂપો, તેનું સંચાલન, તેની કિંમત નિર્ધારણ નીતિ અને વેચાણ નીતિની ચર્ચા કરીશું, આપણે જાહેર ઉપોયગિતા પર રાજ્યના નિયમન અને અંકુશની જરૂરિયાત અંગે પણ ચર્ચા કરીશું.

## 18.2 જાહેર ઉપયોગિતા એટલે શું ? (What is a public utility ?)

જાહેર જનતાને પોતાના રોજિંદા જીવનમાં પાણી, ગૅસ, વીજળી, વાહનવ્યવહાર, માહિતીસંચાર વગેરેની જરૂર ઉપસ્થિત થાય છે. આ વસ્તુ કે સેવાના પુરવઠામાં જ્યારે ભંગાણ પડે છે ત્યારે લોકોનું રોજિંદુ જીવન ખોરવાઈ જાય છે. ધારો કે નળમાં પાણી ન આવે. પાણી મેળવવા માટે આપણે નજીકના કૂવાનો કે હાથ વડે ચાલતા પંપનો આશરો લેવો પડશે. પરિણામે આપણે કામના સ્થળે સમયસર પહોંચી નહિ શકીએ. તે જ પ્રમાણે વીજળીનો પુરવઠો કે વાહનવ્યવહારની સેવાની ગેરહાજરીમાં જાહેર જીવન અને પ્રવૃત્તિઓ અટકી પડે છે. આમ પ્રજા માટે આ સેવાઓનું મહત્ત્વ ઘણું જ છે. તેથી જ આ સેવાઓને અગત્યની સેવા અથવા અનિવાર્ય જરૂરિયાત તરીકે ઓળખવામાં આવે છે. આધુનિક સમાજ માટે સંપૂર્ણપણે અનિવાર્ય ગણાય તેવી ચીજ વસ્તુ (કે સેવા) એકધારી કાર્યક્ષમ રીતે પૂરી પાડવા માટે સ્થપાયેલાં ધંધાદારી સાહસોને જાહેર ઉપયોગિતા માટેનાં વ્યવસ્થાતંત્રો તરીકે ઓળખવામાં આવે છે. આપણે કહી શકીએ કે જાહેર હિત એ જાહેર ઉપયોગિતાનો આત્મા છે. આમ જાહેર ઉપયોગિતા એ સામાન્ય જનતાને રોજબરોજની જરૂરિયાત સંતોષવા માટે અનિવાર્ય વસ્તુ કે સેવા પૂરી પાડનારા ધંધાકીય સાહસ તરીકે ઓળખાવી શકાય. ગૅસ, પાણી, વીજળી વગેરેનો પુરવઠો, વાહનવ્યવહાર વગેરે જેવી અનિવાર્ય સેવાઓ પૂરી પાડનાર સંસ્થાઓ જાહેર ઉપયોગિતાના એકમોનાં ઉદાહરણો

કહી શકાય. જાહેર ઉપયોગિતાની સેવાઓ પૂરી પાડનાર બધાં જ સાહસો, સમાજની દરેકે દરેક વ્યક્તિને, વાજબી દરે, કોઈ પણ જાતના ભેદભાવ વિના જરૂરી વસ્તુ અને સેવા પૂરી પાડવા બંધાયેલાં છે.

## 18.3 જાહેર ઉપયોગિતાનાં લક્ષણો (FeatureS of Public utilities)

આપણે જોયું કે જાહેર ઉપયોગિતા પૂરી પાડતાં સાહસો આવશ્યક વસ્તુ અને સેવા સાથે સંકળાયેલાં છે. આ કારણસર તે બીજાં ધંધાદારી સાહસોથી અલગ પડે છે. હવે આપણે જાહેર ઉપયોગિતાનાં આગવાં લક્ષણોનો અભ્યાસ કરીશું :

(1) **આવશ્યકતા (અનિવાર્યતા) :** જાહેર ઉપયોગિતા આવશ્યકતા અથવા અનિવાર્ય સેવા સાથે સંકળાયેલ છે, જેવી કે પાણી, ગેસ, વીજળી, શક્તિ, વાહન વ્યવહાર, ટેલિફોન,તાર-ટપાલની સેવા વગેરે. સમાજની પાયાની જરૂરિયાત સંતોષવા માટે તેમ જ જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વિના પ્રત્યેક નાગરિકને સુધરેલા સમાજજીવનની સુખસગવડો પૂરી પાડવા માટે આ સેવાઓ જરૂરી છે. તેથી આ સેવાઓ નિયમિત રીતે, પૂરતા પ્રમાણમાં અને એકધારી પૂરી પાડવી જોઈએ. આ કારણથી જ આધુનિક સમાજ આ સેવાઓને અનિવાર્ય ગણે છે.

(2) **કાર્યક્ષેત્ર :** જાહેર ઉપયોગિતાના સાહસનું કાર્યક્ષેત્ર મોટા ભાગે સ્થાનિક હોય છે. આવી પેઢીઓ શહેર,ગામ કે વધુમાં વધુ જિલ્લાની જરૂરિયાતો પૂરી પાડે છે. દિલ્હી મિલ્ક સપ્લાય અન્ડર ટેકિંગ અથવા મધર ડેરી માત્ર દિલ્હીમાં રહેતા લોકોને જુદા જુદા વિસ્તારોમાં આવેલા પોતાનાં કેન્દ્રો દ્વારા દૂધનો પુરવઠો પૂરો પાડે છે.

(3) **ઇજારાયુક્ત કે અર્ધઇજારાયુક્ત પરિસ્થિતિ :** મહત્ત્વની જાહેર સેવાઓ પૂરી પાડનારાં સાહસો કુદરતી રીતે જ ઇજારાની સ્થિતિ ધરાવે છે. તેમને હરીફો હોતા નથી. આપણે દિલ્હી વીજળી ઘર (દિલ્હી ઇલેક્ટ્રીકસપ્લાય કંપની)નો દાખલો લઈ શકીએ. દિલ્હીના રહેવાસીઓને વીજળી પૂરી પાડવા માટે તેનો કોઈ જ હરીફ નથી. એવું માનવામાં આવે છે કે મહત્ત્વની વસ્તુ કે સેવાનો પુરવઠો હરીફાઈને કારણે બિનજરૂરી બેવડાશે. પરિણામે સમાજનાં સાધનોનો બગાડ થશે. દા.ત., શહેરમાં પીવાના પાણીના પુરવઠાનો વિચાર કરીએ. કૂવા ખોદવા, પ્લાન્ટની સ્થાપના (કે રચના) કરવી અને પાણીના વિતરણ માટે પાઈપલાઇન નાખવા પાછળ પુષ્કળ ખર્ચ થતો હોય છે. સામાન્ય રીતે આ કામની જવાબદારી(કે અંકુશ) સંબંધિત નગરપાલિકાને સોંપવામાં આવે છે. જો આ જ કાર્ય માટે એ જ શહેરમાં બીજી સંસ્થાને પણ રોકવામાં આવે તો તેને પણ એટલો જ બીજો ખર્ચ કરવો પડશે જે ખોટો (વ્યર્થ) બગાડ જ છે. આવાં નકામા ખર્ચથી બચવા, જાહેર ઉપયોગિતાને ઇજારો આપવામાં આવે છે. તેમ છતાં કેટલીક જાહેર ઉપયોગિતાની સેવાને હરીફો હોઈ પણ શકે. દિલ્હીમાં દૂધના પુરવઠાનો વિચાર કરીએ તો **મધર ડેરી** ઉપરાંત **દિલ્હી મિલ્ક સપ્લાય અન્ડરટેકિંગ** તેમ જ **નાનક મિલ્ક સપ્લાય કંપની** દિલ્હીમાં દૂધનો પુરવઠો પૂરો પાડે છે. તેથી મધર ડેરીની સ્થિતિ અર્ધ ઇજારાયુક્ત ગણવી જોઈએ.

(4) **નિયમન અને અંકુશ :** આપણે જાણીએ છીએ કે આવા એકમો ઇજારાયુક્ત કે અર્ધ ઇજારાયુક્ત પરિસ્થિતિ ભોગવે છે. તેનો ગેરલાભ લઈને શક્ય છે કે તેઓ ગ્રાહકોનું શોષણ કરે, દા.ત., ઊતરતી (હલકી) ગુણવત્તાવાળો માલ પૂરો પાડે, સેવાઓમાં અનિયમિતતા દાખવે અથવા ઊંચા દર વસૂલ કરે વગેરે. સરકારે વાજબી દરે વસ્તુ કે સેવાની ગુણવત્તા બાબત ખાતરી આપવી જોઈએ. કોઈ પણ જાતના ભેદભાવ વિના જનતાને નિયમિત રીતે પૂરતા પ્રમાણમાં વસ્તુ કે સેવાના પુરવઠા અંગે ખાતરી આપવી જોઈએ. આમ જાહેર ઉપયોગિતાનાં કામકાજ તેમ જ કિંમત અને પુરવઠાની નીતિનું નિયમન જરૂરી છે. આવાં (જાહેર ઉપયોગિતાનાં) સાહસો બાબત સરકારના નિયમનની સત્તા ધારાસભાના ખાસ કાયદાઓ (સ્પેશ્યલ એક્ટસ) માં આપવામાં આવેલી છે.

(5) **વિશેષાધિકાર (Franchise) :** વિશેષાધિકાર અન્વયે જાહેર ઉપયોગિતા ખાસ અધિકાર ધરાવે છે. યોગ્ય પ્રવૃત્તિ માટે જમીન, મકાન, રસ્તા જેવી જાહેર મિલકતમાં હસ્તક્ષેપ કરવાનો ખાસ અધિકાર તેને મળેલો છે. દા.ત., રેલવે જે જાહેર ઉપયોગિતા ગણાય છે તે ક્રૉસિંગ પાસે રેલવેના પાટાની બન્ને બાજુ આડશ ઊભી કરીને જાહેર રસ્તા પર વ્યક્તિ કે વાહનની આવ-જા રોકી શકે છે. તે જ પ્રમાણે પાણીનો પુરવઠો પૂરો પાડનાર એકમ પાઇપ લાઇન નાંખવા માટે રસ્તા વચ્ચે ખાડા ખોદી શકે છે. (તે જ પ્રમાણે ટેલિફોન કંપની) વગેરે. જે દસ્તાવેજ (હક્કપત્ર) દ્વારા સરકાર આવાં એકમોને ખાસ અધિકાર આપવા સાથે તેની ફરજ અને જવાબદારી ઠરાવે છે તેને ફ્રેન્ચાઇઝ (વિશેષાધિકાર) તરીકે ઓળખવામાં આવે છે. આ હક્કપત્રમાં આવાં સાહસોની સત્તા, ખાસ હક્ક, અધિકાર, છૂટ(મુક્તિ), ફરજ, જવાબદારી વગેરે અંગે સ્પષ્ટતા કરવામાં આવેલી હોય છે. આમ કરવાનું કારણ માત્ર એટલું જ છે કે આવા એકમો પોતાનું કામકાજ સંતોષકારક રીતે અને કાર્યક્ષમતાપૂર્વક કરી શકે હક્કપત્રમાં દર્શાવ્યા પ્રમાણેનાં નિયમનો અને બંધનોનું પાલન કરવામાં આવાં સાહસો નિષ્ફળ નીવડે તો તેમનો હક્કપત્ર પાછો ખેંચી શકાય છે.

(6) **વિશાળ મૂડી રોકાણ :** આવાં સાહસો માટે સ્થાયી અસ્કામતોમાં વિશાળ મૂડી રોકાણ જરૂરી બની રહે છે. દિલ્હીમાં દૂધનો પુરવઠો પૂરો પાડનારી મધર ડેરીનો દાખલો લઈએ. પોતાના ગ્રાહકોને દૂધનો પુરવઠો

પૂરો પાડવા માટે તેમણે દૂધ માટેનો પ્લાન્ટ, દૂધના સંગ્રહ માટેનો પ્લાન્ટ અને વાહન તેમ જ ટેકરોનો મોટો કાફલો વસાવવો પડશે. દિલ્હીના જુદા જુદા વિસ્તારોમાં દૂધની વહેંચણી માટેનાં કેન્દ્રોનું બાંધકામ પણ કરવું પડશે. પોતાના ગ્રાહકોને દૂધ સંતોષકારક રીતે પહોંચે છે કે નહિ તે તેણે જોવું પડશે. આમ સઘળી જાહેર ઉપયોગિતાઓને સ્થાયી અસ્કામતોમાં વિશાળ મૂડી રોકાણ કરવું પડે છે.

(7) **માંગની મૂલ્ય સાપેક્ષતાનો અભાવ :** જાહેર ઉપયોગિતાની સેવાની માંગ મૂલ્ય સાપેક્ષ હોતી નથી. એટલે કે તે સેવાના દરમાં વધઘટને પરિણામે તેની માંગમાં કોઈ ફેરફાર થતો નથી. આપણે ઘરગથ્થુ વપરાશ માટે વીજળીનો જ દાખલો લઈએ. વીજળીના દરમાં એકમ દીઠ વધારો કે ઘટાડો થવા છતાં તેની વપરાશ લગભગ એકસરખી જ રહે છે. આમ વીજળીની માંગ મૂલ્ય-નિરપેક્ષ છે. જાહેર ઉપયોગિતાની માંગનાં લક્ષણો નીચે પ્રમાણે છે :

(ક) આ સેવાઓનું વિભાજન થઈ શકતું નથી. તેથી જ તેની માંગ ઉત્તરોત્તર (દિવસોદિવસ) વધતી જાય છે.

(ખ) આ સેવાઓનું વેચાણ આપોઆપ થતું હોય છે. તેને માટે જાહેરખબરની કે માંગ ઊભી કરવા માટે વેચાણકારોની જરૂર પડતી નથી.

(ગ) આ સેવાઓ માટે સીધી તેમ જ આડકતરી બન્ને પ્રકારની માંગ જોવા મળે છે. જ્યારે વીજળીમાં વપરાશ, પ્રકાશ, ઠંડક, ગરમી, રાંધવા વગેરે માટે થતો હોય છે ત્યારે તે સીધી માંગ ગણાય છે. પરંતુ જ્યારે વીજળીનો ઉપયોગ કોઈ કારખાનામાં વસ્તુ બનાવવા કે ઉત્પાદન કરવા માટે કરવામાં આવે ત્યારે તેઆડકતરી માંગ ગણાય છે. સીધી માંગની જરૂર સીધા તેમ જ તાત્કાલિક વપરાશ માટે કરવામાં આવે છે. જ્યારે આડકતરી માંગ ઔદ્યોગિક અને વેપારી હેતુ માટે આ સેવાઓના ઉપયોગ દ્વારા કરવામાં આવે છે.

(ઘ) આ સેવાઓ માટેની આડકતરી માંગ સામાન્ય રીતે મૂલ્ય-સાપેક્ષ હોય છે. જ્યારે સીધી માંગ સામાન્ય રીતે મૂલ્ય નિરપેક્ષ હોય છે. જો વીજળીનો ખર્ચ ઘણો જ વધારે હશે તો કારખાના માટે વીજળીની માંગ ઘટશે.

(8) **ગ્રાહક દ્વારા માંગની ફેરબદલી હસ્તાંતર થઈ શકે છે :** ગ્રાહક દ્વારા માંગની ફેરબદલી હસ્તાંતર કરી શકાતું નથી. જો ગ્રાહકને તેના ગૃહ વપરાશ માટે વીજળી પુરવઠો મેળવ્યો હોય તો તે વીજળી વપરાશનો પોતાનો અધિકાર પોતાના પડોશીને હસ્તાંતર કરી શકે નહિ. જાહેર ઉપયોગિતાના સાહસનાં નિયમો અને નિયમનોના પાલન દ્વારા પ્રત્યેક ગ્રાહકને અલગ રીતે પુરવઠો પ્રાપ્ત કરવો રહ્યો.

(9) **જોખમનું પ્રમાણ :** બીજા ઉદ્યોગની સરખામણીમાં જાહેર ઉપયોગિતાના ધંધામાં (ની સેવામાં) રહેલા જોખમનું પ્રમાણ ઘણું ઓછું હોય છે. તેનું કારણ એ છે કે જરૂરી ચીજો અને સેવાઓ માટેની માંગ ઘટવાની કોઈ શક્યતા હોતી નથી. હકીકતમાં તો તે સમય જતાં વધતી જતી હોય છે. દા.ત., પાણી,ગૅસ,દૂધ, વીજળી વગેરેની માંગ ઘટવા સંભવ નથી. કારણ કે વર્ષોવર્ષ વસ્તી વધવા સાથે વધે છે.

(10) **એકમના સાહસનું કદ :** જે તે વિસ્તારનાં લોકોની માંગને પહોંચી વળવા માટે આવા સાહસોની રચના ઘણા મોટા પાયા પર કરવી આવશ્યક છે. વળી આ સેવાનો પુરવઠો કરકસરભર્યા દરે સતત પૂરો પાડવા માટે પણ એકમનું કદ પ્રમાણમાં વિશાળ હોય તે જરૂરી છે.

(11) **સ્થળની પસંદગી :** જાહેર ઉપયોગિતાના પ્રવર્તકો સાહસ માટેનું સ્થળ પસંદ કરવાની બાબતમાં સ્વતંત્ર નથી. સંબંધિત સત્તાવાળાઓની મંજૂરી પ્રમાણે તેમણે પોતાના સાહસનું સ્થાન નક્કી કરવાનું હોય છે. સ્થાનિક પરિસ્થિતિ અને નિયમનની મર્યાદામાં રહીને તેમણે કામ કરવાનું રહે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) જાહેર ઉપયોગિતાના સાહસની વ્યાખ્યા આપો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(2) નીચેની સેવાઓ પૈકી કઈ સેવાને જાહેર ઉપયોગિતાની સેવા ગણી શકાય:

(ક) પાણીનો પુરવઠો.

(ખ) સમાચારપત્રોનો પુરવઠો

(ગ) બ્રેડ બનાવવી અને પૂરી પાડવી.

(ઘ) વીજળીનો પુરવઠો.

(ચ) દૂધનો પુરવઠો.

(છ) કાપડનું ઉત્પાદન કરવું અને પૂરું પાડવું.

(જ) રેલવે વાહનવ્યવહાર.

(3) નીચેનાં પૈકી કયાં લક્ષણો જાહેર ઉપયોગિતાનાં ગણાવી શકાય ?

(ક) પૂરી પાડવામાં આવતી સેવાની નિરપેક્ષ માંગ

(ખ) ફ્રેંચાઇઝ - વિશેષાધિકાર

(ગ) રાષ્ટ્રીય ધોરણે (સ્તર પર) કામકાજ

(ઘ) ઘણા હરીફો.

(4) નીચેનાં પૈકી કયાં વિધાનો ખરાં છે અને કયાં ખોટાં છે :

(ક) જાહેર ઉપયોગિતાની સેવાની માંગ ઊભી કરવા જાહેરખબર જરૂરી છે.

(ખ) જાહેર ઉપયોગિતાની સેવાનું વિભાજન થઈ શકતું નથી.

(ગ) જાહેર ઉપયોગિતાની સીધી માંગ મૂલ્ય સાપેક્ષ છે.

(ઘ) ગ્રાહકની વીજળીની માંગનું હસ્તાંતર થઈ શકતું નથી.

## 18.4 જાહેર ઉપયોગિતાની વ્યવસ્થાતંત્ર અને સંચાલન (Organisation and Management OF Public Utilities)

જાહેર ઉપયોગિતાની સેવાનાં સાહસોનાં અર્થ અને લક્ષણોનો આપણે અભ્યાસ કર્યો. હવે આપણે આ સાહસોનાં વ્યવસ્થાતંત્ર અને સંચાલનનો અભ્યાસ કરીશું. જાહેર ઉપયોગિતાના સાહસનું વ્યવસ્થાતંત્ર નીચેના ત્રણ પૈકી કોઈ એક સ્વરૂપ ધરાવી શકે છે : (1) ખાનગી કે જાહેર મર્યાદાવાળી કંપની (2) વૈધાનિક નિગમ (3) સરકાર અથવા નગરપાલિકા જેવી જાહેર સત્તાનાં ખાતાં દ્વારા. ખાનગી મર્યાદાવાળી કંપની તરીકેના વ્યવસ્થાતંત્રમાં માલિકી અને સંચાલન ખાનગી પક્ષકાર હસ્તક હોય છે. જાહેર મર્યાદાવાળી કંપની તરીકેના વ્યવસ્થાતંત્રમાં માલિકી અને સંચાલન સરકાર હસ્તક હોય છે. જ્યારે જાહેર ઉપયોગિતાનાં વિશાળ એકમો ધારાસભાના ખાસ કાયદા અન્વયે નિમાયેલા વૈધાનિક નિગમ સ્વરૂપનું વ્યવસ્થાતંત્ર ધરાવે છે. કાયદામાં ઉલ્લેખ પામેલા નિયમો અને પેટા કાયદાઓ સાહસના બંધારણનો ભાગ બની રહે છે. તેની માલિકી અને સંચાલનની જવાબદારી નિગમ અને તેના સંચાલકોના મંડળની છે. પ્રમાણમાં નાનાં એકમો 1956ના ભારતીય કંપની ધારા હેઠળ નોંધણી કરાવીને પોતાનાં આવેદન અને નિવેદનપત્રો ધરાવે છે. જો જાહેર ઉપયોગિતાની સ્થાપના સરકાર કે સ્થાનિક સત્તાનાં ખાતાં તરીકે કરવામાં આવેલી હોય તો તેની માલિકી સરકાર કે નગરપાલિકાની રહે છે અને તેનું સંચાલન (સરકાર કે નગરપાલિકાના) અધિકારી હસ્તક રહે છે. પ્રત્યેક જાહેર ઉપયોગિતાના સાહસે સંબંધિત સરકાર પાસે પરવાનો મેળવવો પડે છે. આ પરવાના દ્વારા તેમને ઇજારા અને વિશેષાધિકાર (ફ્રેંચાઇઝ)ના અધિકારો પ્રાપ્ત થાય છે. સાહસના સંતોષપૂર્વકના કામકાજના આધારે આ પરવાનો વખતોવખત તાજો કરાવવો પડે છે. આ સાહસોને વિશેષાધિકાર દ્વારા અનિવાર્ય જણાય તો ખાનગી અસ્કામતો, હસ્તગત કરવાની તેમ જ જમીન, મકાન, રસ્તા જેવી જાહેર અસ્કામતોમાં દખલગીરી કરવાની સત્તા મળી રહે છે. ઉપરના પ્રત્યેક વ્યવસ્થાતંત્ર અને સંચાલનના પોતપોતાના લાભાલાભ છે. અલબત્ત જાહેર હિત સંકળાયેલું હોવાને કારણે આ સાહસોના રોજબરોજનાં કામકાજ તેમ જ સંચાલન પર સરકારે સીધો કે આડકતરો અંકુશ મૂકેલો છે. કેન્દ્ર રાજ્ય કે નગરપાલિકા જેવી સ્થાનિક સરકાર મોટાભાગનાં આવાં સાહસો પોતે ચલાવે છે તેમાં જ ડહાપણ છે. ઉપરના પ્રત્યેક સ્વરૂપના લાભાલાભનો હવે આપણે અભ્યાસ કરીશું

**ખાનગી મર્યાદાવાળી કંપની :** આપણે જાણીએ છીએ કે ખાનગી કંપની એ ધંધાદારી વ્યવસ્થાતંત્રનું એક એવું સ્વરૂપ છે, જેની નોંધણી 1956 ના ભારતીય કંપની ધારા હેઠળ કરવામાં આવે છે. તેની સભ્યસંખ્યા ઓછામાં ઓછી બે અને વધુમાં વધુ 50 હોય છે. તેને પોતાનાં આવેદન અને નિવેદનપત્રો હોય છે. તેને કેટલાક ખાસ અધિકારો અને કેટલાંક બંધનો હોય છે. અગાઉ એકમ 2 અને 4માં આપણે ખાનગી મર્યાદાવાળી કંપનીની રચના અને લક્ષણોનો અભ્યાસ કરી ગયા છીએ. સામાન્ય રીતે રસ્તા પરના માલસામાનના વહનનું કામકાજ ખાનગી મર્યાદાવાળી કંપની દ્વારા થતું હોય છે. ઉપરાંત અન્ય જાહેર ઉપયોગિતાની સેવાના વ્યવસ્થાતંત્ર તરીકે પણ ખાનગી મર્યાદાવાળી કંપની રચી શકાય છે. આ વ્યવસ્થાતંત્રનો સૌથી મોટો લાભ એ ચીજવસ્તુ કે સેવાની ગુણવત્તાની જાળવણીનો છે, અને મુખ્ય મર્યાદા જાહેર ઉત્તરદાયિત્વના અભાવની છે.

**જાહેર મર્યાદાવાળી કંપની :** આપણે જાણીએ છીએ તેમ જાહેર મર્યાદાવાળી કંપની રચવા માટે ઓછામાં ઓછી સાત વ્યક્તિ હોવી જરૂરી છે. વધુમાં વધુ વ્યક્તિઓની સંખ્યા માટેની કાઈ મર્યાદા નથી. ખાનગી કંપનીની માફક તેના શેરના હસ્તાંતર પર કોઈ બંધન નથી. તે જાહેર જનતા માટે પોતાનું વિજ્ઞાપનપત્ર (Prospectus)બહાર

પાડી શકે છે. એકમ 2 અને 4માં આપણે જાહેર મર્યાદિત કંપનીનાં લક્ષણો અને રચના વિશે શીખી ગયા છીએ. યુરોપ, અમેરિકા તેમ જ ભારતમાં આવી કંપનીઓ દ્વારા જાહેર ઉપયોગિતાની સેવાના અસંખ્ય એકમો સ્થપાયા છે. ભારતીય રેલવેમાર્ગ (ઇન્ડિયન રેલવેઝ) અને અનેક શહેરમાં વીજળીપુરવઠા માટેની કંપનીઓ આનાં ઉદાહરણો છે. સામાજિક જવાબદારી અને જાહેર ઉત્તરદાયિત્વનો અભાવ એ તેની મર્યાદા છે. આમાંનાં મોટા ભાગનાં સાહસોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવેલું છે.

**ખાતાકીય સંચાલન :** કેટલાંક જાહેર ઉપયોગિતાની સેવાનાં સાહસો સરકારી ખાતા દ્વારા ચલાવવામાં આવે છે. સંબંધિત પ્રધાન ખાતાનો વડો ગણાય છે અને તે પોતાના ખાતા પર જરૂરી અંકુશ ધરાવે છે. આવાં સાહસોના ઉદાહરણસ્વરૂપ રેલવેનું સંચાલન રેલવે પ્રધાન રેલવેબોર્ડ મારફત કરે છે. તાર અને ટપાલ ( પોસ્ટ એન્ડ ટેલિગ્રાફ્સ) નું સંચાલન સંચાર મંત્રાલય (મિનિસ્ટ્રિ ઑફ કોમ્યુનિકેશન) દ્વારા કરવામાં આવે છે. આપણે એકમ 17માં વ્યવસ્થાતંત્રના એક સ્વરૂપ તરીકે ખાતાકીય વ્યવસ્થાતંત્રનો અભ્યાસ કરી ગયા છીએ. જાહેર ઉપયોગિતાના વ્યવસ્થાતંત્ર તરીકે આ સ્વરૂપના કાયદાઓ નીચે પ્રમાણે ગણાવી શકાય :

(1) સરકારી જવાબદાર અધિકારી દ્વારા અંકુશની ખાતરી.

(2) સરકારી વાર્ષિક અંદાજપત્રમાં જોગવાઈ દ્વારા નાણાં પૂરાં પાડવામાં આવે છે. આવું અંદાજપત્ર સંસદમાં અથવા સંબંધિત રાજ્યની ધારાસભામાં પસાર કરવામાં આવે છે.

(3) તેની સઘળી આવક સરકારી તિજોરીમાં જમા કરાવવામાં આવે છે.

(4) સંસદ અથવા સંબંધિત ધારાસભામાં તેનો અહેવાલ રજૂ થતો હોય તેની ચર્ચા દ્વારા તેનું જાહેર ઉત્તરદાયિત્વ જળવાઈ રહે છે.

ખાતાકીય સંચાલનની મુખ્ય મર્યાદા અમલદારશાહી તેમ જ તુમારશાહી ગણાવી શકાય.

જાહેર સેવા પ્રત્યે કર્મચારીઓના યોગ્ય વલણના અભાવે કામકાજની કાર્યક્ષમતા જોખમાય છે.

સ્થાનિક સત્તાની માલિકોની તેમ જ સંચાલિત કેટલીક જાહેર ઉપયોગિતાની સંસ્થાઓ - બેસ્ટ (BEST- બોમ્બે ઇલેક્ટ્રીક સપ્લાયર્સ એન્ડ ટ્રાન્સપોર્ટ અંડરટેકીંગ )ની માલિકી અને સંચાલન બોમ્બે મ્યુનિસિપલ કૉર્પોરેશન હસ્તક છે. દેસુ (DESU-દિલ્હી ઇલેક્ટ્રીક સપ્લાય અંડરટેકીંગ )ની માલિકી અને સંચાલન દિલ્હી મ્યુનિસપલ કૉર્પોરેશન હસ્તક છે. આ અને આવા કિસ્સાઓમાં તેમનું સંચાલન નગરપાલિકા (મ્યુનિસિપાલિટીઝ)ની ચૂંટાયેલી સમિતિઓ દ્વારા થતું હોય છે. નગરપાલિકા દ્વારા કરવામાં આવતું સંચાલન વાજબી ગણાવી શકાય. કારણ કે તેનાથી જનતાના ચૂંટાયેલા પ્રતિનિધિઓને જાહેર ઉપયોગિતાનાં કામકાજના સંચાલન માટેની તક સાંપડે છે. તેમ છતાં નગરપાલિકાના અંકુશની કેટલીક મર્યાદાઓ નીચે પ્રમાણે ગણાવી શકાય :

(1) આવી સંસ્થાના ચૂંટાયેલા સભ્યો જરૂરી આવડત કે સમર્થતા ધરાવતા ન પણ હોય.

(2) રાજકીય વાદવિવાદ ( કે ઝઘડો) ક્યારેક લોકોની દયાજનક સ્થિતિમાં વધારો કરનારો નીવડે.

(3) ક્યારેક સ્થાનિક વિસ્તાર એટલો નાનો પડે છે કે કેટલીક ઉપયોગિતાની સેવા માટે મોટા પાયા પરની કરકસરતાઓનો લાભ મળી શકે નહિ.

કામકાજ માટેના ક્ષેત્રની મર્યાદા સાધનોનો મહત્તમ ઉપયોગ થતો અટકાવે. પરિણામે કાર્યકારી ખર્ચ ઘણો ઊંચો (વધુ) આવતો હોય છે.

**જાહેર નિગમ :** આપણે જાણીએ છીએ તે પ્રમાણે જાહેર નિગમ એ સ્વાયત્ત સંસ્થા છે, જેની રચના સંસદ કે ધારાસભાના ખાસ કાયદા દ્વારા કરવામાં આવે છે. આ કાયદા દ્વારા તેને કેટલાંક હક્ક અને સત્તા આપવામાં આવે છે અને તેનું કાર્યક્ષેત્ર પણ નક્કી કરવામાં આવે છે. નિગમનો સંપૂર્ણ અંકુશ સરકાર હસ્તક નથી હોતો. પોતાની નાણાકીય વ્યવસ્થા જાતે સંભાળે છે. સંચાલન માટે બોર્ડ ની નિમણૂક કરે છે. તે જોઇન્ટ સ્ટૉક કંપનીની જેમ જ કાર્ય કરે છે. તે સંસદ અથવા ધારાસભા પ્રત્યે ઉત્તરદાયિત્વ ધરાવે છે. કારણ કે તેના તપાસાયેલા અહેવાલો સંસદ કે ધારાસભામાં રજૂ કરવામાં આવે છે. આપણે એકમ 17માં જાહેર નિગમનો વિગતવાર અભ્યાસ કર્યો છે. જાહેર નિગમ વ્યવસ્થાતંત્ર ધરાવતાં જાહેર ઉપયોગિતાનાં સાહસોના લાભ નીચે પ્રમાણે ગણાવી શકાય :

(1) ખાનગી સાહસ જેવી કાર્યકુશળતા અને સ્થિતિ સ્થાપકતા ધરાવે છે.

(2) તે સંસદ અથવા ધારાસભાને સીધી જવાબદાર હોઈ સમાજના બૃહદ હિતની જાળવણી પૂરતા પ્રમાણમાં થાય છે. તેમ છતાં જાહેર નિગમ વ્યવસ્થાતંત્ર ધરાવતાં જાહેર ઉપયોગિતાનાં સાહસો નીચે પ્રમાણેની મર્યાદા ધરાવે છે.

   (1) રોજબરોજના કામકાજમાં સત્તા પરના પક્ષના નેતાઓનો આડકતરો હસ્તક્ષેપ

   (2) સંચાલકીય વડા ( મૅનેજિંગ ડિરેક્ટર્સ )કે કારોબારીવડા (એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સ) ની નિમણૂક સરકારી નોકરિયાત કે રાજકારણીઓમાંથી કરવામાં આવે છે, જેમને ધંધાકીય બાબતોનું જ્ઞાન કે જાણકારી હોતાં નથી.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) જાહેર ઉપયોગિતાની સેવા માટે સંચાલન તેમ જ વ્યવસ્થાતંત્રનાં જુદાંજુદાં સ્વરૂપો જણાવો.

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

(2) નીચે પૈકી ક્યાં વિધાનો ખરાં છે અને ક્યાં ખોટાં છે ?

(ક) જાહેર ઉપયોગિતાની સેવાના સંચાલન માટે સરકાર જાહેર નિગમોની સ્થાપના કરે છે.

(ખ) નગર પાલિકા દ્વારા જાહેર ઉપયોગિતાનું સંચાલન સરકારી ખાતા દ્વારા સંચાલનને મળતું આવે છે.

(ગ) જાહેર ઉપયોગિતાનાં ખાતાકીય વ્યવસ્થાતંત્ર દ્વારા કમાયેલી આવક સરકાર જાહેર ઉપયોગિતાનાં સાહસ માટે અનામત ભંડોળ તરીકે જુદી રાખે છે.

(ઘ) જાહેર ઉપયોગિતાના ખાનગી મર્યાદાવાળી કંપનીના સ્વરૂપની મુખ્ય મર્યાદા જાહેર ઉત્તરદાયિત્વના અભાવની છે.

## 18.5 જાહેર ઉપયોગિતાની કિંમત નિર્ધારણ નીતિ (Pricing policy of Public Utilities)

કોઈ પણ વસ્તુના કિંમત નિર્ધારણમાં બે પરિબળો મહત્ત્વનો ભાગ ભજવે છે : (1) માંગ અને (2)પુરવઠો. પરંતુ જાહેર ઉપયોગિતાનાં સાહસો દ્વારા પૂરી પાડવામાં આવતી વસ્તુ અને સેવાઓની બાબતમાં આ લાગુ પડતું નથી. કિંમત ઘડતર અંગે બીજી અન્ય બાબતો અગત્યનો ભાગ ભજવે છે. જાહેર ઉપયોગિતાના એકમોની બાબતમાં જેને "સેવાના ખર્ચના સિદ્ધાંતો તરીકે ઓળખવામાં આવે છે. તે સેવાના ઉત્પાદન કે સેવા પૂરી પાડવાના ખર્ચને આધારે કિંમત ( સેવાનો દર ) નક્કી થતી નથી. ગ્રાહકોની ખરીદ શક્તિના આધારે તે નક્કી થઈ શકે છે, જેને "ગ્રાહકોને પરવડે" નામના સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે. આમ થવાનું કારણ જાણવાની આપણને ઇંતેજારી થાય તે સ્વાભાવિક છે. આપણે તેની ચર્ચા કરીએ.

આપણે જાણીએ છીએ કે જાહેર ઉપયોગિતાની વસ્તુ અને સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી વસ્તુ અને સેવાઓ જરૂરી સેવા અને વસ્તુ ગણાય છે. આ વસ્તુઓ અને સેવાઓ ગરીબ તેમ જ તવંગર સરખા પ્રમાણમાં ઉપયોગમાં લે છે. ખર્ચ પર આધારિત ઊંચી કિંમત નક્કી કરવામાં આવે તો તવંગર લોકો સેવાની પ્રાપ્તિ માટે ઊંચી કિંમત ચૂકવી શકે પરંતુ ગરીબો તે ચૂકવી શકશે નહિ.તેથી સરકાર આવી વસ્તુ અને સેવાની કિંમત પર નિયમન રાખીને ગરીબોના હિતનું રક્ષણ કરે છે, જેથી ગરીબો પણ તે વસ્તુ અને સેવાનો ઉપયોગ કરી શકે . સામાન્ય રીતે ગ્રાહકોને વાજબી કિંમત ચૂકવવાનું પસંદ હોય છે. પરંતુ વાજબી કિંમત કોને કહેવી તે નક્કી કરવાનું ઘણું મુશ્કેલ છે. વાજબી કિંમત નક્કી કરવા માટે ઘણાં પરિબળો ગણાવી શકાય, દા.ત., ઉત્પાદન ખર્ચ, પુરવઠો પૂરો પાડવાનું ખર્ચ, નફાનું વાજબી પ્રમાણ, ગ્રાહકોની ચૂકવવાની શક્તિ, સામાન્ય કિંમત ધોરણોમાં થતા ફેરફારો વગેરે. આમ, કિંમત નિર્ધારણ એ સરળ બાબત નથી. જુદાં જુદાં હિત ધરાવનારા પક્ષકારોનો વિચાર કરીને તેમ જ તેમની સાથે મસલત કર્યા પછી જ કિંમત નક્કી કરવી જોઈએ. તેમ છતાં, જાહેર ઉપયોગિતાની સાહસો માટે કિંમત-નીતિ ઘડવા માટે નીચેનાં ત્રણ મુખ્ય પરિબળો ધ્યાનમાં રાખવાં જોઈએ :

1 **વૃદ્ધિનું પરિબળ :** આ પરિબળ જાહેર ઉપયોગિતાની સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાની માંગમાં વૃદ્ધિ સાથે સંકળાયેલું છે. વૃદ્ધિના પરિબળનો અર્થ વસ્તુ કે સેવાની માંગ વધારવાનો છે. સાહસની ઉત્પાદન શક્તિના સંપૂર્ણ ઉપયોગની ખાતરી માટે માંગનો વધારો અનિવાર્ય છે. આને લીધે સ્થિર ખર્ચનું પ્રમાણ ઉત્પાદનના મોટા જથ્થામાં વહેંચાય જાય છે. આપણે જાણીએ છીએ કે રસ્તા પરનો વાહનવ્યવહાર અને રેલવે વાહનવ્યવહારનાં સાહસો માસિક (કે સિઝન ટિકિટ) નું વેચાણ કરે છે, અને રાહતદરે મોટી સંખ્યામાં નિયમિત મુસાફરો મેળવે છે.

2 **કિંમત ભેદભાવ :** આપણે એ જોઈ ગયા કે જાહેર ઉપયોગિતાનાં સાહસો માટે વસ્તુ કે સેવાની માંગ અમુક બજારોમાં મૂલ્યસાપેક્ષ હોય છે. અને અમુક બજારોમાં મૂલ્ય-નિરપેક્ષ હોય છે. વાહન વ્યવહારની સેવાઓનું ઉદાહરણ લઈએ. સામાન્ય લોકો કે મુસાફરની બાબતમાં બસ સેવાની માંગ મૂલ્યસાપેક્ષ હોય છે, કારણ કે આવા લોકો માત્ર જાહેર બસની સેવા પર આધાર રાખતા હોતા નથી. તેઓ રિક્ષા કે ટેક્ષીનો ઉપયોગ પણ કરી શકે છે. તેમ છતાં મોટા ભાગના નિયમિત નોકરિયાતો કે વિદ્યાર્થીઓ જાહેર બસ સેવા પર આધાર રાખતા હોય છે. તેમને માટે બસની માંગ મૂલ્ય-નિરપેક્ષ ગણાય. અહીં નોકરિયાતો અને વિદ્યાર્થીઓ પાસેથી ઓછો દર વસૂલ કરવો જોઈએ અને સામાન્ય લોકો તેમ જ મુસાફરો પાસે થી વધુ દર વસૂલ કરવો જોઈએ.બીજું ઉદાહરણ વીજળીનો પુરવઠો પૂરો પાડનારા સાહસનું લઈએ. તેઓ ગૃહ વપરાશ માટે વપરાતી વીજળીના પુરવઠા પર વધુ દર વસૂલ કરે છે. અને ખેતીવાડીના ઉપયોગ માટે વપરાતી વીજળીના પુરવઠા

પર પ્રમાણ માં ઓછો દર વસૂલ કરે છે. જાહેર ઉપયોગિતાની સેવા એક બજારમાં ઓછા દરે અને બીજા બજારમાં વધુ દરે પૂરી પાડી શકે અથવા ગ્રાહકોના એક વર્ગ પાસેથી બીજા વર્ગ કરતાં ઓછો દર વસૂલ કરી શકે .

3 **સામાજિક વિચારણા :** કેટલીક જાહેર ઉપયોગિતાની સંસ્થાઓ લોકોના સામાન્ય જીવનમાં પ્રવેશે છે. જાહેર હિતથી પ્રેરાય છે. આવા કિસ્સાઓમાં કિંમત નિર્ધારણ માટે માત્ર આર્થિક પાસાંઓને ધ્યાનમાં લેવાનાં રહેતાં નથી. કિંમત નક્કી કરતી વખતે સામાજિક કલ્યાણની ભાવના વધારે મહત્ત્વની બની રહે છે. ગરીબ લોકો અથવા ઓછી આવક ધરાવનારા ગ્રાહકોને ઓછા ભાવે અથવા છૂટના દરે સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

## 18.6 જાહેર ઉપયોગિતાની વેચાણનીતિ (Sales policy of public Utilities)

આપણે જોયું કે જાહેર ઉપયોગિતાની કિંમત-નીતિ બીજી પેઢીઓ કરતાં જુદી હોય છે. તે જ પ્રમાણે જાહેર ઉપયોગિતાનાં સાહસોની બજાર વ્યૂહરચના અને વ્યાપારી સાહસો કરતાં જુદી હોય છે. હવે આપણે જાહેર ઉપયોગિતાની વેચાણનીતિનો અભ્યાસ કરીશું :

(1) જાહેર ઉપયોગિતા દ્વારા પૂરી પાડવામાં આવતી વસ્તુ કે સેવા જાહેર જનતા માટે અનિવાર્ય જરૂરિયાત ગણાય છે અને તેની માંગ સામાન્ય રીતે ઘણી હોય છે.

(2) જાહેર ઉપયોગિતાને સામાન્ય રીતે હરીફો કે પ્રતિસ્પર્ધીઓ હોતા નથી. કોઈ એક વિસ્તારમાં એક જ સાહસ (કે સંસ્થા) અમુક એક વસ્તુ (કે સેવા) પૂરી પાડતી જોવા મળે છે. તેથી એક જ વિસ્તારમાં વિભિન્ન ઉત્પાદકો જુદા જુદા દર વસૂલ કરે તેવી શક્યતા હોતી નથી. આથી ભાવ ઘટાડવાની પણ જરૂર નથી.

(3) આ સાહસોને સરકાર દ્વારા ''ફ્ન્ચાઇઝ'' (વિશેષાધિકાર)નો હક આપવામાં આવે છે. તેઓ ખાનગી મિલકતમાં દરમિયાનગીરી કરી શકે છે તેમ જ જમીન, મકાન, રસ્તા જેવી જાહેર મિલકતનો જરૂર પડે ઉપયોગકરવાનો હક ધરાવે છે.

(4) પોતાની સેવા કે વસ્તુના વેચાણ માટે મધ્યસ્થીઓ કે વેચાણકારો (વચેટિયા ) રાખવાની જરૂર નથી. પોતાના વપરાશકર્તાઓને તેઓ સીધું જ વેચાણ કરે છે. અથવા વહેંચણી માટેની વ્યવસ્થા દ્વારા વેચાણ કરે છે. દા. ત., પાણીનો પુરવઠો, વીજળીનો પુરવઠો અને વાહનવ્યવહારનાં સાહસો ગ્રાહકોના સીધા સંપર્કમાં આવે છે. તેથી તેમણે પોતાની સેવા વાપરનારાઓને શક્ય તેટલી ઉત્તમ શરતોની દરખાસ્ત કરવી જોઈએ.

(5) બીજાં વેપારી સાહસોની માફક જાહેર ઉપયોગિતાનાં સાહસો માટે ગ્રાહકોના બાકી લેણાં વસૂલ કરવાનો પ્રશ્ન રહેતો નથી. કેટલાક કિસ્સાઓમાં દા.ત., વીજળીની બાબતમાં નિયત તારીખ સુધીમાં બિલનાં નાણાં નહિ ચુકવનારના પુરવઠાનું જોડાણ કાપી નાખવામાં આવે છે. રેલવે અને રસ્તાના વાહનવ્યવહારની જેવી કેટલીક બાબતમાં વ્યવહાર માત્ર રોકડથી જ થતો જોવા મળે છે.

(6) બીજાં વેપારી એકમોની માફક જાહેર ઉપયોગિતાનાં સાહસો માટે વસ્તુ કે સેવા અંગે જાહેરાત કરવાની જરૂર રહેતી નથી. માત્ર માહિતી આપવાની જરૂર પડે તો તે તેઓ આપે છે. દા. ત., વાહનવ્યવહારના એકમે જુદા જુદા વિસ્તાર કે રસ્તા પર નવી સેવાઓ ચાલુ થઈ હોય, રસ્તો બદલ્યો હોય સમયમાં ફેરફાર થયો હોય વગેરે પ્રકારની માહિતી વખતોવખત પૂરી પાડવાની રહે છે. આવી માહિતી ને લીધે ગ્રાહકો દ્વારા સેવાની માંગ વધે અને પરિણામે શક્તિનો મહત્તમ ઉપયોગ થઈ શકે છે.

## 18.7 જાહેર અંકુશ અને રાજ્યનું નિયમન (Public control and state Regulation)

આપણે શીખી ગયા કે જાહેર ઉપયોગિતાની સેવા આપતી સંસ્થાઓ જનતાને જરૂરિયાતની ચીજવસ્તુઓ અને સેવાઓ પૂરી પાડે છે. વસ્તુ અને સેવા નિયમિત રીતે પૂરા પાડવામાં આવવા જોઈએ. તેની ગુણવત્તા ધોરણસરની અને કિંમત વાજબી હોવી જોઈએ. આપણે એ પણ જોયું કે જાહેર ઉપયોગિતા ઇજારાયુક્ત કે અર્ધઇજારાયુક્ત સ્થિતિ ભોગવે છે. જો તે આ ઇજારાયુક્ત પરિસ્થિતિનો દુરુપયોગ કરે તો શું થાય ? ધારો કે પાણીનો પુરવઠો પૂરો પાડનાર સંસ્થા ગંદું પાણી પૂરું પાડે તો શું પરિણામ આવે ? કોલેરા, ઝાડા-ઊલટી, કમળા જેવા ચેપી રોગો ફેલાય છે. તે જ પ્રમાણે રેલવે પોતાની ગાડીઓ સમયસર ન દોડાવે તો રાજિંદા જીવનમાં ગરબડ ઊભી થશે. કચેરીઓ, શાળાઓ, ધંધાનાં સ્થળો થોડા સમય માટે ઠપ થઈ જશે. ક્યારેક ઇજારાનો લાભ લઈને જાહેર ઉપયોગિતા ઊંચી (વધારે) કિંમત વસૂલાત કરે તો સામાન્ય જનતાને તે પરવડશે નહિ. આ સઘળાં કારણોથી જાહેર ઉપયોગિતાની સંસ્થા પર નિયમન અને અંકુશ જરૂરી છે.

જાહેર ઉપયોગિતાનાં કામકાજ પર કેન્દ્ર, રાજ્ય કે સ્થાનિક સરકારની સત્તા નિયમન રાખે છે. આવા નિયમનના હેતુ નીચે પ્રમાણે ગણાવી શકાય:

(1) ગુણવત્તાવાળી ચીજ-વસ્તુ અને સેવાઓનો પુરવઠો નિયમિત મળી રહેવાની ખાતરી

(2) જાહેર હિતને ધ્યાનમાં રાખીને વાજબી કિંમત ઠરાવવી.

(3) યંત્રો સાધનો ઓજારોની યોગ્ય જાળવણીની ખાતરી જેથી તે ખોટકાય (Breakdown) નહિ અને જનતાને મુશ્કેલીમાં મૂકતાં બચાવે.

જાહેર ઉપયોગિતાનું નિયમન સરકાર અનેક રીતે કરી શકે છે. જાહેર ઉપયોગિતાની સેવા પૂરી પાડનાર ખાનગી પ્રવર્તકોએ સરકાર પાસેથી પરવાનો મેળવવો પડે છે. પરવાનામાં સરકારના અંકુશની સત્તા અંગની શરતોનો ઉલ્લેખ કરવામાં આવે છે. ઉપરાંત જાહેર જનતાના હિતની જાળવણીની દૃષ્ટિ ધ્યાનમાં રાખીને આ સાહસો પોતાની નીતિ ઘડશે તેવી ખાતરી મળી રહે તે પ્રમાણે દર નક્કી કરવાના રહે છે. જરૂર પડે સરકાર ખાનગી સાહસો દ્વારા સંચાલિત જાહેર ઉપયોગિતાનું રાષ્ટ્રીયકરણ કરે છે. અને તેનું સંચાલન જાહેર નિગમને સોંપી દે છે. અથવા પૂરતાં જાહેરપ્રતિનિધિત્વ ધરાવતાં સંચાલકોના મંડળને આવાં સંચાલનની જવાબદારી સોંપે છે. ખાતાકીય વ્યવસ્થાતંત્ર દ્વારા જાહેર ઉપયોગિતાના સીધા સંચાલન દ્વારા સરકાર તેના પર વધુ અંકુશ ધરાવી શકે છે. જાહેર હિત ધરાવતી જરૂરિયાત કે સેવા પૂરી પાડનાર જાહેર ઉપયોગિતાનાં સાહસો જાહેર ઉત્તરદાયિત્વની જવાબદારી નિભાવે છે. તેથી જ મોટા ભાગના દેશોમાં તે ચલાવવાની જવાબદારી જાહેર સત્તા સંભાળે છે.

**તમારી પ્રગતી ચકાસો (ગ)**

(1) જાહેર ઉપયોગિતાનાં સાહસોની કિંમત-નીતિનાં મુખ્ય પાસાંઓ વર્ણવો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

(2) ખાલી જગ્યા પૂરો.

(1) ------ના સિદ્ધાંતને આધારે જાહેર ઉપયોગિતાની સેવાની કિંમત નક્કી કરવામાં આવે છે.

(2) જાહેર ઉપયોગિતાની સેવાની માંગ કેટલાંક બજારમાં---- અને કેટલાંક બજારમાં ---- હોય છે.

(3) ઘરગથ્થુ વપરાશ માટે પાણીની માંગ ---- છે.

(4) એક જ વસ્તુ કે સેવા માટે જુદા જુદા બજારમાં જુદી જુદી કિંમત વસૂલ કરવામાં આવે તેને ---- તરીકે ઓળખવામાં આવે છે.

(3) નીચેનાં પૈકી કયાં વિધાનો ખરાં છે અને કયાં ખોટાં છે તે દર્શાવો:

(1) ઔદ્યોગિક હેતુ માટે વીજળીની માંગ મૂલ્ય-નિરપેક્ષ છે.

(2) જાહેર ઉપયોગિતાની પેઢી માટે શાખ પરનાં નાણાંની વસૂલાતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(3) ખાતાકીય વ્યવસ્થાતંત્ર દ્વારા સંચાલિત જાહેર ઉપયોગિતા પર નિયમન અને અંકુશ જરૂરી નથી.

(4) જાહેર ઉપયોગિતાનું પ્રવર્તન કરનાર (સ્થાપનાર) ખાનગી સાહસને આપવામાં આવતા પરવાનામાં સરકારના અંકુશની સત્તાનો સમાવેશ થતો હોય છે.

## 18.8 સારાંશ

જાહેર ઉપયોગિતાનાં સાહસો જાહેર જનતાને અનિવાર્ય ચીજવસ્તુઓ અને સેવા પૂરી પાડે છે. કોઈ પણ જાતના ભેદભાવ વિના સમાજની દરેક વ્યક્તિને સેવા પૂરી પાડવા બંધાયેલ છે. જે સંસ્થાઓ કેટલીક આવશ્યક સેવાઓ જેવી કે પાણી, ગૅસ, દૂધ તેમ જ વીજળીનો પુરવઠો, રેલ અને રસ્તાનો વાહનવ્યવહાર, ટપાલની સેવા વગેરેમાં રોકાયેલી છે. તે જાહેર ઉપયોગિતાની સેવાનાં ઉદાહરણો છે. જાહેર ઉપયોગિતાની સેવા બીજી વેપારી પેઢીઓ કરતાં જુદી પડે છે. તે કેટલાંક ખાસ લક્ષણો ધરાવે છે, જેવાં કે :

(1) વસ્તુ કે સેવાનું અનિવાર્યપણું

(2) કામકાજના કાર્યક્ષેત્રની મર્યાદા,

(3) ઇજારાયુક્ત કે અર્ધ ઇજારાયુક્ત પરિસ્થિતિ,

(4) સરકાર દ્વારા નિયમન અને અંકુશ,

(5) ફ્રેંચાઇઝ (વિશેષાધિકાર),

(6) વિશાળ મૂડી રોકાણ,

(7) મૂલ્ય-નિરપેક્ષ માંગ,

(8) ગ્રાહક પોતાને મળતા પુરવઠાનું હસ્તાંતર કરી શકે નહીં,

(9) ઓછું જોખમ, અને

(10) કદ અને ધંધાના સ્થળની પસંદગીની મર્યાદિત તક.

જાહેર ઉપયોગિતાનાં સાહસો જાહેર સત્તા તરફ ઉત્તરદાયિત્વ ધરાવે છે. કારણ કે તેમની પોતાની જાહેર હિતના રક્ષણની જવાબદારી છે. આને કારણે જ આવાં સાહસોની માલિકી અને સંચાલનની સત્તા જાહેર સત્તાને સોંપવામાં આવેલી છે. જાહેર ઉપયોગિતાનાં વ્યવસ્થાતંત્ર અને સંચાલન માટે ચાર વૈકલ્પિક સ્વરૂપો જોવા મળે છે : (1) ખાનગી કે જાહેર મર્યાદાવાળી કંપની (2) જાહેર નિગમ (3) સરકારી ખાતાકીય વ્યવસ્થાતંત્ર અને (4) નગરપાલિકા વોર્ડ (મંડળ) કે કાઉન્સિલ (સભા) જેવી સ્થાનિક સત્તા.

જાહેર ઉપયોગિતાની વસ્તુ કે સેવાની કિંમત તેની (વસ્તુ કે સેવાની) માંગ અને પુરવઠાને આધારે નક્કી થતાં નથી. એ તો " ગ્રાહકોને પરવડી શકે"(What the traffic will bear)ના આધારે નક્કી થતાં હોય છે. તેમ છતાં સેવાનો ખર્ચ, કિંમત, ભેદભાવ, વૃદ્ધિનું ત વ અને સામાજિક દષ્ટિબિંદુ જેવી બાબતો કિંમત નિર્ધારણામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. જાહેર ઉપયોગિતાની બજાર ક્રિયા માટેની વ્યૂહ રચના બીજાં વેપારી સાહસો કરતાં જુદી હોય છે. આવાં સાહસોને પોતાની વસ્તુ કે સેવા માટે જાહેર ખબરની જરૂર પડતી નથી. જાહેર ઉપયોગિતાને શાખ વસૂલાતનો પ્રશ્ન રહેતો નથી. જાહેર ઉપયોગિતાની કેટલીક વસ્તુઓ અને સેવાઓ રોકડેથી વેચવામાં આવતી હોય છે. તેથી આવાં સાહસોને ઘાલખાધને કારણે નુકસાન સહન કરવાનું થતું નથી. કેટલીક વખત નિયત સમયની મર્યાદામાં બિલની ચુકવણી કરવામાં ન આવે તો પુરવઠાનું જોડાણ કાપી નાખવામાં આવે છે. સામાન્ય રીતે આ વસ્તુ અને સેવાના વેચાણ માટે મધ્યસ્થીઓ હોતા નથી. પોતાના ગ્રાહકોને સીધું જ વેચાણ કરવામાં આવે છે.

જાહેર ઉપયોગિતાનાં એકમો સરકારી અંકુશ અને નિયમન આધીન હોય છે. કારણ કે એકમો જાહેર જનતાને જરૂરી હોય તેવી વસ્તુ કે સેવાની સાથે સંકળાયેલા હોય છે. સરકારી અંકુશનો હેતુ સેવાની ગુણવત્તાની ખાતરી અને યોગ્ય કિંમતે સેવાનો અતૂટ પુરવઠો મળી રહે તે છે.

## 18.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

**સેવાના ખર્ચનો સિદ્ધાંત** - વસ્તુ કે સેવા પૂરી પાડવા માટે સાહસને જે ખર્ચ થાય તેના આધારે વસ્તુ કે સેવાની કિંમત ઠરાવવાનો સિદ્ધાંત.

**વિશેષાધિકાર ફ્રેંચાઇઝ** - સરકાર દ્વારા જાહેર ઉપયોગિતાના સાહસને આપવામાં આવતો હક્કપત્ર, જેમાં સાહસની સત્તા, ખાસ અધિકાર, હક્ક તેમ જ તેની ફરજ અને જવાબદારીનો ઉલ્લેખ કરવામાં આવે છે, તેનું ઉત્તરદાયિત્વ નક્કી કરવામાં આવે છે.

**ઈજારાયુક્ત કે અર્ધઇજારાયુક્ત પરિસ્થિતિ** - પ્રતિસ્પર્ધીઓ કે હરીફોની સંપૂર્ણ ગેરહાજરી અથવા એક કે બે હરીફો હોય તેવી પરિસ્થિતિ.

**કિંમત ભેદભાવ** - એક જ બજારમાં જુદા જુદા ગ્રાહકો પાસેથી એક જ સેવા કે વસ્તુનો જુદો જુદો દર વસૂલ કરવો અથવા જુદા જુદા બજારમાં એક જ સેવા કે વસ્તુનો જુદો જુદો દર રાખવો.

**ગ્રાહકને પરવડે તે ( What the traffic will bear)** - કોઈ પણ વસ્તુ કે સેવાનો ભાવ ઠરાવતી વખતે ગ્રાહક કેટલી કિંમત ચૂકવી શકશે એ સિદ્ધાંત ધ્યાનમાં લેવો.

**જાહેર ઉત્તરદાયિત્વ** - જાહેર ઉપયોગિતાનાં કામકાજ ( અને કાર્યસિદ્ધિ) માટે તેમની સંસદ કે ધારાસભા પ્રત્યેની જવાબદારી.

**જાહેર ઉપયોગિતા** - ગૅસ, પાણી, વીજળી વગેરે જેવી આવશ્યક ચીજ-વસ્તુ કે સેવાના કામકાજમાં રોકાયેલ ધંધાદારી સાહસો જેમની મુખ્ય જવાબદારી જાહેર હિતની જાળવણીની છે.

## 18.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો

Bhushan Y.K., 1987. *Fundamentals of Business and Management, SultanChand:* New Delhi. (Part Nine, Chapter 6).

Ramesh, M.S., 1985, *Principles and Practice of Modern Business Organisation, Administration & Management,* Kalyani Publishers: New Delhi. (Volume 1. Chapter 2).

Sinha, J.C., and Mugali, V.N., 1988. *Principles and Practice of Business Organisation and Management, R. Chand & Co:* New Delhi. (Chapter 2.4).

## 18.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

ક (2) (ક), (ખ), (ક) અને (જ) જાહેર ઉપયોગિતાની સેવા છે.

(3) જાહેર ઉપયોગિતાનાં લક્ષણો (ક), (ખ).

(4) (ક) ખોટું (ખ) ખરું (ગ) ખોટું (ઘ) ખરું

ખ (2) (ક) ખોટું (ખ) ખરું (ગ) ખોટું (ઘ) ખરું

ગ (2) (1) ગ્રાહકને પરવડે તેવી કિંમત

(2) મૂલ્ય સાપેક્ષ મૂલ્ય નિરપેક્ષ

(3) મૂલ્ય નિરપેક્ષ

(4) [illegible]ત ભેદભાવ.

(3) (1) ખોટું (2) ખરું (3)ખોટું (4)ખરું

## 18.12 અંતિમ કસોટી / સ્વાધ્યાય

(1) જાહેર ઉપયોગિતાનાં સાહસોનો અર્થ શું છે ? તેના અગત્યનાં લક્ષણો જણાવો.

(2) જાહેર ઉપયોગિતાનાં કિંમત નિર્ધારણનાં જુદાં જુદાં પાસાંઓની ચર્ચા કરો.

(3) જાહેર ઉપયોગિતાની વેચાણ અને કિંમત વ્યૂહરચના બીજા વ્યવસ્થાતંત્ર કરતાં જુદી પડે છે. સમજાવો.

(4) જાહેર ઉપયાગીતાનાં સાહસો તરીક તમે ખાનગી માલિકી અને સંચાલનની ભલામણ કરો છો ? શા કારણે ?

(5) નીચેના વિશે ટૂંકનોંધ લખો :

(ક) જાહેર ઉપયોગિતાનાં સાહસો.

(ખ) જાહેર ઉપયોગિતાની ઇજારાયુક્ત સ્થિતિ.

(ગ) ફ્રેન્ચાઇઝ (વિશેષાધિકાર).

(ઘ) જાહેર ઉપયોગિતાનાં સાહસોના પ્રશ્નો.

નોંધ : એકમની સારી સમજ મેળવવા માટે તમને આ પ્રશ્નો ઉપયોગી થશે. તેમના ઉ ૧ર લખી જવા પ્રયત્ન કરો પરંતુ તમારા ઉત્તરો યુનિવર્સિટીને મોકલશો નહિ. તે માત્ર તમારા અભ્યાસ (મહાવરા)માટે જ છે.

स्वाध्यायः परमंतपः

# સંજ્ઞા અને બોધ ચિહ્ન

આ સંજ્ઞા અને બોધ ચિહ્ન જો ભેગાં લેવામાં આવે તો તે સ્વપ્રયત્નો દ્વારા આત્મસુધારણા અને જ્ઞાનની ખોજનો લાભ દર્શાવે છે. સંજ્ઞાનો અર્થ વર્તુળાકાર સ્વરૂપ બીજ દર્શાવે છે, કે જે સમગ્ર જીવનનો સ્ત્રોત છે. એનો અર્થ સૂર્ય એવો પણ ઘટાવી શકાય, કે જેમાંથી જમણી બાજુએ અનેક કિરણો ઉદ્દભવતાં જોવાં મળે છે. આ કિરણો પ્રકાશ, જ્ઞાન અને બોધનું પ્રતિનિધિત્વ કરે છે. વ્યક્તિની ક્ષમતાઓ આવા અભ્યાસને કારણે વધે છે અને તે તેના પરિણામરૂપે જીવનમાં પ્રગતિ તરફ દોરી જાય છે.

આ અર્થમાં એમ કહેવું સાચું છે કે આત્મ-સુધારણા માટેનો વ્યવસ્થિત અભ્યાસ એ સૌથી મોટી શિસ્ત છે, કે જે આ સંજ્ઞાની નીચે આપેલું સંસ્કૃત પદ સ્વાધ્યાયઃ પરમં તપઃ દર્શાવે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જેઓ આવી સ્વ-સુધારણા કરવા માગતા હોય તેમને જરૂરી તકો પૂરી પાડે છે અને સંજ્ઞામાં સૂચવાયેલાં લક્ષણો તેના પરિવર્તનશીલ સ્વરૂપમાં પ્રતિબિંબ પાડે છે.

- 'સ્વાધ્યાયઃ પરમં તપઃ' - 'સ્વ-અધ્યયન એ સર્વોચ્ચ તપ છે'. એ મારો સંજ્ઞાદર્શનનો આધાર હતો. આપણી પાસે રહેલાં સાધનો અને આંતરિક શક્તિઓને જીવનમાં ઊંચે ચઢવા અને આપણું ધ્યેય સિદ્ધ કરવા બહાર લાવવાનાં છે.
- સંજ્ઞાનું વર્તુળાકાર સ્વરૂપ બીજ, ગર્ભાશય અથવા સૂર્યનું પ્રતીક છે, કે જેમાંથી સર્જનની શરૂઆત થાય છે. સમગ્ર ભાર સ્ત્રોત-સ્વ-ઉપર છે.
- 'સ્વાધ્યાયઃ પરમં તપઃ' (સ્વ-અધ્યયન એ સર્વોચ્ચ તપ છે.) અને જીવનપંથ ઉજાળ - બન્ને સૂત્રોમાં એક સાહિયારું તત્વ પ્રકાશ છે, કે જે જ્યોત દ્વારા દર્શાવાય છે. જ્યોત તપ, પ્રકાશ, ઝંખના, જ્ઞાન અને દર્શનનું પ્રતિનિધિત્વ કરે છે.
- સમગ્ર સંજ્ઞામાં એક પ્રકારની બદ્ધતા જોવા મળે છે, પણ સાથે સાથે તે જ્ઞાનપ્રાપ્તિ માટે ખુલ્લી જગ્યા ધરાવે છે. સંજ્ઞામાં રહેલી પ્રવાહિતા 'પરિવર્તનશીલતા' અને વિસ્તૃત વ્યાપ દર્શાવે છે, કે જે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં લક્ષણો છે.